કુમુદચંદ્ર.

કર્તા

પ્રીતમલાલ ધીરજલાલ.

થીઓસોફીને લગતાં ગુજરાતી પુસ્તકો.

થીઓસોફી	રૂ	૧—૦—૦
પુરાણી પ્રજા	,,	૧—૪—૦
પુનર્જન્મ ...	,,	૦—૪—૦
દેહી અને તેની દેહ ...	,,	૦—૬—૦
દેવલોક	,,	૦—૮—૦
કર્મ	,,	૦—૮—૦
મરણ પછી માણસની હાલત ..	,,	૧—૦—૦
શ્રી ગુરૂ ચરણે ..	,,	૦—૬—૦
કર્મ, જ્ઞાન, ભક્તિ ...	,,	૦—૫—૦
અવતાર	,,	૦—૫—૦
ગેબી મદદગારો (અદૃશ્ય સહાયકો)	,,	૦—૪—૦
શ્રીમદ્ ભગવદ્ ગીતા (કપડાની)	,,	૦—૬—૦
મહાન મંદિરનો ચોક... .. .	,,	૦—૭—૦
મુમુક્ષુનો માર્ગ	,,	૦—૬—૦
શિક્ષણ એક સેવા	,,	૦—૩—૦

સનાતન ધર્મને લગતાં પુસ્તકો.

શ્રી મહાભારત ...	,,	૦—૮—૦
શ્રી રામચંદ્ર...	,,	૦—૮—૦
સનાતન ધર્મ ગ્રંથાવળી	,,	૦—૮—૦
સનાતન ધર્મ સંવાદ	,,	૦—૧—૦
શ્રી કૃષ્ણચંદ્ર અને રામાયણ રસબિન્દુ ...	,,	૧—૮—૦
શ્રી બુદ્ધ ચરિત્ર	,,	૦—૮—૦
વિચાર શક્તિ	,,	૦-૧૨-૦

કુમુદચંદ્ર ભાગ ૧ લો	,,	૧—૮—૦
સુખી જીન્દગીનો નકશો—ગુજરાતી તથા ઇંગ્રેજીમા	,,	૦—૦—૬

આ શિવાય સનાતન ધર્મની પરીક્ષા અને થીઓસોફીને લગતા બધાં ઇંગ્રેજી પુસ્તકો અત્રેથી વેચાતા મળશે.

સરનામુઃ—મેનેજર,

બ્લેવેટસ્કી લૉજ,

થીઓસોફિકલ સોસાઇટી બુક ડીપો,

૨૧, હૉનબી રોડ, કોટ-મુંબઇ.

કુમુદચંદ્ર.

એક નવલકથા.

ભાગ ૧ લો

કર્તા અને પ્રકાશક

પ્રીતમલાલ ધીરજલાલ.
નવરોજજી સ્ટ્રીટ, [illegible] મુંબાઇ.

'What's in a name? That which we call a Rose
By any other name would smell as sweet

SHAKESPEAR.

મુખ્ય એજંટ
બ્લૅવટસ્કી લૉજ,
થીઓસોફિકલ સોસાઇટી બુક ડીપો,
૨૧, હૉર્નબી રોડ, કોટ–મુંબઇ

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦
સને ૧૯૧૪.

કિમ્મત સવા રૂપિયો.


થીઓસોફી.

એ નામનુ ગુજરાતી પુસ્તક લાંબો વખત થયા છપાયુ નહોતુ, તેના ચોપાસથી ઘણી માગણી થવાથી **બીજી** આવૃત્તિ છપાઇને બ્હાર પડી છે; કે જેમા **થી**ઓસોફી એટલે શુ તેનો–તેમજ મનુષ્ય અને સૃષ્ટિને લગતા કુદરતના નિયમો–જન્મ મરણ–સુખ દુઃખ–સ્વર્ગ નર્ક વિગેરે વિષયોનો યોગ્ય ખુલાસો આપ્યો છે. કિમ્મત તથા મળવાનુ ઠેકાણું પ્હેલે પાને જાહેર ખબરમા જણાવ્યા પ્રમાણે.

અમદાવાદ:

મનબંધુ પ્રીન્ટિંગ વર્કસમા,

ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપ્યુ



સ્વર્ગવાસી શેઠ ધરમસી મોરારજી ગોકુલદાસ, જે. પી.

જન્મ ૧૮૭૨ એપ્રિલ. સ્વર્ગવાસ ૧૯૧૨ મે

The Late

Sheth Dharamsey Morarjee Goculdas J. P.

Born 1872 April. Died 1912 May.

"A noble son of the motherland, he laboured for the country in his own quiet way. Those only who lived with him can know of his wide benevolence, his charities, many and far-spread, remained unknown and truly of him could be said that his left hand did not know what his right hand gave. His child-like simplicity, genuine devotion, his quiet work were true expressions of the Inner Soul—Nature's Nobleman He was a true aristocrat not only by heredity and high family tradition, but by his nature and disposition, he was every inch a gentleman, a friend to be loved, a colleague to be esteemed, a helper to be grateful for. May light perpetual shine on him!"

"*The Theosophist*," June 1912.

અર્પણ પત્રિકા.

‘ His nay was nay, without recall,
“ His yea was yea, and powerful all;
“ He gave his yea, with careful heed,
‘ His thoughts and words, were well agreed,
“ His word his bond seal.

સ્વર્ગવાસી શેઠ સાહેબ ધરમસી મોરારજી ગોકુળદાસ જે. પી.

મ્હારા જીવનરૂપી નાટકના ત્રણ અંકી પ્રયોગનો પ્રથમ અંક—પ્હેલી વીસી મ્હારા માનવંત દાદા રાવ બાહાદુર જગજીવનદાસ ખુશાલદાસની જાહોજલાલી અને પ્રેમમાં સંપૂર્ણ આનંદથી સુરતમા સમાપ્ત કર્યા પછી, બીજા અંકનો—બીજી વીસીનો પડદો—મ્હારા ઉપરોક્ત વડીલ અને આપના પિતા ધી ઑનરબલ શેઠ સાહેબ મોરારજી ગોકુળદાસ સી. આઇ. ઇ. ની વચ્ચેની દ્દઢ મૈત્રીથી બાલકવયથી ઉદ્‌ભવેલી આપણા વચ્ચેની પ્રીતિના પરિણામ રૂપે—સ્થળ મુંબઈ, ચીનાબાગમાં—દૃઢ કર્મ સંજોગે આપના ઉપનાયકપણા નીચે ઉઘડ્યો. અને જાણે હું આપનો એક મુદ્દતી કુટુંબી હોઉં—જાણે કર્મ દેવતાઓએ આપના ઐશ્વર્યમાં મને એક મુદ્દતી ભાગીદાર બનાવ્યો હોય, તેમ આ મૃત્યુલોકના ઉચ્ચામાં ઉચ્ચા ધર્મ—અર્થ—કામ અને મોક્ષના સાધન રૂપ અનેક ન્હાના મ્હોટા પ્રવેશોમાંથી અતિ સંતોષકારક રીતે આપની સાથે પસાર કર્યા પછી—એકાએક આપનુ પરલોકગમન થયું.

આ પ્રમાણે એકબાજુએ જ્યારે બીજા અંકનો ડ્રોપસીન પડ્યો છે—અને ત્રીજા અંકની વસ્તુ સંકલનાને માટે પ્રેક્ષક વૃન્દો અનેક તર્ક વિતર્કો કરે છે, અને જગતસૂત્રધાર તેને યોગ્ય ઉપનાયક—પ્રવેશો—પાત્રો અને દેખાવોની ફેરફારીની, મને અગમ્ય એવી ભવિષ્યની યોજનાઓ કરી રહ્યા છે; તેવા વચલા ગાળાની અલ્પ છુટ્ટીમા આ કુમુદકથારૂપી સંગીતની પુષ્પાંજલી આપને આપવાને હૃદય ઉત્સુક થયું છે, તે આપ પરલોકમાં પરોક્ષ રહીને પણ સ્વીકારશો—

કેમકે **આલોક**માં વર્ષોથી આ નવલકથા પ્રગટ **થયલી** જોવાને આપ આતુર હોઇ તેનું અર્પણ આપે **પ્રત્યક્ષ**માંજ સ્વીકાર્યું છે.

સંસારી સ્થિતિમા આપના અને મ્હારામાં **વિક્રમ અને ગાંગા તે**લી જેટલો–**શ્રી કૃષ્ણ** અને **સુ**દામા જેટલો–**શ્રી શં**કર **અને ધં**તુરાના ક્ષુદ્ર પુષ્પ જેટલા અંતર હોવા છતા, જનસમાજના મ્હોટા આશ્ચર્ય વચ્ચે મને એકે વખતે પોતાથી **વ**ડીલ હોઉં એમ માન આપી–મ્હારાપર એક વિશ્વાસપાત્ર **સ**મોવડિઆ જેટલો પ્રેમ રાખી અને એક વફાદાર **સે**વક જેવો **તન–મન** અને **ધ**નથી આશ્રય આપી, સાક્ષાત્ મૃત્યુના દ્વાર સુધી આપે મ્હારા પર જે ઉપકાર કર્યો છે તેથી, શ્રીમતાઇમાં અતિ દુર્લભ એવા સદ્‌ગુણ–સાદાઇ–પરમાર્થ બુદ્ધિ **અને** ઇશ્વરસેવા–**જ**નસેવાના આપનામાં દર્શન થવાથી, જે **થી**ઓસોફી અને **થી**ઓસોફિકલ **સો**સાઇટીને ઉદ્દેશીને આ નવલકથા લખાયલી છે, તેના પવિત્ર કાર્યમા વૃદ્ધિ **અને** વિજયની ઉત્કટ ઇચ્છા આપના હૃદયમાં સતત્ વસેલી જોવાથી, અને મ્હારા **શ્રે**ય અને **પ્રે**યમા **મ્હારાથી પણ** ન સમજાય એવી–**પૂર્વ સંબંધ** શિવાય બીજી કોઇ પણ રીતે જેનો ખુલાસો ન અપાય એવી–આપના જન્મથી મૃત્યુ સુધી દિન પ્રતિદિન વૃદ્ધિ પામતી, દૃઢ પ્રેરણા હોવાથી, આ લઘુ ગ્રંથ આપને સવિનય અર્પણ કરૂં છું. કેમકે બીજાની ગેરહાજરીમાં એકના દર્શનથી બીજાનુ સહજ સ્મરણ થાય–એવા આપણા દૃઢ સબંધની જેનાપર સ્વલ્પ પણ છાપ પડી હોય એવો કોઇ પણ મનુષ્ય કહેશે, કે મ્હારા પ્રથમ લેખનુ અર્પણ “ **બાબાસાહેબ** ” શિવાય કોને થઇ શકે ? અંતમા મહાકવિ **ભ**વભૂતિ પ્રણિત “ **માલતી માધવ** ’ ના નાટકમાના **માધવ**ના મિત્ર **મકરં**દની પેઠે હુ પણ કહી શકુ કે—

“ સુહૃદ ગુણનિધિ જે, પ્રાણનો નાથ, પ્યારો
“ ધૂળમહીં રમતા’તા, ત્યારથી મિત્ર મ્હારો

લી.

આપના આખા જીવનકાલનો પ્રીતિપાત્ર,

પ્રીતમલાલ ધીરજલાલ.

---

* રા રા મણીલાલ નભુભાઇ દ્વિવેદી

પ્રસ્તાવના.

થીઓસોફી અને **થી**ઓસોફિકલ **સો**સાઇટીને વિશે જે કાંઈ લખાયુ છે તે બધું ઇંગ્રેજીમાં હોવાથી, ઇંગ્રેજી નહીં જાણનાર ગુજરાતી વાંચકવર્ગ વિરોધી લખાણો વાચી—વિરોધી અભિપ્રાયો સાંભળી, એને માટે સ્વાભાવિક રીતે એમજ ધારે છે કે આ એક **નવો ધર્મ છે.** આથી આજથી વીસ વર્ષપર એ વિશેના કોઇ પણ સારાં પુસ્તકનુ **ભા**ષાન્તર કરવાનો વિચાર પ્રથમ થયો હતો. પણ એવા **ભા**ષાન્તરમા આખરે થોડી પણ કૃત્રિમતા આવ્યા વિના રહે નહી—અને તેથી ધારેલો લાભ મળે નહીં—એમ ધારી **નિ**બંધ રૂપે કાંઈ લખવાનો યત્ન કર્યો. અને **નિ**બધ રૂપે પણ કોઈ જાતનુ સગીન જ્ઞાન મેળવવાને **સા**ધારણ ગુજરાતી વાંચકવર્ગ કેટલો ઉત્સુક હોય છે, એનો અનુભવ કાઇક મને હોવાથી, એથી પણ સરળ રીત હોય ત્યા સુધી **નિ**બધરૂપે પણ ન લખવુ એવો નિશ્ચય થયો.

ઉપલો નિશ્ચય થતાં એક જુદાજ માર્ગની અજાયબ રીતે સૂચના થઈ. વર્તમાનકાળમા પ્રતિ દિવસે વૃદ્ધિ પામતી અનેક ન્હાની મ્હોટી નવલકથાઓમા "**સ**રસ્વતીચદ્ર" ને પ્રથમ જગ્યા આપ્યાવિના ચાલશેજ નહીં, કેમકે બધી રીતે જોતા એના વિદ્વાન્ લેખકે ગુજરાતી સાહિત્યમા એક નવીન—ચમત્કારી—રસિક પદ્ધતિનો આરભ કરી, રસ અને ઉપદેશથી સયુક્ત એવુ એક સુદર—સપૂર્ણ ચિત્ર જનસમાજની આગળ ખડુ કર્યુ છે. હુ જ્યારે ઇંગ્રેજી છઠ્ઠા ધોરણમા હતો ત્યારે આ પુસ્તકનો પ્રથમ ભાગ બ્હાર પડયો હતો, અને તે વાંચી વાર્તાના રસનો આનદ અનુભવ્યા છતા ઘણો ભાગ સમજ્યો નહતો. પણ જ્યારે દ્વિતીય ભાગ પ્રકટ થયો ત્યારે ભૂત સકલનાને તાજી કરવાને મે પ્રથમ ભાગ પુનઃ વાંચ્યો, કે તુરત અપક્વ કાલમા થયલા આનદઅનુભવ ઉપરાંત, કાંઇ અદ્‌ભૂત મોહનીઓ અતરદષ્ટિને રસમય સ્વપ્નોમા લીન કરવા લાગી; અને વળી અધિક આનંદદાયક વાર્તા તો એ થઇ કે એણે **થી**ઓસોફી વિશે લખવા સબધી મ્હારી ગુચવણનો અત આણ્યો.

" જીજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો, "—એ વાક્ય પ્રસ્તાવનામાં વાંચ્યુ, અને મ્હારા મને પણ નિશ્ચય કર્યો કે " મધ ભેગુ સુખદાયક પણ કડુ ઔષધ પાઈ દેવું, "—વિષને નામે ઓળખાતા અમૃતનુ એક બિન્દુ માત્ર વાંચકની જીભપર મુકી મનનો ભ્રમ ભાગવો. અને આ પ્રમાણે નિશ્ચય થતાંજ, કોણ જાણે પ્રભુ ઇચ્છાથી—પૂર્વ સંસ્કારથી—કે સરસ્વતીચંદ્રના સરસ્વતીભર્યા શીતળ કિરણોના બળે—આ કુમુદકથાની કળી મ્હારા મનસરોવરમાં ઉદ્ભવી અને કાલે કરીને વિકાસને પામી છે, તો વાંચક ભ્રમર ! તું પણ જો એમાં કાંઇ મધુ હોય—સુવાસ હોય તો લેજે.

આ પ્રમાણે " સરસ્વતીચંદ્ર " મ્હારો ગુરૂ થયો છે તેથી તેનો અત્રે આભાર માનુ છુ, અને જો તેનો આભાર માનુ તો તેનો સ્રજનાર બ્રહ્મા—ગુજરાતી સાહિત્ય વિલાસી જગતમાં તેને જન્મ આપનાર—ટુંકામાં તે સરસ્વતીચંદ્રને પ્રકાશિત કરનાર સરસ્વતીસૂર્યને જો હુ અંતઃકરણ પૂર્વક નમસ્કાર કરૂ તો કાંઈ અયોગ્ય નહીં કહેવાશે.

સાક્ષર તરીકે પ્રસિદ્ધિ પામવાની લેશ માત્ર પણ ઇચ્છા નથી, અને જો ઇચ્છા હોય તો પણ શક્તિ નથી. આમ પ્રથમજ કબુલ કર્યા છતા " સરસ્વતીચંદ્ર "નુ મ્હોટું નામ આની સાથે જોડવાથી, તેની સાથે સ્પર્ધા અથવા તેનુ અનુકરણ કરવાનો દોષ મ્હારે માથે મુકાય તો તે અયોગ્ય જ કહેવાશે. મહાન ગરૂડને ઉંચે આકાશમા ઉડતો જોઈ એક ન્હાનકડી ચકલી ભલે પાંખો ફફડાવતાં શીખે. એમ કરતાજ જન્માંતરે તે ગરૂડદેહને પામશે. કેમકે પ્રગટીકરણના નિયમ પ્રમાણે અનુકરણની ઇચ્છાથી યત્ન—યત્નથી શક્તિ—અને શક્તિથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે એ વાત જાણીતી છે. આ પ્રમાણે થીઓસોફિકલ સોસાઇટીના એક નમ્ર સભાસદ તરીકે થીઓસોફીના જ્ઞાનનો પ્રસાર કરવામાં યથાશક્તિ યત્ન કરવો એ એક મ્હારો પવિત્ર ધર્મ સમજીને આ લેખ જનસમાજના સમક્ષ રજુ કરૂ છુ.

ઉપર કહેવા પ્રમાણે આજથી વીસ વર્ષપર જેવો લખવાનો નિશ્ચય થયો—કે જાણે કાંઇ દૈવી સ્ફુર્ણા હોય એમ માત્ર વીસજ દિવસમાં આ નવલકથા લખાઇ હતી—મિત્રોએ વાંચી હતી—અને તેઓના આગ્રહથી બે ત્રણવાર તે છપાવવાનો યત્ન કરવા છતાં નજ છપાઈ શકી. એક વખતે તો પાંચ છ ફારમો છપાયા પછી પ્રેસમા

કાગળો સળગવાથી તે બધાં નાશ પામ્યાં હતાં. આ પછી પ્રકૃતિ બગડવાથી એક મિત્રને તે પ્રગટ કરવાને સોંપી, પણ તેનાથી પણ કાંઇ ન થઈ શક્યું; અને અજાયબ રીતે લખાણ તેને ત્યાં કચરામાં દસ વર્ષ સુધી સચવાઇ રહ્યું. એટલામાં "કાયસ્થ ત્રિમાસિક" નીકળ્યું અને તેમાં મને કાંઇ લખવાની સૂચના થતાં આ લેખની યાદ આવી—બે વર્ષ સુધી છુટાં છુટાં પ્રકરણો તેમાં આપ્યાં—અને જનસમાજને કાંઇ ઉપયોગી થઇ પડશે એવી ખાત્રી થવાથી એને પુસ્તકરૂપે પ્રગટ કરવાનો નિશ્ચય થયો. આ પ્રમાણે **વીસ દિવસમાં** જેની ઝાંખી આકૃતિ માત્ર આલેખવામાં આવી હતી, તે **ચિત્ર વીસ વરસના** વિવિધ અંગત **અનુભવ, અભ્યાસ** અને **અવલોકનના** રંગો પુરાઇને ગુજરાતી **સાહિત્ય પ્રદર્શનમાં** મુકવામાં આવે છે.

કોઈ પણ જ્ઞાન સંપૂર્ણ રીતે આપવુ એ **નવલકથા** અથવા **જાહેર ભાષણોનો** ઉદ્દેશ નથી. માત્ર તે વિષય તરફ જનસમાજનુ ધ્યાન ખેંચવું એજ તેઓનુ લક્ષ્ય હોય છે. તે પ્રમાણે હાલમાં ચર્ચાતા કેટલાએક **ગૌણ** સવાલો કે જેનાપર ઘણો મતફેર છે તેને બાજુએ રાખી, **થીઓસોફીના મુખ્ય** સિદ્ધાંતરૂપ વિષયોનું સાદુ ચિત્ર માત્ર આપ્યુ છે. **પાશ્ચિમાત્ય** જડવાદથી ઉત્પન્ન થયલી **શંકા** અને **અશ્રદ્ધાથી** પૂર્ણ હૃદયખંડમાં દીવાસળી માત્ર સળગાવી છે, કે જેવડે પૂર્વસંસ્કારના **તેલમાં** બોળાયલી **જીજ્ઞાસાની** બત્તી પ્રગટાવી લેવાય. એકવાર **જીજ્ઞાસાદીપ** પ્રગટયો પછી તો તેને પ્રકાશે **જ્ઞાનચક્ષુ થીઓસોફીના** સાહિત્યના વિશાળ—સુંદર **પુસ્તકાલયથી** મોહિતજ થશે. આ **સંમોહથી વાંચન—વાંચનથી વિચાર—વિચારથી આચાર—અને આચારથી દુઃખનિવૃત્તિ** અને **સુખપ્રાપ્તિ** એજ છેવટનું પરિણામ અવશે—કે જે પરિણામ એજ મનુષ્ય માત્રની બધી પ્રવૃત્તિનું લક્ષ્યસ્થાન છે.

નવરોઝજી સ્ટ્રીટ,
ઠાકોરદ્વાર, મુંબઈ,
એપ્રિલ ૧૯૧૪.

પ્રીતમલાલ ધીરજલાલ.

મ્હારા તરફથી પ્રગટ થયેલા

A MAP OF A HAPPY LIFE,

અથવા

સુખી જીન્દગીનો નકશો,

જેનુ ભાષાન્તર કરવાની પરવાનગી દુનિયાંની **વીસ** ભાષાઓ માટે અપાઇ છે–જેનુ ભાષાન્તર હિન્દુસ્તાનની **બાર** મુખ્ય ભાષાઓમાં પ્રગટ થયુ છે–જેની ઇંગ્રેજીમા **ત્રીજી** આવૃત્તિ અને પચાસ હજાર નકલ, અને ગુજરાતીમાં **બીજી** આવૃત્તિ અને દસ હજાર નકલ છપાઇ છે;

તેની

ઇંગ્રેજી અને ગુજરાતી નકલો.

નીચે પ્રમાણે મળશે.—

નકલ	૧	થી	૧૦૦	સુધી	૬	પાઈ	લેખે,
,,	૧૦૦	,,	૫૦૦	,,	૫	,,	,,
,,	૫૦૦	,	૧૦૦૦	,,	૪	,,	,,
,,	૧૦૦૦	અથવા વધુ નકલો			૩	,,	,,

ટપાલ ખરચ જુદું.

શાળાઓના હેડમાસ્તરો અને થીઓસોફિકલ લૉજના સેક્રેટરીઓને ૧૦૦ અથવા વધુ નકલો ૩ પાઇએ આપવામાં આવશે.

હેડમાસ્તરો–લાઇબ્રેરિઅનો–કલબ, સોસાઇટી વિગેરેના **સેક્રેટરીઓ**–હુન્નર ઉદ્યોગ વિગેરે ખાતાંઓના **મેનેજરોને** તે **શાળા–લાઇબ્રેરી** કે **સંસ્થાને** સરનામે, ઇંગ્રેજી અને ગુજરાતીની એક નમુનાની નકલ–માત્ર એક અડધા આનાની ટિકિટ–ટપાલ ખરચને માટે મોકલવાથી મળશે. **કુમુદચંદ્ર ભાગ ૧ લો,** પણ નીચને સરનામેથી મળશે.

પ્રીતમલાલ ધીરજલાલ,

નવરોઝજી સ્ટ્રીટ, ઠાકોરદ્વાર, મુંબાઈ

અનુક્રમણિકા.

SOME TYPICAL OPINIONS

FOR

A MAP OF A HAPPY LIFE.

"I like the map you sent me. I have had it plastered to a card board and stuck in front of my table and am endeavouring to follow it It is really fine and useful and must have cost much thought and attention."—His Highness the Uvaraj of Mysore.

"His Highness the Maharaja Saheb was pleased with the idea of thus showing in a compact way the several elements that go to make up happiness.'—His Highness the Gaikwar of Baroda

"These maps are explained to the Juvenile convicts in this Jail. I intend to bring out a pamphlet on this Jail and among other things propose to append a copy of your Map to it."—The Superintendent juvenile Jail–Bareily.

"But how did you happen to conceive it? Did you see anything like it? I was just thinking whether there was any place for Me on your Map and I was glad to find it there. Believe me! I *sincerely* congratulate you and not formally I would like to have some copies for my Servants of India Home"—The Hon'ble Mr G. K. Gokhle.

"It is very unique I never saw anything like it before."—His Excellency Lord Reay.

કુમુદચંદ્ર.

પ્રકરણ ૧ લું.

લેનોલી સ્ટેશન.

"ન ભુલાતું તું ભુલી જા-વિધિનું પાયું તે પી જા."

સરસ્વતીચંદ્ર.

મુંબઈની **હાઇકોર્ટનો** પ્રખ્યાત **એડવોકેટ ધી ઑનરેબલ** રાજેન્દ્ર **સી. આઇ ઈ.** આ ગરમીની મ્હોસમમાં **લે**નોલીમા પોતાના કુટુંબ સહિત હવા ફેર કરવા આવ્યો હતો. એના બંગલા **મહાબલેશ્વર** તથા **માથે**રાનમા પણ હતા, તોપણ આ વખતે લગભગ અરધો મે મહિનો, કોઈ કારણસર પોતાના વતનમા ગાળવાને લીધે, તથા પોતાની એક-નીએક પ્રિય પુત્રીના ઝીણા મંદવાડને લીધે, **મહાબલેશ્વર** કે **માથેરાન** જાય તો ડુંગર ચ્હડવા ઉતરવાની અથડામણથી તબિયત વધારે બગડે તેથી, તથા થોડા દિવસમા પુન. **મુંબઇ** જવાનો વિચાર હતો તેથી, તે આ વખતે પોતાના "રેલ્વે **સ્ટેશન**"થી થોડે દૂરના, એક ન્હાની સુંદર પુષ્પોના કુંડાવાળી વાડીથી વિંટલાયલા બંગલામાં પોતાની પુત્રી **કુસુમસુંદરીના** આરોગ્યને અર્થે રહ્યો હતો. કુટુંબના સ્ત્રીવર્ગમા **કુસુમસુંદરી**, તેની માતા **મોહિની** તથા **મોહિનીના** કાકાની પુત્રીની પુત્રી **ચંદ્રાવળી** હતાં, અને પુરૂષવર્ગમા **રાજેન્દ્ર** અને તેના વડીલ બંધુ **નાગેન્દ્રનો** પુત્ર **નરેન્દ્ર** હતો.

મહાબલેશ્વર અથવા **માથેરાનની** પેઠે જુદા જુદા "પોઇન્ટો"ને અભાવે **લેનોલીવાસીઓ** સ્હાંજ સ્હવાર આગગાડી આવવા જવાને સમયે **રેલ્વે સ્ટેશન** પરજ આવી, જતા આવતા ઓળખીતાઓને મળી બે ઘડી મનને આનંદ આપે છે. **મુંબઈથી પુણા** સુધી જતી એક **મેઇલ ટ્રેઇન લેનોલી** સ્હાંજ પડતાંજ પ્હોંચે છે અને તેથી તે સમયે ઠંડોપ્હોર હોવાને લીધે, વિશેષ લોકો **સ્ટેશનપર** જોવામાં આવે છે.

આપણો રાજેન્દ્ર પણ પોતાનાં કુટુબ સાથે માત્ર નરેન્દ્ર શિવાય આજે અત્રેજ આવ્યો હતો.

રાજેન્દ્રની વય આ પ્રસગે આસરે પીસ્તાળીસ વર્ષની હતી. તે અગે ભરાઉ તથા મધ્યમ કદનો હતો, અને તેનો વર્ણ જોકે ઘણો ગૌર નહતો તોપણ કાન્તિ ઘણીજ મોહક અને દૃષ્ટાનુ આકર્ષણ કરે એવી હતી તેના વિશાળ કપાળપર સ્વપરાક્રમ, પરમાર્થ, વિદ્વતા, ઉદારતા અને દયાળુ સ્વભાવની રેખાઓ સ્પષ્ટ ઝળકતી હતી અને ભરાઉ મૂછો તથા શિરકેશમા કોઈ કોઈ સ્થાને સફેદ છાટ શરૂ થઈ હતી કે જે તેના પ્રતાપીપણામા તથા ઠરેલપણામા એક નવોજ રગ ભેળતી હતી.

મોહિની તે મોહિનીજ હતી. જો કે તેની વય આ સમયે આસરે પાત્રીસ વર્ષની હતી તે છતા તેના શરીરની કાન્તિ એવી તો દિવ્ય તથા મનહર હતી કે કોઇને સ્વપ્ને પણ આટલી વયની શકા થાય નહી, કે જે ઉપરથી પ્રિય વાચક ! તેના મુગ્ધત્વની લલિત છબી તુ ત્હારી જાતેજ ત્હારા કલ્પના યત્રમા પાડી લેજે તેની ગૌર કાન્તિ દૃષ્ટાને મોહરસ કરતા શાન્તિ રસમા વધારે લીન કરતી હતી

કુસુમસુદરીની વય આ સમયે આસરે સોળ વર્ષની હતી, તેથી હવે બાલ્યાવસ્થાની નિર્દોષ રમત ગમતોને ખસેડી મુગ્ધત્વની લલિત લજ્જા તેને નીચુ જોવડાવતી હતી તેના ચળકતા, ગોર, કાન્તિવાન લલાટની નીચે ઝીણી પીછીથી ચિત્રેલા હોય એવા ભૃયુગલમા મદન આવી ડોકીયા કરતો હતો, અને તેને તથા જોનારને મોહપાશમાં લપટાવી–નચાવી–પોતે એકલો ગુપ્ત આનદ અનુભવતો હતો અર્ધ વિકસેલી નવીન કમલકલિમાથી ચમકતા મૃણાલ તતુઓની પેઠે તેના પ્રવાલ જેવા, મિઠડાં અધરમાથી દતપ્રભા ઝળકતી હતી–આખોને ઝાઝવા વાળતી હતી. નાક સુદર હતુ અને અગર જો સ્હેજ મદવાડથી મુખપ્રભા નિસ્તેજ થઈ હતી, કેશ કાળજી પૂર્વક સમાર્યા નહોતા, તે છતા પણ કાઇંક એવી તો અલૌકિક મધુરતા–અદ્‌ભૂત રસિકતા આખા શરીરમાથી સ્ફુરતી હતી, કે સ્ટેશનપર ફરતા ઇંગ્રેજ દપતીઓના મોહભર્યા આશ્ચર્ય કટાક્ષો ક્ષણે ક્ષણે એની ભણી વળતા હતા, એની સામુ જોઇજ રહેતા હતાં, અને આર્યભૂમિમા પણ આવા અમૂલ્ય રમણીરત્નોના અસ્તિત્વનો અનુભવ કરતાં હતાં. એના આભૂષણમા ફક્ત એક સાદો હીરાનો નાજુક હાર તેની બરફ જેવી સફેદ કોટને શોભા-

વનો હતો. કદલીના પત્રના દડના જેવા સુકોમળ હસ્તપર ઇંગ્રેજી ઘાટની નાજુક બંગડીઓ હતી અને એક સાધારણ હીરાની મુદ્રિકા કોમળ અંગુલિમાં ઝળકતી હતી.

ચંદ્રાવળી કુસુમસુંદરીની સમાન વયનીજ હતી અગર જો કુસુમસુંદરીનો રંગ ગોર હતો અને એનો જરા ચંપકવર્ણો સુનેરી હતો, તોપણુ પ્રિય વાંચક ! જો તને એ બન્નેની સન્મુખ ઉભો રાખ્યો હોય, તો બન્નેમાથી કોની સુંદરતા, રસિકતા, મધુરતા અને મોહિની અધિકતર છે એ પ્રશ્નનું નિરાકરણ કરવાને તું ગુંચવાઇશ–તને અસંભવિતજ લાગશે તેના આભૂષણુમા માત્ર કંઠમા એક મુકતામાળ તથા હાથમાં સોનાની સાદી બંગડીઓજ હતી.

શિખિશાન્ત મનોહર મ્હોજ સમે,
મન રંગિત વ્યોમ વિશે વિલસે,
નભમાથી પ્રકાશ પ્રભાકરનો,
કુમળો મિઠડો મિઠડો ગરનો;
પ્રતિબિંબિત તે તુજમા થઇને,
છબિલી છબિ તુંજ અનૂપ કરે.

આવે સમયે સન્ધ્યાકાળની શીતળ લહરી શરીરને શાન્તિ રસનું પાન કરાવતી હતી. સ્વચ્છ આકાશમાં અસ્ત થતા સૂર્યના કોમલ કિરણો લલિત કુસુમસુંદરીના ચળકતા લલાટને અધિક ચળકાવતાં હતા, અને ચંદ્રાવળીના સોનેરી રંગને ઢોળ ચ્હડાવતા હતાં. રાજેન્દ્ર હાથમા રૂપાના હાથાવાળી સુંદર કારીગીરીની લાકડી આમ તેમ હલાવતો, કોઈ ઇંગ્રેજ ગ્રહસ્થ સાથે વાર્તાવિનોદ કરતો સ્ટેશનપર આ નાકેથી પેલે નાકે પસાર કરતો હતો સુશીલ, મૃદુભાષિણી, ચતુર મોહિની ઘણાજ સાદા પણ રમણીય પોશાકમા એક લાકડાના બાંકપર બેઠી બેઠી, રાજેન્દ્રની સાથે ફરતો હતો તે ઇંગ્રેજની સ્ત્રી સાથે વાતો કરતી, તેના બાલકોના મધુર કાલાકાલા શબ્દો સાંભળી, સ્મિતભરી તેને ઉચકતી–હસાવતી–રમાડતી હતી. કુસુમસુંદરી અને ચંદ્રાવળી જે દિશામાથી ગાડી આવવાની હતી તે તરફજ દૃષ્ટિ માંડી પ્લેટફોર્મને છેડે, પાસે પાસે ઉગેલી નાજુક કદલી યુગલ જેવાં એક બીજાને અંગેઅંગ લગાડી આનંદથી વાતો કરતા ઉભાં હતાં. પણ ઓચિન્તી કોઇક ભૂત સ્મૃતિની કુંચી દબાઇ હોય એમ ચંદ્રાવળીએ કુસુમસુંદ-

રીની દૃષ્ટિ જેવી પોતાની આંગળીમાં શોભતી—ચળકતી મોહક મુદ્રિકા પર પડતી—ઠરતી—ચમકતી જોઇ કે તરતજ મૌનધારી બન્ને સ્તબ્ધ પૂતળીઓ પેઠે વિચારશૂન્ય જેવાં દેખાતાં હતા. ઘંટ વાગ્યો, હાથ પડ્યો અને સ્ટેશનપરના સિપાઇઓએ 'હટો હટો'—'બાજુ બાજુ,' કરતા પ્લેટફોર્મની કોર પર ફરવા માડયુ અને ચીંથરેહાલ પોર્ટરોએ નિશાનો હલાવવા માડયાં. સ્ટેશન પર આવેલા મનુષ્યોમાથી બેઠા હતા તે ઉભા થયા અને ઉભા હતા તે જરા આગળ આવી, જે દિશામાથી ગાડી આવવાની હતી તે તરફ, ઝાડપર બેઠેલા મોરની પેઠે વાકા વળી આતુરતાથી જોવા લાગ્યા, અને ટુકામાં એક તૃણ પડવાથી કીડીનો ફારડો ખળભળી ઉઠે તેમ સ્ટેશનપર લોકોએ આમથી તેમ ફરવા માડ્યુ તરતજ ઘણે છેટે પર જોશમાં ધસતું એનજીન જણાયુ અને અધરાત્રિમા શુક્રના તારાની પેઠે, કાળા શાહી જેવા એનજીનના ચળકતા પ્રાનસમાં અસ્ત થતા સૂર્યના કિરણો ઝળકવા લાગ્યા પાવો વાગ્યો અને કેદમાથી છુટતી બાષ્પના આનંદ ગીત સાથે ધુમાડાના ગોટે ગોટા, રૂના સફેદ ગાભાઓની પેઠે ઉષ્ણકાળના સ્વચ્છ આકાશમાં ઉછળવા લાગ્યા. આખ મીંચાય અને ફરી ઉઘડે એટલા કાળમા પાણીના રેલાની પેઠે, સુસવાટા ભેર, ગાડી સ્ટેશન પર આવી પ્હોચી અને ધીમી પડી.

આ ગાડીના એક ફર્સ્ટકલાસના ડબ્બામાં માત્ર એક વીસ એકવીસ વર્ષનો તરૂણ એકલોજ હતો. વર્ણ ગૌર હતો, કદ મધ્યમ હતું તથા શરીરનો બાંધો નિયમિત અંગ કસરતથી બાલ્યાવસ્થામાથીજ મજબૂત થયો હોય એમ ભાસતું હતું બીજા સર્વ અવયવો જેવી જોઇએ તેવી રીતે ન્હાનાં મ્હોટા હતા. તેની મુખમુદ્રા ચદ્રપ્રભાની પેઠે તેજસ્વિ હતી તથાપિ સન્ધ્યા કાલે જેમ સૂર્યના અસ્ત થવાની પ્રથમ ચદ્ર ફીકો પડી ગયેલો લાગે છે, તેમ કોઇક માનસિક કલેશથી તે સ્હેજ નિસ્તેજ અને કાંઈ સ્વાભાવિક સ્વસ્થતાના તેજથી રહિત હતી તેનું કપાળ વિશાળ હતું અને તેમાની રેખાઓ સ્પષ્ટ રીતે બતાવી આપતી હતી કે આ કોઇ કુલીન વાડીનુ પુષ્પ છે પણ કલેશ વાયુથી પીડાય છે.

ગાડી સ્ટેશન પાસેના ક્રૉસીંગ આગળ આવી અને ધીમી પડી કે સહજ જીજ્ઞાસાથી આ તરૂણ પોતાના ડબ્બાના દ્વારની બારીપર હાથ ટેકવી ડોકું બ્હાર કહાડી સ્ટેશન તરફ નજર કરતો ઉભો-

તરતજ "હા પ્રિય કુસમ!" એ શબ્દો સાથે એક દીર્ઘ નિશ્વાસ નીકળ્યો પણ એન્જીનના નિશ્વાસમાં ડુબી ગયો. હૃદયશૂન્ય થઈ ગયા જેવો દેખાયો. પાછો એક દીર્ઘ નિશ્વાસ નીકળ્યો અને કાંઈક ગણગણવા લાગ્યો—"હા પ્રિય કુસુમ! મ્હારે માટે આ ત્હારી કેવી દશા! પણ મે જે કર્યું છે તે **ત્હારા કલ્યાણ** અને **મ્હારા ધર્મ** તરફજ દૃષ્ટિ રાખીને કર્યું છે. હવે તો પરિણામ પ્રભુને હાથે. **यतो-धर्म ततोजय.** એ સૂત્રપર મને તો પૂર્ણ વિશ્વાસ છે."

"પ્રિય કુસુમ! પ્રિય **ચંદ્રાવળી**! કોને પ્રિય કહુ? ઉભયને? શા માટે નહીં? એક તરફ **ધર્મ** અને બીજી તરફ **પ્રેમ** બન્ને સમાન રીતે ચાહાવા લાયક વસ્તુ છે ખરેખર કવી કહે છે કે:—

"પ્રેમ **ધર્મ** બે વચ્ચે, થઈ ગતિ મુજ **ત્રિશ**કુના જેવી;
"**ધર્મ** એક ભણી ખેચે, બીજી પામે **પ્રિયા** પ્હણે જેની.

પણ **પ્રભુ** પ્રેમ સ્વરૂપ છે—એકી વખતે અસખ્ય જીવોને ચાહે છે તો મનુષ્ય તેનો અશ, તેની પ્રીતિની આટલી સાંકડી મર્યાદા કેમ સભવે?"

"હુ આજ સુધી એમજ ધારતો હતો કે આવા ગુચવારા ભરેલા પ્રેમ પ્રસગો માત્ર કલ્પિત નવલકથાઓમાજ હોઇ શકે. પણ આ તો પવિત્ર **સુંદરગિરીપર** પાડેલુ કુમુદ અને કુસુમની વચ્ચે બેઠેલા **સરસ્વતીચ**દ્રનુજ ચિત્ર. માત્ર ફરક આટલોજ કે ઘેલી કુસુમ રમતી—આળ—**ચં**દ્રાવળી ગભીર, કુસુમને કુવારા રહેવુ હતું—**ચં**દ્રાવળીની પ્રીતિ કોઇ પાત્રમા ઢળી હતી, કુમુદસુદરી દુખમા ઘડાઇને સૂક્ષ્મ પ્રીતિને સમજી હતી, ત્યારે મ્હારી કુસુમે માત્ર સુખજ જોયુ છે, અને **સર**-સ્વતીચદ્રે આવેશમા ત્યાગ કર્યો અને પસ્તાયો, ત્યારે મે ખુલ્લી આખે વિચાર કરીને કાર્ય કર્યું છે. કેવુ આશ્ચર્યકારક સરખાપણુ! જ્યારે મ્હારો પાછલો ઇતિહાસ સભારૂ છુ ત્યારે હુ પણ એક નવલકથાનો જાણે અજાણે નાયકજ હોઉ એમ લાગે છે."

"અરે હા! પણ હવે એનો શો વિચાર? શો ઇલાજ? વિચાર અને ઇલાજ સૌ **પ્રભુને** હાથે. **હરી હરી હરી**! કેવી ગુચવણ? Dear Kusum! Poor Chandrawali! Some how it cannot be helped now.

આટલા વિચાર એક ક્ષણવારમાં વહી ગયા, અને કુમુદચંદ્રનો

ડબ્બો કુસુમ અને ચંદ્રાવળી જ્યાં ઉભાં હતા ત્યાંજ કમનશીબે આ-
વીને અટકયો. હૃદયશૂન્ય કુમુદચંદ્ર—વિચારવમળમાં ગરક થયલા કુમુ-
દચંદ્રને આનુ ભાનજ ન હતું. ગાડી ઉભી રહ્યા પછી છેલ્લા ઈંગ્રેજી
શબ્દો કાંઇક મોટેથી બોલાયા અને બન્ને ભિન્ન ભિન્ન યત્રણા ભો-
ગવતી લલનાઓના હૃદયમા સહસ્ર કાટા ભોકવા માડયા—બન્નેને
ધ્રુજાવવા માડયા, અને કાળા શાહી જેવા મેઘથી આચ્છાદિત આકા-
શમા ઝઝુમી રહેલી વૃષ્ટિની પેઠ હમણા બન્ને જણા રોઇ પડશે
એમ લાગ્યુ

સારે ભાગ્યે કુમુદચંદ્ર એકદમ વિચાર મૂર્છામાથી, ગાડી ઉભી
રહેવાના આચકાથી જાગ્યો અને કુસુમસુદરી અને ચંદ્રાવળીને પોતાની
છેક સમિપમા જોઇ, પોતાના છેલ્લા પરતત્ર દશામા બોલાયલા શબ્દોને
સ્મરીને, તે હૃદયભેદક શબ્દોએ ગરીબ ચંદ્રાવળીના હૃદયમા કેવી
દુખજનક અસર કરી હશે તેનો વિચાર આવવાથી એકદમ શરમિ-
ન્દો પડી ગયો પણ તેની વિવેકબુદ્ધિએ તેને જગાડયો અને ટોપી
જરા તેમ, હવામા ઉડતા વિખેરાયલા પણ રેશમ જેવા કેશપર ગોઠ-
વીને, જાણે કોઇ ધક્કો મારીને લઇ જતુ હોય એમ બારણુ ઉઘાડી
મદ પગલે કુસુમસુદરી અને ચંદ્રાવળીની તરફ ચાલ્યો કુસુમસુદરી
અને ચંદ્રાવળીએ જેવો એને પોતાની તરફ આવતો જોયા કે તરતજ
તેઓના વદન ફીકા પડી ગયા, દીન રમણીઓ આસુ ખાળી ન શકી
ને તેઓના નિસ્તેજ ગાલપર, સહેજ વાયુના સ્પર્શથી ઝઝુમી
રહેલા કાળા મેઘમાથી વૃષ્ટિ ટપકી પડે છે, તેમ અશ્રુબિન્દુઓ કમલ-
પત્રપર પ્રભાતની ઝાકળના બિન્દુ સમાન શોભવા લાગ્યા કુમુદચંદ્ર
છેક નજદીકમાજ આવ્યો અને ન છુટકે પાસે ગયો કુસુમસુદરી
ધરતી સામુ જોઇજ રહી અને લજ્જા ભરેલી ચંદ્રાવળી સાડીઉ
તાણી સહસ્ર શુભ વિકારો અનુભવતી જરા મ્હો ફેરવીને ઉભી. ઘણે
પ્રયત્ને કુમુદચંદ્રે કુસુમસુદરીને “કેમ કુસુમ ! હાલમા પ્રકૃતિ કેમ
ચાલે છે ?” એમ પુછ્યુ પણ કાઇ ઉત્તર ન મળ્યો. પુન પુછ્યુ—“કાકજી
કયા છે ?

કુસુમસુદરીએ ઉચ્ચુ જોયા વિનાજ ઉત્તર આપ્યો, “પેલી
બાજુપર ક્યાક ફરતા હશે ”

કુમુદચંદ્ર હવે વધારે વખત આ દુખદ દેખાવ જોઇ શકે એમ
ન હતું, અને તેથી ચંદ્રાવળીને ખોટુ ન લાગે તેથી તેને પણ—“ તમે

કેમ છો ?" એટલુ પુછ્યુ, અને તેના ઉત્તરમાં રોવું ખાળતી ગરીબ ચંદ્રાવળી "ઠીક છે," એટલુ જ માત્ર બોલી.

બાકપર બેઠેલી મોહિનીએ કુમુદચંદ્રને દૂરથી જોયો, ઓળખ્યો, કાંઇક વિચારમા પડી અને તેને અને કુસુમસુંદરીને ઉપર વર્ણવેલી દશામા મુંગા સ્તબ્ધ ઉભેલા જોઇ, ચતુર માતા પોતાની પ્યારી પુત્રીની અમુઝણ કળી ગઈ. તેનુ હૃદય ભરાઈ આવ્યુ, અને આ દુઃખદાયક પ્રસંગ વધારે કાળ જારી ન રાખવાને તત્કાળ સાવધ થઈ ઉઠી અને તે તરફ ચાલી. જેવો કુમુદચંદ્ર, ચંદ્રાવળીના "ઠીક છે' શબ્દો ચોરાતે હૃદયે સાભળીને ફીક્કે મ્હોએ આ તરફ ફરે છે, તેવીજ મોહિની તેને મ્હામી મળી અને કુમુદચંદ્રે તેને વાકા વળી વિનયપૂર્વક પ્રણામ કર્યા

"કેમ ! કુમુદચંદ્ર ! એકાએક કાઈ આ તરફ આવવાનુ થયુ ?" મોહિનીએ હસતે વદને અતિશય પ્રેમથી પુછ્યુ.

"કાઇ અગત્યના કામ સારૂ કોઈ સાહેબને મળવુ છે માટે મહાબળેશ્વર જાઉ છુ કાકાજી કયા છે ? મ્હારે એમને ત્વરાથી મળવાની જરૂર છે પાચ છ દિવસમા પાછો જવાનો વિચાર છે માટે જો બનશે તો એક દિવસ અત્રે ઉતરીશ"

"પેલીપાસ કોઇ સાહેબ સાથે વાતો કરે છે ત્યા જાઓ પણ વળતી વખત જરૂર ઉતરજો હો આટલા ટુક સમયમા અમને વિસારી ન દેશો"

કુમુદચંદ્ર ફીકુ હસી, "જરૂર જરૂર" એમ કહી ત્વરાથી રાજેન્દ્ર જ્યા હતો તે તરફ ગયો

રાજેન્દ્ર હાલમા સ્ટેશનને બીજે છેડે ઉપર કહ્યા પ્રમાણે કોઇ ઈંગ્રેજ ગૃહસ્થ સાથે વાતો કરતો ઉભો હતો, તેણે જેવો કુમુદચંદ્રને આવતો દીઠો કે તરત જ—"કૃપા કરી ક્ષમા કરજો. મ્હારે આ ટ્રેઇનમા કોઈ મિત્ર આવેલો છે તેને મળવુ છે"—એમ કહી હાથ મેળવી તેનાથી છુટો પડયો, અને એક વત્સલ પિતાના ઉમળકાથી કુમુદચંદ્રના તરફ ચાલ્યો. કુમુદચંદ્રે વિનયપૂર્વક પ્રણામ કર્યા મોહિનીની પેઠે રાજેન્દ્રે પણ પૂછ્યુ—"કેમ ! કુમુદચંદ્ર ! એકાએક કાઇ ખબર અંતર આપ્યા વિના આ તરફ આવવું થયુ ?"

"જી એતો પેલા કામ બાબત કેલી સાહેબનો પિતાજીપર પત્ર

આવ્યો હતો, તેમાં લખ્યું હતું કે તે બાબત નક્કી કરવા પ્હેલાં તેઓ મને જાતે મળવા માગે છે. આથી પિતાજીએ મને બ્હારો-બ્હાર મહાબળેશ્વર જવાનું ફરમાવ્યાથી આપને જણાવ્યું નહતું. અને બીજું એમ પણ ધાર્યું કે સાંજનો સમય છે માટે વખતે આપ સ્ટેશનપરજ મળશો, અને તે મ્હારી ધારણા ઇશ્વરે ખરી કરી."

"જો એમજ છે," રાજેન્દ્રે કહ્યું, "તો કાલે એક ચિઠ્ઠી હું પણ કેલી સાહેબપર લખીશ, કે તેથી બીજી કાંઇ પણ અડચણ હશે તો નડશે નહીં હું તમને અંતઃકરણપૂર્વક આ કામમાં ફતેહ ઇચ્છું છું. પિતાજી અને બીજા સર્વે ખુશીમાં છે?"

"હાજી ઇશ્વર કૃપાથી સર્વે કુશળ છે"

"તમારી કાકીને તથા કુસુમને મળ્યા?"

કુમુદચંદ્ર ઉત્તર આપવાને જરા અચકાતો હતો પણ એટલામાં ગાડી ચાલવાને પાંચ મિનિટનો ઘંટ વાગ્યો અને ઇશ્વરેજ એની ગુચવણનો અંત આણ્યો. ધબોધબ બારણાઓ બંધ થવા લાગ્યા, અને રાજેન્દ્ર અને કુમુદચંદ્ર, કુમુદચંદ્રના ડબ્બા તરફ ત્વરાથી ચાલ્યા.

કુમુદચંદ્ર, કુસુમસુંદરીને અને ચંદ્રાવળીને મુકી, મોહિનીની તરફ જઈ તેની સાથે વાતમાં પડયો કે તરત જ ઘણે પ્રયત્ને અટકાવી રાખેલો અશ્રુઝરો મ્હોટા ડુસકાઓ સાથે, કુસુમસુંદરીની આંખોમાંથી વ્હેવા માંડયો પણ કુમુદચંદ્ર જેવો મોહિનીને મુકી રાજેન્દ્રની તરફ ગયો કે દુઃખી મોહિની પોતાનું રોતું હૃદય હસતા વદનમાં છુપાવી, અશ્રુપાત કરતી પ્રિય પુત્રી તરફ ચાલી પોતાનો હૃદયરોગ આ દશાનું કારણ છે એ વાત મોહિની જાણે છે એનો કુસુમસુંદરીને સ્વપ્ને પણ ભાસ નહતો. તે એમ જ જાણતી હતી કે માત્ર ચાર જણને આ વાતની ખબર છે, અને આમ નિષ્કારણ અશ્રુપાત થવાથી માતાને ખોટી શંકાઓ થશે, એ ભયથી તત્કાલ સુંદર શાળુના છેડાવડે આંસુ લુછી નાખી, જાણે કાંઈ થયું જ નથી એમ હસવાને પ્રયત્ન કરતી મોહિની તરફ સ્હામી ચાલી.

મોહિનીએ જાણે સહજજ હોય એમ પુછ્યું,—"કેમ કુસુમ? આજ કાંઈ વધારે અસુખ થાય છે?"

"ના ના! એતો જરા સળેખમ થયો છે તેથી માથું ભારે લાગે છે અને આંખમાંથી પાણી નીકળ્યાંજ કરે છે. બીજું કાંઈ નથી."

ચતુર વત્સલમાતા જાણે આ કારણથી પૂર્ણ સતોષ પામી હોય એમ કાંઇજ બોલી નહી, અને કોઈ બીજી બીજી વાતો કહાડી ત્રણે જણ થોડા કાળને માટે તો તરતજ વિતેલી વાત વિસરી ગયા. દુખદાયક વિષયની વિસ્મૃતિ કેવી વ્હાલી લાગે છે ! અહો ! સ્મૃતિ અને વિસ્મૃતિ શી વસ્તુ હશે ? મન સમુદ્રમા ડુબકા ખાતો મનુષ્ય એજ સ્મૃતિ અને વિસ્મૃતિના મોજા સાથે અહોનિશ અફડાય છે, તે છતા કયા વાયુથી એ ઉર્મિઓ ઉઠે છે તેનો તેને પ્રશ્ન પણ ઉઠતો નથી. જો ઉઠે છે તો સપૂર્ણ નિરાકરણ થતું નથી મ્હોટા ગ્રથો મ્હોડે રાખી શકાય છે, જીવનકાલના અસખ્ય વિચારો અને દ્રષ્ટિએ જોયલી વસ્તુઓના સપૂર્ણ ચિત્ર, જોયા પછી ગમે તે કાલે, મનદ્રષ્ટિ આગળ આબેહુબ ખડા થાય છે તે શુ માત્ર આપણે જેને સ્થૂલ મગજ કહીએ છીએ તેનુજ કાર્ય છે ? શુ એક મ્હોટી પોલાણના મુખપર વાદળીનો કટકો મુક્યો હોય અને તેનાપર રેડો એટલુ જળ ચુસાઈ જાય છે તો તે કાર્ય ન્હાનકડી વાદળી માત્ર કરે છે એમ કહીશુ ? સ્થૂલ મગજ એ અનત સૂક્ષ્મ આકાશનુ દ્વાર માત્ર છે. આ આકાશ ચિત્રગુપ્તનો ચોપડો છે—ગુપ્ત ચિત્રનો ભડાર છે કે જેમા મનુષ્યની પ્રત્યેક કરણીની છાપો પડે છે; અને જે પ્રમાણે મગજ—દર્પણ સ્વચ્છ રહે છે તે પ્રમાણે આપણે ભૂત ચિત્રો અપૂર્ણ અથવા સપૂર્ણ દશામાં જોઈ શકીએ છીએ—ફોનોગ્રાફ નામનુ યત્ર કોઇપણ ગાયન અથવા ભાષણ કે જે તેની સમક્ષ બોલાય છે તે તત્કાલ ગ્રહણ કરી લે છે અને પાછુ ગમે ત્યારે તે બોલી શકે છે, તેમ આ મનાકાશમાં આ અતર છાપોનુ પુનર્દર્શન થઇ શકે છે. પણ એ ગમે તે હશે તે તપાસવાનો આપણે હમણા સમય નથી. આપણી કુસુમસુદરીનુ વિસ્મૃતિનુ મોજુ સમ્યુ છે અને દુખદ સ્મૃતિ પુન મગજને ધક્કો મારવાને ઉચે ચ્હડતી જણાય છે

ઉપર વર્ણવેલી દશામા આ મોહક ત્રિમૂર્તિ—ત્રિપુટી—ઉભી હતી, તેજ ક્ષણે ગાડી ઉપડવાનો ઘટ વાગ્યો, અને રાજેન્દ્ર અને કુમુદચદ્ર ત્વરાથી તેઓની પાસે આવ્યા કુમુદચદ્રે રાજેન્દ્ર અને મોહિનીને ઉતાવળમા નમન કર્યું, અને કુસુમસુદરીને "હુ જાઉછુ" એટલુજ માત્ર કહી ઉકળતે હૃદયે ગાડીમા બેઠો.

કુમુદચદ્ર જે વખતે રાજેન્દ્ર અને મોહિનીને નમન કરી જવાને આજ્ઞા માગતો હતો, તેજ ક્ષણે કુસુમસુદરીના ખળખળતા હૃદયપા-

ત્રમાં અનેક ભૂત કલ્પનાઓ તરવરતી હતી–ઉછાળા મારતી હતી; અને તેમાં વળી “ હું જાઉં છું ” એ શબ્દોનો કારી પથરો પડયો–હૃદયપાત્ર છલકાયું–ઉભરાયું, અને કોમલ કુસુમ એક લલિત કદલીની પેઠે વત્સલ માતાના પર ઢળી પડી.

કુમુદચંદ્ર ચમકયો અને પોતાના કામનું ગમે તે થાય તોય આજ તો અત્રે ઉતરવું એવો નિશ્ચય કરવાનો યત્ન કરતો હતો, પણ એટલામાં સીસોટી વાગી અને એક મ્હોટા આંચકા સાથે ગાડી ઉપડી–ચાલી, અને કુમુદચંદ્ર ગાડીની બેઠકપરથી ઉઠીને દ્વાર પાસે આવે છે, એટલામાં તો એનો ડબ્બો અને કુસુમસુંદરી જ્યાં હતી તે જગ્યાની વચ્ચે મ્હોટો અંતર પડી ગયો અને પ્રતિક્ષણે વધવા લાગ્યો

લાચાર કુમુદચંદ્રે જોવાયું ત્યાં સુધી બારીમાંથી વાંકા વળીને જોયું, ટોપી ઉડી પડી, અને નિરાશાના ધુમાડામાં અંધ બનતો અકળાતો–ગભરાતો, નિશ્વાસપર નિશ્વાસ નાખતો, અસ્પષ્ટ ગણગણતો, હૃદય–શૂન્ય, ગાડીની ગાદીપર પળવાર ગાંડા જેવો આળોટવા લાગ્યો અને ક્રૂર ટ્રેઇન હતભાગ્ય કુસુમસુંદરીનું હૃદય–જીવ–લઇને, ચોરીને–જીવલઇને ન્હાસતી હોય એમ પૂર પર જોશમાં દોડવા લાગી.

પ્રકરણ ૨ જું.

દેવેન્દ્રની આપત્તિમાળા.

“ મિઠી ભગિનીશું પ્રેમ તે ગુલાબ. ”

કુસુમમાલા.

કૂદતી, નાચતી, તરૂણ લલનાની પેઠે તનમનાટ કરતી, જોશભેર વ્હેતી, નિર્મલ કાચ જેવી **મૃણાલિની** નદીના તટ ઉપર આવી રહેલા, એક રૂપેરી વાદળીના કકડા પર ચંદ્રની પેઠે શોભતા, રમણીય **ચંદ્ર**નગરના એક ધોરી રસ્તાપર આપણી કથાના થોડા કાળ પ્હેલાં એક મ્હોટી ચાર ગાળાની, વડીલોથી ઉતરેલી પણ જર્જરિત થઈ ગયલી હવેલીમાં વૃદ્ધ વયનો **સુરેન્દ્ર** પોતાના એકના એક પુત્ર **દેવેન્દ્ર** તથા બાળ વિધવા પુત્રી **સીતા**ની સાથે રહેતો હતો હવેલીની પછાડી ઘણી

મ્હોટી ખુલ્લી જગ્યા હતી જેની મધ્યમા આ પ્રસગે તો માત્ર એક જર્જરિત થઇ ગયેલુ શિવાલય હતું; તેની પાસે એક સુદર પણ વયમાં વૃદ્ધ બીલીનુ વૃક્ષ હતું, અને એક ખૂણે એક બિસ્માર મ્હોટો કોશિઓ કુવો હતો એ ઉપરથી એમ અનુમાન થતું હતું કે એ શિવાલયની આસપાસ, જ્યારે હશે ત્યારે, મહાદેવના ઉપયોગના પુષ્પોને માટે સુદર વાડી હશે. પોતાના વડીલોથી. બધાયલા આ શિવાલયમાં સુરેન્દ્ર હમેશ પૂજા કરતો હતો. સુરેન્દ્રના વડીલો પૂર્વે ઘણીજ ઉત્કૃષ્ટ સ્થિતિમા હતા પણ કાળચક્રે એ સ્થિતિનો નાશ કર્યો હતો, અને હાલનો માસિક રૂ. ૧૫) ની નિર્જીવ આવકમાથી તે પોતાના વ્હાલાં પુત્ર પુત્રીનુ ઘણી કથાવટે પોષણ માત્ર કરતો હતો. આવા કુલીન બાળકોને એટલુ સુખ પણ વિધાતાથી નહીં સખાયુ અને એકાએક ચિન્તાના ઘસારાથી વૃદ્ધ સુરેન્દ્ર મૃત્યુ પામ્યો.

નિરાધાર બાલકોની દશા અતિશય દયાપાત્ર થઈ જેઓને ભાગાતુટચા પણ શિરછત્રના આશ્રય નીચે રહી દુ ખદ્દષ્ટિના વિષમય ટીપાઓનો સ્પર્શ પણ નહોતો થયો, જેઓ પિતા—નૌકામાં બેસી ક્રીડા કરી આજપર્યંત સસાર સમુદ્રના દુસ્તર—ભયકર મોજાઓથી પરાભવ નહોતા પામ્યા, તેઓની સુખરૂપ નૌકા આજે ભાગી—સમુદ્રને તળીએ જઇને બેઠી, અદૃશ્ય થઈ ગઇ, અને બન્ને સુકુમાર બાલકો ડુબકાં ખાવા લાગ્યા વૃદ્ધ સુરેન્દ્રનુ મૃત્યુ તેઓના પર વજ્રની પેઠે પડયુ— આવુ મૃત્યુ સકાળ થવા છતા પણ તેઓને માટે તો અકાળજ થયુ. વડીલોના જીવનકાલમા રાજ્યવૈભવમા ઉછરેલા રાજપુત્રો અને નિર્ધન પિતાની ન્હાનકડી ઝુપડીમા ઉછરેલા કગાલપુત્રોમા શો ફેર ? કશો નહીં ? હા કારણકે એક બાલકની સુખની મર્યાદાથી બીજો બીલકુલ અજાણ્યો છે, અને તેથી માત્ર ચિન્તાની પરોક્ષતા અને પ્રત્યક્ષતા એજ સુખ અને દુ ખનુ ભાન કરાવે છે. અને જો એમજ છે તો જ્યા સુધી પોતાના અતરના નિર્દોષ અભિલાષો સતોષવામાં આવે છે, ત્યાં સુધી રાજપુત્ર અને કગાલપુત્ર ઉભયની સુખની સીમા એકજ છે. એકને સુદર અશ્વ અથવા પોષાક મળ્યાથી જેટલો ઉમગ થાય છે— આનદ થાય છે—તેટલોજ બીજાને લાકડાનો અશ્વ અથવા દોટીનું નવુ બદન મેળવ્યાથી થાય છે. અને તેથી આ બાળકો—પિતાના જીવન કાલમા રાજ્યવૈભવ ભોગવનારા બાળકો—વડીલ સૂર્યના અસ્ત થવે ચિન્તાના દુર્ભેદ્ય અધકારમાં અધ બનવા લાગ્યા—ટળવળવા લાગ્યાં— કચડાવા લાગ્યા, ગુગળાવા લાગ્યાં.

પિતાના મૃત્યુ પ્રસંગે બિચારા દેવેન્દ્રની પુંજીમાં થોડું જેવર અને તદન બિસ્માર દશામાં આવી પડેલી–માત્ર વડીલોનું સ્મૃતિચિન્હ–હવેલી હતી. આમાં પિતા તરફથી તો હવેલીજ હતી કેમકે દાગીના તો દેવેન્દ્રની માતાના પક્ષાંના હતા.

સીતા–યૌવનમાં ઝુલતી પણ હતભાગ્યે વૈધવ્યને પ્રાપ્ત થયેલી **સી**તાનો પતિ લગ્ન થયા પછી થોડાજ દિવસમાં પૂર્ણ યૌવનમાં મૃત્યુથી ઝડપાયો હતો; તેના સાસરામાં માત્ર તેના દુ:ખી વૃદ્ધ સસરા શિવાય કોઈ ન હતું, તેમજ વૃદ્ધ પિતાને પણ કોઇ રાધી જમાડે એવું ન હતું, તેથી **સી**તા પિયરમાજ રહેતી હતી. તેની પણ પુંજીમાં માત્ર તેનુ પલ્લુ હતું.

આ પ્રમાણે સ્ત્રીધનની ઉત્તમ રીતીએ આ સમયે આ દુ:ખી બાલકોને ઉદરપોપણમા સહાયભૂત થઈ, તેઓને અત્યત કગાલ અવસ્થાના અનત ખાડામા પડતા બચાવ્યા.

ન્યાતવરા વિગેરે લગ્નની ધામધુમનો કરજ કરીને પણ મનમાન્યો ખરચ કરી માત્ર પલ્લા જેવી અગત્યની બાબતજ આગળ ઉપર મુલતવી રાખવા કરતા, **આવા સૌભાગ્યમાં શરીરને શોભાવનાર અને દુર્ભાગ્યમાં શરીરને નિભાવનાર** સ્ત્રીધનને માટે પ્રથમ બદોબસ્ત કરવો એ અગત્યનુ છે. **પ**શ્ચિમના દેશોઓ છ દર્ગીનો વીમો પણ ઉતરાવે છે, પણ આપણે તો હાલમાં અતોભ્રષ્ટ અને તતોભ્રષ્ટ જેવા થયા છીએ--ન વીમો કે દાગીનો આ ઉપરથી એમ નથી સમજવાનુ કે સ્ત્રીધન માટે મ્હોટી રકમજ જોઇએ એક સામાન્ય પકિતના મનુષ્યથી થોડે અંગે મેળવી શકાય અને એક જીવનુ પોષણ થાય, એવી રકમ હોય તો આપણા સમજુ પણ હાલમા ડગલે ડગલે મૂર્ખતાના અપવાદને પાત્ર થયેલા–આર્ય વડીલોનો હેતુ સાર્થક થશે.

સુરેન્દ્રની જ્ઞાતિમાં–પવિત્ર ગણાતી સર્વોત્તમ બ્રાહ્મણ જ્ઞાતિમાં મૃત્યુ પછાડી સમસ્ત જ્ઞાતિને જમાડવાનો નિયમ હતો, અને જેઓ આ નિયમનુ ઉલઘન કરે તેને ન્યાતનુ આમત્રણ બધ થતું હતુ; તથા તેની સાથે ન્યાતના કોઇપિણ મનુષ્યને કાઇપિણ જમવા ખાવાનો તથા બેટીવ્હેવાર રાખવાનો મનાઈ હુકમ પચ તરફથી નીકળતો હતો. આ રીવાજ માત્ર વૃદ્ધની પછાડી હતો એટલુંજ નહી પણ મરનાર પ્રાણી ગમે તે વયનું હોય, સ્ત્રી કે પુરૂષ હોય, કોમળ બાલક

કળી હોય કે પછી માત્ર વીસ વર્ષનું પૂર્ણ યૌવનમાં પ્રફુલ્લ થતું પુષ્પ હોય, તો તેમા નિમિત્તે પણ આ ન્યાતિનો કર આપવો પડતો હતો. પણ આમાં જો કોઈ મનુષ્ય અતિશય દરિદ્રી હોય–મરનારને સુખદાયક પણ તેની પછાડી જીવનારને જીવનપર્યંત દુ:ખદાયક, આ ભોજન આપવાને સંપૂર્ણ રીતે અશક્ત હોય, તો તેઓ આટલી તો કૃપા કરતા કે તેનુ દેવું પચના હિસાબમાં લખતા; અને જ્યારે તે અથવા તો તેની કોઇપણ પેહેડીનો વંશજ આ દેવું અદા કરવાને શક્તિમાન થાય ત્યારે આ વડીલોના તેરમાની ઉઘરાણી કરતા: આમ હતું તેથી આપણો દેવેન્દ્ર એમના વિચાર પ્રમાણે છેક નિર્ધન નહીંજ કહેવાય, કેમકે એની પાસે મ્હોટી હવેલી હતી–વડીલોનુ મ્હોટું નામ તથા જેવર હતું. માટે ચાહે તે કરે, ગમે તો ઘર ગીરો મુકે, પલ્લુ–પોતાના જીવનના આધારથી જુદો પડે–તો પણ આ ખર્ચ તો કર્યા શિવાય અન્ય ઉપાય નજ હતો.

ગરીબ દેવેન્દ્ર નિરાશાના સમુદ્રમા મુઝાતો વિચાર કરતો હતો.–"હે પ્રભુ ! મ્હારૂં શુ કરવું ધાર્યું છે ? મ્હારા અજ્ઞાન બંધુઓથી આ ખર્ચમાથી મને મુક્તિ મળે એમ નથી ? જો જેવર વેચું છુ તો ભવિષ્યમા ઉદર પોષણનીએ આપદા પડે એમ છે. જો હવેલી ગીરો મુકુ છુ તો કોઈ દિવસ પણ આવી નિર્ધનતામાં તે પાછી છોડાવવાનો સંભવ નથી. પ્રેમી સીતા પોતાનુ જેવર સ્વીકારવાને કેટલો આગ્રહ કરે છે ? આહા ! શી ઉદારતા, શો બંધુ પ્રેમ ? નહી બસ ! મ્હારો પ્રાણ જશે તોય એ વાત તો બનવાની નથી. હું નહીં સ્વીકારૂં. પણ ત્યારે શુ કરૂ ?"

આ પ્રમાણે સંસારની ગુંચવણનો પ્રથમ અનુભવ કરનાર ચારે પાસેથી મુઝાયો, શો રસ્તો લેવો તે તેને સુઝ્યુ નહીં. પોતાના એક વખતે પવિત્ર ગણાતા બંધુઓની અધમતાપર રોષે ભરાયો, તેનુ હૃદય ઉકળવા માંડ્યું, આંખો લાલ થઇ ગઈ અને જાણે આવેશમાં આવ્યો હોય એમ, એકાંત મેડીમાં પોતાના હાથ પગ પછાડતો બોલી ઉઠ્યો:–"હા પ્રિય આર્યભૂમિ ! આવા બ્રાહ્મણોથી તું ક્યારે સ્વતંત્ર થઇશ ? ક્યારે ત્હારી ઉન્નતિ થશે ? શું આપણા પ્રાચીન પ્રજ્ઞ આર્યોનો એવો હેતુ હતો કે અમે તો મરો કે માંદા પડો–ગમે તો ઘરબ્હાર વિનાના કંગાલ જેવા થઈ, અન્ન રહિત થઈ કે પછી ચોરી કરીને, કરજ કરીને પણ બ્રાહ્મણોને ભોજન આપો, કે જેથી મૃત જીવને સુખ થાય–શાન્તિ થાય ? ભોજને કે ગમે તે વસ્તુ કમ-

નની દીધેલી ક્લિષ્ટ થાય છે અને તેનો ઉપભોગ કરનાર ભ્રષ્ટ થાય છે—અરે નષ્ટ થાય છે. યજમાન તમારી પાસે પુણ્યની આશાએ—મૃત્યુ પામેલા જીવને શાન્તિ થાય તેને અર્થે, તમને ભોજન આપે છે, તો તમારી જે કાંઇપણ પવિત્રતા હશે—આવી અધમ સ્થિતિમાં જે સુકૃતિ માત્ર દંભથી—લોકલજ્જાથી—આડંબરથી કે ઉદરપોષણને અર્થે કરતા હશો, તેના પુણ્યનો અધિકારી યજમાનજ છે. અને તેથી તમારી સ્થિતિ "દુકાળમાં અધિક માસ" જેવી થઈ છે—તમે ભ્રષ્ટ થયા છો—અધમ થયા છો—સાધારણ મનુષ્યથી જે વિશેષતા તમારામાં હતી તે તમે તજી છે-અરે શુદ્રત્વને પામ્યા છો! અને તેથી તમારા પવિત્ર વડીલો પ્રાચીનકાળમાં જેવા પૂજ્ય ગણાતા હતા, તેવા તમે નથી ગણાતા એ શું સકારણ નથી? જો તમે શુદ્રતાને પામ્યા તો તમારા પગલામાં પગ ધરનાર ક્ષત્રી અને વૈશ્યનો શો દોષ? પૂજ્ય વડીલોના ગૂઢહેતુનો ગર નહી સમજનારા આપણે, માત્ર રૂઢીના નિર્જીવ છોતરાંને શાને વળગી રહ્યા છીએ? પ્રિય બંધુઓ! આ દશા જોઈ તમારી આંખો ઉઘાડો, તમારી અધમતાની નિષ્પક્ષપાત રીતે પરીક્ષા કરો, વડીલોના કીર્તિ શિખર પર દ્રષ્ટિ કરી તમારી ધર્મ જીજ્ઞાસાને સતેજ કરો. પવિત્ર બ્રાહ્મણો—પવિત્ર બ્રહ્મરૂષિઓ—આર્યભૂમિના રક્ષકો—આર્યાવર્તના કીર્તિ સ્તંભો—આર્ય ધર્મના મુકુટ મણિઓ, તમારી આ અધમતા જોઇ તમારા અનુપમ ધર્મનો—મુક્તિદાતા ધર્મનો અભિમાની અશ્રુપાત કરે છે. શી સ્થિતિ! તમારા પવિત્ર શાસ્ત્રો, વેદ વેદાંગ, સાંખ્ય, મીમાંસા અને રસિક પુરાણો, કથાઓ; તમારી ગાયત્રી, અગ્નિહોત્ર, સંધ્યા અને તમારા જીવનની સમાપ્તિ, શું માત્ર મિષ્ટ પણ દૂષિત ભોજનમાં હવે આવી રહી છે? પણ કર્મના નિયમની તુલા બહુજ ન્યાયી છે અને તેથી કર્મદેવતાઓએ કદાચ એવુંજ નિર્માણ કરેલું દેખાય છે, કે યજમાનના કલ્યાણ અર્થે અથવા પોતાની શુદ્ધિની ખાતર જે નિત્યકર્મ કર્યા વિના—જીવન પર્યંત ભોજન વિગેરે ગ્રહણ કરવામાં આવે છે, તેનો યોગ્ય બદલોજ આ જ્ઞાતિ રીવાજ રૂપે આપવામાં આવ્યો હોય, અને તેથી પારકાને ભોજન આપવામાંજ તે જીવોને બહુ ભોગવવું પડતું હોય. હા! મમ પ્રિય આર્યભૂમિ!":—

"ક્યાં તુજ રામ યુધિષ્ઠિર અર્જુન, ક્યાં વિજયી તનયો તુજ છુપ્યા?
"ક્યાં તુજ યોગિ તપસ્વિ ગયા, સઉ ભોગિ બન્યા તજી શું તૃણ શય્યા?

" ક્યાં તજીને તુજને ગઇ એ, રતનાગર સાગર શાણી સુતા સો ?
" હા ! મમ ભર્તભૂમિ ગતિ આ, તુજ દેખિ બળે મુજ ઉર—"

પોતાના જ્ઞાતિ બંધુઓની દુર્દશાનો અંતઃકરણપૂર્વક અશ્રુપાત કરનાર બળવાન બાળક એકદમ અટક્યો—તેની છાતી બંધ થઈ ગઇ—વાણીની સીમા આવી લાગી—કપાળે તથા શરીરે પરસેવો થવાથી વસ્ત્ર ભીંજાઈ ગયા—અને "આથી અધિક મ્હારી શક્તિ નથી" એમ કહેતો હોય એમ મસ્તિકે હાથ મુકી થોડો કાળ ગાદી પર બેઠો; જરા સ્વસ્થ થતાંજ ખર્ચ કરવાનો વર્તમાન વિષય સ્ફુર્યો અને તેણે ક્ષણવારપર સ્વતંત્ર આકાશમાં ઉડતા મનપક્ષીને ચિંતાના પિંજરામાં પાછો પૂર્યો.

સીતા પાસેનાજ ખડમાં છે એવું દેવેન્દ્રને ભાનજ નહતું. તેતો આવી હૃદયભેદક વાણી પોતાના પ્રિય બંધુના મુખમાંથી નીકળતી સાંભળી એકદમ દગજ થઇ ગઇ. અને પોતાનુ પલ્લુ દેવન્દ્રે, આવી પોતાના મનની દુઃખી દશા છતાં પણ, નહી સ્વીકાર્યું તે સભારી ઓઘુ આણી રોવા લાગી; દેવેન્દ્રને બોલતો એકદમ બંધ થઇ જતો સાંભળી આંસુ લુછતી ઉઠી અને દેવેન્દ્રની પાસે ગઇ. દેવેન્દ્ર એકદમ ચમક્યો કે રખેને **સીતાએ** પોતાનુ બોલેલું સાંભળ્યું હોય અને તેથી તેનું કોમલ હૃદય દુઃખી થયુ હોય **સીતાએ** શીતળ જળનું પાન કરાવી દેવેન્દ્રને પોતાની મધુર વાણીના અમૃતથી શાન્ત કર્યો, અને એક વખત પાછી પોતાનું જેવર સ્વીકારવાને ઘણીજ આજીજી કરી. વત્સલ ભગીની રોઈ—માથું કુટયું—જીવના સમ ખાધા, પણ દૃઢ નિશ્ચયવાળો—કોમલ વયમાંથીજ પવિત્ર વૃત્તિવાળો માયાળુ બંધુ નજ ડગ્યો, અને અંતે પોતાની માતાનું જેવરજ વેચવાના દુઃખી નિશ્ચય પર આવ્યો. ચીરાતે હૃદયે " ગાલપર તમાચો મારી મ્હોં લાલ રાખી " પિતાના મૃત્યુનો ખર્ચ કર્યો—પોતાના જીવની દોરી તુટયા જેવી વેદના થઇ તે ખમ્યો; અને " ખાય ત્યાંજ ખોદે " એવા ન્યાતિલાઓએ " એ ભીખારી તે શું ખર્ચ કરશે " ?—એવું સર્ટિફિકેટ આપણા દીન દેવેન્દ્રને આપ્યું.

દેવેન્દ્રની આપત્તિનો હજી પણ અંત આવ્યો નહી. પિતાની મરણોત્તર ક્રિયાનો ખર્ચ પુરો થયા પછી ચાર પાંચ દિવસ રહીને એક દિવસે રાત્રિના અગિયાર વાગ્યા હતા. આખું શેહેર નિંદ્રાદેવીની નિર્વિકલ્પ સમાધીમાં લીન થયું હોય એમ લાગતું હતું; અને આ

પૂર્ણ શાન્તિનો ભંગ માત્ર જંગલી કુત્રાં, ચીબડી, ઘુવડ, શિયાળ વિગેરે અશુભસૂચક પશુપક્ષીઓની-કંગાલ દેવેન્દ્રનાપર ભવિષ્યમાં પડનારી આપત્તિની સૂચનારૂપ-હૃદયભેદક વાણીથીજ થતો હતો. ચૈત્ર મહિનાનો ઉન્મત્ત વાયુ સુસવાટાભેર વાઈ રહ્યો હતો, અને કાળાં વાદળાંઓથી આચ્છન્ન-અંધ-શબ્દશૂન્ય નગરમાં નિષ્કંટક રાજ્ય કરતો હતો તેવે પ્રસંગે દેવેન્દ્ર એક ફાટા તુટા ગાદી તકીયાપર બેસી પિતાની ક્રિયાના ખર્ચનો હિસાબ મેળવતો હતો. મ્હોં આગળ એક કેરોસીનની ચીમની ઝગઝગાટ બળતી હતી, અને સ્હામી બાજુપર વૈધવ્ય દુઃખ ભારથી દબાયલી, પવિત્ર ગાયત્રી જેવી **સી**તા વિખેરાયલે કેશે સુતી હતી, તેની નિર્દોષતાપર-પવિત્રતાપર-સુંદરતાપર મોહિત થઇ હોય, એમ સ્તબ્ધ બની હાલ્યા ચાલ્યા વિના, પોતાના અસ્ખલિત તેજનો ઓઘ તેની લલિત મુખકળીપર વર્ષાવતી હતી. દેવેન્દ્રની પાસે ખુલ્લા એક રૂમાલમાં માતાના પલ્લામાથી ખર્ચ કરતાં બચેલા રોકડા રૂપિઆ તથા **સી**તાનુ પલ્લુ પડ્યું હતું વિચાગમાંને વિચારમા એકાએક કાગળોમાથી તેણે ઉચ્ચુ જોયુ અને લસલસાટ ઉંઘતી **સી**તાના ઝળકતા મુખપર તેની દૃષ્ટિ પડી-ઠરી તે ઠરી. એક દીર્ઘ નિશ્વાસ નીકળ્યો અને નયનમાથી અશ્રુધારા વ્હેવા માંડી:-"**સી**તા ! **સી**તા ! શું તને **વિ**ધાતાએ વિપત્તિને માટેજ સૃજી છે ? બાલકપણમા માતાના લાડ પણ પૂરા ન પામી-કામને શરમાવે એવો પતિ છતાં પ્રેમઅમૃતનુ એક બિન્દુ પણ તે ન ચાખ્યુ-અને અંતે પિતાજીએ પણ પોતાની લાડકી પણ દુઃખી પુત્રીને તજી ! દયાલુ ભગવંત ! આ શુ ? આવી સુંદરતા-આવી પવિત્રતા-આવી નિર્દોષતા ! તે છતાં વૈધવ્ય ? ઈશ્વર ! તુ પાતકી મનુષ્યોને શિક્ષા કરે છે. પણ આ મ્હારી **સી**તા-સાક્ષાત **સીતા** જેવી **સી**તાએ શુ પાપ કર્યા હશે ? એતો ન મનાય. આ શો ગજબ ?"

"સુધારકો કહે છે તે કેટલે અંશે સત્ય છે સામાજીક રૂઢીની વજ્ર જેવી સાંકળથી આપણે કેવાં બધાયાં છીએ ? હજારો સમાન વયની સાહેલીઓને પતિ સુખમાં રાત્રિ દિવસ મલકાતી જોઇને, જે એક કંગાલ વિધવા જેણે સંસાર સુખનો સ્પર્શ પણ કર્યો નથી-જેનું જીવન પતિ સૂર્યના અસ્ત થવે અંધકારમય થયુ છે-અને જેને પતિના મૃત્યુ પછી કોઈ પણ સુખનો અધિકાર નથી, તેનું અંતર નિરંતર બળે અને કદાચ મનની નિર્બલતા દોષો પણ કરાવે તો તેમાં શી નવાઈ? પુરૂષ ! જો તું સંતાન છતાં ત્હારી ની-

તિના ઉલ્લંઘનના ભયે, કે ત્હારા સુખને અર્થે પુનર્લગ્ન કરે તો જે સ્વાભાવિક રીતે અબળા છે—જેને પ્રકૃતિએજ ત્હારા કરતાં નિર્બલ સરજી છે—તેની પાસે આવા પુરૂષબલની કેમ આશા રાખે છે ?"

"પણ નહી. મુર્ખ દેવેન્દ્ર ! શું તું આર્યશાસ્ત્રકારો કરતાં વધારે ડાહ્યો છે ? શાસ્ત્ર એટલે શુ ? ત્રણ લોકમાં દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિના નિયમોનો સંગ્રહ. જે શાસ્ત્રોમાં એક કીડી, ચાંચડ કે માંકડને પણ મારવાનુ પાપ ગણાય—જે શાસ્ત્રોમાં—" સ્ત્રીઓ જે ઘરમાં અપ્રસન્ન રહે છે ત્યાં લક્ષ્મી વાસો કરતી નથી "—એવું લખ્યું છે, તેજ શાસ્ત્રો સબળ કારણ વિના આ બાબતમાંજ કેમ ક્રૂર થઇ શકે ? પૂર્વે ઘણી દુઃખદાયક અજમાયશો અને નિષ્ફળતા પછીજ કેમ આ નિશ્ચયપર તેઓ આવ્યા નહી હોય ? ખરે સાધારણ બુદ્ધિને માટે આ વિષય ઘણો અટપટો છે. દેવેન્દ્ર ! કેવી હસવા લાયક વાત ! પ્રથમ વિવાહ એ શુ છે એતો તું જાણતો નથી અને પુનર્વિવાહપર ત્હારો અભિપ્રાય આપે છે ! "

" પણ ત્યારે શુ સુધારક જુઠા છે—ઢોંગી છે ? ના ના ! જેમ જુના વિચારના મનુષ્યો અંતઃકરણપૂર્વક માને છે કે પુનર્વિવાહ જનસમાજને હાનીકારક છે, તેમ સુધારક પણ તેટલીજ સત્યતાથી માને છે કે પુનર્વિવાહ ન કરવા દેવો એ સ્ત્રીઓને એક મ્હોટો અન્યાય છે. પણ બન્નેની અનુભવની સીમા અને આલોક પરલોકના વિચારની માન્યતામા ફેર છે. માણસ કોઇ પણ "વિચાર બાંધવાને" સ્વતત્ર છે પણ તેને "અમલમા લાવવાને" માટે આસપાસના બીજા મનુષ્યો—સજોગો—ચાલુ રીત રીવાજોપર તેનો આધાર રહે છે. અને તેથી ઘણે ભાગે જુવાનીની અનુભવ રહિત દશામા સ્નેહી હૃદયમાં પુનર્વિવાહના પક્ષના વિચારો આવે એ તદ્દન સ્વાભાવિક છે, અને સાથે એ પણ સ્વાભાવિક છે કે ઘણે ભાગે સાધારણ બુદ્ધિના મનુષ્યને ખરો પ્રસગ આવે તે વિચારો અમલમાં મુકવા મુશ્કેલ માલમ પડે છે—તે વિચારો ઉતાવળમાં બંધાયલા છે એમ સ્વીકારવું પડે છે—અને પ્રમાણિક હૃદયવાળાઓને તે જાહેર રીતે બદલવાની પણ વખતે અગત્ય પડે છે "

" શું જે જ્ઞાતિઓમાં પુનર્વિવાહનો ચાલ છે તેમાં સર્વે સ્ત્રીઓ સુખીજ છે. એક સ્ત્રી બે ત્રણ પતિને પરણે છે છતાં સુખી નથી થતી. એમ નથી બનતું ? બીજા દેશોમાં કુંવારીઓ વધી પડે છે, અને સધવા હોય છે તે છતાં પતિ સાથે અણબનાવ થાય છે—છુટા

છેડા કરવા પડે છે. જે થોડા પ્રારબ્ધના નિયમમાં માને છે તે તો એમજ કહેશે કે કોઇપણ રીતે પતિના સુખનો અભાવ એજ તેમનું ભાવી હોવું જોઇએ. પણ બધાંજ કાંઇ કર્મ કે પુનર્જન્મમાં માને છે? અને જો એમ નથી તો માત્ર એકજ ટુંકી જીંદગી અને તેમાં "આપણાજ પુરૂષાર્થ અને સાચવણીથી આપણે સુખી થઇએ છીએ અને આપણીજ ભુલોથી આપણે દુખી થઇએ છીએ," એમ જે માને છે તેઓને તો જરૂર આ અન્યાયજ દેખાય."

"નહી નહી! થોડાના સુખની ખાતર ઘણાનો ઘરસસાર અસ્વસ્થ થઈ જવાનો ભય છે. એમ જો હોય તો સત્ય પ્રેમ ક્યાં? ખરો પ્રેમ તો પારાની પેઠે ઢળ્યો ત્યાં ઢળ્યો. છબી પાડવાની પ્લેટની પેઠે સ્ત્રી એકજવાર પ્રેમ પ્રતિબિમ્બ લે છે, પછી ઉંચ કે નીચ. સ્ત્રીનુ બંધારણુજ એવું છે કે તેના હૃદયમાં બે સસ્કાર સભવેજ નહીં."

"પણ સીતા પ્રેમને શું સમજે? જેનાપર પ્રેમનો પડછાયો પણ પડયો નથી—જેણે પતિને પતિ લેખે ઓળખ્યો નથી, જેણે દપતીની પવિત્ર પ્રીતિની શીતળસુધાનુ પાન પણ કર્યું નથી—તેને શું ક્રૂર વિધાતાએ એક સારસની બેલની પેઠે—બાલકવયે એક બીજાથી વિખુટા પાડી—વિયોગ વિષનો પ્યાલો પાઈ—પતિની સ્મૃતિરૂપી ભાલો મારી રીબાવવાનેજ ઉત્પન્ન કરી હશે? જેનુ પ્રેમપાત્ર ઉભરાયું નથી તો ઢળે ક્યાંથી?"

"પણ દેવેન્દ્ર! આ બધુ તું નથી બોલતો. ત્હારો પ્રેમ બોલે છે. પ્રિયજનના પરનો આપણો પ્રેમ એક ક્ષણવાર પણ ગમે તેવી સસ્કારી બુદ્ધિને મોહિત કરી નાંખે છે—ભમાવી દે છે. દેવેન્દ્ર! ત્હારી શાસ્ત્રમાં શ્રદ્ધા છે—તું ઈશ્વરના અસ્તિત્વમાં માને છે—તેના ન્યાય અને દયામાં માને છે. કર્મ અને પૂર્વજન્મમાં માને છે—તેનુ પણ હૃદય ભગિની પ્રેમથી ચલાયમાન થાય છે, ક્ષણવાર પણ અસ્વસ્થ થાય છે—તો પાશ્ચિમાત્ય વિદ્યાના બળે, પાશ્ચિમાત્ય રીતી નીતિના જ્ઞાનને આધારે આર્ય નીતિ રીતીનું અવલોકન કરી, સાર અસારનું સૂક્ષ્મ તોલ કરનારા હાલના કહેવાતા સુધારકો, અને શાળાના વિદ્યાર્થિઓ કે જેને પોતાના શાસ્ત્રો, પોતાની નીતિ રીતી, આચાર વિચારના દૃઢ સંસ્કારની ઉંડી છાપ પોતાના મનપર પાડવાનો અવકાશ પણ મળ્યો નથી, તેઓને હિન્દુ સંસારની ઘણી રૂઢીઓ કઢંગી લાગે તો શી નવાઇ!"

"પ્રિય સુધારક! ત્હારા સ્ત્રી ~~બ્હેની પ્રત્યે~~ના માન અને પ્રેમને

ખાતર તને હું ધન્યવાદ આપું છું; પણ એટલું તો ત્હારે કબુલ કરવું પડશે કે હિન્દુ શિવાયની ઇતર જાતીમાં અને આર્યાવર્તની બ્હારના દેશોમાં કે જ્યાં વિધવા પુનર્લગ્નનો રીવાજ સ્વીકારેલો છે, ત્યાં પણ રાજ્ય કુટુંબો યાતો અમીર ઉમરાવો અને કેળવાયલા શેહેરીઓમાંથી, જો કોઈ એ પગલુ લેછે તો તે અવશ્ય હલકું ગણાય છે અને તેની ચર્ચા થાય છે. અને એમ હોવુંજ જોઇએ કેમકે જો કે ઇતર દેશોમાં આપણી પેઠે જ્ઞાતિનુ બંધારણ અથવા તો વર્ણાશ્રમની બાંધેલી પ્રણાલી નથી, તોપણ કોઇપિણ નામરૂપમાં એ ચાર વર્ણો બધેજ છે. અને જેઓએ પ્રગટીકરણના નિયમોનો અભ્યાસ કર્યો હશે તેઓ જાણે છે કે સામાન્ય ભ્રાતૃભાવ, દયા, જનસેવા, ઇશ્વર ચિન્તન, અને ઇન્દ્રિયનિગ્રહ એજ પ્રગટીકરણમાં ઉપર આવેલી વ્યક્તિઓ અને જાતોના ચિન્હો છે. વર્ણવ્યવસ્થા હવે પૂર્વ જેવી નહી હોવાથી ચારે વર્ણના જીવો દરેક ન્યાત–જાત–દેશ કે પ્રજામાં ઉત્પન્ન થાય છે, અને તેથીજ આજે એક ઇંગ્રેજ ને બ્રાહ્મણનુ અનુકરણ કરવાનું, વેદાન્ત શીખવાનું, સંધ્યા સ્નાન કરવાનુ મન થાય છે, અને બ્રાહ્મણને ઈતર વર્ણના રીત રીવાજો–ખાનપાનપર પ્રીતિ થાય છે. ”

“ જે લોકો કર્મ અને પુનર્જન્મમાં માને છે તેઓ તો જાણે છે કે પ્રત્યેક જીવને અમુક દેશ, કાલ, કુટુંબ કે રીતરીવાજોની વચ્ચે એવી રીતે મુકવામાં આવે છે કે જ્યાં તેને સારામાં સારી રીતે પોતાના પુણ્ય પાપનુ ફળ મળી શકે–તેની અંતર શક્તિઓને ખીલવાને પૂર્ણ તક મળે; અને તેથી જો સુધારક એમ માનતો હોય કે કોઇપણ માણસ ચાહે ત્યારે દેશના રીતરીવાજોને બદલવાને સ્વતંત્ર છે, તો તે મ્હોટી ભુલ કરે છે. પ્રજાના રીતરીવાજોના પર પણ કર્મદેવતાઓની સત્તા છે, અને જ્યાં સુધી અમુક જીવોને માટે પોતાના સુખ દુખનુ ભોગાયતન પુરૂં નથી થતું, ત્યાં સુધી અમુક સંસ્થાઓ–અમુક રીવાજો, તેની અસલ સ્થિતિમાંથી બીલકુલ રૂપાન્તરને પામેલી દશામાં હોય તોપણ તેને તેઓએ નિભાવવા પડે છે. અરે પણ ! આ બધી શાસ્ત્રની ટકટકમાં આજે કોણ માને એમ છે ? આજ તો સ્વાર્થ અને ઇંદ્રિયસુખનું સામ્રાજ્ય છે અને તેમાં જડવાદનું સંમેલન થવાથી–આર્યશાસ્ત્રમાં અસંસ્કૃત જીવોના હૃદયમાં અશ્રદ્ધા–કુતર્ક અને તેથી થતી અસ્વસ્થતા–અશાન્તિનો સંભાર ભરાય તો તેમાં શું આશ્ચર્ય છે ?”

"પણ ઓહોહોહો દેવેન્દ્ર ! એક જરા વિચાર કરતામાં તું છેક ક્યાં આવી પ્હોંચ્યો ! જાણે કે તું જાતેજ મ્હોટો સુધારક હોય નહી. સીતાને સ્વપ્ને પણ આવા વિચાર હશે નહી. સીતા સાધ્વી છે—સતી છે—ખરેખર કોઇ તપોમૂર્તિ છે. ખરે ! હું તો એમજ ઇચ્છું કે આવાં અનેક સ્ત્રી રત્નો સાધ્વી જીવન ગાળી પોતાના દેહનું, જગતનુ અને મૃતપતિનુ શ્રેય કરે, સંસારને વધારે ઉપકારી થાય, પ્રભુ સેવા કરે, જનસેવા કરે, અને પૂર્વ કર્મનુ દેવું એકે સપાટે આપી દઇ—સ્વર્ગમાં અને બીજા જન્માંતરોમાં દિવ્ય સુખ ભોગવે. પણ શું બધી વિધવાઓ સાધ્વી જીવન ગાળી શકે ? અને જો ન ગાળી શકે તો ?"

"શકે કે નહી, પણ ઇતર દેશોની પેઠે ઉચા વર્ગોની છોકરાંવાળી વિધવાને તો આર્યાવર્તમા સ્વપ્ને પણ પરણવાનો વિચાર આવે નહી, અને પરણવુ અનુચિતજ લાગે. અસંભવિત વાત—છોકરાંઓ રખડી જાય—ઘેરઘેર ટુકડા ખાતા થઇ જાય. સંતાનની કેળવણી, તેની દેખરેખ—અહો માતા—પવિત્ર પ્રેમી માતા અને તે પણ આર્યમાતા વિના કોણ રાખી શકે ? પણ જો એમ હોય તો પછી કેટલી વિધવા રહી ? આ પ્રમાણે તો સવાલ માત્ર બાળ વિધવાઓ અને તે પણ સંતાન વિનાનીનો રહ્યો ખરેખર તેઓની સ્થિતિ દયાજનક છે, પણ તેવી હયાત સંતાન વિનાની વિધવાઓમાથી પણ કેટલી સાધ્વી અને પતિપરાયણ હોય, અને કેટલીના માબાપ જુના વિચાર હોય ને ન પરણાવા દે, તો પછી શુ માત્ર થોડાને માટે ધારો બદલવો યોગ્ય ગણાય ? શકમંદ અજમાયશ ! અરે પણ એવી અજમાયશની જરૂર એકવાર કબુલ કરીએ તોપણ આજે તેનો વિચારજ કરવાની જરૂર નથી. આજે આપણી ગ્નાતમાં ઢગલાબંધ મ્હોટી કન્યાઓ કુવારી છે તો પછી વિધવાઓનો કોણ ભાવ પુછે ? અને તેમા વળી માબાપોને કન્યા પછાડી પાંચ પૈસાની પ્રાપ્તિ થાય તો પછી તે મુકી વિધવાને તે કોણ વરાવે ? શિવ શિવ શિવ ! કન્યાવિક્રય ! બ્રાહ્મણોની ચારે પાસથીજ પડતી ! જ્યાંથી ધર્મની ઉત્પત્તિ ત્યાથીજ ક્ષય ! જેવી હરિની ઇચ્છા ! પણ એમાં"—

વિચારમાળા એટલે સુધી આવી એવામાં રૂ બળતું હોય તેવી સખત વાસ આવી, અને જેવો ઉચું જુવે છે તેવોજ તેણે પોતાના માથા પરના છાપરામાં મ્હોટો અગ્નિનો ભડકો જોયો. જે ફરેફાળને

અઢેલીને એ બેઠો હતો, તેની બીજી બાજુપર તેને લગતાંજ માચીપર જુના ગોદડાંઓ મુકયાં હતાં, અને ફરેકાળમાં તેનીજ ઉપર એક ચીમની બળતી હતી. જે વખતે દેવેન્દ્ર ઉપલા વિચારમાં લીન થઈ ગયો હતો ત્યારે ચીમનીનું મ્હોડું બગડેલુ હોવાથી થોડે અંતરે ભડકો થઇને પુનઃ સમી જતો હતો, અને અંદરનું તેલ એ પ્રમાણે ઉકળવાથી ચીમની ફુટવાની સાથે તેલ ભરેલો કાચનો ખડીઓ પણ ફાટયો; અને જવાળામુખીના ધગધગતા રસની પેઠે તેમાંનુ તેલ ફરેકાળપર અને તે પરથી કેટલા કાળના જુના ગોદડાંઓપર પસર્યું. જુના રોગાનવાળી ફરેકાળ એકદમ સળગી; તેની સાથે ગોદડાં પણ સળગ્યા, અને જોતજોતામાં છાપરાંના જુના વાસ સળગવા લાગ્યા. દેવેન્દ્ર વિજળીની ત્વરાથી ઉઠયો—બીજા ખડમાં ગયો—અગ્નિની પ્રચંડ જ્વાળા પોતાનુ કામ કરી રહી હતી તે જોયુ. ધુમાડાથી ગુગળામણ થવાથી ફરેકાળની પાસેજ દાદર હતો ત્યાંથી એકદમ તે ગભરાતો—ધ્રુજતો નીચે ઉતરી પડયો અને મેહેલ્લામાં ત્રાસે અવાજે "આગ લાગી ! દોડો દોડો ! પાણી લાવો—" એમ બોલતો, એક ગાડા માણસની પેઠે દોડવા લાગ્યો. સીતા લસલસાટ ઉગ્રતી સીતા—એના હૃદયમાંથી—ધક્કો લાગેલા હૃદયમાંથી દુર્ભાગ્યે ખસીજ ગઈ શી આપત્તિ ! ગરીબ બિચારી સીતા !

દેવેન્દ્રની પ્રથમજ બુમે આખો મોહોલ્લો ખળભળી ઉઠયો. સ્ત્રીઓની ચીસો સભળાવા લાગી, નાજુક બાલકો બેભાન થઇ ગયાં, અને ટુકામાં એક શાન્ત થયેલુ કાગડાનુ ટોળું બંદુક છૂટવાથી એકદમ કોળાહળ કરી ઉડે તેમ, એક ક્ષણ પ્હેલાંના શાન્ત મોહોલ્લામાં ઘોંઘાટ થઈ રહ્યો. લોકો પોતાનો સરસામાન કહાડવા મંડી ગયા. પોલીસના સવારોના ઘોડાઓએ આમ તેમ દોડવા માંડયું. મ્હોટાં મ્હોટાં રણસીંગડાં અને બીંગલના અવાજો આખા શહેરમાં ગાજી રહ્યા. મેઘગર્જના પ્રમાણે અવાજ કરતા પાણીના બંબાઓ ચારે પાસેથી દોડાદોડ કરવા લાગ્યા, અને પા કલાકમાં થાળીમાર લોક એકઠો થયો.

જોતજોતામાં મ્હોટા ભડકાઓ ભૂતની પેઠે છાપરાપર નાચતા જણાયા અને આગનુ સ્વરૂપ ભયકર થયુ. એ હવેલીને તો રક્ષણ કરવાની આશા બધાએ છોડી, અને તે પડતી મુકી આસપાસના બન્ને ઘરોપર પાણીનો સજ્જડ મારો કાયમ રાખ્યો. સ્હામી ઓળને રસ્તો પ્હોળો હોવાને લીધે હાલમાં ઘણી ધાસ્તી નહતી.

આ પ્રસંગે ગરીબ હિણભાગ્ય દેવેન્દ્ર મોહોલ્લામાં આમથી તેમ લોકોને ધક્કા મારતો, તેઓના ધક્કા ખાતો—પડતો, આખડતો, અથડાતો, કુટાતો આ છેડેથી પેલે છેડે દોડતો હતો. તેને ચિન્તા નહતી કે આ મ્હારી હવેલી બળે છે અને મ્હારા રૂપિયા અને ઘરેણાંનું શું થયું હશે. એને હમણા ઉંઘતી રહી ગયેલી સીતા સાંભરી હતી અને તેથી તેનું નામ બેઠે ધાંટે સ્મરતો સ્મરતો 'હાય સીતા બ્હેન ! વ્હાલી સીતા ! તું વિના મોતે બળી મોઇ'—એ પ્રમાણે બકતો, માથું કુટતો ભીડમાં ચગદાતો હતો. અતે શરીર થાક્યું, મ્હોં થાક્યુ, અને આમ સીતાનો પતો નહી લાગવાથી, પ્રિય સીતા ખરેખર જીવતી બળી મુઈ હશે, એવા કારી નિશ્ચયરૂપી ધક્કો હૃદયને લાગવાથી, લોકોની ઠઠ વચ્ચે કોઈના ન જાણતાં—બેભાન થઇ-મૂર્છિત થઇ પડયો—તેઓના પગ નીચે રગદોળાવા લાગ્યો. આવી ધકાધકીમાં—"નગારખાને મેં તૂતીકા અવાજ"—એ પ્રમાણે દેવેન્દ્ર ખુંદાય કે મરે છે તેની કોને ચિન્તા ? પણ જેને રામ રાખે તેને કોણ મારે ? સીતાની શોધમાં નીકળેલા તેના વૃદ્ધ સસરા જયાશકરના પગ નીચે દેવેન્દ્ર અથડાયો અને ડોસો પડતો પડતો બચ્યો. એક મ્હોટી બુમ પાડી જયાશકરે પોતાની લાકડીવડે થોડા લોકોને ખસેડી દેવેન્દ્રનુ મુખ જોયું, અને ભડભડાટ બળતા અગ્નિના પ્રકાશમાં દેવેન્દ્રની મુખમુદ્રા ઓળખી. બે ચાર માણસની સાહાયતાથી સ્હામી બાજુને ઓટલે દેવેન્દ્રને મુક્યો અને દેવેન્દ્રને શુદ્ધિદાયક ઉપચારની તત્ક્ષણ અગત્ય જોઈ, સીતાને માટે પુનઃ આવવાનો નિશ્ચય કરી, દેવેન્દ્રને એક ભાડાની ગાડીમાં સુવાડી જયાશકરે ઘરનો માર્ગ લીધો.

હવે ગરીબડી સીતાની શી દશા થઈ તે વિશે કિન્ચિત બોલી આપણી કથા અગાડી ચલાવીશું. જેવો ગભરાયલો દેવેન્દ્ર "આગ-આગ" ની બુમો પાડતો નીચે ઉતર્યો કે તરતજ સીતાની આંખોના નાજુક પોપચાંપર અતિશય પ્રકાશ પડવાથી, તથા બ્હાર ઘણો કોળાહળ થવાથી, તે એકદમ જાગી—ચમકી બેઠી થઇ. ક્ષણવાર આ સર્વે સ્વપ્નુંજ છે એમ વિચારમાં પડી, પણ પ્રતિક્ષણે વૃદ્ધિને પામતા અસહ્ય અગ્નિની ઝાળે આ સ્વપ્નના આભાસની ઝાકળના ઘટ પડદાને પટ પીગળાવ્યો. સીતા સફાળી ઉઠી-બ્હેબાકળી થઇ ગઈ—અને શિકારીની બંદુકનો હૃદયભેદક અવાજ સાંભળી શાન્ત નિન્દ્રામાંથી ચમકી ઉઠેલી—મ્હાવરી બનેલી નિર્દોષ મૃગ-

ઘીની પેઠે આમતેમ નિહાળવા લાગી. ઉપર કહ્યા પ્રમાણે પાસેના ખંડની ફરેફાળની સાથેજ દાદરબારી હોવાથી દેવેન્દ્ર સીતાને સ્મર્યા શિવાય સીધો નીચે ઉતરી ગયો હતો, તે દાદરબારી પણ હાલમાં બળતી હતી. આવા અણીને સમયે પણ તેણે પોતાનું ધૈર્ય તજ્યું નહી અને લેશ માત્ર પણ ગભરાયા વિના તે બારી ભણી દોડી. દોડતામાંજ રૂપિઆ અને જેવરને ઠેસ વાગી અને તત્ક્ષણ તેમનો સંદેશો મન મંદિરમાં પ્હોંચ્યો. "બારીએથી ઝંપલાવતાં મરીશ કે જીવીશ તેની કોને ખબર છે? અને જો આ મ્હારૂં અને ભાઇનું સર્વસ્વ અત્રે રહ્યું તો પછી ખાવાને પણ સાંસા પડવાનાં છે, અને તેથી એવા દુઃખી જીવન કરતાં મૃત્યુ શુ અધિક સુખદાઇ નથી?"—એવો એક ક્ષણવારમાં નિશ્ચય કરી, બળવાન અબળાએ રૂપિઆ તથા જેવર એક આંખ મીચાઈ ઉઘડે એટલામાં પોતાના લુગડાંના છેડામાં બાંધી છેડો કેડે સજડ વીંટયો—કછોટો માર્યો—અને પુનઃ નીચે ઝંપલાવવાના વિચારે બારી ભણી દોડી. રૂપિઆ તથા જેવર લેવામાં રોકાઈ એટલા ટુંક સમયમાં બારીઓ અને છજું સળગ્યુ હતું અને તેની ઝાળ અને નિરંકુશ બળતા અગ્નિની શિખા, પૂર જોશથી વીંઝાતા વાયુના બળે અંદર આવવા લાગી. વીર્યવાન બાળા હવે જરા અચકી—મુઝાઇ તો પણ તેણે મૃત્યુના ભયને તો પ્રથમથી લાત મારી હતી, એટલે હજુ તેની સમયસૂચકતા ગઇ ન હતી. તરતજ પાછલા માળમાં દોડી—બારી ઉઘાડી—તેની સાથેજ લગતી છાપરી પર ઉતરી, અને વાડામાં ભુસ્કો માર્યો. અગ્નિનુ બળ આ પ્રસંગે અગાડીના ભાગ પર હોવાથી વાડામાં હમણાં ઘણો પ્રકાશ નહતો, તથા લોકોની મેદની બહુ ન હોવાથી એ ભાગ્યેજ પડતી કોઇની દૃષ્ટિએ પડી હશે. છાપરી જમીનથી આસરે દોઢથી બે માથોડા ઉંચી હતી તેથી એને કાંઈ બહુ લાગ્યુ નહી—ઉઠી ઉભી થઇ—અને પાસે જોખમ છે તથા સ્ત્રીએ આવે પ્રસંગે એકલા અત્રે રેહેવું સલામતી ભરેલું નહી લાગ્યાથી, બે શેરીને અંતરે પોતાના સસરાના ઘર તરફ વિદ્યુતવત્ ત્વરાથી, પણ કોઇને વ્હેમ ન આવે એવી રીતે પ્રયાણ કરવા માંડયું.

ઘણે પ્રયત્ને પણ હવેલી તો બળતી અટકી નહી. અંતે મોડી રાત્રે એક ભસ્મના ઢગલાવત્ ત્રણે માળો તુટી પડયા; જ્યારે બન્ને બાજુએ રાખેલા પાણીના સખત મારાથી, જાણે અગ્નિદેવ દુર્ભાગ્ય દેવેન્દ્રનીજ દુર્દશા કરવાને આવ્યો હોય એમ આસપાસના મકાનોને કાંઈ ઘણી ઈજા થઈ નહી.

ઇશ્વર ! વિધાતા—અદૃષ્ટ ! તું જે કાંઇ હોય તેને પુછુંછું કે હજી દેવેન્દ્રની આપત્તિમાળાનો અંત આવ્યો કે નહી ? શું પારકાના દુઃખને માટે અધચક્ષુવાળાં—સંસારનાં સ્વાર્થી સુખના લોભી—ક્ષુદ્ર જીવોની પેઠે, ઇશ્વર ત્હારો પણ એવો ન્યાય છે કે " પડયા પર પાટું મારવું અને દાઝયા પર ડામ દેવો ? " પિતા છત્ર છીનવી લઇ—એની લક્ષ્મીને સમજાવી નસાડી મુકી, હજી પણ તું તૃપ્ત થયો નહી કે આ ભયંકર આપત્તિ હજી બાકી હતી ? દુઃખીને વધારે દુઃખી કરવાં અને ભરતામાં ભરવું એ શુ ન્યાય છે ! જો ન્યાય નથી તો ઇશ્વર અન્યાયી છે ? અન્યાયી છે તો ઇશ્વર શાનો ? રોસ્ચાઇલ્ડની અનંત લક્ષ્મીમાંથી તેનો પા અથવા અરધો ભાગજ જો તેને આપતે અને શેષ ભાગમાંથી, છેક ભૂખે મરતાં—દુઃખના અગાધ સમુદ્રમાં તરવરતાં— નિર્ધનતામાં તરફડતાં ત્હારાજ અસંખ્ય પ્રાણીને—ત્હારાંજ દુઃખી બાલકોને સુખી કરતે તો શુ નચાલતે ? શ્રીમંતને પોતાની જરૂરીઆત કરતાં અધિક મળે છે—તેનો દુષ્ટ માર્ગે પણ ઉપભોગ કરે છે—પાતકી થાય છે—સંસાર બજારમાથી પાપ વેચાતું લેછે, અને ગરીબને પોતાની ક્ષુધા તૃપ્ત કરવાને સૂકા રોટલાની એ સુગમતા નહી એ પણ કયા ધોરણે ? એક જન્મે છે ત્યારથી ચાંદીને ઘુઘરે રમે છે—ખમાખમા થાય છે અને બીજા ભિખારી માતાનો પાલવ સાહી શેરીએ શેરીએ, ટહાડ તડકો સહી, રાત્રિ દિવસ રઝળે છે તો પણ પુરૂ અન્ન નથી પામતો ! પૂર્ણ યૌવનમા ઝુલતી સીતા—પવિત્ર છતા—નિર્દોષ છતા એને આવી સુકુમાર વયે વૈધવ્ય ! દેવેન્દ્ર આવી કોમલ વયે શુભ સસ્કારી છતા તેના પર આ આપત્તિની રેલ ! આ પ્રશ્નના નિરાકરણને માટે પ્રિય વાચક ! આવી ધર્મની અધમ સ્થિતિમાં પણ આર્યાવર્તમા ગમે ત્યા જઇ, કોઇ અભણ મજુર કે અજ્ઞાન—અધ વિધવા ડોસીને પુછ, તો તે તને કહેશે કે " ભાઇ ! કરણી તેવી પાર ઉતરણી "—" ઇશ્વર પોતાને માથે કાઈ લેતો નથી "—" પેલા જન્મમાં કર્યું હશે તેવું પામશો; રોપ્યુ હશે તેવુ લણશો "—" કરે તે ભોગવે. " શું ઇશ્વર અફીણની ગોટી ચ્હડાવીને જગત રાજ્યાસને બેસી, એક નિશામાં ચકચુર, અધનવાબની પેઠે " ઇસ્કા ઘરબાર લૂટલો " અને " ઇસ્કો જાગીર દો "—એમ વિના ધોરણે જગત જીવોને સુખ દુઃખની વ્હેંચણી કરે છે ? અતિ નીચ આચરવાળા પુરૂષો ઉચ્ચ પ્રકારના સુખભોગ ભોગવતાં સંસારમાં દૃષ્ટિએ પડે છે, તો તે પોતાના પૂર્વજન્મની અથવા આ

જન્મની સુકૃતિથી છે અને તે પણ થોડા કાલનેજ માટે. તેમ નિર્દોષ મનુષ્ય જો દુઃખ ભોગવે છે તો તે પણ થોડા કાલનેજ માટે છે, કેમકે જેવો તેમના દુષ્કર્મનો શેષ ભાગ ક્ષય પામે છે તેવો પુણ્યના શુભ ફલનો વર્ષાદ તેમના પર શાન્તિનું અમૃત રેડે છે. અને તેથી "ધર્મીને ઘેર ધાડ ને કર્મીને ઘેર કુશળ" એ કહેવત "સંસાર સુખ અસત્ય વિના અસંભવિત છે" એમ માનનારા લોકો પોતાની દુષ્કૃતિ–વિશ્વાસઘાતના બચાવમાં આગળ લાવે છે તે તદ્દન નિર્મૂલ છે. કાર્યકારણની ન્યાયી તુલામાં એક બાલ પણ સમાતો નથી. **કર્મ** અને **પુનર્જન્મ** એ બે મહાન નિયમો શિવાય આવા પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ થઈ શકતું નથી.

સીતા ગમે તેવી બળવાન હતી તોયે અબળાજ હતી. આગમાંથી નીકળી પોતાને સાસરે જતાં અનેક દુઃખદ સ્વપ્નો તેને મુંઝાવવા લાગ્યાં. માતા સ્મરી આવી–પિતાનો પ્રેમ સ્ફુર્યો—લક્ષ્મી ગઇ–અને આ ભાગી તુટી ઝુંપડી પણ રેહેવાની હતી તે પણ ન ટકી–ભાઇનું હવે શું થશે–તે ક્યા હશે–પોતે મૃત્યુ પામી છે એમ ધારી માથું કુટતો હશે–એવા એવા અનેક વિચારે તેને ડગમગાવી, અને અંતે રોતી રોતી સાસરાના ઘરને ઓટલે બેસી, પ્રચંડ અગ્નિના અસહ્ય પ્રકાશ તરફ દૃષ્ટિ માંડી એકી ટશે જોઇ રહી. એટલામાં **દેવેન્દ્ર**ની ગાડી આવી ઉભી. તેનો સસરો **જયાશંકર** ઉતરતો હતો એટલામાં ભાઇને માટે અધીરી બનતી **સીતા**એ **દેવેન્દ્ર**ને બેભાન અવસ્થામાં મુડદાંની પેઠે પડેલો જોયો અને તેની શંકા સબળ થઈ. તે ધારતી હતી કે રખેને તે પોતાના ઓરડામાં ઉંઘતો રહી ગયો હશે. હવે તેને નિશ્ચય થયો કે તેને મૃત્યુ પામેલો ઘસડી કહાડેલો જણાય છે. ક્ષણવારમા પોતે નિરાધાર થઈ છે એમ લાગ્યુ—તેનુ હૃદય તેના હાથમા ન રહ્યું—છાતી તથા માથું કુટવા મંડી ગઈ, અને ઉતરતાં પગથીઉં ચુકવાથી ગાડીના પૈડા આગળ ગબડી પડી માથુ ફુટયુ–અને લોહીની ધારા વ્હેવા માંડી. **સીતા**ને અણચિન્તવેલી અત્રે જોઈ આશ્ચર્ય પામતો અને કુશળ જોઈ આનંદ પામતો ડોસો એકદમ વિચાર સ્વપ્નમાથી જાગ્યો, અને "આ એક દુઃખમાં વળી બીજુ આ શુ ?"–એમ ઘભરાતો, **સીતા**ને–ઉંચકવાને વાંકો વળ્યો. **સીતા** ઉઠી–અધીરી બનતી **સીતા** ઉઠી અને "ભાઇને શું થયુ તે પ્હેલાં કહો" એમ બોલતી બોલતી–વ્હેતે લોહીએ ગાડી પર ચ્હડી. જયાશંકરે ટુંક ખુલાસો કર્યો

અને મૂર્છિત અવસ્થા ભોગવતા **દેવેન્દ્ર**ને બે ચાર પાડોશીની સહાય-તાથી મેડીપર લઈ જઇ સ્વચ્છ બિછાનાપર સુવાડયો.

જયાશંકર **દેવેન્દ્ર**ની મૂર્છા વાળવાના ઉપાયના વિચારમાં પડયો તથા પાણી વિગેરેની ગોઠવણ કરવામા રોકાયો, એટલામાં **સીતા**એ પોતાના ઘાના ઉપર પાણી રેડી લોહી વ્હેતું બંધ કર્યું, અને જેમ તેમ પાટો બાંધી ભાઇની પાસે આવીને ઉકળતે હૃદયે બેઠી **જયા**-શંકરે શીતળ જળની છાલકો મારવી એક પછી એક શરૂ કરી, અને થોડીવારે **દેવેન્દ્ર** જરા હાલ્યો—**સીતા**ના જીવમા જીવ આવ્યો. વળી પાછો હાલ્યો અને કાંઇ ગણગણવા લાગ્યો—કાંઇ મ્હોટે સાદે બુમો પા-ડવા લાગ્યો —" ઓ **પિતાજી** **સીતા** બ્હેન રૂવે છે. **સીતા**ને ઉગારો—હાયહાય મ્હારી **સીતા** ચીસો પાડે છે. કોઇ સાભળોરેએ—એને બચાવશે તેને એક લાખ રૂપિઆ આપીશ તેનો ગુલામ થઇને રહીશ. ઓ **સીતા** ઓ **સીતા** '—

આ પ્રમાણે પાસે કોડી નહી અને બ્હેનને માટે લાખ રૂપિઆ આપવાને તૈયાર થયલા ભાઇને મુખે **સીતા**નુજ સ્મરણ થતું હતુ, અને પોતાને માટે ભાઇનો નિસ્સીમ પ્રેમ જોઈ જોસજોર ડુસ્કાં ખાતી **સીતા** વારેવારે "**ભાઇ** હુ જીવુ છુ—મરી નથી ગઇ—તુ સાવધ થા—જરા આંખ ઉઘાડી જોતો ખરો, '—એમ બોલતી દીન બનતી હતી કોણ જાણે **સીતા**ના પવિત્ર નામના જપથી કે પછી **જયાશંકર**ના ઉપચારથી **દેવેન્દ્ર** ધીરે ધીરે શુદ્ધીમા આવ્યો અને મૂર્છાની ઘેન વાળી આંખો ઉઘાડી **સીતા** પાસેજ બેઠેલી હતી, તેના પર જાણે ઓળખ-વાને પ્રયત્ન કરતો હોય એમ આંખો ઠરી, અને એકદમ આવેશમા આવી જઇ વિદ્યુત્વત્ ઉઠયો અને **સીતા**ને "મ્હારી **સીતા**—બ્હેન **સીતા** '—કરતો બાઝી પડયો. પ્હેલો ઉભરો શમ્યો એટલે હર્ષના આંસુ સારતી **સીતા**એ તેને પાછો સુવાડયો અને જરા આરામ લે-વાનુ કહ્યું જરા રહીને નરમ અવાજે બોલવા લાગ્યો "**સીતા**બ્હેન ઈશ્વરે ગજબ કર્યો. ખેર તેની ઇચ્છા. આટલી ઝુંપડી પણ નસીબમાં નહી." પણ એટલુ બોલતા એકાએક મ્હોટે સાદે રોઇ પડયો અને કેમે કરતાં રોવુ ખાળ્યુ રહે નહી. અને મ્હોટા ડુસ્કાં ખાતો ખાતો બોલ્યો "આપણે ઉગર્યા તો ખરાં—પણ કયાં જઇશુ—શુ ખાઇશુ ? ત્હારૂં પલ્લુ અને રૂપિઆ પણ આગમાં કોણ જાણે કયા દટાઇ ગયા હશે ? હે ઈશ્વર ! હજી કાંઇ "—

એટલુ બોલે છે તેટલામાં **સીતા**એ રૂપિઆ તથા પલ્લુ પોતાના છેડામાંથી છોડી **દેવેન્દ્ર**ની અગાડી મુક્યુ, અને પોતે શી રીતે ઉગરી તે વિશે સવિસ્તર કહી સભળાવ્યુ. આથી દેવેન્દ્રનું હૃદય જાણે અમૃત રેડાયુ હોય એમ શાન્ત થયુ, અને શાન્તિ અને શ્રમના આશ્રયે નિદ્રાને પ્રવેશ કરવાને અવકાશ મળ્યો. દેવેન્દ્ર નિદ્રાવશ થયો અને **સીતા** પણ ભાઈના પગ દાબતી, જાગૃતમાંથી સ્વપ્નમાં અને સ્વપ્નમાથી સુષુપ્તિમાં સરી પડી. જયાશકરે તેઓને આ પ્રમાણે નિદ્રાવશ થયેલાં જોયાં, પણ રાત્રિના બે વાગ્યા હતા તેથી તેમને નિદ્રા ભગના ભયે તેમને તેમજ ઉઘવા દીધા.

The richest greatest that one is
Whose soul indifferent to bliss
Or misery, joy or pain,
To Past or future, loss or gain,
Sees with calm eyes that Fate befalls,
And needing naught possesseth all

આ પ્રમાણે કોઇ પ્રિયજનના આગલે દિવસે થયલા મૃત્યુથી જેવી ઉદાસી થાય છે તેવી ઉદાસી સાથે, પ્રભાતમા પાંચ વાગે પોતાના નિત્ય નિયમ પ્રમાણે **દેવેન્દ્ર** જાગ્યો—બેઠો થયો—એક નિશ્વાસ નાખ્યો—અને થોડો કાળ માથે હાથ દઇ બેસી રહ્યો પણ **सुखदुःखे समेकृत्वा लाभालाभौजयाजयौ,** એ વાક્ય બોલી એક ક્ષણમાત્ર સ્તબ્ધ રહ્યો, અને **શિવ શિવ શિવ,** કરી પાછો એક નિશ્વાસ નાખી ઉઠયો. દાતણપાણી કરી સત્વર સ્નાન કર્યુ, અને જાણે કાઇ થયુજ નથી એમ અતિ શાન્ત મુખે, અતરમાં **શિવ**મત્રનો જપ કરતો પોતાના નિત્ય નિયમ પ્રમાણે પેઢી દર પેઢીથી અખડ પૂજાતા **મહાદેવ**નું પૂજન કરવાને બ્હાર નીકળ્યો સુખ અને દુઃખ, લાભ અલાભ, જય પરાજય વિગેરે, અનેક દ્વદ્વોના વિલક્ષણ—વિચિત્ર—વાયુના ઝપાટામાં પણ, જે પુણ્યાત્માઓની—જે સસ્કારી જીવોની આત્મજ્યોતિ અચલ પ્રકાશે છે તેઓજ મુક્તાત્મા છે. ભવિષ્યને માટે ચિન્તા અને ભૂતકાલને માટે પશ્ચાત્તાપ એજ બહુધા મનુષ્યને દુઃખના કારણો છે પણ **ભૂત ભ**વિષ્યને ભૂલીને જે **મહાત્મા** સતત—અનત **વર્તમાન**નો અનુભવ કરે છે—એકજ સ્થિતિમાં મગ્ન રહે છે તેજ સચ્ચિદાનંદને પામે છે.

ઓટલે દાતણુ કરતી સીતા પણુ દેવેન્દ્રની ધૈર્યતા અને અચલ શ્રદ્ધા જોઇ સ્તબ્ધ થઈ ગઇ.

દેવેન્દ્ર પાછલી તરફથી વડીલોના જર્જરિત શિવાલયની પ્રશિપ્રમાં આવ્યો. પુષ્પથી ભરેલુ પૂજાપાત્ર મંદિરના ઓટલા પર મુકી હજુ પણુ ધુમાડો નીકળતા રાખોડીના ઢગલા સ્હામું જોઈજ રહ્યો. સર્વે આપત્તિનુ સ્મરણુ થયુ—પોતે હવે ફકીર જેવો થયો છે તેનુ ભાન થયુ, અને અવિરલ અશ્રુધારાથી ગાલ ભીંજાવા લાગ્યા. "હા પ્રભુ ! વિધાતાની આ એક વિચિત્ર રચના ! ગઇ કાલે પ્રભાતમાં આજ ક્ષણે દુ:ખી છતાં સુખી થવાને મથતાં ભાઈ બ્હેન આજ ઓટલે બેસી હવેલીની જર્જરિત દશા પર વિચાર કરતાં હતાં—વડીલોની મ્હોટાઇની કીર્તિ ગાતાં હતાં—પોતાના પિતાની ખોટને રોતાં હતાં, અને આજે માત્ર ચોવીસ કલાકના અંતરમાં તેજ હવેલી—તેજ વડીલોની કીર્તિસમૃદ્ધિના સ્મારક ચિન્હનો આજે ભસ્મનો ઢગલો જોઉં છું. ધન—સમૃદ્ધિ—ઐશ્વર્યનો શો ભરોસો ? આજે છે ને કાલે નથી. લક્ષ્મી અને સંસાર વૈભવમાં લુબ્ધ થયલા—શરીરને અમર ગણુનારા કેટલાક જીવોને સુખ શિખરની ટોચ પરથી ઉંધે મસ્તિકે પડતાં જોઉ છુ. અહો ! જે પિતા આ હવેલીને આવી જર્જરિત છતાં પણુ સાચવટથી વાપરતા હતા—ભીંતે કાળો ડાઘ પડે તો જાતે ધોઇ નાખતા, તેને શુ સ્વપ્ને પણુ ભાસ્યુ હતું કે મ્હારા મૃત્યુ પછી માત્ર એકજ માસમા એ ભસ્મસાત્ થશે ? આ શિવાલય ! શા ઉલ્લાસથી મ્હારા વડીલોએ બાંધ્યુ હશે ? આજે લક્ષ્મીના વીર્ય વિનાના તેના વંશજો છતા પણુ તેના પર ઘાસ ઉગ્યુ છે એ પણુ કાલનીજ ગતી ! મૂર્ખ જીવ કાંઈ ચેત ! સંસાર જીવન આવુંજ ક્ષણુભંગુર છે. શિવ ! શિવ ! શિવ, '—આ પ્રમાણે નિશ્વાસ નીકળ્યો—અંતમાં બોલાયલા 'શિવ' શબ્દે પોતે શિવપૂજનને અર્થે આવ્યો છે એવુ સ્મરણુ કરાવ્યુ—અને સંસ્કારી પિતાથી બાલકપણુથી ઉચ્ચ સંસ્કાર પામેલો અને આપત્તિથી આવી કોમળ વયે વૃદ્ધ ડાહાપણુ શીખેલો દેવેન્દ્ર શિવપૂજનમાં રોકાયો. સર્વ કર્મ યથાવિધિ સમાપ્ત કરી પુનઃ એક કટાક્ષ ભસ્મપુંજ પર નાખી જયાશંકરના ઘર ભણી ચાલ્યો.

માર્ગમાં દેવેન્દ્રનું હૃદય પાછુ ચકડોળે ચ્હડયું. "હવે શી ગતિ થશે ? શું ખાઇશુ ? નિર્ધનતાના ક્રૂર પંજામાંથી કેમ છુટીશું ?" એવા વિચારમા ગુંથાયો; ઘર આવ્યું અને નિશ્ચય થયો કે પરઘેર

જેમ બને તેમ થોડા દિવસ રહેવું; અને તેથી પ્રથમ તો કાંઈ ઉદ્યોગ સોધી કહાડવો. બીજો વિચાર એ કર્યો કે હવેલીનો કાટ ઘણોજ મ-જબુંત છે અને વચ્ચે દટાઇ ગયલો ઘણો ભાગ બળ્યા વિનાનો રહી ગયલો હશે, તે વેચી દેવો તથા છારૂં શેહેરસુધરાઈ ખાતાવાળાને આપી દેવું; અને જો કાંઈ ઉદ્યમ મળે તો બળી ગયલી હવેલીની જગ્યામાં ન્હાની સરખી છાપરી નાંખી, ભાઇબ્હેને કોઇના પર ભાર-રૂપ થવા કરતાં, જેવા દિવસ ઈશ્વર ગળાવે તેવા ગાળવા.

સીતાનો સસરો જયાશંકર અસલ ચંદ્રનગરમાં કસ્ટમ ખાતાનો સરકારકુન હતો, અને ઘણાં વર્ષો થયાં રૂ. ૨૫) નુ માસિક પેન્શન ખાતો હતો. કોઈનું કામ કરવા બદલ લક્ષ્મી સ્વીકારવાની તેના હૃદયે છુટ મુકી હતી, એટલે પૈસો પણ સારો ભેગો કર્યો હતો તથા પોતાને રહેવાનું ઘર પણ સારૂ મ્હોટું બાંધ્યુ હતું. એણે દેવેન્દ્રને કહ્યું કે " સીતાતો મ્હારૂ છોકરૂજ છે એટલે એને કાંઇ હું ઉપકાર કરતો નથી, અને તું મને પુત્ર તુલ્યજ છે એટલે તમે બન્ને હવે અત્રેજ રહેજો. મ્હારૂ સર્વસ્વ તમારૂજ છે. " દેવેન્દ્રને આ વિચાર ગમ્યો નહી એટલે એણે કહ્યુ કે " મને કાંઈ ઉદ્યમે લગાડો એટલે હું આપનો ઉપકાર જીવન પર્યન્ત ભુલવાનો નથી. "

આ ઉપરથી દેવેન્દ્રને જયાશકરની ભલામણથી તથા વગથી રૂ. ૮) ના દરમાયે કારકુનીમાં દાખલ કરી આપ્યો. દેવેન્દ્રે જયા-શકરનો અતઃકરણપૂર્વક આભાર માન્યો અને સ્વતત્ર ઉદ્યોગ મળ્યાથી પ્રફુલ્લિત થયો. પોતાના નિશ્ચય પ્રમાણે બળેલી જગ્યામાં શિવાલયથી થોડે છેટે એક સારી સોહીવાળી છાપરી નંખાવી, જમીનને આસ-પાસ ટટ્ટી ભરાવી અને જર્જરિત શિવાલયને પણ ટાપટીપ કરી સુદર બનાવ્યુ. વૃદ્ધ બીલીના ઝાડની આસપાસ એક સ્વચ્છ ચોતરો બના-વ્યો, શિવાલયની આસપાસ કેળો તથા શિવપૂજનને માટે પુષ્પોનાં ઝાડો રોપ્યાં અને ભાઈબ્હેન સુખ શાંતિમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યાં.

પ્રકરણ ૩ જું.

દેવેન્દ્ર કુટુમ્બનો ઉદય.

सुखस्यानंतरंदु.खं दु.खस्यानंतरं सुखम् ।

સુખને અંતે દુખ અને દુખને અંતે સુખ, દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ, ઉદય પછી અસ્ત અને અસ્ત પછી ઉદય, સંપત્તિ પછી વિપત્તિ અને વિપત્તિ પછી સપત્તિ, સૃષ્ટિ પછી પ્રલય અને પ્રલય પછી સૃષ્ટિ, જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ, એ પ્રમાણેના દ્વન્દ્વોના અચલ નિયમથી સસાર રચનાનુ ચમત્કારી ચક્ર નિરતર ગતિમાન છે, માટે જ્ઞાનવાન્ મનુષ્ય એ ઉભય સ્થિતિમા સમાનતાજ ભોગવે છે. સુખમાં પુણ્યનો ક્ષય થાય છે અને દુખમા પાપનો ક્ષય છે, માટે પ્રજ પુરૂષો આપત્તિને પણ અભિનદન દે છે. સુગધીદાર પત્રોને ચોળવાથી તેની સુવાસ પ્રત્યક્ષ થાય છે, હીરો ઘસ્યાથીજ મૂલ્યવાન થાય છે અને સુવર્ણ અગ્નિમાજ શુદ્ધિને પામે છે, તે પ્રમાણે આપત્તિના હાથમા કચડાવાથી, દુખની શરાણપર ઘસાયાથી અને ચિન્તાગ્નિમાં સીજાવાથી મનુષ્યમા રહેલા ગુપ્ત ગુણનો પ્રકાશ પ્રત્યક્ષ થાય છે.

ગયા પ્રકરણમા વર્ણવેલા બનાવને હાલ બે વર્ષ થઇ ગયા છે, અને સીતાની વય આસરે ચોવીસ વર્ષની તથા દેવેન્દ્રની વીસ વર્ષની થઇ છે. દેવેન્દ્રની ઈશ્વરશ્રદ્ધાના બીજ સસ્કારી પિતાથી રોપાયાં હતા, ઉપરા ઉપરી આપત્તિની વૃષ્ટિએ તેને ઉગાડયા, અને શિવસાનિધ્ય તથા સીતા–પવિત્ર સીતાની સત્સગતિથી તેમાં, આપત્તિ વર્ષાને અતે જળસિચન થયુ. દેવેન્દ્ર હમેશ પ્રાતકાળે પાંચ વાગે ઉઠી મૃણાલિનીમાં સ્નાન કરતો અને નિર્મળ જળનુ પાત્ર મહાદેવની જળાધારીમા નાંખવાને અભિષેકને માટે ભરી લાવતો હતો, અને આવીને તરતજ વાડીમાના સુદર પુષ્પો તથા બીલપત્ર ચુટી સન્ધ્યા પૂજા વિગેરે કર્મમા રોકાતો હતો.

પ્રિય વાચક ! દેવેન્દ્રની મૂર્તિપૂજાને તું હસી કહાડીશ નહી, તેની મશ્કરી મા કરીશ. આદી મધ્ય અને અતથી રહિત, સર્વવ્યાપી એવા ઈશ્વરને એક ધાતુ–કાષ્ટ કે પાષાણની પ્રતિમામાં મર્યાદિત કરવો એ તેની અનિર્વચનીય મહત્તાને લાન્છન લાગે એવું છે, એમ જો તું માનતો

હોય, તો તું કોઇ ઉત્તમ અધિકારી હોય એમ લાગે છે; પણ કાર્ય કારણની ગલીકુચીમાં નહી પ્રવેશી શકે એવા જગતના મધ્યમ પંક્તિના મનુષ્યને તે સર્વવ્યાપી અને સૂક્ષ્મ ઈશ્વરનું ભાન કરાવવાને, સંસારમાં ગુંચવાયલાને-ભુલેલાને તેની વારંવાર યાદ આપવાને, કોઈપણ સ્થૂલ વસ્તુની અગત્ય છે. શાળામાં શીખતા ખગોળવિદ્યાના નવલ વિદ્યાર્થીને ચમત્કારી સૂર્યમંડલની ગતિ તથા નિયમોનું જ્ઞાન થવાને માટે કાષ્ટના સૂર્યમંડલની અગત્ય છે; પણ તે છતાં કાષ્ટનું સૂર્યમંડલ એ સત્યસૂર્યમંડલ નથી. માત્ર સ્થૂલ પ્રતિમા સૂક્ષ્મ સત્વની સૂચના કરે છે. એમાં હાંસી-તિરસ્કાર કરવા જેવું શુ છે? એક નાદાન બાળક શબ્દનો અશુદ્ધ ઉચ્ચાર કરે અને એક પૂર્ણ ભાષાશાસ્ત્રી તે જોઈ તેનો તિરસ્કાર કરે એવુંજ ભુલ ભરેલુ શુ એ નથી? તું એને માત્ર બાળચેષ્ટા કહેતો હોય તો ભલે. અણસમજુ બાળકો પોતાના ઢીંગલા ઢીંગલીને પોતાના પુત્ર પુત્રી માની, તેને નવરાવે, ખવરાવે, રમાડે તો તેમાં આપણું શુ ગયુ! કાલેકરી સત્ય અસત્યનો ભેદ તે જાતેજ સમજશે, અને સ્થૂળ પુતળાનો પ્રેમ પોતાના સત્ય પુત્ર પુત્રીપર વર્ષાવી વત્સલ માતાપિતા તરીકે દુસ્તર સંસાર વહન કરશે. આધુનિક કાળમાં સંસારી શિક્ષણમા જો "કીન્ડરગાર્ટન સિસ્ટમને" સુલભ ગણવામાં આવે છે, તો અધ્યાત્મિક વિષયમા શામાટે તે ન હોઈ શકે? આર્યસંતાનો આધુનિક કેળવણીની પ્રણાલીમા ધર્મના અજ્ઞાનમા-નાસ્તિકતામા ઉછરે, તેના કરતા આવી બાળચેષ્ટા અધિક પ્રશંસાપાત્ર છે.

હાલના સુધરેલા કાલમા પણ શુ પ્રતિમાપૂજા નથી? મૃત્યુના ગ્રાસમા આવી ભસ્મશાત્ થઇ ગયલા અથવા સૃષ્ટિક્રમમાં એકપળ માત્ર આયુષ્યને ભોગવનારા આપણા કહેવાતા મહાપુરૂષોની, પાષાણની કે ધાતુની પ્રતિમાઓ ઠામ ઠામ જોવામાં આવે છે, તેના વાર્ષિક ઉત્સવ થાય છે, તેમને પુષ્પના હારો પ્હેરાવે છે; તેમને નમીને પ્રણામ કરવામાં આવે છે; તેમના મુખ આગળ વાજીંત્રો વાગે છે, અને જો કોઈ તેનુ અપમાન કરે તો આપણને ક્રોધ ચ્હડે છે; એ પ્રતિમાપૂજા નહી તો શુ? આપણા કેળવાયલા કેહેવાતા સરસ્વતી મંદિરના ચેલાઓ પણ પોતાની મૃત પ્રિયા કે વિરહિની પ્રેમી અર્ધાંગનાની, પોતાના ખરા પસીનાથી પ્રાપ્ત કરેલી લક્ષ્મી ખર્ચી સુદર છબીઓ ચિત્રાવે, તેને ચુંબન કરે, તેની સાથે બાળકની પેઠે વાતો કરે, એ શું પ્રતિમાપૂજા નહી? આ પણ સ્વાભાવિકજ છે; અંતરનો અદૃશ્ય પ્રેમ ~~માત્ર દૃશ્ય~~ રૂપેજ સ્ફુરે છે. પણ આ માત્ર પ્રે-

મીના અંતરની ઉર્મિ છે. પ્રેમ પાત્રને એ પૂજા પ્હોંચે છે કે નહી એ એક પ્રશ્ન છે. એમ છતાં જ્યારે આમાં જો કાંઈ દોષ નથી જોવામાં આવતો—જો તારના દોરડાં વિના ભર દરીયામાં પ્રયાણ કરતી સ્ટીમરપર ત્હારો સદેશો પ્હોંચી શકે—તો જે ઈશ્વર અનત છે, સર્વવ્યાપી છે, ઘટઘટમાં છે—**अणोरणीयान् महतोमहीयान्** તે પ્રમાણે—એક અણુમાત્રમાં પણ જે પોતાને અનતરૂપે વ્યાપ્ત છે, જે પૂજકમાં જીવ—ચેતનરૂપે પ્રકાશે છે—અને પ્રતિમામાં વિશેષરૂપે—પ્રતિષ્ઠિત છે, તેની માત્ર કોઇ સ્થૂલ રૂપે પૂજા થાય, તે પૂજા તેને પ્હોંચે, અને તે નિમિત્તે અજ્ઞાન જીવ જો સત્ય વસ્તુને પિછાને, પ્રભુની જરા પાસે આવવાને યત્ન કરે તો તેમાં તિરસ્કારને પાત્ર શુ છે ? તિરસ્કાર કરનાર પોતાને સર્વ કરતાં ડાહ્યો માને છે, અને પોતાને જે આ પ્રમાણે ડાહ્યો માને છે તેજ જાતે અજ્ઞાન છે

દેવેન્દ્રના પિતા **સુરેન્દ્ર**ને **સ**ંસ્કૃતનો બહુ સારો અભ્યાસ હતો, ધર્મપુસ્તકો સારી રીતે સમજી શકતો હતો, અને જાતે સારો કર્મકાન્ડી હતો. **ચ**ંદ્રનગરના પ્રતિષ્ઠિત શાસ્ત્રી **આન**દરામ તેમનીજ જ્ઞાતિના હતા અને **સુ**રેન્દ્રના બાળમિત્ર હોવાથી **દે**વેન્દ્રનાપર ઘણી પ્રીતિ રાખતા હતા. દેવેન્દ્રનામા પણ **સ**ંસ્કૃતવિદ્યા તરફની અભિરૂચી આમ બાપદાદાથીજ ઉતરેલી હોવાથી, એ પણ પોતાનુ પ્રાતઃકાળનુ નિત્યકર્મ આટોપી **આન**દરામને ત્યા **સ**ંસ્કૃતનો અભ્યાસ કરવાને જતો હતો, અને ત્યાંથી આવી ભોજન કરી પોતાની નોકરીપર જતો હતો. સધ્યાકાળે ઘેર આવી થોડો કાળ "એક પથ દો કાજ" એમ વાડીમાંના ઝાડો વિગેરેને ખોદખણ કરી પાણી પાતો હતો, પછી સ્નાન કરી વૃદ્ધ બીલીના વૃક્ષ નીચે ચોતરાપર બેસી સાયસધ્યા કરીને **મહા**દેવની આરતી ઉતારી, ભાઈબ્હેન ભોજન કરતાં હતાં. **દે**વેન્દ્રનો તથા **સી**તાનો કઠ ઘણો સારો હતો એટલે રાત્રે કોઈ વખત એકતારા સાથે બન્ને જણા **મી**રાંબાઈ, કબીર, તુલસીદાસ, **ન**રસિહ **મે**હેતા વિગેરે ભકતોના ભજનો ગાતા હતાં, અથવા તો દેવેન્દ્ર **સી**તાને થોડુ થોડુ **સ**ંસ્કૃત શીખવતો હતો.

સીતા પણ પ્રાતઃકાળે ઉઠી સ્નાન કરી **શિ**વપૂજન વિગેરે નિત્યકર્મ કરી ગૃહકાર્યમાં ગુથાતી હતી, અને બપોરે થોડો કાળ વિશ્રાન્તિ લઇ **મ**હાભારત, **રા**માયણ. **ભા**ગવત, **ગી**તા વિગેરે ગ્રંથોના ભાષાન્તરો, સ્તોત્રો, પાઠો વિગેરેના અભ્યાસમાં પોતાનો સમય વ્યતિત —

કરતી હતી. ન્યાતજાત પાડપડોસીમાં **સીતા**ના સદ્‌વર્તનની એવી તો ઉંડી છાપ પડી હતી, કે લોકો પોતાની ન્હાની મ્હોટી કન્યાઓને **સીતા**ની પાસે બપોરે શીખવા મોકલતાઃ અને તેમાં કેટલીએક વિધવા અને સધવાઓ પણ ત્યાં આવતી હતી. આ પ્રમાણે હાલની કન્યા-શાળાઓ અને વિધવાઆશ્રમનું એકત્ર કાર્ય **સીતા**એ અણજાણે ધીરે ધીરે કરવા માંડ્યુ એમ કહો તો કાંઈ ખોટું નહી કહેવાય, કેમકે તે વખતે સ્ત્રીકેળવણીની શરૂઆત માત્ર થવા માંડી હતી. બાળકીઓને ગુજરાતી અને બાળબોધ લખતાં વાંચતાં, થોડું ગણિત તથા પૂજાપાઠ વિગેરે કરતાં શીખવવામાં આવતું હતું. કેટલીક પુખ્ત સ્ત્રીઓ રામાયણ વિગેરે સાંભળવા આવતી હતી અને તેમાંની કેટલીક મધ્યમ વયની સ્ત્રીઓએ તો સંસ્કૃત પણ શીખવાનુ શરૂ કર્યું હતું.

આ પ્રમાણે પવિત્રતાની સરિતામાં ઝબકોળાં ખાતી–હૃદયશુદ્ધિના સ્વચ્છ જળમાં મચ્છરૂપે રહેનાર–દુર્દૈવે કિશોરવયે વૈધવ્યને પ્રાપ્ત થયલી આપણી **સીતા**પર જો કુવિચારનો છાયો પણ ન પડે–મદન બળીને ભસ્મસાત્ થઈ જાય, તો તેમાં શું આશ્ચર્ય? **સીતા** સાયંકાળે દેવદર્શન કરતી અને કોઇ કોઇ દિવસ સગાંસબંધીઓને મળી પુન. ભોજન સામગ્રીમાં રોકાતી. **દેવેન્દ્ર** આવી સાયંસધ્યા કરતો, અને બન્ને વાળુ કરી થોડો સમય, ઉપર કહ્યા પ્રમાણે ભજન–અભ્યાસ અથવા તો વાર્તાવિનોદમાં ગાળતાં.

આ પ્રમાણે એક દિવસે રાત્રિને સમયે વાળુ કરી ભાઇબ્હેન શિવાલયને ઓટલે બેઠાં હતાં **ચંદ્ર**–પૂર્ણચદ્ર **સીતા**ના મુખચદ્ર ઉપર પોતાના શીતલ રશ્મિઓની વૃષ્ટિ કરતો હતો–તેની પવિત્રતાની પ્રભાની સાથે સ્પર્ધા કરવાને મથતો હતો. વાડીની શોભા પણ **દેવેન્દ્રે** આગળ કહેવા પ્રમાણે પોતાની અગ કસરતથી અતિશય વધારી હતી, જેથી તેનુ શરીર પણ ઘણું આરોગ્ય અને બલિષ્ટ રહેતું હતું. આવી સુંદર વાડીના મધુર પુષ્પોની સુવાસ લઈ, ન્હાના મ્હોટાં સુંદર વૃક્ષોને આ રૂપેરી રેલમાં નચાવીને–મદવાયુ આખાદિવસના વ્યવહારથી શ્રમિત થયલા ભાઇબ્હેનના પર શાન્તિનુ સિચન કરતો હતો. આવે પ્રસગે પોતાની આપત્તિનું સ્મરણ થવાથી દિલાસા રૂપે, અથવા પોતાની ઉછળતી પ્રેમ સરિતનો વેગ ઈશ્વર પ્રીતિમાં સંક્રાન્ત કરવાને, **સીતા** પોતાના મધુર કોકીલ કંઠે એકતારા સાથે નીચેનુ ભજન ગાતી ચંદ્રના કિરણમાં પોતાની દૃષ્ટિને લીન કરતી દેખાતી હતી; અને ત-

કીએ માથું મુકી પડેલો દેવેન્દ્ર પણ આ ભજનની જ્ઞાન લહરી–ભક્તિ રસનું પાન કરતો હતો :—

પદ ગરબી.

ભક્તિ નવ ભાવે તે જીવ અભાગિને,
સેવડાને જ્યમ ન ગમે ગંગા સ્નાનજો; (ટેક)
ઝેર તણાં અંકુર રે જેમાં જાગિયાં,
વિષધરને જ્યમ ન સહ્યુ અમૃત પાનજો. ભક્તિ ૧

જળ ધરનુ જળ વ્હાલું સહુ તરૂ જાતિને,
અધમ જવાસો એથી રે સૂકાય જો;
ઉલુક અભાગી રૂડી માને રાતને,
અર્ક તણે અજવાળે આંખ મિચાય જો. ભક્તિ. ૨

ચંદ્ર તણો ઉદ્યોત ગમે નહિ ચોરને,
અધમ અવિદ્યા અંધારે ઉમંગ જો;
ધણિસુ હેત ન હોય હરાયા ઢોરને,
શઠને ન ગમે સારા જનનો સંગ જો. ભક્તિ. ૩

ગર્દભને તો વૃષ્ટિકાળે ના ગમે,
મૂઢ અનીતિ ઉન્હાળે મલકાય જો,
કુલટા કંથ તજી કોઇકિ સંગે રમે,
વ્યસનીને વટલ્યાની ભ્રાંતિ ન થાય જો. ભક્તિ. ૪

નીતિ નવ ભાવે રે નર નાદાનને,
વેશ્યાને તો ન ગમે સતિની વાત જો;
સારૂં ને નરતું તે સરખુ શ્વાનને,
તાપવતને તૂપે હોય ઉતાપ જો ભક્તિ. ૫

વાનીના લાડુથી રીઝે વતરાં,
પામર પ્રીતિ કરી પૂંજે પાખંડ જો.
હંસ હોય તે મુક્તાફળ ચાવે ખરાં,
ભજે વિવેકી જાણી બ્રહ્મ અખંડ જો. ભક્તિ. ૬

ફૂર ચ્હડેલો સર્વેને ફરતાં લહે,
કોઇનું સાચુ કહ્યું ધરે નહિ કાન જો;
કમળાવાળો સર્વેને પીળું કહે.
શુભ થયેલાને કાંઈ ન રહે સાન જો. ભક્તિ. ૭

પુણ્ય તણા ફળ પ્રગટે જે પ્રાણી તણા,
પ્રભુની સાથે તેને ઉપજે પ્રીત જો;
જન **છોટમ** કહે તેનાં તપ જાણો ઘણાં,
રૂડી જેને **ભ**ક્તિ કેરી રીત જો. ભક્તિ. ૮

"વાહ **સી**તાબ્હેન વાહ!" દેવેન્દ્રે અતિ પ્રસન્નતાથી કહ્યું, "તે તો ખરેખર મને એક ક્ષણ માત્ર સમાધિનાજ સુખનો અનુભવ કરાવ્યો. મનુષ્ય હૃદય પર સંગીતની—અને તેમાં વળી સુંદર કંઠે ગવાયલા **પ્ર**ભુના ગુણગાનની—શી મોહક અસર છે! સંસારમાં ગુંચવાયલી—વિખરાયલી વૃત્તિઓને એકાગ્ર કરી **પ્ર**ભુમાં જોડવાનો એ એક અતિ સુલભ ઉપાય છે અને તેથીજ હું ધારૂં છું કે દેવળોમાં એકમતે એની આવશ્યકતા સ્વીકારવામાં આવેલી જણાય છે **હિન્દુસ્થાનના** બધા જ ભાગોમાં તથા ન્હાના મ્હોટા મત-પંથોના **મં**દિરોમાં એ જોવામાં આવે છે; પછી તે **શિવ**, **વિ**ષ્ણુ કે દેવીનું યા તો **જૈન**, **બુદ્ધ** કે **સી**ખ લોકોનું હોય. **ખ્રી**સ્તી લોકોના દેવળોમાં પણ સંગીત મુખ્ય ભાગ ભજવે છે."

"હા ખરે! અમે તે દિવસે એ દેવળને રસ્તેથી **મૃ**ણાલિનીમાં સ્નાન કરવા જતાં હતા ત્યારે મેં ઇંગ્રેજી સંગીત સાંભળ્યું હતું, અને તે આ[illegible]થી વાજીત્રની સાથે સ્ત્રી પુરૂષોના સંયુક્ત અવાજથી ઘણું મધુર લાગતું હતું **હિ**ન્દુઓમાં કોણ જાણે શાથી સ્ત્રીઓ સંગીતની કેળવણીમાં પછાત છે? હું તો મ્હારા અનુભવપરથી કહી શકું કે આ જે હું ભાંગ્યું તુટ્યું ગાઉં છું, તેથી મને તો અલૌકિક આનંદનો અનુભવ થાય છે, અને તેથી અંતઃકરણપૂર્વક ઇચ્છુંછું કે મ્હારી વ્હાલી બ્હેનો પણ આ આનંદનો યથાશકિત અનુભવ કરે, **પ્ર**ભુનું ગુણગાન કરે—ક્ષણભર સંસારને વિસરે—અને સચ્ચિદાનંદમાં વિચરે."

"**સી**તા બ્હેન! તું ઇચ્છે છે તેમજ પ્રાચીનકાળમાં હતું. અને બીજા દેશો સાથે સરખાવતાં જે કાંઈ ફેરફાર સ્ત્રીઓની રેહેણીમાં જોવામાં આવે છે, તે બધો **હિ**ન્દુસ્થાનમાં **મુ**ગલાઇ રાજ પછીનોજ છે. જે કાંઇ કૃત્રિમ પડદો—મુલાયજો—લાજ વિગેરે જોવામાં આવે છે તે આ પછીજ **હિ**ન્દુ સંસારમાં દાખલ થયલુ છે; અને તેનો મુખ્ય પુરાવો એજ છે કે હાલમાં પણ આખી દુનિઆમાં **અ**રબસ્તાન, ઈરાન, તુર્કસ્તાન અને **કા**બુલ વિગેરે દેશો કે જ્યાં ઈસ્લામી અમલ છે તે શિવાય આવી કૃત્રિમ લાજ ઇતર દેશોમાં જોવામાં આવતી નથી. અત્રે **હિ**ન્દુસ્થાનમાં

પણ મુગલાઇ રાજ્યધાનીની આસપાસ, એટલે ઉત્તરમાં જેમ જાઓ તેમ પડદો વિશેષ અને દક્ષિણમાં જેમ નીચે જાઓ તેમ ઓછો. આપણી ન્યાતના પેલા પ્રભાશંકર ભાઇ હિન્દુસ્થાનમાં બધે યાત્રા કરી આવ્યા છે, તેઓ આ બાબતમાં જે કહેતા હતા તે આપણને પુષ્ટિ આપે છે. મદ્રાસમાં સ્ત્રીઓ માથે હોડતી નથી. મહારાષ્ટ્રમાં થોડો છેડો હોડે છે. સુરતમાં થોડા બાલ દેખાય છે. ભરૂચમાં બાલ નથી દેખાતા. અમદાવાદમા કપાળ ઢંકાય છે. કાઠીયાવાડમાં નાક સુધી લાજ કાઢવામાં આવે છે. મારવાડમા તેથી લાબો ઘુમટો તાણવામાં આવે છે, તો પણ સ્ત્રી છુટી આવ જાવ કરે છે. પણ દીલ્હી, લકનૌમા આખો બુરખોજ પ્હેરાવવામાં આવે છે. ગૃહસ્થ સ્ત્રી કોઇપણ રીતે બુરખો યા તો ડોળી વિના બ્હાર જઇ શકતીજ નથી. તે દેશજ સ્ત્રી શૂન્ય દેખાય છે.”

“વાહરે પ્રભાશંકરભાઇ!” સીતાએ જરા હસીને કહ્યું, “એટલા એઠાં ઠીક શોધી કહાડયુ. એતો ખરૂજ તો કે બ્હારના રીતરીવાજ પર રાજ્યકર્તાના રીતરીવાજોની ઘણી અસર થાય છે. ત્યારે તે છેડે ગયા હતા અને હવે વળી બીજે છેડે નહી જાય

“એતો હરી ઇચ્છા હશે તે થશે. પણ પ્રત્યેક વસ્તુમા મધ્યમપણું એજ અતિ ઉત્તમ છે. આપણો રીવાજ મને તો મધ્યમ-જોઇએ તેવો સ્વભાવિક મુલાયજાવાળો લાગે છે, અને મદ્રાસ, દક્ષિણને ઘણો મળતો આવે છે. अति सर्वत्र वर्जयेत् બહુ છુટે ખોટી અને બહુ પડદો એ ખોટો. શિવ! શિવ! શિવ! કયાં ભજન ને કયાં લાજ, શી વાત કરતા હતાં અને કયા ઉતરી પડયા?” થોડીવાર બન્નેજણા ચદ્રની રહામુજ જોઈ મૌન રહ્યા અને પછી સીતા આસપાસ જોતી બોલી—“ભાઈ આજે પૂર્ણિમાની ચદ્રિકામાં આપણું ઘર, શિવાલય અને વાડી એ બધુ કેવુ સુદર લાગે છે!”

દેવેન્દ્રે જરા હસીને કહ્યું, “સીતાબ્હેન! તને આપણી ઝૂપડીમા ગમે છે?”

“શાને ન ગમે? હવેલી તો ભલે બળવાની હતી ને બળી ગઈ, પણ જો સત્ય પુછાવે તો મને આ અધિક પ્રિય લાગે છે કથાઓ વાંચીએ છીએ તે પ્રમાણે, જાણે આપણુ ઘર આ મેદાનના અરણ્યમાં એક રૂષિના આશ્રમ જેવું લાગે છે. આ વાડી અને શિવાલય, આપણે જાણે સસારમાં છીએજ નહી એમ ભાન કરાવે છે. અને ખરૂ

જોતાં આપણે સંસાર સાથે શો સંબંધ છે? ખાઈપીને રાત્રિ દિવસ આનંદમાં રહીએ છીએ, અને યથાશક્તિ ઇશ્વરભક્તિ અને જન સેવા કરીએ છીએં, પછી એથી વધારે શું સુખ જોઇએ કે નહી ગમે વળી? સંસાર એ મનનુંજ કારણ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, **मन एव मनुष्याणांकारणं बंधमोक्षयोः**—મનુષ્યને મન એજ બંધન અને મોક્ષનું કારણ છે. સુખદુઃખ એ મનનીજ ઉર્મિ છે. લક્ષાધિપતિ લાખના ઢગલામાં સંતોષથી રહી શકતો નથી, અને સન્યાસી* રાખના ઢગલામાં સ્વર્ગ સુખ ભોગવે છે. આપણે અહીઆં સ્વર્ગનુજ સુખ છે. આથી તે સ્વર્ગ કેવું હશે વળી? પણ એક વાત હું કહું તે તો ત્હારે માનવીજ પડશે. હવે તો નહીં ચાલે."

દેવેન્દ્રને ગૃહસ્થાશ્રમ માંડવાને માટે સીતા આજ કેટલોક સમય થયાં એની પુઠે પડી હતી, અને તેથી તેજ વિષયની પુનરૂક્તિ થશે એમ ધારી દેવેન્દ્ર જરા ખિન્ન થયો અને બોલ્યો, "સીતાબ્હેન! તું વારંવાર મને આ વિશે કહે છે પણ આપણી પાસે પૈસો ક્યાં છે?" આ સાંભળી સીતા કાંઈ બોલવા જતી હતી તે જોઇ એકદમ દેવેન્દ્ર બોલી ઉઠયો:—"હું સમજ્યો. એ વાત કદી નહી બને. હુ ત્હારૂ પલ્લુ કદી આમાં સ્વીકારવાનો નથી. અને જો એમ ન કરૂ તો કોઇ પણ આડે માર્ગે લક્ષ્મીનું ઉપાર્જન કરવું? મ્હારી કચેરીમા બીજા કારકુનો ઘણુંએ મારી ખાય છે પણ તેના ફળ હું જાતે જોઉં છું. કોઈ બરાબર વાવરી શકતું નથી. અને તે કદાપિ વાવરી શકાતુ હોય તો પણ આપણે તો એ શિવનિર્માલ્ય છે. **बुद्धिः कर्मानुसारिणी** તે પ્રમાણે જેવી લક્ષ્મી તેવી બુદ્ધિ અને તેવો ઉપયોગ. વળી સૌ ઈશ્વર ઇચ્છા હશે ત્યારે થશે."

સીતા ક્યારની બોલવાને અધીરી થઇ રહી હતી તે આ પુરૂં થતાંજ બોલી ઉઠી:—"પણ હું ક્યાં તને આવી ચોરી કરવાનુ કહું છું કે તું આટલું મ્હોટું વ્યાખ્યાન કરે છે. હું તો એમજ કહું છું કે મ્હારૂં પલ્લું"—

દેવેન્દ્ર જરા આકળો બની બોલી ઉઠયો,—"વારૂ, ચલ કદાચ પલ્લું ત્હારૂં લઉં તો પણ આપણી ન્યાતમાં "દાન પર દક્ષિણા" તેમ હજાર પાંચસો ખાવાને ઝાંસવા પડશે તે ક્યાં છે તે કહેશે? હું કંઈ એવા ખાવાને નથી આપવાનો. લેનાર પણ નરકમાં જાય અને આપનાર પણ જાય. હે ઈશ્વર તેં બધી ભ્રષ્ટતાનો સંચય શું બ્રાહ્મણોને—

પોતાના પુંત્રોને–આપ્યો છે, અને કહ્યું છે કે જાઓ તમે એક વખતે જેવો ધર્મનો પ્રચાર કર્યો તેવો ભ્રષ્ટતાનો જગતમાં પ્રચાર કરો? અને માત્ર મુખેથી નહી બોલો પણ પોતાનાજ વર્તનથી બતાવી આપો? મનુષ્ય ઉચ્ચ દૃષ્ટાન્તથી ઉર્ધ્વગતિને પ્રાપ્ત થાય છે અને નીચ દૃષ્ટાન્તથી અધોગતિએ જાય છે. અહો દૃષ્ટાન્તની શી મોહક અસર!"

"ભાઇ તું કહે છે તે સત્ય છે, પણ ઘરડાઓ કહે છે કે આ ધારો આપણામાં પ્હેલાં બીલકુલ નહી હતો. આતો આગગાડી થયા પછી બ્હારના પૈસાવાળા વૃદ્ધોએ આવીને બિચારા ગામડાઓના ગરીબોને પ્હેલા બગાડયા, અને પછી કોણ જાણે કેમ લાકડું ઘુસ્યુ તે હવે તો જાણે બસો પાંચસો લીધા વિના કોઇ કન્યાજ નથી આપતું. તેમાં ગરીબો તો બિચારા વાંઢાજ રહે. બાકી ખરૂં જોતાં કાઇ કન્યાની આપણી અત્રેની જ્ઞાતિમાં ખોટ નથી."

"સીતાબ્હેન! પ્રભુની લીલા અજબ છે. જ્યારે અત્રે આ પ્રમાણે છે ત્યારે આણી તરફ–પેલુ–કયુ ગામ કહે છે તો–ત્યા આથી ઉંધો ધારો છે. કુલીન બ્રાહ્મણ પછી વૃદ્ધ પણ હોય તોપણ તેને સ્હામા બસો પાંચસો કે હજાર રૂપિયા આપીને એકપર એક, ચાર ચાર ને પાંચ પાંચ કન્યાઓ આપે છે."

"અને પછી બધાંનુ પોષણ કેમ થાય છે?"

"અરે તેજ મઝા જોવાની છે. તેઓની જ્ઞાતિમાં સ્ત્રીની ખોરાકી પોષાકીનો કાયદો માત્ર મહિને રૂ. ૨॥ છે. તેથી જેવુ બીજુ માગુ સારી રકમનુ આવ્યુ કે પ્હેલી સ્ત્રીને રૂ. ૨॥ બાંધી આપી તે ફરી લગ્ન કરે છે, અને ને સ્ત્રી પોતાના માબાપને ત્યાજ સડે છે. હર! હર! હર!–આ તે કેવું ઘાતકીપણું!"

"આ તો ગરીબોમાં પણ રજવાડા જેવોજ ધારો આવ્યો કે શુ? ઘણા રાજાઓ પણ ઘણી રાણીઓ કરે છે અને તેમાં લાખો રૂપિયા સ્હામાં લે છે. જ્યાં ખરચી ખુટી કે રાજા બીજી રાણી કરે છે, અને આગલી અણમાનિતી થાય છે અને રોટલા ખાય છે. જે રૂપિયા આવે છે તે પાછો રાજા મોજમઝામાં ઉડાવે છે. આવા રાજાઓ પ્રજાના સુખ દુઃખની શી ખબર રાખે?"

"સીતાબ્હેન! મને ખરેખર આજે બાપાજીના બોલ યાદ આવે છે કે, "હવે પછીના જમાનામાં લોકો સ્વાર્થી અને ઇન્દ્રિય

સુખના લોભી ઘણા થશે, અને તેમાં ધર્મ અને પરમાર્થ ડુબી જશે." તે ખરેખર આજે પ્રત્યક્ષ જોઇએ છીએ. "

" અરે હા ! એ બધું તો ખરૂં પણ હવે મેં કહ્યું તેનો ઉત્તર શું ?"

" ઉત્તર ? નહીં, નહીં. હું કદી પણ એક ફુટી બદામ પણ આપવાનો નથી. મ્હારી પાસે છે પણ નહી અને હોય તો પણ આપું નહી. માત્ર અધર્મ, અધર્મ, અધર્મ મને તો બધે જણાય છે. મ્હારે આવા સંસાર સાથે સબંધજ બાંધવો નથી. બસ. પ્રભુ ! આ શો ગજબ ! હવે કાંઇ દયા કર !"

" ગયા જન્મમાં કાંઇ તું બ્રાહ્મણ જ્ઞાતિનો રક્ષક દેવ હતો કે શુ ? જ્યાં બ્રાહ્મણ જ્ઞાતિ અને ધર્મ એ બે શબ્દો આવ્યા કે ત્હારૂ મગજ ત્હારા હાથમાંજ રહેતું નથી ? જરા મ્હારી વાત તો આખી સાભળ પછી જે કહેવુ હોય તે કહેજે. ખાલી લોહી શાને ઉકાળે છે ?"

" કહે ત્યારે શુ છે ?"

" હવે ખરૂ," સીતા બોલી, " એમ આકળા થયે શુ થાય ? આ તો ત્હારા મન લાયકજ છે. હું આજે આપણા મોહોલ્લાના જમનાકાકી પાસે ગઇ હતી તેણે મને કહ્યું કે કુમુદપુરીમાં એક ઇશ્વિરદત્ત નામના પવિત્ર અગ્નિહોત્રી બ્રાહ્મણની કન્યા છે. તે જાતે નિર્ધન અવસ્થામાં છે, અને બબે હજાર ખાવાને આપનારા લોકોના માગાંઓ આવે છે તો પણ તે નથી આપતો. તેને તો સારા પાત્રને કન્યાનુ શાસ્ત્રવિધિ પ્રમાણે દાન કરવું છે અને ખાવાને બીલકુલ જોઇતું નથી, તેમ પલ્લુ પણ તે કોઈ એક નક્કી રકમ કહેતો નથી. કન્યા સારી છે અને સંસ્કૃત જરા જરા ભણી છે અને તેનો કન્યાકાળ ગયો છે, એટલે તેને કોઇએ કહ્યુ હશે તેથી ત્હારે માટે તેણે જમનાકાકી સાથે સ્હામુ પુછાવ્યુ છે. હવે કહે, છે કાંઈ હરકત હજુ ?"

" પણ પલ્લું થોડુ પણ ક્યાંથી લાવવું ?"

" મ્હારૂં ને વળી આપ્યું. મ્હારે તે શુ— "

" ના એ તો સીતા મને બીલકુલ નથી રૂચતું. મ્હારો જીવ જાય તોયે ત્હારૂં લેવાનો નથી. વખત છે કાલ ઉઠીને મ્હારૂં માથુ દુખ્યું ત્યારે ત્હારી શી વલે ?"

" હું ભીખ માગીશ કે મરીશ. જે આવી પડશે તે સહીશ, તેમાં ત્હારે શું ? મ્હારૂં આટલું કબુલ કર. જો આપણી ન્યાતમાં

આવી કન્યા, અને વળી બીલકુલ બાધા વિના તે બીજુ કોણ આપવાનું છે? લક્ષ્મી ચાંલ્લો કરવાને આવે અને મ્હોં ધોવા જવા જેવું છે. અને ખરે કન્યાનું નામ લક્ષ્મીજ છે. મ્હારા સમ જો હવે ના કહે તો."

આટલું બોલતાં સીતાની આંખમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં. સીતા પોતાને માટે આવો અનહદ પ્રેમ રાખે છે એ જોઈ દેવેન્દ્ર ઉપકાર વૃત્તિથી ગળગળો બન્યો, અને ઉમળકા સાથે બોલ્યો "સીતા તું મ્હારી બ્હેન છે કે મા? શું પરમેશ્વરે સાક્ષાત્ દેવીને મ્હારી પાસે બ્હેન રૂપે મોકલી છે? તું જો આગમાંથી પૈસા તથા ઘરેણા નહી લાવી હતે તો આપણે ફકીર જેવાં થતે. ત્હારાજ સસરાએ મને લોકોના પગ નીચે કચડાઇ મરતો બચાવ્યો, તેણેજ ઉદ્યમે લગાડયો, અને આ રહ્યું હતું તે પણ ત્હારેજ લીધે? સીતા ત્હારો ઉપકાર"—

"મ્હારે કશું જોઈતું નથી. તું આટલું મ્હારૂં ગરીબનું કહ્યું કબુલ કર એટલે ગંગા ન્હાયાં."

"ત્યારે જા હવે તું પ્રસન્ન થા. તું મ્હારી મુખ્ત્યાર છે. કરવું હોય તે કર." સીતાએ હર્ષના આંસુ પાડયાં અને બીજેજ દિવસે જમનાકાકી સાથે કુમુદપુરી ગઇ. કન્યા જોઇને હર્ષથી ઉભરાઇ ગઈ. કન્યાનુ નામ લક્ષ્મીજ હતું. લક્ષ્મી તે સાક્ષાત્ લક્ષ્મીનોજ અવતાર હતી, ભોળી ભા જેવી અને તદ્દન નિષ્કપટ દેખાતી હતી. મુખાર્વિંદમાંથી અતિ શાન્ત મધુરતા સ્ફુરતી હતી; અને સીતાને તેના વિશાળ કપાળ ઉપરથી તેનું પવિત્ર અંતર એમજ કહેતું હતું કે "જો આ કન્યા મ્હારા ઘરમાં આવી તો લક્ષ્મી તો મ્હારા ભાઇના પગ ધોશે."

વત્સલ સીતાએ પોતાના ભાઇના કહેવા ઉપરાંત ભોજાઇને આખાં પગાંનો લ્હાવો લેવડાવ્યો. નિર્વિઘ્ને લગ્નક્રિયા સમાપ્ત થઈ અને લક્ષ્મી થોડા દિવસમાં દેવેન્દ્રની ઝૂંપડીને દીપાવવા લાગી. દેવેન્દ્રના ઘર બાંધતાં બચેલા રૂપિઆ તથા સીતાનુ પલ્લું પણ હવે ખર્ચ થયુ હતું, એટલે દેવેન્દ્ર તથા સીતા પાસે એક ફુટી બદામ પણ રોકડી રહી નહી. માત્ર દેવેન્દ્રના માસિક રૂ. ૮) માં તથા નણંદ ભોજાઈની જાતમહેનત અને કરકસરથીજ, તે જુના સોંઘવારીના કાળમાં ત્રણે જીવોનો ઉદરનિર્વાહ ચાલતો હતો. પણ:—

"આપદ મિત્ર પરીક્ષા, શૂર પરીક્ષા રણાંગણે થાયે,
"વિનયે વંશ પરીક્ષા, નારી પરીક્ષા નિર્ધનતા માંહે.

તે પ્રમાણે પતિવ્રતા-પિતાને ઘેરથીજ શુભ સંસ્કારને પામેલી લક્ષ્મીએ, આવી કોમલ વયમાંજ દેવેન્દ્રનો કાષ્ટના કકડાપર તરતો ગૃહસંસાર ઉપાડી લીધો. પોતે જાણે એક લક્ષાધિપતિને પરણી હોય એવી તેની અખંડ પ્રસન્ન મુખમુદ્રા જોઈ, ભાઈ બ્હેન પણ અહોનિશ પ્રસન્નજ રહેતાં હતાં.

પણ આવી સ્થિતિને આ ધર્મશીલ ત્રિપુટી યોગ્ય ન હતી. લક્ષ્મી આવી તેના એક માસમાંજ સીતાની અંતર્વાણી ખરી પડી. સીતાનો વૃદ્ધ સસરો જયાશંકર દમના વ્યાધીથી કેટલાક દિવસથી પીડાતો હતો તે એકાએક મૃત્યુ પામ્યો; અને તેને સીતા શિવાય નિકટનુ કોઇ સગું ન હોવાથી તેનું ઘર તથા રોકડ સીતાને આપી ગયો. તેની ઉત્તરક્રિયા દેવેન્દ્રને કરવી પડી અને તેની પછાડી ઉદારતાથી ખરચ કરી સીતાએ ન્યાતમાં-" વાહ વાહ "-લીધી.

હવે સીતાએ ભાઇને પોતાના સસરાના ઘરમાં રેહેવા જવાનું કહ્યું, પણ દેવેન્દ્રને તો આવું શિવાલય તથા વાડીની રમણીયતા તથા એકાંત સ્થળ મુકી જવું ગમ્યુ નહીં. અને વળી પૈસો પણ જે આવશે તેનો ખપ હજી અગાડી બહુ છે એમ ધારી, જયાશંકરનું ઘર કોઇને ભાડે આપ્યુ, અને રોકડ રકમ સીતાના નામથી વ્યાજે મુકી; એટલે હાલમાં તો એને પોતાના પગાર ઉપરાંત સારી આવક જારી થઈ. સીતા, આ બધું લક્ષ્મીભાભીનાં શુભ પગલાંને લીધે છે એમજ કેહેતી-માનતી, અને લક્ષ્મીને તો સાક્ષાત્ લક્ષ્મીની પેઠેજ પૂજતી-માન આપતી. લક્ષ્મી પણ પોતાના પતિને મુખે સીતાનુ પૂર્વ વૃતાન્ત સાંભળી, કુટુંબના એક વડીલ તરીકે-અરે સાસુ લેખેજ તેનો સત્કાર કરતી હતી. આ પ્રમાણે દેવેન્દ્રનો ગૃહસંસાર નણંદ ભોજાઇ-એક અનુકરણિય નણંદ ભોજાઇ, હળીમળીને, શાન્તિથી, પ્રીતિથી ચલાવવા લાગ્યાં.

અન્યને મુખે મ્હોટા કહેવડાવવું, કહેવડાવવાની ઇચ્છા રાખવી,- " જોરાવરીના જુહાર "-કરાવવા, સત્તાના બળથી સન્માન પામવું, એમાં કાંઈ ખરી મ્હોટાઈ નથી. સન્માન એ સદ્‌ગુણનું સ્વાભાવિક પરિણામ છે. સન્માન એ સદ્‌ગુણ ઉપરનો મોહ છે. જો સદ્‌ગુણ સિદ્ધ થયો તો સન્માન શરીર પછાડી છાયા પ્રમાણે લાગેલું જ છે, માટે તેને અર્થે ખાસ પ્રયાસની કાંઇ અગત્યજ નથી; પણ શોચનિય વાત એ છે કે આધુનિક પ્રજા માનને પ્રથમ ગણી સદ્‌ગુણને માત્ર

તેનો સાધક ગણતાં શીખી છે, અને તેથી સદ્‌ગુણની સંક્રાન્તિ દંભમાં થવાનો ભય છે. વિદ્વાન કે શ્રીમાન થવું સર્વે મનુષ્યના હાથમાં નથી. સદ્‌ગુણી થવું એ રાયથી તે રંક સુધી કોઇની પણ પોતાની સત્તાની વાત છે; અને જેમ જેમ એ સદ્‌ગુણ નિઃસ્વાર્થપણાથી અમલમાં આવે છે—જેમ જેમ એ સદ્‌ગુણ સદ્‌ગુણને માટેજ સચવાય છે—જેમ જેમ એ સદ્‌ગુણ કોઇ પણ સંસારી, સ્વાર્થી લાભના સાધકરૂપે નથી વપરાતો, તેમ તેમ તેની કોઈ અલૌકિક—જાદુઇ—શક્તિ મનુષ્ય અનુભવે છે. ખરો સદ્‌ગુણ—ખરી કુલીનતાની મ્હોટાઈ—કુલીન હૃદયમાં સ્વપ્ને પણ સ્ફુરતી નથી. સીતા પોતાને ધન મળ્યું તે છતાં એમજ માનતી હતી કે એ તો બધું—"લક્ષ્મીનાજ પગલાંનો પ્રતાપ છે. એનાજ ભાગ્યનું છે અને હું તો નિમિત્ત માત્ર ઘુ—દલાલ છું." ભોળી લક્ષ્મી એમજ હસતી કે,—"તમને તમારા સસરાજી ધન આપી ગયા તેમાં વળી મ્હારાં પગલાંએ તે શો મોરચો માર્યો?" આ પ્રમાણે નણંદ ભોજાઈ પોતાને મ્હોટા માન્યા વિના અન્યોઅન્યના મનમાં સન્માન પામતાં હતા. આવો નણદ ભોજાઇનો શાન્ત સબધ જો હિન્દુ સંસારમાં બધાય—જો એક બીજાને બ્હેન તરીકે ગણે તો પછી કકાસનું સુખ શાનુ જોવાય?

હવે દેવેન્દ્રના કુટુંબને સુખનાજ દિવસો જોવાના હતા. લક્ષ્મી આવ્યા પછી બે વર્ષે તેના સીમંતનો શુભ અવસર આવ્યો; અને પોતાની પૂર્ણ હોંશથી આપણી ઉદાર સીતાએ, સ્ત્રીઓને અતિપ્રિય એવા આ પ્રસંગનો લ્હાવો, નિર્ધન માતાપિતાને ત્યાં ઉછરેલી કુલીન સ્વભાવવાળી ભોજાઇને લેવરાવ્યો.

લક્ષ્મી ને બધાં મળી ત્રણ સંતાનની પ્રાપ્તિ થઇ. તેમા પ્હેલા ખોળાનો પુત્ર થયો તેનુ નામ નાગેન્દ્ર પાડયુ. પછી પાંચ વર્ષને અંતરે એક પુત્રી થઈ તેનું નામ સીતા ફોઇએ વિલાસ રાખ્યુ, કેમકે એ ફુટડી તથા મીઠા લોહીની હોવાથી સર્વેની આંખોને વિલાસનુ સ્થાન થઇ પડયુ હતું. વિલાસ પછી પાંચ વર્ષને અંતરે એક પુત્ર થયો તેનુ નામ રાજેન્દ્ર આપ્યુ.

દુઃખનો એક દિવસ એક વર્ષ જેવો લાગે છે, પણ સુખના વર્ષોના વર્ષો એક પલકમાં વહી જાય છે તે પ્રમાણે હાલમાં, જીવન સમુદ્રમાં આપત્તિ પરંપરાના ભારે તોફાન પછી, દેવેન્દ્રનું કુટુંબ શાન્ત—સંપી—મધુર બન્યું હતું; અને સંસારસુખના થોડાં વર્ષો સ્વપ્નાની પેઠે

વહી ગયાં હતાં, કે જેમાં આપણને નોંધ લેવા યોગ્ય કશું બન્યું નહોતું. માટે પ્રિય વાંચક ! તું પણ આ સમયપર છલંગ મારી વર્તમાનના કીનારાપર આવ કે આપણે એ સમુદ્રની સપાટીપર ધીમે ધીમે સ્ફુરતી સુખદ–સ્વાભાવિક–નવલ લહરીનું અવલોકન કરીએ. નાગેન્દ્રની વય આ સમયે સત્તર વર્ષની થઇ હતી, અને આજ વર્ષમાં મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં પસાર થયો હતો. સીતાફોઇને એને મુંબઇ ભણવા મોકલવાનું ઘણું મન હતું, પણ નાગેન્દ્રને એમજ લાગ્યુ કે આમ એલ. એલ. બી. થવાને મુંબઇ રહેવું પડે છે અને મુનસફની પરીક્ષામાં ચંદ્રનગરમાંજ અભ્યાસ કરીને પસાર થઇ શકાય એમ છે, તો પછી સીતાફોઇના પૈસા ફોકટ શાને ખરચવા જોઇએ ? તેથી એણે ચંદ્રનગરમાંજ રહી અભ્યાસ શરૂ કર્યો અને વળી ખાનગી શિક્ષણ પણ આપવા જતો હતો, કે જેથી ઉલટો પોતે ઘરમાં પણ ભારે પડે નહીં.

વિલાસ પણ આ પ્રસંગે બાર વર્ષની થઈ હતી. આવી સાક્ષાત્ લક્ષ્મી જેવી લક્ષ્મી અને સીતા જેવી સીતાના હાથ નીચે જેની બુદ્ધિ સંસ્કૃત થઈ છે, એવી વિલાસનામાં કિશોર વયથીજ લક્ષ્મીની નિષ્કપટતા અને પરમાર્થ બુદ્ધિ, અને સીતાની વિદ્યા અને ઠરેલપણાએ વાસો કર્યો હતો; અને આ બધામાં તેનુ શરીર સૌંદર્યે કાંઇ અદ્‌ભુત ચારૂતાનો સંભાર ભરતું હતું.

આજ સુધીમાં મુંબઇના ધનાઢ્ય વ્યાપારી અનંતરાય બક્ષીની સ્ત્રી મૃત્યુ પામી. એનું વતન ચંદ્રનગરમાંજ હતું તથા મ્હોટાં ઘરબ્હાર પણ હતાં, એટલે ત્યાં ઘણીવાર આવતો જતો હતો; પણ વ્યાપાર મુંબઇમાં એટલે વિશેષભાગ ત્યાજ રહેતો હતો. એણે વિલાસને જાતે જોઈ હતી, તેથી અત્યત આતુરતાથી માગું કરાવ્યુ. અનંતરાયની વય આસરે ત્રીસેક વર્ષની હતી તથા પ્હેલી સ્ત્રીને કાંઈ સંતાન પણ નહતુ, અને તેમાં વળી કુટુબ પણ ખાનદાન હતું એટલે સીતાએ એ માગુ સ્વીકાર્યું.

દેવેન્દ્રનો પણ ધીરે ધીરે દરમાયો વધ્યો હતો, તેથી એની અને નાગેન્દ્રની શિક્ષણની આવક મળી ઘરનો ખર્ચ તો એમનો એમ ચાલતો હોવાથી, આટલાં વર્ષમાં ન્હાના મ્હોટા ખર્ચો જતાં સીતાની રોકડ રકમમાં વ્યાજ વધીને સારો વધારો થયો હતો. તેથી નાગેન્દ્રને પણ વિલાસના ભેગો પરણાવી લેવો એવો સીતાનો વિચાર

થયો. વ્હીતાં વ્હીતાં સીતાએ એક દિવસે દેવેન્દ્રને પુછ્યુ, " ભાઈ! વિલાસની સાથે સાથે નાગેન્દ્રને પણ વિટાળી લેવાનો મ્હારો વિચાર થાય છે."

" કાજીજી દુબલે કયુ તો કે સારે શેહેરકી ફીકર." સૌ એની મેળે ભણશે, કમાશે ને પરણશે એતો જંજાળ રોજની છે તું તો ત્હારા દેહનુ કાંઈ સાર્થક કર. હવે એ પૈસા હોય તો પરમાર્થમાં વાપર. કાંઈ તીર્થાટન કર."

" મન ચગા તો કથરોટમે ગંગા." અનત નિર્વિકાર પરમાત્મા સર્વ વ્યાપક છે અને તેને અમુક સ્થળે કે અમુક વસ્તુમાં કયાં સોધવા જવું પડે એમ છે ? શ્રદ્ધા એજ વિજયની માતા છે. અદષ્ય પર દઢ આધાર એજ મનુષ્યને ઉર્ધ્વ ગતિપર લઇ જાય છે અને તેજ અદષ્ય સત્વ અત્રે પણ છે. વળી પ્રાચીન કાળમાં કોઇ સાધુસતોના પ્રત્યેક તીર્થોમાં આશ્રમો–સમાધી વિગેરે હતાં, તેથી તેઓની પવિત્ર પ્રભા (Magnetism) ત્યા શ્રદ્ધાથી જનારના અતરની શુદ્ધિ કરી તેઓને શુભ વાસનામાં દોરવતી હતી; પણ હાલમાં તો અંતર શુદ્ધિને બદલે માત્ર શરીરનો મળ તથા વસ્ત્રોનોજ મળ ત્યા ધોવામાં આવે છે, અને તેથી મ્હારૂ હૃદય તો કાંઈ આકુચિત થાય છે. બીજુ આ પણ એક પરમાર્થજ છે કેની ? તીર્થાટન કરવુ એ ગમે તેવુ તોપણ સ્વાર્થી સુખ છે. અને આમાં તો બિચારાં છોકરાં સુખી થશે."

"સીતા ! તું જે કેહે છે તે ત્હારા જેવીને માટે તો સત્ય છે, પણ મધ્યમ પક્તિના જડબુદ્ધિના અને માત્ર સસાર વ્યવસાયમાં રોકાયલા જીવોને આ વાત મનમાં ઠસવી અતિ કઠિન છે. આપણા આર્ય વડીલોએ ઉત્તમ ધર્મ પદ્ધતિની બાંધણી શી ખુબીથી બાંધી છે ! જે કાર્ય કરવું તે ઇશ્વરાર્પણ બુદ્ધિથીજ કરવું. આર્ય પ્રજાના સસાર, વ્યવહાર, મોજમઝા, સર્વેમાંજ ધર્મને ગુંથી દીધો છે ગજીપા, જ્ઞાનચોપટ વિગેરે જેવી રમતમાં પણ રામ લક્ષ્મણનું સ્મરણ થાય છે, દેશાટણ પણ ઇશ્વરને અર્થે, વાર તેહેવાર અને વર્ષના માંગલિક દિવસો પણ ઇશ્વરને અર્થે, નિત્ય ભોજન કરવું તે પણ ઇશ્વરની પ્રસાદી, નિત્ય અંગ કસરત માટે પણ દેવદર્શને દેવાલયમાં જવું અથવા તો સૂર્યને નમસ્કાર કરવા, તુલસીની પ્રદક્ષિણા કરવી, સંગીત–કથા વિગેરે પણ ઇશ્વરનાજ સમક્ષ, અરે જીવવું એ પણ ઇશ્વરનીજ સેવા,

મનુષ્યની સેવા, દુર્જનોની સેવાને માટે! પથ્થરમાં ઈશ્વર! નદીમાં ઇશ્વર—વૃક્ષોમાં ઈશ્વર—આકાશમાં ઇશ્વર—સૂર્ય ચંદ્રમાં ઈશ્વર—તારા નક્ષત્રોમાં ઇશ્વર—પૃથ્વી માતામાં ઇશ્વર—ગાયમાં ઈશ્વર—રાજા પણ ઇશ્વરનો અંશ—અગ્નિમાં ઈશ્વર, વાયુમાં ઇશ્વર, તાત્પર્ય કે સર્વેમાં ઈશ્વર ઇશ્વર ઇશ્વર છે. અજ્ઞાન મનુષ્યો એમ માને છે કે હિન્દુઓ તો ઘણા દેવોને પૂજે છે. પણ एको देवः सर्वभूतेषु गूढः એકજ ઇશ્વર સર્વમાં વ્યાપ્ત છે. શ્રીકૃષ્ણ ભગવાન જાતેજ ગીતામાં પોતાની વિભૂતિઓ ગણાવે છે તે કેમ ભુલી ગઇ? " ભાંગ્યું તો પણ ભરૂચ–" એમ હજુ પણ શ્રદ્ધાથી તથા યોગ્ય પવિત્રતાથી જનારાઓને માટે તીર્થોનું દૈવત છેક ગયું નથી."

"આજે જો હિન્દુઓ આવી ઉત્તમ પદ્ધતિને વળગી રહેતે તો આવી અધમ દશાએ પ્હોંચતેજ નહી. આર્યભૂમિપર કેટલાઓ રાજ્યકર્તા થઇ ગયા, કેટલાઓ હુમલા થયા, દેવલોના ચૂરેચૂરા થયા, ધર્મ પુસ્તકો બળી ગયાં, તે છતાં પણ આજે એ ધર્મ એનોએજ છે! ધર્મમાં બધું છે; પણ શ્રદ્ધા વિના શું?:—"

"આહા! શાસ્ત્રસુરંગ રંગ તુજને, રત્નોથી છે તું ભરી,
"તેનું મૂલ્ય કરે ન કોક અહિંઆ, દે છે ઝવેરી કરી;
"માને મૂર્ખ ન જે મદોન્મત જરી, કહે જે ઝવેરી જનો,
"સંસારાબ્ધિતરંગમાં ટળવળે, શો દોષ ભગવાનનો?

આ શ્લોક બોલાયા પછી બન્ને જણા વિચારમાં રોકાયલાં, ચકચકિત ચંદ્રની સ્હામું જોતાં, એક ક્ષણભર મૌન રહ્યાં. પછી સીતા ધીમે ધીમે બોલી: "ભાઈ! હુ હમેશજ કહું છું કે જ્યાં ધર્મની કોઈ પણ વાત આવે છે કે ત્હારૂં મગજ હાથમાં રેહેતું નથી; તું બહુ આકુળો થઈ જાય છે. પણ હવે મેં કહ્યું તેનું શું? ત્હારી ઇચ્છા હશે તો તીર્થાટન પણ કરીશું. મ્હારા જે રોકડ રૂપિઆ હતા તે તો અનામત છે. મ્હારે પૈસાનું બીજું શું કામ છે? આ બધી વાડી પ્રભુએ આપી છે એટલે હું ભુખે તો નથી મરવાની. ને વળી હવે છોકરાઓ રળતા-કમાતા થશે પછી મ્હારે પૈસાની કાંઇ જરૂર પણ પડવાની નથી; માટે મ્હારે તો આ છેલ્લો અવસર છે! અરે હવે તો ઈશ્વર કરશે તો લક્ષ્મીનો વરસાદ વરસશે. બહુ વાર નથી."

ઉપકારવૃત્તિમાં મુઝાતો દેવેન્દ્ર મ્હાત થયો; અને સીતાનું ધન તો જાણે અક્ષય પાત્રજ હોય નહીં તેમ જે રૂપિઆ વ્યાજના વધ્યા

હતા તેમાંથી પહેલું નાગેન્દ્રની વહુને ચ્હડાવ્યું, અને ઘણી ધામધુમથી હૃદયના ઉમળકા સાથે વિલાસ અને નાગેન્દ્રનાં લગ્નો કર્યાં.

વિલાસ મુંબાઇમાં રાજ્ય વૈભવનું સુખ ભોગવવા લાગી. થોડાં વર્ષ પછી નાગેન્દ્ર વકીલની પરીક્ષામાં પાસ થયો, અને તેને ઘણીજ ટુંક મુદતમાં પ્રથમજ રૂ. ૧૫૦) ની મુનસફની જગ્યા સતારામાં મળી. સીતા, હીરાવહુને ઘર માંડી આપવાને સતારે ગઇ.

આ પ્રમાણે હવેથી દેવેન્દ્ર કુટુંબના ઉદયકાળનો બાલસૂર્ય પૂર્ણ પ્રકાશથી દૃષ્ટિમર્યાદાની ઉપર ચાલવા લાગ્યો; અને એ ઉદયબાલના માતૃત્વનું માન તો કુટુંબતારિણી સીતાનેજ છે. ભગ્ન થયલા હાડને ચતુરાઇથી બાંધવું એજ કઠિન છે–નિર્બલ થયલા શરીરને કળાથી થોડો કાળ પુષ્ટિ આપી નિભાવવામાંજ વૈદ્યવિદ્યાની કુશળતા છે–પ્રારબ્ધ વાયુના ઝપાટામાં ઓલાઈ જતા દીપકને હાથ દઈ સજીવન રાખવામાંજ પુરૂષાર્થની પ્રતિષ્ટા છે; પછી તો સ્વાભાવિક રીતે શરીરની અન્તર્ક્રિયાઓથી હાડ સંધાય છે–શરીર આરોગ્ય થાય છે અને સંસાર દીપક પોતાની પ્રથમ જ્યોતિથી પુનઃપ્રકાશ આપે છે. તે પ્રમાણે અણીને સમયે ગૃહનૌકાને ડુબતી અટકાવનાર ચપળ નૌકાશાસ્ત્રી સીતાની નિપુણતાથી, ઉદારતાથી, બંધુ પ્રેમથી દેવેન્દ્રનો ગૃહસંસાર તર્યો. પવિત્ર વિધવા ' સીતાના આ શુદ્ધ ચરિત્રના દર્શણ કરી અધિક પવિત્ર થજે–નિર્બલ વિધવા ' આ સીતાદેવીનુ સદ્‌વર્તન ત્હારા હૃદયમાં લખી રાખજે–તેના જેવી થવાને મથજે–ત્હારી નિર્બલતાનો ગુપ્ત પશ્ચાતાપ કરજે–અને એક ભુલ તો બ્રહ્મા પણ માફ કરે છે એમ વિચારી હવે પછી તેની પુનરૂક્તિ ન થાય તેને માટે સાવધાન રેહેજે. અને જો એમ કરીશ તો ત્હારૂં દુસ્તર વૈધવ્ય તને સુલભ થશે–દેહના સાર્થક્યની સીમાએ તને લઇ જશે; અને જે અવકાશ સૌભાગ્યવતી–સંસાર જાળમાં ગુંથાયલી અને ચિન્તા, દુઃખ અથવા ભોગવિલાસમાં ગુંચવાયલી સૌભાગ્યવતીને નથી, તે તને મળશે–તેથી આત્મોન્નતિની નીસરણીપર તેના કરતાં એક પગથીઉ વધારે ચ્હડીશ.

હવે રાજેન્દ્રને વિશે થોડુ બોલી આ પ્રકરણ સમાપ્ત કરીશું "પુત્રનાં લક્ષણ પાલણામાંથી"–તેમ આ ભવિષ્યમાં ઉચ્ચ પદ્દીએ પ્હોંચનાર રાજેન્દ્રની ચપળતા અને તીવ્ર બુદ્ધિ, તેની નિર્દોષ રમતગમતો અને મધુર કાલા શબ્દોમાંથીજ સ્ફુરતી હતી–ચમકતી હતી. તે સૌથી ન્હાનો છોકરો હતો એટલે સ્વાભાવિક રીતે દેવેન્દ્ર, સીતા,

લક્ષ્મી એ સર્વેનું તેનાપર ઘણુંજ હેત હતું. વળી હવે પૈસા ટકાની પણ ઇશ્વિરે કૃપા કરી હતી એટલે મનમાન્યા લાડથી પુત્ર ઉછેરવાનો પ્રથમ સમય તો તેઓને રાજેન્દ્રનેજ માટે આવ્યો હતો. આથી નિર્ધનતાથી જે ન્યુનતા નિર્દોષ બાળકના સુખમાં આવે છે તે તેણે ભોગવી નહીં, પણ એક ગર્ભશ્રીમત તરીકેજ એણે તો સંસારનો અનુભવ શરૂ કર્યો. તે રમતીઆળ તથા મસ્તીખોર ઘણો હતો તેથી ઘણો શ્રમ અભ્યાસમાં કરતો ન હતો, પણ સ્મરણશક્તિ ઘણી સારી હોવાને લીધે કાંઇ પણ એક વખત વાંચ્યું કે તેને યાદ રેહેતું હતું, વર્ગમાં પ્હેલો બીજો નંબર રાખતો હતો, અને પરીક્ષામાં ઇનામો મેળવતો હતો. ઇંગ્રેજી ચોથા ધોરણથી તો માસિક ચાર રૂપિઆની સ્કોલરશીપ છેક સાતમા ધોરણ સુધી મળતી હતી, એટલે એણે અત્યારથીજ પોતાનો ખર્ચ ઉપાડી લીધો એમ કહીએ તો ચાલે. એ સોળ વર્ષની વયે મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં પસાર થયો, અને એને તો સીતા ફોઇએ મુંબઇ મોકલવાનો દઢ સંકલ્પ કર્યો હતો, ને તે પણ પોતાનેજ ખર્ચે.

વિલાસના પર અનંતરાય અત્યત પ્રીત રાખતો હતો—તેની સુશીલતા—નિર્દોષતા પર મોહિત થયો હતો. અને પ્રિય વાંચક ! તું જાતેજ કહેશે કે તેની પ્રીતિ સદ્પાત્રમાંજ ઢળી હતી. અનતરાયને માતાપિતા હતા નહી તથા આગલી સ્રીનુ પણ કોઇ સતાન નહતું, તેથી વિલાસ સ્વતંત્ર ગૃહિણી હતી અને તેમાં પતિનો નિરૂવધી પ્રેમ પછી પુછવું શુ ? આ બધામાં વળી ઇશ્વરે એક કુલદીપક—ભવિષ્યનો પેઢી ચલાવનાર—પુત્ર રત્ન પણ આપ્યું હતું; એટલે જ્યારે અણમાનિતીને પુત્ર મળે તો માનિતી થાય છે, તો પછી આવી શ્રીમંત પતિથી પૂજાતી પ્રિયાના માનમાં શી ન્યુનતા હોય ?

રાજેન્દ્ર મેટ્રીક્યુલેશનમાં પસાર થયો ત્યારે વિલાસ પણ ચંદ્રનગરમાંજ હતી. એણે રાજેન્દ્રને મુંબઇમાં પોતાને ત્યાંજ રેહેવાને આગ્રહ કર્યો, પણ પ્રથમથી સ્વતત્ર વિચારના રાજેન્દ્રને કોઇનો ઉપકાર લેવાનું ગમ્યુ નહીં. વિલાસે ઘણું કહ્યું પણ રાજેન્દ્રે પોતાનો વિચાર બદલ્યો નહીં, તેથી વિલાસને ઓછું આવ્યું અને બોલી:— “ મ્હારા સમ ! જો આ હું મ્હોનું કેહેતી હોઉં તો. ને એમના તરફનો જો તને કાંઇ આચકો હોય તો, આ એ તો તું જ્યારનો પરીક્ષા માટે આવ્યો હતો ત્યારનાં કહ્યા કરે છે, કે રાજેન્દ્રને આ-ઓ-

રડો અભ્યાસને માટે આપીશું–ને આમ કરીશું ને તેમ કરીશું; ને મને ખાસ કહ્યું છે કે જો એ પરીક્ષામાં પાસ થાય તો ત્હારી સાથેજ મુંબઇ લેતી આવજે, માટે હું તો હવે તને લીધા વિના જવાની નથી. હું ત્યાં હોઉં ને તુ બીજે કંઈ રહે એટલે અમે તો ત્હારે મનને કાંઇ કેવા ?"

પોતાની પ્રિય વસ્તુનામાં દોષનુ આરોપણ થવાથી પ્રેમી અંતરમાં ઘણો ખેદ થાય છે; અને તેથી આટલું કહેતાં જાણે પોતાના પતિને કાંઈ હલકાઇનુ આરોપણ થયુ હોય, અને પોતાપર ભાઇને કાંઈ હેત નહીં હોય, એમ પોતાને માનભંગ થયલી ધારતી–ઓછું આણતી વિલાસ ગળગળી થઈ ગઈ અને આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં.

વિલાસનું હૃદય ઘણુ કોમળ હતુ અને સ્વભાવે ઘણી રાંક હતી, તેથી સ્હેજ સ્હેજમાં આંખમાં પાણી આવી જતુ હતું. તે ઉપરથી રાજેન્દ્રે હસતાં હસતાં કહ્યુંઃ–" વિલાસ, ત્હારી આંખમાં તે કાંઈ જીવતાં ઝરણ છે કે શુ ? આમાં તે વળી રોવુ શુ ? હુ તો સ્હેજ જોતો હતો કે તું ખરા મનથી કેહે છે કે અમસ્તું. ત્હારૂં ઘર મુકીને તે વળી હુ કોને ત્યાં જવાનો હતો ? ચાલ હવે ખુશી થઇ ?"

તરત બંધ પડેલી વૃષ્ટિ પછી સૂર્યપ્રકાશમાં ઝળકતી પાણીથી છંટાયલી કમળની કોમળ પાંખડી પ્રમાણે, વિલાસની અશ્રુભરી આંખો આનંદ નૃત્ય કરવા લાગી; અને થોડા દિવસમાં માતાપિતા અને ફોઇના આશીર્વચનની પુષ્પવૃષ્ટિ વચ્ચે આ ભવિષ્યનો મહાપુરૂષ પ્રેમી ભગિની સાથે મુંબઇ ગયો.

અનંતરાયનો મ્હોટો માળો કાલબાદેવીના રસ્તાપર હતો અને પ્રથમ તે તેમાંજ રહેતો હતો; પણ વિલાસના જવા પછી વેપારમાં સારો નફો થયો અને તેથી તેણે એક સુંદર બંગલો વાલકેશ્વરના ડુંગરપર બાંધ્યો, જેનુ નામ તેણે " વિલાસ કુંજ "–રાખ્યુ. હાલમાં તે ત્યાંજ હમેશ રેહેતો હતો. વાહન વિગેરેની પુરતી સગવડ હતી, એટલે રાજેન્દ્રને કોઈ પ્રકારની ન્યુનતા હતી નહીં. માનિતી પ્રિયાના પતિને પ્રિયાની વસ્તુ, પશુ કે પ્રિયજનોપર પ્રેમ હોય એ સ્વાભાવિક છે, તો રાજેન્દ્ર વત્સલ વિલાસને ત્યાં પુષ્પની પેઠેજ પૂજાય તો તેમાં શી નવાઈ ?

રાજેન્દ્રને પોતાની કોલેજની ફીનો ખર્ચ પણ ઘેરથી મંગાવવો નહોતો

પડતો, કેમકે મેટ્રીક્યુલેશનમાં એ ઉંચે નંબરે પાસ થયો હતો એટલે રૂપિઆ ૨૦) ની માસિક સ્કોલરશીપ એને મળતી હતી. એવીજ રીતે પ્રત્યેક વર્ષે પણ મળી અને શિક્ષકોની સાબાશી તથા ઉંચા અભિપ્રાય સાથે, એકવીસ વર્ષની વયે તે ભાષાઓ લઇને એમ. એ. ની પરીક્ષામાં પ્હેલો આવ્યો અને તેને કીંમતી ચાંદ મળ્યો.

એણે પ્હેલી એલ્. એલ્ બી. ની પરીક્ષા પાસ કરી હતી અને બીજીને માટે ટર્મો ભરી હતી, એટલે હવે એને મુંબઇમાં રેહેવાની અગત્ય નહીં હોવાથી, તે અભ્યાસને માટે ચંદ્રનગરમાં આવ્યો. અનતરાય અને વિલાસને આ વિયોગથી દુઃખ બહુ થયું. આટલા ટુંક સમયમાં એણે ઘરના ન્હાનાથી તે મ્હોટા સર્વે માણસની એટલી તો પ્રીતિ મેળવી હતી, કે ન્હાનો નૈશધ પણ એ ગયા પછી ઘણા દિવસ સુધી રોજ સ્હવાર પડે કે મામાજીનું સ્મરણ કરતો હતો.

આ પ્રમાણે પ્રિયજનના વર્ષોના સયોગનો આનંદ, વિયોગની એક ક્ષણમાં અશ્રુવારીરૂપે પીગળીને નીકળી જાય છે, અને પછી સંયોગના હર્ષના કરતાં વિયોગના વિષાદની વેદના દુપટ થાય છે. સંયોગ–વિયોગ, સુખ–દુખ, હર્ષ–વિષાદ, રાગ–દ્વેષ વિગેરે દ્વંદ્વો એજ માયાનું મૂળ છે–એજ ઇશ્વિરી અંશને માયાનું ભાન કરાવે છે–જગત્ જાળમાં ગુંચવે છે. વસ્તુ માત્ર નાશવંત છે અને જેના સુખનો આધાર કોઈ વસ્તુપર છે, તેને તે વસ્તુનો નાશ થયેથી વિયોગ દુઃખ થાય એ સૃષ્ટિનો નિયમ છે. તેથી જે મહાત્માપુરૂષો આ દ્વદ્વથી વિમુક્ત છે–માત્ર એકજ દશા નિરંતર ભોગવે છે–જેની આત્મજ્યોતિ સચ્ચિદાનંદની ગુફામાં વાસના વાયુથી પીડાયા શિવાય અખંડ બળ્યાજ કરે છે–જેના જીવનનો આધાર એક અવિનાશી, સર્વ શક્તિમાન સર્વવ્યાપક, અનંત ચૈતન્ય ૫રજ છે, તેઓ શું સંસારના ઘડીમાં સુખી અને ઘડીમાં દુઃખી એવા ક્ષુદ્રક જીવો કરતાં અધિક સુખી નથી–પૂજનિયુ નથી ?

હવે રાજેન્દ્રે ચંદ્રનગરમાં અભ્યાસ કરવા માંડયો. એ આવો ભાગ્યશાળી તથા ભણેલો હતો, એટલે ઘણા કેહેણો લગ્નને માટે કન્યાની તરફથી સ્હામા આવવા લાગ્યા. ઘરમાં સર્વેની ઇચ્છા હવે ઘણી હતી કે કોઈ પણ સારા ઘરનું માગું સ્વીકારવું; પણ રાજેન્દ્રે તો નિશ્ચય કર્યો હતો કે એલ્. એલ્. બી. માં પાસ થઈ પોતાની

મેહેનતનો પૈસો કમાતા થવાય ત્યારેજ લગ્ન કરવું, કે જેથી જે નવું માણસ આપણા કુટુંબમાં આવે, તેના ખર્ચનો બોજો કુટુંબપર નહી પડે અને તેના બધા અભિલાષો સ્વતંત્રરીતે પુરા પડે. આ પછી બે વર્ષે એલ્. એલ્. બી. માં પણ તે પહેલે નંબરે પસાર થયો અને ઘણા ઉત્તમ ઇનામો મેળવ્યાં. વકીલાત કરવાને મુંબઇની હાઇ કોર્ટની એણે સનંદ લીધી, કેમકે એને એડવોકેટની પરીક્ષામાં જવાનો વિચાર હતો.

ન્હાના નિર્બળ ટુંક જીવનવાળા છોડવાઓને નિરંતર સંભાળ તથા પાણીની અગત્ય હોય છે, પણ દીર્ઘકાળ રેહેનારા—પોતાની છાયા તળે બેસનારને સુખશાન્તિ, ફળફુલ આપનારા, મ્હોટા વૃક્ષોને તો માત્ર તેઓની બાલ્યાવસ્થામા થોડી કાળજીની કદાચ જરૂર પડે છે, તે પ્રમાણે ભવિષ્યમાં મહાપુરૂષ થનાર રાજેન્દ્રે માત્ર છેક બાલ્યાવસ્થામા માતાપિતાની સહાય લીધી, અને પછી સ્વપરાક્રમે—સ્વબળેજ તેની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ચાલી. સ્વબળપર આધાર—સ્વાશ્રય એજ ઉભય દુનિયાના સુખોનો સાધક છે—ઉન્નતિના દુસ્તર સમુદ્રની નૌકા છે. પ્રિય-વાંચક! જો તોફાની સંસાર સમુદ્રને તરવો હોય—માયાની જાળ તોડી નાખવી હોય—સ્વરૂપનુ જ્ઞાન મેળવવું હોય—ત્હારામા રહેલા ગુપ્ત ઇશ્વિરી અંશને દૈવી પ્રકૃતિને સતેજ કરવી હોય—મુક્તિને કીનારે જઇને બેસવુ હોય—ત્હારૂ નિવૃત્તિમાર્ગ તરફ વલણ હોય, તો તે એજ સ્વબળનો આશ્રય લે. અને જો આ ભવાબ્ધિમાં ડુબવુ હોય—એમાં ગરક થવું હોય—એને તળીએ જઈ ઇન્દ્રિઓને ક્ષણવાર મોહ પમાડનાર મુક્તા, પ્રવાળની પ્રાપ્તિ કરવી હોય—માયાવી ક્ષણિક સુખ સ્વપ્નોનો અભિલાષ હોય—ત્હારા પશુ ભાગને—આસુરી પ્રકૃતિને પુષ્ટિ આપવી હોય—પ્રવૃત્તિ માર્ગનો ઉત્સાહ હોય, તો તે પણ એજ સ્વબળથી સધાશે. પુરૂષાર્થની ઉભયમાં એકસરખીજ અગત્ય છે. એ બળ ડુબવામા વાપરવું કે તરવામાં એ પ્રશ્નનો ઉત્તર પ્રત્યેક મનુષ્યનુ પોતાનુજ હૃદય આપી શકશે

પ્રકરણ ૪ થું.

વસંતસુંદરી.

મંદાક્રાન્તા.

ધોળાધોળા, કમલ સરખા, હસ્ત ત્હારા સુંવાળા,
ઝીણા ઝાઝા, મનહર અતિ, કુમળા કેશ કાળા;
ગુણે જ્ઞાને, વિનય વચને, ચિત્તને ઠારનારી,
કહોને ભાગ્યે, લલિત પ્રતિમા, તું લખાઈ વિધીથી?

એક સમયે વસંતઋતુની મનહર પ્રભાતમાં ચંદ્રનગરના કોઇ ધાર્મિક રાજ્યકર્તાએ બંધાવેલા, મૃણાલિનીના એક ચકચકિત આરસના ઘાટપર, બાલસૂર્યનો મધુરો-કોમલ-પ્રકાશ પડવો શરૂ થયો હતો, અને શીતળ જળમાં સ્નાન કરી રહેલા, ગુલાબી ટાઢમાં હુંઠવાતા, સ્ત્રી પુરૂષોને હુંફ આપતો હતો લીલોતરીવાળા મનહર કિનારાપર ગાયો તથા ભેંસોના ટોળાં કલ્લોલ કરતાં ચરતાં ફરતાં હતાં; અને ગોવાળીઆ મ્હોટાં વૃક્ષો નીચે બેસી, મનહર વાંસળી વગાડી, મ્હોટે સાદે જંગલી પણ મધુર દુહાઓ બોલી, એક બીજા સાથે બાઝાબાઝી કરી, કુસ્તીઓ રમી, ઝાડોપર ચ્હડી, અને એવા પ્રકારની અનેક નિર્દોષ રમતગમતો કરી પોતાનો કાળ આનંદમાં ગાળતા હતા. આકાશ સ્વચ્છ હતું તોએ કોઇ સફેદ વાદળીઓ આમ તેમ દોડાદોડ કરતી હતી. પોપટ, મેના, કાબેર, બુલબુલ, હોલા, કાગડા વિગેરે નાના પ્રકારના પક્ષીઓ આમતેમ આનંદમા ઉડાઉડ કરી રહ્યાં હતાં. *તાડ, નાળીએરી વિગેરે ઉંચાં વૃક્ષોપર બેસી, શમડી કંઈ વસ્તુપર ઝડપ મારવી તેને માટે વિચારમાં ડુબેલી દેખાતી હતી; અને સફેદ બગલાંના ટોળાં, ઇંગ્રેજી કવાયદ વિદ્યાના જ્ઞાન વિના, નિયમિત રીતે ઉપર જતાં, નીચે જતાં, પાછાં ફરતાં અને એકદમ કોઇ કાદવવાળી જગ્યાપર ઉતરી, માછલાંઓપર હલ્લો કરતાં હતાં.

નીચ સ્ત્રીઓ ન્હાતાં ન્હાતાં એક બીજાની મશ્કરી કરતી, સાસુ નણંદની કુથલી કરતી, લુગડાં ધોતાં છાંટા ઉડાડતી અને ચોરીને

---

* Bish Braksha.

શીરજોરી તેમ કુલીન સ્ત્રીઓ સાથે લડી પડતી, ધાટપર કિલકિલાટ કરી મુકતી હતી, કે જે જોઈ ઉપર ઉભેલા તટસ્થ દૃષ્ટાને કાંઈ વિલક્ષણ આનંદ થાય. આજે વસંતપંચમીનો દિવસ હતો એટલે કુલીન સ્ત્રીઓ પણ હમેશ કરતાં વિશેષ હતી, અને તેથી ઓવારાની શોભા કાંઈ અધિક રમણીય ભાસતી હતી. તેમાંની પુખ્ત વયની સ્ત્રીઓ સ્નાન કરતીં વિવિધ વાતો કરતી હતી; મધ્યમ વયની દેખાવડી સ્ત્રીઓ કોઇ પોતાનું માથું મટોડાંથી ચોળી પોતાનાં લાંબા કેશને કાંસકીથી સમારતી હતી, તો કોઈ ભીને વસ્ત્રે સૂર્યનારાયણને પુષ્પો ચ્હડાવી નમસ્કાર કરતી હતી; અને કોમળ વયની શરમાળ યુવતીઓ એક બુડકી મારી લજ્જાભરી સત્વર બ્હાર નીકળતી હતી. કેટલાએક શાન્ત પવિત્ર બ્રાહ્મણો સંધ્યા, પૂજા, જપ વિગેરે નિત્ય કર્મમાં રોકાયા હતા; કેટલાએક શ્રીમત યજમાનોની સરભરામાં "હાજીહા" કરતા આમથી તેમ અથડાતા હતા; અને કેટલાએક તરતજ સ્નાન કરી કાંઇ બડબડતા બડબડતા, પોતાની સાથરીપર બેસી, ભિભૂતી લગાવી, શિખામાંથી પાણી ખંખેરતા ખંખેરતા ફુટડી સ્ત્રીઓપર વારંવાર દૃષ્ટિ નાંખતા હતા.

વસંતસુંદરીનો જન્મદિવસ વસંતપંચમીનો હતો. તેથીજ એનું નામ એના પિતાની ઇચ્છાથી **વસંતસુંદરી** રાખવામાં આવ્યુ હતું. આજે એને પંદરમું વર્ષ બેઠું હતું. એવી ચૌદ અને પંદર વર્ષની વચ્ચે–બાલ્યાવસ્થા અને મુગ્ધત્વની વચ્ચે હીંચકા ખાતી–નવયૌવનમાં ઝૂલતી, લલિત, રમણીય બાળા પણ આજે મૃણાલિનીમાં સ્નાન કરી પવિત્ર થઇ–કે પછી મૃણાલિનીને પવિત્ર કરી–દાસીએ આપેલાં સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરી, હસ્તમાં રૂપાનુ ઝળકતું, વિવિધ પ્રકારના સુવાસિત પુષ્પોથી ભરેલું, પૂજા પાત્ર લઇ, ઓવારાની સમિપમાં આવેલા શિવાલયમાં પૂજનને માટે ગઈ.

મૃણાલિનીના કીનારાને લગતીજ એક મ્હોટી સડક હતી કે જેને "ઠંડી સડક"–અથવા ઈંગ્રેજીમાં "મોલ" કહેતા હતા. એ સડકની નદીવાળી બાજુપર સુંદર, રોગાનથી રંગેલા લોખંડના કટેરા, કોઇના ગાડીઘોડા વિગેરે પડે નહી તેને માટે, તથા શેહેરની શોભાને માટે કરવામાં આવ્યા હતા; અને બીજી બાજુપર હારબંધ શ્રીમંત લોકોના બંગલાઓ હતા. ઉપર વર્ણવેલા ઓવારાની સ્હામે આવેલો, ન્હાના મ્હોટાં વૃક્ષોથી વિટલાયલો સુશોભિત બંગલોજ વસંતસુંદરીનો

હતો, એટલે તે શિવપૂજન કરી તેમાં ગઇ. તેના પિતા પણ આજે પોતાની એકની એક માતા વિનાની પ્રિય પુત્રીને, તેના જન્મ દિવસે મુખ દર્શન કરી આશિર્વાદ આપવાને નીચેના ઝરૂખામાં—મુંબાઇનું ઇંગ્રેજી વર્તમાનપત્ર વાંચતા, રાહ જોતા બેઠા હતા. વસંતસુંદરી તરતજ આવી પિતાજીને પગે લાગી, અને પ્રેમી પિતાએ ઉમળકા સાથે—"સુખી થાઓ" એવો આશિર્વાદ આપ્યો.

વસંતસુંદરી તરતજ કાંઇક મૃદુ સ્મિત કરી, નીચી આંખો નાખી પિતા પાસેથી માળપર આવી, અને એક પત્ર ખીસામાંથી કહાડી તેને છાતી સરસો ચાંપતી—ચુમ્બતી, ઉપલા ઝરૂખામાં, એક આરામ ખુરસીપર બેસી, ફરીફરી વાંચવા લાગી—એનો શો ઉત્તર દેવો તેનો વિચાર કરવા લાગી. પ્રેમપત્રિકા હોય છે ઘણીજ ન્હાની, છતા તે વાંચવાને—તેનો વિચાર કરવાને—તેનો આનંદ અનુભવવાને ઘણો સમય લાગે એ સ્વાભાવિક છે. માટે આપણી વસંત પણ એનો પત્ર ભલે ધરાય ત્યા સુધી વાંચે, એટલામાં એના વિશે ટુંક ઇતિહાસ આપીશુ.

વસંતસુંદરીનો પિતા ડાકટર રામપ્રસાદ સી. આઇ. ઇ. ચંદ્રનગરમાં ઘણો પ્રતિષ્ટિત ડાકટર હતો અને ત્યાંના સર્વ ડાકટરોમાં તે પ્રથમ ગણાતો હતો. સ્વભાવે ઘણો નમ્ર તથા મિલનસાર હતો એટલે ઘણો લોકપ્રિય હતો; અને ત્યાંના સઘળા ઇંગ્રેજ અમલદારો સાથે પણ બહુ પ્રસંગ રાખતો હતો તથા વગ ધરાવતો હતો. ત્યાંના શેહેર સુધરાઇ ખાતાનો પ્રમુખ પણ તેજ હતો; તથા પુસ્તકાલયો, ઉદ્યોગના કારખાનાઓ વિગેરે અનેક લોકોપયોગી કામોમાં એક પણ એવું નહીં હોય કે જેમાં એનું આગેવાનીપણું નહીં હોય. આવું છતાં પણ એના કેટલાએક સંસારી વિચારોને માટે લોકો એનાપર અંદરથી નાખુશ હતા, અને એને સુધારાવાળો કહેતા હતા. બાળલગ્ન નહી કરવાં, વિધવાવિવાહ કરવો, જ્ઞાતિબંધન નહિ જોઇએ, માંસાહાર નહી કરવો તે છતાં ઇતરજાતો સાથે વનસ્પતિનો ખોરાક ખાવામાં આભડછેટ ન જોઇએ, સ્ત્રીઓને છુટ આપવી અને કેળવવી, સ્ત્રીઓ તથા પુરૂષના હક સરખા છે, સ્ત્રીઓ ગમતો વર પોતાની કે બીજી કોઇપણ જ્ઞાતિમાંથી પસંદ કરે વિગેરે ઘણા વિચાર લોકોના મ્હોટા ભાગથી વિરૂદ્ધ હોવાથી તેઓ એનાપર નારાજ રહેતા.

નાગેન્દ્ર અને રામપ્રસાદની વયમાં ઘણો અંતર ન હતો. તેઓ નિશાળમાં સાથે ભણુતા હતા અને નાગેન્દ્ર જ્યારે વકીલની પરીક્ષામાં પસાર થયો ત્યારેજ રામપ્રસાદે ધંધો કરવો શરૂ કર્યો હતો. નાગેન્દ્રને અભ્યાસ કરવામાં રામપ્રસાદે ઘણી સહાય કરી હતી કેમકે ત્યારે કંઈ એઓની સ્થિતિ એવી છેક સારી નહતી, અને ધીમે ધીમે તેઓની વચ્ચે સારી મિત્રતા થઈ ગઈ હતી. નાગેન્દ્રના આ સંબંધને લીધેજ રાજેન્દ્ર પણ જ્યારે એલ. એલ. બી. નો અભ્યાસ કરતો હતો ત્યારે વખતે વખતે એને ત્યાં જાવ આવ કરતો હતો. આજ સમયથી ન્હાની પણ મોહક વસંતસુંદરી એના અંતરમા વસી ગઇ હતી.

રામપ્રસાદ સ્ત્રી કેળવણીનો અગ્રેસર હતો અને તેથી એણે પોતાની ગત સ્ત્રીના નામની "લીલાવતી કન્યાશાળા" પોતાને ખર્ચે કહાડી હતી. લીલાવતી થોડાજ વર્ષ થયાં મૃત્યુ પામી હતી અને તેનાપર એનો ઘણો પ્રેમ હતો તેથી, તથા બીજી સ્ત્રી વસંતને સુખદાયક થાય કે નહીં એ શક ભરેલુ હોવાથી, એણે ફરીથી લગ્ન કરવાનો વિચારજ કર્યો નહોતો. વસંતસુંદરીની કેળવણીમાં પણ એણે સારી કાળજી રાખી હતી. એને માટે ઈંગ્રેજી સ્ત્રી શિક્ષક ઘેર શીખવવાને રાખી હતી, અને એ શાળામા પણ જતી હતી એટલે એનો અભ્યાસ ઘણોજ સારો થયો હતો; અને તેથી પદર વર્ષની વયે તો તે ઇંગ્રેજી ઘણીજ સરલતાથી બોલી તથા લખી શકતી હતી.

રાજેન્દ્ર આપણે જાણીએ છીએ તેમ ઘણા સ્વતત્ર વિચારનો હતો તેથી રામપ્રસાદને એનામા કાઈ અતડાપણું પ્રથમ ભાસ્યુ, પણ જેમ જેમ એના ઢકાયલા ગુણો જાણતો ગયો તેમ તેમ વયનો અંતર ભુલી જઇને, એની સાથે ઘણીજ પ્રીતિથી અને મિલનસારીથી વર્તવા લાગ્યો. આ પ્રમાણે રાજેન્દ્ર સ્હાજના ઘણી વખત આવતો હોવાથી તેને વસંતસુદરીની બાલકસુદરતા—અને નિર્દોષ રમત ગમતોનુ અવલોકન કરવાનો પણ પ્રસગ અનાયાસે મળતો હતો.

રાજેન્દ્ર એલ. એલ. બીમાં પસાર થયો અને એણે એડવોકેટની પરીક્ષામાં જવાનો વિચાર કર્યો હતો, એટલે મુંબાઇની હાઈકોર્ટની સનદ લીધી અને હવે પછી મુંબઈજ રેહેવા માંડયુ, એટલે હવે તો મે અને અકટોબર મહિનાની રજાઓમાંજ એ ચંદ્રનગર આવતો હતો. અને ચંદ્રનગરવાસીઓ ઘણુ કરીને મૃણાલિ-

નીના કોમારાની, રામપ્રસાદના ઘર પાસેથી જતી સડકના અંતે આવેલા એક ન્હાનકડા જાહેર બાગ તરફજ સંધ્યાકાળે ફરવા જતા હતા; એટલે એ પણ હમેશ રામપ્રસાદને ત્યાં આવતો, બન્ને સાથે ગાડીમાં અથવા તો ચાલતા ફરવા જતા, અથવા તો રામપ્રસાદને ત્યાં બીલીયર્ડ કે શેતરંજ વિગેરે રમતા, અને પછી ચ્હા પીને રાજેન્દ્ર પોતાને ઘેર જતો.

ધીરે ધીરે વસંતસુંદરી યૌવનમાં આવતી હતી, અને તેના શરીર સૌંદર્યમાં રમણીયતાનો–રસિકતાનો રંગ ભેળાવવો શરૂ થયો હતો. એનો કન્યાકાળ ક્યારનો વિતી ગયો હતો અને સારા સારા માગાઓ આવવાં શરૂ થયા હતાં, પણ આમાનો કોઇ ભણેલો હોય તો લક્ષ્મી નહી, લક્ષ્મી હોય તો વિદ્યા નહી, વિદ્યા અને લક્ષ્મી હોય તો કન્જુસ હોય કે વેદિઆં ઢોર જેવો હોય, પ્રેમ શુ છે તે સમજતો ન હોય-રૂપ નહીં હોય–અને આ બધુ હોય તો સાસુ વિગેરે ઘરના માણસો સારા નહી હોય. આ બાબતમા રામપ્રસાદ એમ માનતો હતો કે આવી કેળવણી આપ્યા પછી આવામા પુત્રીને આખા જન્મારા સુધી ખાડામાં નાખવી, એના કરતાં જરા થોભીને પણ યોગ્ય ઘર મળે તો શી ચિન્તા ?

આમ માનવામા રામપ્રસાદ કેટલે દરજ્જે સત્ય હતો. એ એમ માનતો હતો કે લગ્ન એ સ્ત્રી પુરૂષના પ્રેમની પવિત્ર ગ્રથી છે, અને વિલાસ સમાનતા, અભિલાષ સમાનતા અને વિચાર સમાનતા વિના આ પવિત્ર પ્રેમની ગાઠ બધાતી નથી; અરે ! માત્ર એ સમાનતા પણ બસ નથી પ્રેમનુ ઉત્પત્તિસ્થાન મોહ છે, મોહ પોતાના પ્રેમપાત્રને માટે ઉચ્ચ અભિપ્રાયમાથી ઉત્પન્ન થાય છે, અને તે ઉચ્ચ અભિપ્રાય થવાને માટે પ્રેમપાત્ર પ્રેમકર્ત્તા કરતા ઉચ્ચ હોવુ જોઇએ–પૂજનિય હોવું જોઇએ. એટલે સ્ત્રીના કરતા પુરૂષ જ્યાં ઉચ્ચ સ્થિતિનો હોય, અથવા વાસ્તવિક રીતે કેહેતાં સ્ત્રી પુરૂષને ઉચ્ચાભિલાષી જાણે અને પુરૂષ સ્ત્રીને પ્રેમની પ્રતિમા–સદ્ગુણની મૂર્તિ તરિકે માને, ત્યાંજ સત્ય પ્રેમ જન્મ પામે છે. તેથી જ્યા સ્ત્રી "મ્હારો પતિ મૂર્ખ છે–કન્જુસ છે–લંપટ છે કે નિર્ધન છે; પ્રેમ સમજતો નથી–ધન લોભી છે; ફલાણાને ત્યાં સ્ત્રીઓ કેવી સુખી છે–હું પણ એવા કોઇને પરણી હોત તો સુખી થાત"–વિગેરે અનેક રીતે પોતાની વર્તમાન સ્થિતિપર અસતુષ્ટ હોય, અને ટુંકામા જેની સાથે આખા જીવનપર્યંત લગ્નની મજબુત ગાંઠથી સકળાઇ છે

તેમાં જો મોહની-ઉચ્ચ અભિપ્રાયની ન્યુનતા હોય, તો ત્યાં સુખનો સંભવ ઓછો હોય એ સ્પષ્ટજ છે. અને સામાન્ય રીતે જો આ નિયમ સત્ય છે તો પ્રિય વાંચક ! આપણી વસંતસુંદરી કે જે પિતા પ્રેમમાં-પિતાના લાડમાં ફુલની પેઠે-પૂર્ણ વૈભોગ-સુખમાં ઉછરી છે-જેણે ગૃહકાર્યની ચિન્તા શુ તે જાણી નથી-પ્હેરવા હોડવા-ગાડી ઘોડા વિગેરે શ્રીમતાઈના વિલાસોની સહવાસિની છે; જેણે ઉંચી કેળવણી લીધી છે અને તેથી જેના અભિલાષો ઉચ્ચજ થયા છે; અને તેથી જેની ભવિષ્ય સ્થિતિ પણ જો ઉચ્ચ હોય તોજ સુખી થઈ શકે-એવી વસંત જો કોઈ ઉંચા કુટુંબના પણ નિરક્ષર ધનવાન કે વિદ્વાન નિર્ધન-કે ધનવાન અને વિદ્વાન પણ કંજુસને ત્યાં જાય, ક્રૂર સાસુના અધિકાર નીચે કે પ્રેમ રહિત ધનસંગ્રહીને ત્યાં જાય, લક્ષ્મી છતાં ઘરધંધો કરવો પડે, વાસણ ઘસવાં પડે અને તે છતાં પુરૂં ખાવાને પણ મળે નહી, એવી જગ્યાએ-પોતાને એક દુઃખના ખાડામાં પડેલી ગણે, અને માતાપિતાને નિશદિન દોષ દે એમ માનવામાં રામપ્રસાદ ભુલ કરે છે એમ તો તું નજ કેહેશે. પણ આથી કાંઇ એમ નથી સમજવાનુ કે સર્વ સ્ત્રીઓને પોતાના મન યોગ્ય મળે એ સંભવિત છે, અને જો ન મળે તો આટલેજ દરજ્જે દુસ્તર છે; કેમકે કેટલે દરજ્જે તેઓને પણ આવાં દુઃખો સહન કરવાની, ઘરધંધો કરવાની, મધ્યમ સ્થિતિમાં રહેવાની ટેવ પોતાને ઘેરથીજ બાલકપણથી પડી હોય છે. આતો આપણી વસંત જેવીને માટેજ છે. આ ઉપરથી સારો રસ્તો તો એજ છે કે ગમે એવા શ્રીમંતની પુત્રી હોય, ગમે એવી ઉંચી કેળવણી લીધી હોય તો પણ ગૃહકાર્યમાં સુશિક્ષિતા કરવાને માતાપિતાએ અધિક કાળજી લીધી હોય, તો પછી જો ભવિષ્ય અનુકૂળ હોય તો દુઃખ છેજ નહી, અને જો પ્રતિકૂળ હોય તો તેનો તેને સહવાસજ છે-ઉભય સ્થિાત સુખદાયક છે.

રાજેન્દ્ર એલ. એલ. બી. માં પાસ થયો તે પ્હેલાં એને માટે રામપ્રસાદનો પુરો અભિપ્રાય બંધાયો નહોતો; પણ પાસ થયા પછી, અવારનવાર હમેશાં સંબંધમાં આવ્યા પછી એને માટે એટલો તો ઉચ્ચ અભિપ્રાય બંધાયો હતો, કે તે એમ ધારતો હતો, કે એની આખી જ્ઞાતિમાં રાજેન્દ્ર શિવાય કોઈ વસંતને પામવાને યોગ્ય નથી. આથી અંદરથી વસંતને રાજેન્દ્રનેજ આપવાનો નિશ્ચય કર્યો હતો, પણ કોણ જાણે હજી કાંઈ આચકો હતો તેથી કે પછી તેઓની એક

બીજા તરફની વર્તણુકનું અવલોકન કરવાના હેતુથી, તે પોતાના નિશ્ચયને અમલમાં મુકવા વિલંબ કરતો હતો.

રામપ્રસાદના બંગલાના દરવાજામાં પેસતાંજ એક ફુવારો હતો, અને તેની આસપાસ થોડાં ન્હાનાં સુશોભિત પુષ્પોનાં ઝાડો રોપ્યાં હતાં કે જેની કોર કુંડાંઓથી બાંધી લીધી હતી. એ કુંડાંઓને લગતીજ ઈંડાના આકાર જેવી લંબગોળ સડક હતી. બંગલાની આગળ મધ્યમાં ગાડીને ઉભા રહેવાને ઝૂલતી અગાસી (પોર્ટીકો) હતી. તબેલા તેમજ ચાકરોને રહેવાની જગ્યા વિગેરે બંગલાની પછાડી હતી, અને તેને માટે બંગલાની ડાબી અને જમણી બન્ને બાજુએ ગાડી જાય એટલો રસ્તો રાખવામાં આવ્યો હતો.

ઝૂલતી અગાસીની નીચે પગથીઆં પર ચડતાં, બન્ને પાસે મ્હોટા ઓટલા હતા; અને બારણામાં પેસતાંજ પ્રથમ ખંડ જે હતો તે દવાખાના તરીકે વપરાતો હતો. દવાખાનાની ઉપરના માળવાળો ખંડ ઘણો વિશાળ હતો અને તે "ડ્રોઈંગરૂમ" એટલે દિવાનખાના તરીકે વપરાતો હતો, જેને ઘણીજ કાળજીપૂર્વક ચીનાઇ તથા ઇંગ્રેજી સરસામાનથી શણગારેલો હતો. સ્હામી ભીંતમાં ત્રણ દ્વાર હતાં તેમાંના જમણા હાથપરના દ્વારવાળા ઓરડામાં રામપ્રસાદનુ પુસ્તકાલય તથા ઑફીસનો ઓરડો હતો, મધ્ય દ્વારવાળો ઓરડો વસંતસુંદરીનો અભ્યાસ કરવાનો હતો, અને છેલ્લા દ્વારમાંથી પાછલી તરફ જવાતું હતું.

વસંતસુંદરીના અભ્યાસના ઓરડાના દ્વાર પર એક ઝીણો ચીનાઈ ચક બાંધેલો હતો અને દિવાનખાનામાં ચકની તરપ પીઠ કરેલી એક મ્હોટી ખુરસી હતી, જેની સાથે મધ્યમાં એક ચોરસ કાબરચિતરા આરસની ટેબલ હતી. આ ખુરસી પર બેસી ફુરસદના વખતમાં મ્હોટી નળીવાળો હુકો પીતો, ઘણું કરીને રામપ્રસાદ જે કોઈ ગૃહસ્થો મળવાને આવતા તેની મુલાકાત લેતો, અને તે લોકો ટેબલની સ્હામાં અથવા તો ડાબી કે જમણી બાજુ પર બેસતા હતા. રાજેન્દ્ર પણ જ્યારે આવતો ત્યારે સ્હામેની બાજુપર બેસતો હતો અને વર્તમાનપત્રો વાંચતો અથવા તો વાતો કરતો.

પ્રથમ કહ્યા પ્રમાણે વસંતસુંદરી યૌવનદશામાં આવી હતી. મદને તેના નિર્દોષ મસ્તિકને ભમાવવા માંડયું હતું. હૃદયમાં જાણે નવો પ્રેમરસ રેડાયો હોય—ઉભરાઈ જતો હોય—બ્હાર નીકળવાને જોશ

કરતો હોય, એમ તે ક્ષણે ક્ષણે ધડકતું હતું. અને જેમ ન્હાનકડી સરિતામાનું ચ્હડતું પૂર સમુદ્રના જળને પણ ધક્કા મારી સંગમને માટે ઉત્સુક જણાય છે, તેમ આ ઉભરાઈ જતો–છલકાઈ જતો નવલ પ્રેમરસ રાજેન્દ્રના હૃદયપાત્રમાં ઢળ્યો અને તેને પણ આનંદ ઉર્મિ-ઓમાં નચાવવા લાગ્યો.

પ્રથમ તો રાજેન્દ્ર હોય ત્યારે વસંતસુંદરી અમસ્તી પોતાની આરામખુરસીપર ચોપડી ઉઘાડીને બેસતી, અને જ્યાં સુધી રાજેન્દ્ર રહેતો ત્યા સુધી છાની છાની એના મુખચન્દ્રનેજ નિહાળ્યાં કરતી હતી. આટલેથી તૃપ્ત ન થવાથી પિતાની પુઠ હોય ત્યારે હોઠે આંગળી દઇને ચકની પછાડી ઉભી ઉભી તેઓની વાતો સાંભળતી હતી, અને બ્હારથી જોનાર–તેના પ્રેમમા ઝખકોળા ખાતા રાજેન્દ્રને તે આછી રૂપેરી વાદળીની પછાડી સતાયલી શશિકળા હોય–ઝીણા મલમલના પડદા પછાડી ઉભી રાખેલી આરસની મૂર્તિ હોય–અથવા ચોકડીવાળા કતાન–કેનવાસ પર ચતુર ચિત્રકારે આછી આલેખેલી મનહર છબી હોય, એવી દીસતી હતી, અને બુરખાવાળી શકુન્તલાને જોઈ જે વિકાર દુષ્યતે અનુભવ્યો હતો, તેવાજ મોહસ્વપ્નમાં રાજેન્દ્રને નાખતી હતી.

વસંતસુંદરી ગમે એવી તો પણ બાળકજ હતી, તેથી આવાં પ્રસગોમા એમજ માનતી હતી કે રાજેન્દ્ર એની સ્હામે જોતોજ નથી, અને કદાચ જોતો હોય તોપણ પોતે ચકમાંથી જણાય એમ છેજ નહી. પણ—

" His was a subtle look and shy,
" Which spying all seemed naught to spy

તે પ્રમાણે રાજેન્દ્ર એ ઉભી રહેતી તે જાણતો હતો, અરે તેને જોવામાજ સર્વે સુખની સમાપ્તિ થઇ ગણતો હતો, અને રામપ્રસાદ કાંઇકિ કામસર પોતાની ખુરસી પરથી ઉઠે તો વસંતસુદરીના જતા રહેવાથી ઘણો ખેદ પામતો હતો.

દિનપ્રતિદિન વસંતસુદરીનું અંતર અધિક ઉછળવા લાગ્યુ, અને અહોનિશ રાજેન્દ્ર વિશેનાજ વિચારો એના મનને ચકડોળે ચડાવવા લાગ્યા. આથી રામપ્રસાદ પુસ્તકાલયમાં હોય અથવા નીચે કોઈ દરદીને જોવા ગયો હોય, અને રાજેન્દ્ર દિવાનખાનામાં હોય, તો કોઇક

વખતે વસંતસુંદરી પોતાના લાંબા, કટિ સુધી પ્હોંચતા, સુગંધી તેલ નાખેલા રેશમી છુટા કેશ સાથે, તૂટેલા કેશ બ્હાર નાખવાને મીશે દિવાનખાનામાં આવતી, અલપઝલપ એક કટાક્ષ રાજેન્દ્રભણી લજ્જાભરેલી–પ્રેમભરેલી નાખતી અને સત્વર પાછી જતી આ વેળાનુ ચિત્ર સુદર સ્ત્રીની સુદરતાની પરિસીમાજ છે, અને જો ત્રાહિત મનુષ્યને મોહક લાગે તો જેણે એને પોતાનુ હૃદય અર્પણ કર્યું છે તેને શું ન કરે ? રાજેન્દ્રનુ અતર તે વખતે સહજ કાઇ અલૌકિક ઉમળકા સાથે એમજ મૂક ગાયન કરતું કેઃ—

ધોળા ધોળા, કમલ સરખા, હસ્ત ત્હારા સુવાળા,
ઝીણા ઝાઝા, મનહર અતિ, કૂમળા કેશ કાળા,
ગુણે જ્ઞાને, વિનય વચને, ચિત્તને ઠારનારી,
કહોને કાજે, લલિત પ્રતિમા, તુ સૂજાઇ વિધીથી ?

રાજેન્દ્ર બાલક વસંતસુંદરીને પ્હેલા સ્હેજ બોલાવતો હતો, પણ હૃદયમાં પ્રેમનુ દર્શન થયા પછી બોલવાના પ્રસગો જેમ બને તેમ ઓછા આવવા દેતો હતો. અંતરમાથી એ તેનાપર અત્યંત મોહિત હતો અને ઉપલા પ્રસગોમાં આખો પણ મળતી, તો પણ જાણે કાઇ જાણતોજ નથી તેમ તરતજ પાછી દ્રષ્ટિ ખેચી લેતો, અને વર્તમાનપત્રમા મન પરોવતો દેખાતો હતો. આમ થવાથી વસતસુદરી અતરમા બહુજ બળતી હતી જાણે પોતે તેની પત્ની હોય અને માન ભગ થઈ હોય એમ લાગતું હતું–અને "એમને મ્હારે માટે કીંઇજ લાગણી નથી"–એમ ઓછુ આણી એકલી મુઝાતી, આસુ સારતી હતી.

હજી સુધી વસતસુદરી નિરાશ થઇ ન હતી પણ હવે પછીના પ્રસગે તેની અશુભ શકા સબળ કરી. રાજેન્દ્ર એડવોકેટની પરીક્ષામા પસાર થયો. દેવેન્દ્ર કુટુબમા આનદ ઉભરાવા લાગ્યો અને તેમાં ભાગ લેવાને નાગેન્દ્ર તથા વિલાસ પણ ચંદ્રનગરમાં આવ્યાં હતા. હવે તો એક પર એક સારી સારી કન્યાઓના માગાંઓ આવવાં લાગ્યાં, અને વિલાસ તો જીદ લઇને બેઠી કે હવે તો કાંઈ કર્યા વિના નહીં ચાલે. આમ છતાં રાજેન્દ્ર કાંઈ ઉત્તર આપતો નહતો, અને તેથી કુટુબના સર્વે મનુષ્યો, દેવેન્દ્ર અને સીતા સુદ્ધાં કાંઇક અતરમાં ખિન્ન થયાં હતા.

આખી ન્યાતમાં રાજેન્દ્ર પ્રથમજ આવી પરીક્ષામાં પસાર થયો હતો. અને ન્યાતમાં ભણેલો વર્ગ પણ હતો તેનો અગ્રણી રામપ્ર-

સાદ જ હતો, કેમકે વયે પુખ્ત હતો તથા સરકાર અને પ્રજા ઉભયમાં સન્માન પામેલો હતો. આમ હોવાથી રાજેન્દ્રને મુબારકબાદી આપવાને રામપ્રસાદને ત્યાંજ એક પાર્ટી કરી, ન્યાત તરફથી એક માનપત્ર આપવાનો નિશ્ચય કર્યો.

રામપ્રસાદનો ઉપરનો ઓરડો ઘણીજ ભપકાદાર રીતે, ન્હાના મ્હોટા સરસામાનથી શણગારવામાં આવ્યો હતો: અને બંગલામાં તથા વાડીમાં અને થોડે સુધી બન્ને બાજુએ સડકપર ઘણી રોશની કરવામાં આવી હતી. રામપ્રસાદના વગથી લશ્કરી વાજું પણ રાજેન્દ્રને સલામતી આપવાને દરવાજા પાસે ઉભું રાખવામાં આવ્યુ હતું. ઓરડામાં જે બાજુએથી લોકો આવતા હતા, તેની સ્હામી ભીત આગળ મધ્ય ભાગે, એક સુંદર ખુરસી કિનખાબ બિછાવી મુકેલી હતી; તે ખુરસીની બન્ને બાજુએ બે રેશમી કપડાથી જડેલા નાજુક કોચ ગોઠવ્યા હતા, અને એ કોચને કાટખુણે બે સીધી લીટીમાં સ્હામી ભીત સુધી કોચનીજ હાર હતી. શેહેરના આગેવાન શેઠ શાહુકારો આસપાસની આ બે હારમાં નીચેથી બેઠા હતા. તેના ઉપર ઇંગ્રેજી અમલદારો વિગેરે હતા. અને છેક મધ્ય ભાગની ખુરસીની આસપાસના, સ્હામી ભીતની સાથે મુકેલા કોચપર તથા તેની પાસેના બન્ને હારોના કોચપર, આસરે વીસ પચીસ ઇંગ્રેજ તથા પારસી સ્ત્રીઓ હતી.

રાજેન્દ્રને ત્યાંના સ્ત્રીવર્ગને વસંતસુંદરી આમંત્રણ કરી આવી હતી, તેથી વિલાસ, સીતા, લક્ષ્મી, હીરા વિગેરે વસંતસુંદરીના ચકવાળા ઓરડામાં પોતાના કુલદીપકનો કીર્તિસૂર્ય જોઈ, પ્રફુલ્લ થતાં વાર્તાવિનોદ કરતાં બેઠાં હતાં. વસંતસુંદરી તેઓની સરભરામાં રોકાઈ હતી.

ઓરડો ચિકાર ભરાઈ ગયો હતો, અને મધુર સંગીતનો આલાપ ચાલી રહ્યો હતો, પણ રાજેન્દ્ર હજુ આવ્યો નહતો. એવામાં દાદર પાસેના દ્વારમાંથી રામપ્રસાદ વસંતસુંદરીનો કોમલ હાથ પકડી દિવાનખાનામાં આવ્યો; અને બધી આંખો એક સચાની પેઠે તેની લલિત મૂર્તિ તરફ ફરી, અને સ્તબ્ધ થઈ એક ક્ષણવાર તો ઠરી. વસંતસુંદરી લજ્જા ભરેલી, સ્મિત ભરેલી, સીધી લીટીમાંજ દૃષ્ટિ રાખતી ચાલતી હતી. એક પછી એક ઇંગ્રેજ તથા પારસી સ્ત્રી સાથે રામપ્રસાદે ઓળખાણ કરાવ્યું અને થોડી થોડી વાતો કરી, અંતે રાજે-

ન્દ્રને માટે રાખેલી ખુરસીના જમણા હાથપરના કોચપર, ચંદ્રનગરના કલેકટર અને જડજની મડમો બેઠી હતી તેઓની વચ્ચે, વસંતસુંદરીને બેસાડી; અને તે તેઓની સાથે સ્મિત ભરી વાતો કરવામા ગુથાઇ.

રામપ્રસાદે પોતાની એ ઘોડાની ગાડી રાજેન્દ્રને લેવાને મોકલી હતી. એકદમ લશ્કરી વાજાએ સલામતી આપી અને કુદતા નાચતા ઘોડાઓ સાથે, વાડીમાંની રેતી કચડતી સડસડ કરતી ગાડી આવી અને ઝૂલતી અગાસી નીચે ઉભી રહી. ગાડીમાં મુખ્ય બેઠકપર જમણે પાસે, વૃદ્ધાવસ્થાના આંગણામાં રમતા, આનંદના ઓઘમાં તણાતા દેવેન્દ્ર હતા, અને તેની પાસે નાગેન્દ્ર હતો. સ્હામી બાજુ પર નિરઅભિમાની–ગભીર મુખમુદ્રાવાળો રાજેન્દ્ર બીલકુલ સાદા પોશાકમાં બેઠો હતો, અને તેની પાસે વિલાસનો પુત્ર નૈશધ હતો.

ज्यां लघुता महत्ता त्यौंहि पावत, उलटी यही जग नीति.

તે પ્રમાણે નમ્રતા, સાદાઇ સર્વે સ્થિતિમાં પૂજનીય છે. નિર્ધન મનુષ્ય એનો આશ્રય લઈ નિરિચ્છ થાય છે–સંતોષી થાય છે, અને લક્ષ્મીવાનનું તે ભૂષણ છે–તેને અધિક સન્માન અપાવે છે. રાજેન્દ્રના પોતાના વડીલો પ્રત્યેના પૂજ્યભાવે દૃષ્ટાઓના મનમા ઘણો સારો વિચાર ઉપજાવ્યો

રાજેન્દ્ર બેઠકના ઓરડામાં આવ્યો તેવુજ બધુ મંડળ તેના માનમાં ઉભુ થયુ, અને રામપ્રસાદે તેને ખાસ મધ્યમા રાખેલી ખુરસી પર બેસાડયો. થોડો સમય બધુ શાન્ત થઇ ગયુ, તે એટલે સુધી કે જો કોઇ માણસ સ્હેજ હાથ પગ હલાવે તો તેથી થતો વસ્ત્રોનો સણસણાટ બધાંને સંભળાય. તરતજ મધ્યમાં એક ન્હાની કાબરચિતરા આરસની ટેબલ હતી, તેના પર એક રૂપાની નકસીદાર બેસણીમાં બેસાડેલી સુદર હાથીદાંતની પેટી મુકવામાં આવી. રામપ્રસાદે તે રૂપાની કુચીથી ઉઘાડી અને સુનેરી અક્ષરે છાપેલુ અસરકારક માનપત્ર વાંચી સંભળાવ્યુ. એ માનપત્રમાં રાજેન્દ્રના દાદા તથા પિતાની પણ પૂર્વ સ્થિતિનું ટુંક વર્ણન આપ્યું હતું, કે જે સાંભળી બધી આંખો દેવેન્દ્રના તરફ, કોઈ વખતે તેને દયા પાત્ર તો કોઇ વખત ભાગ્યશાળી ગણતી વળતી હતી. અને આ વર્ણનમાં સીતાના સદ્વર્તનને એટલુ તો પ્રાધાન્ય આપવામાં આવ્યુ હતું–અને તે સત્યજ હતું–કે જડજ અને કલેકટરની મડમને સીતાને મળવાની–જોવાની ઇચ્છા થઈ; બધુ પુરૂં થયા પછી રાજેન્દ્રે ચકમાં જઇ સીતાની સાથે તેઓનો મિલાપ કરાવ્યો, અને તેઓ પણ આ કુટુંબતારિણી આર્ય

રમણીરત્નની તેજસ્વિ મુખમુદ્રા જોઈ છકજ થઇ ગયાં; અને વિલાસની મધુરતા, નિર્દોષતા, નરમાશ કાંઇ અલૌકિકજ લાગી. દેવેન્દ્ર પણ માનપત્ર સાંભળતાં પોતાના પૂર્વ દુઃખની સ્મૃતિના સમુદ્રમાં ઝબકોળાં ખાતો, સીતા દેવીનીજ પવિત્ર મૂર્તિ મન આગળ ખડી કરતો હતો.

માનપત્ર વંચાઇ રહ્યું કે તેને હાથીદાંતની પેટીમાં મુકી બંધ કરી રામપ્રસાદે રાજેન્દ્રને આપ્યું, અને તે સ્વીકારતાં યોગ્ય શબ્દોમા સર્વે જ્ઞાતિબંધુઓનો આ આપેલા માનને માટે અંતઃકરણપૂર્વક આભાર રાજેન્દ્રે માન્યો. આ પુરૂં થતાં એક અટકાવેલો ઝરો જેમ પૂર્ણ જોરથી વહે તેમ સંગીત શરૂ થયુ, અને લોકોએ એક બીજા સાથે વાર્તાવિનોદમાં પડી ગણગણાટ કરવા માંડયો.

ગરીબ વસંતસુંદરી ! રાજેન્દ્રની પાસે કલેકટરની મડમ હતી અને તેનીજ પાસે એ બેઠી હતી. હૃદય તો રાજેન્દ્રની પાસેજ બેઠું હતું પણ આંખો બ્હીલી બ્હીલી આમ તેમ ફરતી હતી, કેમકે રાજેન્દ્ર આ બધા સમયમાં એની પાસે છેજ નહી એવી રીતે વર્ત્યો વસંતસુંદરીની પ્રેમ સરિતામાં બે ઝરાઓએ જળની વૃદ્ધિ કરી રેલ આણી. એક તો એ પાસ થયો—આવુ માન પામ્યો, અને બીજુ એના માનપત્રના ઉત્તરમાં આપેલા સુભાષણથી ઇંગ્રેજ લોકો પણ મોહિત થઇ ગયા, તો જે એનાપર પ્રથમથીજ મોહ પાશમા લપટાઈ હતી, જેને એણે પોતાના પ્રાણ અર્પ્યા હતા તેની કેવી દશા થઇ હશે ? આજે રાજેન્દ્રના પર એનો જેટલો પ્રેમ છે તેટલોજ બલકે તેથી અધિક રાજેન્દ્રનો એના પર છે એમ જો એ જાણતી હતે, તો આ સંમોહ વેગની કાંઈ ભિન્નજ અસર થતે; પણ આથી તો એના અંતરની બળતરા—મુઝવણ અસહ્ય થઈ પડી.

આ સર્વમાં આ અંતના બનાવે તો વસંતસુંદરીના ગાત્રજ શિથિલ કરી દીધાં. માનપત્ર પુરૂં થયા પછી સંગીતનો આરંભ થયો કે રાજેન્દ્રે ઉપર કહ્યા પ્રમાણે સીતા, વિલાસ વિગેરેની સાથે મડમોને મુલાકાત કરાવી, અને ત્યાં પણ વસંતસુંદરી તરફ એ બેપરવા જેવોજ રહ્યો. આટલેથી બસ ન થયું. પાછા દિવાનખાનામાં પોતાની બેઠકપર તેઓ આવીને બેઠાં અને રાજેન્દ્ર અને કલેકટરની મડમ વાતોમાં પડયાં. વસંતસુંદરી પાસેજ હતી એટલે બધું સાંભળતી હતી. વાત હિન્દુઓમાં સ્રીશિક્ષણ વિશે થવા લાગી અને તેમાં દૃષ્ટાન્ત તરીકે

મડમે વસંતસુંદરીની ઘણી પ્રસંશા કીધી, પણ રાજેન્દ્રે ન તેની સ્હામું જોયું કે ન તેના પ્રત્યુત્તરમાં એક ફીકા good શિવાય પ્રસંશાનો વધારે શબ્દ પણ કહ્યો. પ્રેમ કરનાર પ્રેમપાત્રને આખોજ પોતાનો કરી લેવા માગે છે, અને તેમાં જુજ વાતમાં ઓછું આવે છે–ઇર્ષા ઉત્પન્ન થાય છે; તો રાજેન્દ્ર તરફથી સમુળગો પ્રેમનો પ્રત્યુત્તર આટલા કાળસુધી નહીં મળવાથી, દીન વસંતસુંદરીનુ અંતર જો ઉછળી આવે તો તે સ્વાભાવિકજ છે. વસંતસુંદરી વ્હીલી પડી ગઇ.

વાર્તાનો વિષય પલટાયો. સ્ત્રીકેળવણી ઉપરથી હિન્દુ લગ્નની રૂઢી સબધી વાત થવા લાગી; અને મડમે કહ્યું:—"હું જોઇને અત્યંત ખુશી થઈ છું કે વસંતસુંદરી હજુ સુધી તમારી રૂઢી વિરૂદ્ધ કુમારિકા છે, અને એમાં તથા એને કેળવણી આપવામાં ડા. રામ-પ્રસાદને ઘણુંજ મગરૂબ થવાનું કારણ છે. હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું કે એઓ વસતસુંદરીના યોગ્યજ વર સોધી કાઢશે; કેમકે કેહેવાને ઘણી દિલગીરી ઉપજે છે કે તમારી જ્ઞાતિઓમાં હજી આવી ઉંચી કેળવણીનો પ્રસાર ઘણો ઓછો છે; અને તેથી ઘણું કરીને એમ બને છે કે એક બાજુ પરથી કન્યા પોતાના પિતાના તરફથી સુશિક્ષિતા થઇ હોય છે, તો બીજી બાજુપરથી વર સારો મળતો નથી, અને કન્યા અધિક દુઃખી થાય છે–તેની ઉંચી કેળવણી તેને એક શ્રાપરૂપ થઈ પડે છે."

આના ઉત્તર પરજ વસંતસુંદરીનું સર્વસ્વ આધાર રાખતું હોયની તેમ તેના જીવ–પ્રાણ સૌ રાજેન્દ્ર શો ઉત્તર દેછે તે સાંભળવાની ઉત્સુકતામાંજ લીન થયા. પણ એ ઉત્સુકતા પર ટાઢુ પાણી રેડાયુ. અને જાણે રાજેન્દ્ર તેના હૃદયની મશ્કરી કરતો હોય એમ સ્મિત ભર્યું એક કટાક્ષ વસંતસુંદરીના પ્રત્યે નાખી, તેના ઉત્તરમાં ગંભીરા-ઇથી બોલ્યો, "હા હું પણ અંતઃકરણ પૂર્વક ઇચ્છું છું કે એ સારા વરને પામી સુખી થાય ! અને એ કાંઈ અસંભવિત નથી કેમકે અમારી જ્ઞાતિમાં પણ હવે કેળવણીનો સારો પ્રસાર થયો છે."

વસંતસુંદરીના હૃદયમાં કારી ઘા વાગ્યો. જો આ વાત વધારે ચાલતે તો ત્યાંજ અશ્રુપાત કરી દેતે–બેશુદ્ધ થઇ જતે પણ ઇશ્વરેજ તેનો અટકાવ કર્યો. રાજેન્દ્રને રામપ્રસાદે મ્હોટો ફુલનો હાર પ્હેરાવ્યો, બીજા સદ્‌ગૃહસ્થોને પણ પાન ગુલાબ આપ્યાં, અને મંડળી "હુરે હુરે" ના પોકાર વચ્ચે બરખાસ્ત થઈ. ગરીબ વસંતસુંદરી રાત્રે સહસ્ત્ર દુઃખદ સ્વપ્નો અનુભવતી પલંગ પર તરફડવા લાગી.

રાજેન્દ્રે આટલા દિવસમાં વસંતસુંદરીને છુટથી ઇંગ્રેજી બોલતાં આજેજ સાંભળી હતી કેમકે તેવા કોઈ પ્રસંગો આવ્યા ન હતા. આથી તેનો સમ્મોહવેગ વધ્યો. એની આજની લાવણ્યતા કાંઇ અલૌકિકજ લાગી, અને ઘેર જતાં આખે રસ્તે ગાડીમાં વસંતસુંદરીની મોહક, સ્નેહમયી, દીન મૂર્તિ તેની દૃષ્ટિ આગળ રમવા લાગી. ઘડીમાં કેશ નાખવાને મીશે દિવાનખાનામાં આવતી, ઘડીમાં ચીનાઈ ચકમાં એનીજ સ્હામુ દૃષ્ટિ ઠારી એકી ટસે જોઈ રહેતી, ઘડીમાં રામપ્રસાદ ઉઠે કે તેથી નિરાશ થતી, નિશ્વાસ નાખી અંદર જતી રહેતી, વસંતસુંદરી એક છતાં અનેક રૂપે રાજેન્દ્રના મનાકાશમાં ઉડા ઉડ કરી રહી હતી. અને આખે રસ્તે, "ધોળા ધોળા, કમલ સરખા, હસ્ત ત્હારા સુંવાળા," એ વસંતસ્તોત્રનો પાઠ કરતો, વસંતમંત્રનો જપ કરતો, અને વસંતદેવીનીજ ચારૂ મૂર્તિનુ ધ્યાન કરતો રાજેન્દ્ર ઘેર આવી પ્હોંચ્યો.

ઘેર આવી કપડાં ઉતારી મોડી રાત્રે રાજેન્દ્ર સુતો, પણ આજે તેને આ મોહનિન્દ્રા આવી હતી એટલે સ્વાભાવિક નિન્દ્રા તો પોતાની જાણે શોક આવી હોય એમ રીસાઇજ ગઈ. વિચારપર વિચાર આવવા લાગ્યા, "પ્રિય વસંત ! મે તને અતિશે દુઃખ દીધુ છે. હું ત્હારો અપરાધી છુ. મૂર્ખ મન ! કસોટી ? આવા શુદ્ધ કાન્ચનની કસોટી ? આવી નિર્દોષ બાળાની કસોટી ? પવિત્રતાની સાક્ષાત દેવીની કસોટી ? અને તે પણ આવી ક્રૂર ? શું રાજેન્દ્ર, તું જો એની જગ્યાએ હોય તો આવી કસોકીમાં પાર ઉતરે એવી આશા રાખે છે ? રાત્રિ દિવસ ત્હારે માટે જેનુ હૃદય બળે છે તેના પ્રત્યે એક મીઠી દ્રષ્ટિ સરખી પણ નહી ? હૃદયના અગ્નિકુંડમાં નિરાશાની વૃષ્ટિનું વારી તુટી પડયા છતાં, પ્રેમ ચિણગારીને તેં આજ પર્યંત સજીવન રાખી એમાં શુ થોડું બળ વાપર્યું છે ? શું એજ શુદ્ધ પ્રેમની સાબીતી નથી—બળવાન પ્રેમ વેગના અસ્તિત્વનો સાક્ષી નથી ? આમ છતાં કસોટી ? નહીં નહીં ? પ્રિય વસંત ? હું ત્હારે માટે યોગ્ય નથી. મ્હારૂ હૈયુ વજ્રનું છે. "હા, હું પણ અંતઃકરણ પૂર્વક ઇચ્છું છું કે એ સારા વરને પામી સુખી થાય." ઘાતકી પશુ ! આથી તેના હૃદયમાં કેવું દુઃખદ તોફાન થયું હશે તેનો કાંઈ તને વિચાર પણ છે. પ્રિય વસંત ! હું હવે તને નહીં દુભવું. હું ત્હારી માફી માગીશ."

આ પ્રમાણે જે સમયે દીન વસંતસુંદરી રાજેન્દ્રમય દુઃખદ સ્વપ્નો અનુભવતી પથારીમાં તરફડતી હતી, તેજ સમયે રાજેન્દ્ર પણ આવી અસ્વસ્થ દશામાં રાત્રિ વહન કરતો હતો.

રાજેન્દ્રનો હૃદયવેગ વધ્યો—એક નિર્દોષ બાળાને નિરર્થક દુભવી તેના પાપે તેને ઘેરી લીધો હોય એમ તેને કાંઈ સુઝયું નહીં—તેના નિવારણને અર્થે તત્પર થયો, અને એકદમ ઉઠીને નીચે પ્રમાણે પત્ર લખવો આરંભ્યો:—

પ્રિય વસંત ! "શેકસપીયરના મિડસમર નાઇટસ ડ્રીમ" માં "ટાઇટાનિઆ" ને ગધેડા ઉપર પ્રેમ ઉપજ્યો હતો એ તું સારી રીતે જાણે છે. ત્હારા નવલ પ્રેમસુધાને ભરવા માટે જે પાત્ર તે સોધી કાઢ્યુ છે તે કાંઇ આવા જડ પશુથી ઓછું હોય એમ લાગતું નથી, કેમકે ત્હારૂં અંતર તેને માટે આટલું અહોનિશ બળવા છતાં પણ તેનું હૃદય તે સમજી શકવાને જડ નીવડ્યુ છે—તેના અંતર ચક્ષુ ત્હારા નિર્મળ પ્રેમના બળવાન કિરણો સહન કરવાને શક્તિમાન નથી,—અરે તેનો પ્રકાશ પિછાનવાને અશક્ય છે—અંધ છે એમ દેખાય છે."

"પ્રેમીબાળા ! મ્હારી મૂર્ખાઇથી જે દુઃસહ દુઃખ મે તને આપ્યુ છે, ગઇ રાત્રે જે છેલ્લુ વાક્ય બોલી ત્હારા કોમળ અંતરમાં સહસ્ત્ર કાંટા ભોક્યા છે, તેને માટે મને બહુજ પશ્ચાતાપ થયો છે—મ્હારૂં મસ્તિક ભમી જાય છે. પણ **गतनशोचामि**—થયુ તે થયુ. હવે ભૂત કાળને ભુલી જઈ વર્તમાન અને ભવિષ્યને સુધારી લેવો એ શિવાય અન્ય ઉપાય નથી. દોષ તો મ્હોટો થયો છે તે છતાં એમાથી મુક્તિ આપવી એ ત્હારાજ અધિકારની વાત છે; ઇચ્છા હોય તો તને સહજજ છે."

"શિયાળની જડ જીભ દ્રાક્ષ જેવી મધુર વસ્તુને પામવાને યોગ્ય નથી તે છતા પણ તેને ગ્રહણ કરવાને પ્રયત્ન તો કરે છેજ; તે પ્રમાણે આ પશુવત્ રાજેન્દ્ર—તને આટલો ક્રૂર છતાં—અયોગ્ય છતાં—ત્હારાથી સુખી થવાનો અભિલાષ રાખે છે. જો તું કૃપા કરી એ અભિલાષ સંતોષશે તો ત્હારા જેવા સ્ત્રીરત્નથી મને સંસારમાં સુખની સીમાએ પ્હોચેલો માનીશ—સ્વર્ગ સુખનો લ્હાવો પૃથ્વીપરજ મળેલો ગણીશ."

"ધોળા ધોળા, કમળ સરખા, હસ્ત ત્હારા સુવાળા,
"ઝીણા ઝાઝા, મનહર અતિ, કૂમળા કેશ કાળા;
"ગુણે જ્ઞાને, વિનયવચને, ચિત્તને ઠારનારી,
"કહોને સારૂ, લલિત મૂર્તિ, તું ઘડાઇ વિધીથી ?

"આવતી કાલે હારો જન્મદિવસ છે તેથી સ્હવારમાં ભોજનનું હારે સાંજ હારા પિતાએ મને આમંત્રણ આપ્યું છે, માટે ત્યારે આનો ઉત્તર આપવાની તું કૃપા કરશે એવી આશા છે. હારી એક છબી મળશે તો મ્હારો બધો અપરાધ ક્ષમા થયો છે એમ હું ગણી લઇશ."

લી૦

અમૂલ્ય રત્નનો જડ પરીક્ષક.

આ પ્રમાણે પત્ર લખ્યો, ફરીફરીને વાંચ્યો અને એક સુંદર પડબીડીઆમાં મુકી–બીડી–સરનામાની જગ્યાએ નીચે પ્રમાણે લેખ કર્યો:—

"ચાતક તરસ્યો તફડે, મેઘવારી તણી મીઠી વૃષ્ટિ કાજે,
"પ્રિય ! મમ જીવ ત્યમ તલપે, અતિમૃદુ તુજ પ્રેમામૃત પીવાને.

આ લખી બીજે દિવસે સંધ્યાકાળે ગમેતેમ કરી તે વસંતસુંદરીને પ્હોંચાડવાનો નિશ્ચય કરી કોટના ખીસામાં પત્ર મુક્યો, અને વસંતમય સ્વપ્નો અનુભવતો પ્રેમી નિદ્રાવશ થયો.

દીર્ઘકાળનો મંદવાડ ભોગવી ઉઠી હોય એમ વસંતસુંદરી બીજે દિવસે પ્રભાતમાં ઉઠી. ગાત્ર શિથિલ થઇ ગયાં હતાં. મ્હોડું ફીકું પડી ગયું હતું અને ગાલ બેસી ગયલા જણાતા હતા, કેમકે ગઇ રાત્રિના કટુ અનુભવે તેના ઉભરાતા પ્રેમપાત્રપર પૂર્ણ નિરાશાનુ ઢાકણુ ઢાંકયુ હતું. રાત્રિમા થોડો જ્વર પણ આવ્યો હતો, તેથી અન્ન પણ બીલકુલ લેવાયુ નહીં અને આખો દિવસ બેચેની અને હૃદયશૂન્યતામાંજ કાઢયો.

આગળ કહેવા પ્રમાણે રામપ્રસાદના બંગલાની બન્ને બાજુએ ગાડી તબેલામાં લઈ જવાને સડકો હતી, તેમાંની જમણી બાજુની સડકની ભીતને અંતે બંગલાની પાછલી બાજુએ એક ન્હાની ઓરડી હતી, જેમાં રામપ્રસાદની ત્રિજોરી હતી. આવતી કાલે વસંતસુંદરીનો જન્મદિવસ હતો, તેથી પ્રભાતમાં સ્નાન કરી પ્હેરવાને આભૂષણો કહાડી મુકવાને રામપ્રસાદે તેને કહ્યું; અને માત્ર પિતાના વચનને માન આપવા ખાતર–કેમકે આપણે જાણીએ છીએ કે તે બીલકુલ મનની અસ્વસ્થ અવસ્થામાં હતી તે છતાં, કુંચીનો ઝુમખો અને મીણબતી લઇને તે ત્રિજોરીની ઓરડી આગળ ગઇ. સ્હાંજના સાતેક

વાગવાનો સમય થયો હતો. વિચારમાં ને વિચારમાં તાળું ઉઘાડયું અને બારણાને ધક્કો માર્યો પણ ઉઘડયું નહીં. બીજીવાર ત્રીજીવાર જોરથી ઠોક્યું પણ ઉઘડયું નહીં.

વસંતસુંદરી બ્હેબાઇ અને તરતજ ફાળભેર ધ્રૂજતી પિતાની પાસે ગઈ અને કહ્યું કે " ત્રિજોરીનાં બારણાં મે બહુ ઠોક્યાં પણ ઉઘડતાં નથી, તેથી કોઇ હરામખોર અંદરથી સાંકળ વાસી આપણી ત્રિજોરીની ઓરડીમાં ભરાયો હોય એમ લાગે છે, માટે તમે સત્વર ચાલો. "

રામપ્રસાદના ઘરના સર્વે નોકરચાકરો એકદમ એકઠા થઇ ગયા, અને એક પછી એક જોરથી ધક્કાઓ મારી જોયા પણ બારણુ તો નજ ઉઘડયું. આ ત્રિજોરીની ઓરડીને ચાર બારણાં હતાં, તેમાંના ત્રણને અંદરથી ચુસ્ત બંધ કરીને એકને મજબુત તાળું લગાવતા હતા. આથી રખેને હરામખોર બીજે કોઇ બારણેથી ન્હાસી જાય તેથી બધાં બારણાં આગળ બબ્બે માણસો ઉભાં રાખ્યાં. વાયે વાત ઉડી અને સંધ્યાકાળનો સમય હતો, એટલે મૃણાલિનીના ઓવારાપરથી તમાશગીરોનુ ટોળુ ને ટોળું આવી પ્હોંચ્યુ. મ્હોટી મસાલો સળગાવી અને હોહો મચી રહી.

" સાળા ઉઘાડ–હરામખોર ઉઘાડ–નહી તો મરીજ જવાનો છે, " તો બીજો કહે " અરે સાળાની ચટનીજ થઇ જવાની છે. સમજીને ઉઘાડ–ઉઘાડ નહી તો બચ્ચા આટલા બધામાંથી કાં આકાશમા ઉડીને ન્હાસી જવાનો છે ? "

એક પાસે વળી એક નદીએ દર્શન કરી જળની લોટી ભરીને આવેલા બુઢાકાકા, હાથમાં લાકડી લઇને ધ્રૂજતા ધ્રૂજતા ડોકું ઉંચું કરી ચસ્માપર મસાલનુ તેજ આવતું હતું ત્યા હાથ ધરી બોલતા હતાઃ–" સાલો કમબખ્ટ અનઘરજટો ! સાલો આ વખ્ટ ટે સાલો ચોરી કરવાનો છે સાલો ! ને સાલા ટેટ .કોને ટા સાલા ? આવા મ્હોટા ડાકટડ સાહેબને ટાં સાલા ? સાલા ઠેઠ પોંચાદસે સાલા, ટારી ખોજ ભુલાવસે સાલા ! " તો બીજી પાસે કોઈ મીયાસાહેબ ચપાની ક-લગી સુંઘના કોઇ પાસે ઉભેલાને કેહેતા હતાઃ–" દેખોજી ! સાલે બદમાશ મુઝીકું ક્યા સુઝ પડી હે ! કોઈ ક્યા કરે ઉસમે ? સાલેકા નગદીરજ ઇસ્કુ ઇદર લાયા–અરે ખાસ શૈતાનીજ ઉસ્કુ ધસીટ લાયા હોયગા. નહીતો એ બખ્ત કોન કમબખ્ત ચોરી કરનેકુ ઘુસેગા ? "

વળી કેટલાએક બ્હીકણદાસો તો પાછળ ઉભા ઉભા "લાકડી લાવો, મસાલ લાવો, દોરડું લાવો, બારણાં નીકળવા તો દો પછી ભુકો કરી નાખીએ છીએ, હરામખોરે અમારો હાથ જોયો નથી," વિગેરે બુમો પાડ્યા કરતા હતા, પણ એક ડગલુ પણ જો અગાડી ભરે તો તેના બાપનાજ સમ.

આ પ્રમાણે વિચિત્ર રંગી ધુમ મચી રહી હતી તોપણ કોઇ અંદરથી હરામખોરે બારણા તો નહીંજ ઉઘાડ્યાં, તેથી અંતે બારણા ભાગવાનો નિશ્ચય આ આમંત્રણ વિનાની પ્રમુખ રહિત કાઉન્સિલમાં થયો.

ઉપલા પ્રસંગ ચાલતો હતો એટલામાં રાજેન્દ્રની ગાડી ઝૂલતી અગાર્સ. નીચે આવીને ઉભી. રસ્તામાજ એણે સાભળ્યુ કે રામપ્રસાદને ત્યાં ત્રિજોરીના ઓરડામાં ચોર ભરાયો છે અને અંદરથી બારણાં ઉઘાડતો નથી, તેથી મારતેઘોડે તે અત્રે આવ્યો હતો. ત્રિજોરીના ઓરડા આગળ ભીડ ઘણી હોવાથી સ્ત્રીએ ત્યા ઉભા રહેવું અયોગ્ય લાગવાથી, તથા રામપ્રસાદ સુદ્ધાં ઘરના સર્વે માણસો ત્યાંજ રોકાવાને લીધે અગાડી દિવાનખાનામાં કોઇ ન હોવાથી, કોઈ બીજોજ ઉપદ્રવ ન થાય માટે, વસંતસુંદરી ત્રિજોરી આગળથી આવી તેવીજ સ્થિતિમા, સાદા પોશાકમા હાથમાં રૂપાનુ મીણબત્તીનુ સ્ટાન્ડ તથા સુનાની સાંકળીવાળો કુંચીનો ઝૂમખો લઈ ઓટલાપરના કટેરાને અઠીગીને ધ્રૂજતી ધ્રૂજતી ઉભી હતી, અને એક ભીરૂ મૃગલીની પેઠે બ્હીતી બ્હીતી આમતેમ જોયા કરતી હતી, કેમકે ખબર પડી એટલાં માણસો ત્રિજોરી આગળજ જમા થયા હતાં અને આગલી તરફ કોઇજ ન હતું.

ઝગઝગાટ બળતી મીણબત્તીના પ્રકાશે રાજેન્દ્રે દુરથી વસંતસુંદરીની નિસ્તેજ–કૃશ–મુખમુદ્રા જોઈ, અને તેનુ કારણ પોતેજ છે એમ ભાન થતાં અતિશય ખેદ પામ્યો. ગાડીમાથી ઉતર્યો અને ગાડીવાળાને ભાડુ ચુકાવી રજા આપી પગથીઆપર ચઢ્યો. પોતાની બળવાન ઇચ્છાની તૃપ્તિનો સમય સમિપ જોઈ મનુષ્ય કશી અન્ય વસ્તુની પરવા કરતો નથી. ચોર–લક્ષ્મી જોઇ શાસનથી બ્હીતો નથી, લંપટ–સ્ત્રીને જોઇ–લજ્જાનો ભય તજે છે, ઈશ્વરપ્રેમી યોગી–પ્રભુને પરખી સંસારની પરવા નથી કરતો, તે પ્રમાણે આ નવલ પ્રેમયોગી–રાજેન્દ્રને હમણા રામપ્રસાદનુ સર્વસ્વ ભલે લુંટાઈ જાય કે બળી

જાય તેની કશાની ચિન્તા નથી. ખીસામાંનો પત્ર આપવાનો અને એ શબ્દ બોલવાનો આવો પ્રસંગ આવવો પાછો કઠિન છે એમ ધારી, તેનું મન પત્ર આપવાનાજ વિચારમાં રોકાયું. રાજેન્દ્રે કહ્યું–"વસંતસુંદરી આજ કાંઈ ચ્હેરો બહુ નિસ્તેજ થઇ ગયલો લાગે છે? કાંઇ જીવને અસુખ છે કે શું?"

વસંતસુંદરીએ જેવી રાજેન્દ્રની ગાડી જોઇ કે તેની સાથે નિરાશાનું વાદળું તેના મનપર ફરી વળ્યું–એકદમ બધું પ્રેમપ્રકરણ દૃષ્ટિ આગળ ઉભું થયું–બ્હીલી પડી ગઇ–અને રાજેન્દ્ર ઓટલા ઉપર આવ્યો તો પણ, એ તો જાણે હાથમાં દીવો રાખીને ઉભી રાખેલી સુદર આરસની પુતળી હોય એમ દીપકની જ્યોતમાં દૃષ્ટિને લીન કરીને સ્તબ્ધજ ઉભી રહી. રાજેન્દ્રના આ પ્રથમ પ્રેમસૂચક ભાષણે બાળાને રોમ હર્ષનો અનુભવ કરાવ્યો, અને જેમ દીર્ઘકાલના અધકારને અંતે સૂર્યનું કોમલ કિરણ પણ અસહ્ય થઇ પડે છે–આંખને પાછી બંધ કરે છે, તેમ આ નિરાશા નિશાને અંતે આશા ઉષાના ઉગ્ર તેજથી તે સ્તબ્ધ થઈ ગઈ અને ઇચ્છા છતાં પણ કાંઈ ઉત્તર નજ દેવાયો–ન દેવાયા છતાં પણ અંતરની બળતરાએ એને ધક્કો માર્યો, અને કાંઇક શરમાતાં કાંઇક રોષમાં બોલી–"નિસ્તેજ થાય–કે અસુખ થાય–કે અંતર બળીને ખાખ થાય તેમાં તમારે શુ? તમને ઈશ્વરે મ્હોટા કર્યા છે એટલે અમારા જેવાં તે તમારે યોગ્ય ક્યાંથી હોય."

રાજેન્દ્રને જાણે વજ્રનો ઘા થયો હોય એમ તેનું હૃદય ભરાઇ આવ્યું અને એક ઉભરા સાથે બોલી ઉઠયો. "પ્રિય વસંત! વ્હાલી વસંત! હું ત્હારો અપરાધી છુ. મે તને નિસ્પ્રયોજન દુભવી છે–ત્હારાપર નિરર્થક ક્રૂરતા વાપરી છે માટે મને ક્ષમા કરજે. અધિક વિલંબ કરવાનો આ સમય નથી અને આ સ્થળ પણ નથી હાલમાં તો આ પત્ર લે અને એમાં લખ્યા કરતાં સહસ્રપટ મ્હારી માફી માની લેજે–દોષો દરગુજર કરજે–ભૂતને ભૂલજે. હમણા તો તારા પિતા પાસે મારે જવું જોઇએ."

વસંતસુંદરીએ નાજુક હાથ લાંબો કરી શરમાતી શરમાતી પત્રિકા લીધી અને ખીસામાં મુકી. પત્રિકાનો સ્પર્શ થતાંજ જાણે રાજેન્દ્રનુ આખું હૃદય પત્રદ્વારા એનામાં રેડાયુ હોય એમ તે ધડકવા લાગ્યું. શરીરની રોમાવળી ઉભી થઈ અને હર્ષના આંસુઓ દીપકની જ્યોતમાં ચળકતા ગાલ પર ટપકવા લાગ્યાં. એકાન્ત અંતરસૃષ્ટિમાં

હૃદય હસ્યું અને એકાન્ત ઓટલા પર મુખે કાંઇ મૃદુસ્મિત કર્યું. પત્ર વાંચવાનો તો આ સમયજ ન હતો, તો પણ જોયા વિના તો તેનો જીવ રહેવાજ નહી. અને આમતેમ જોઇ પત્ર કહાડયો—ઉપર લખેલી સુંદર ગીતિ વાંચી અને ક્ષણવાર સુખસાગરમાં સ્નાન કરવા લાગી. પણ એ સ્થિતિ બહુવાર ટકી નહી. પ્રેમીઓને એકબીજાથી વિખુટાં પડતાં અસંખ્ય અસંભવિત શંકાઓ થાય છે એ સાધારણ છે. તે પ્રમાણે રખેને ત્રિજોરીમાં ભરાયલો હરામખોર જીવપર આવ્યો હોય, ને બારણું ઉઘાડી એકદમ બ્હાર નીકળી રાજેન્દ્રને છરો કે એવું કાંઇ હથિઆર ભોંકે, અથવા કોઇ બીજી હાની કરે એવી મનોમય કલ્પના વસંતસુદરીને સ્ફુરી આવી અને તેને ત્યાં ઉભાં રહેવાની ધીરજ ન રહી. તરતજ દીવો ટેબલપર મુકી ત્રિજોરીની ઓરડી આગળ ગઈ, અને બ્હાર એક સિપાઇને મોકલી બધાં માણસોથી થોડેક છેટે પોતાના પ્રેમીપરજ દૃષ્ટિ રાખતી ઉભી.

રાજેન્દ્ર જે વખતે ત્રિજોરીની ઓરડી આગળ ગયો ત્યારે બારણું ભાંગવાની તૈયારી થઈ રહી હતી. રામપ્રસાદે ટુંકમાં બધી હકીકત તેને કહી સંભળાવી તે ઉપરથી રાજેન્દ્ર જરા વિચાર કરી બોલ્યો કે—“ તાળાંવાળા બારણાંને અંદરથી દેવાને માટે કાંઇ લોખંડની આંકડી છે કે નહી ? જો હોય તો અમસ્થી અધર રહી ગયલી, અને ગઇ વખતે બારણું બંધ કરવાના આચકાથી નકુચામાં પડી ગયલી હોવી જોઇએ. કેમકે તમે કહો છો કે બીજાં ત્રણ બારણાંઓ તો અંદરથી બંધ હતાં અને આ બારણાને તાળું હતું, જે હમણાંજ ઉઘાડવામાં આવ્યું છે. માટે જો એમજ હશે તો એ આંકડીની જગ્યાએજ કાંઈ જોરથી ઠોકો કે આંકડી ભાંગી જશે.”

આંકડી હતી કે નહી તેની તો કોઇને સુરત ન હતી, તે છતાં જ્યારે બારણું ભાંગવાને તૈયાર થયા હતા તો આ અજમાયશ કરવામાં શી હરકત હતી. પ્હેલાજ ધક્કાની સાથે કટ કરતી આંકડી ભાંગી અને બારણું ઉઘડી ગયુ—રાજેન્દ્રની અટકળ ખરી પડી—અને હરામખોરને બદલે હાસ્યનીજ ચટની થવા માંડી. જેઓ બિચારા “ સાળા ઉઘાડ ” વિગેરેમાં બહુ આગેવાન હતા તેઓ તો બ્હીલાજ પડી ગયા. અને દોરડીને સર્પ મનાવનારી, ગાયનમાં રૂદનનો આભાસ પાડનારી, અસત્યને સત્ય મનાવનારી, જ્યાં કોઈ ન હતું ત્યાં હૃદયમાં ભય ઉત્પન્ન કરનારી—ભ્રાન્તિ શો અનર્થ કરે છે, તે તથા આણીને

સમયે સાધારણ બુદ્ધિ પણ ન્હાસી જાય છે, એવા એ પાઠ રામપ્રસાદ આ નિર્જીવ-નહી સરખા બનાવથી શીખ્યો. આ બનાવ આખા જગતને નિર્જીવ છતાં પણ એ પ્રેમીને તો સજીવ જેવો-અમૃત જેવો લાગ્યો. વસંતસુંદરી રાજેન્દ્રની સમયસૂચકતા પર મોહિત થઇ.

જે પત્ર અપાવવાને ઇશ્વિરે ઉપલો ખેલ રચ્યો હતો તે પત્ર વાંચવાનો પ્રથમ ઉભરો તો તે રાત્રિનાજ સમ્યો હતો, એટલે હવે પ્રિય વાંચક ! આપણી વસંતસુદરીને આ પ્રકરણના આરંભમાં પોતાના જન્મદિવસની નિર્મલ પ્રભાતમાં ઝરૂખામાં પત્ર વાંચતી આપણે મુકી છે, તે હવે સતોષથી વાંચી રહી હશે, માટે તે તરફ ત્હારી દૃષ્ટિ ફેરવ. આજે તો ગઇ પ્રભાત કરતાં તેની કાંઇ ઉલટીજ સ્થિતિ હતી. તેના ગાલપર તથા હોઠપર તેનું સ્વાભાવિક નિર્મલ રક્ત ઝળકતું હતું, કપાળ ચળકતું હતું, અને આંખો કાંઈ નવીન નૃત્ય કરતી પત્રને વારંવાર વાંચતી હતી, અને હર્ષના અશ્રુની તે પર વૃષ્ટિ કરી રાજેન્દ્રના પશ્ચાતાપના અગ્નિને શાંત કરતી હતી. પત્ર વચાઇ રહ્યો અને પ્રફુલ્લિત થતી લખવાની ટેબલ પાસે દોડી અને ઉત્તર લખવાને બેઠી પત્ર લખ્યો, સાથે માગેલી છબી બીડી, અને એણે પણ રાજેન્દ્રની ગીતિના ઉત્તરમાં નીચે પ્રમાણેનો લેખ પડબીડીઆપર કર્યો:—

"મેઘ તણો અધિપતિ ઈન્દ્ર છે, સકલ જગત પરિચિત એ છે,
"તેજ ઈન્દ્ર વારી ઇચ્છે શુ, મેઘ થકી ચાતક બનિને ?
"વસત ગ્રીષ્મે સૂર્ય તપીને, મેઘ દિસે નભમાં ચઢતાં,
"તેજ મેઘ વર્ષામાં વર્ષી, નવલ વસતજ ખીલવતાં;
"વસંત સુષ્ક બની પ્રીતિ-વારી-મેઘ મોકલ્યાં તુજ પાસે,—
"નવલ વસંત નિરખવાનો જો, તું કદિ ઉર અભિલાષ ધરે,
"વૃષ્ટિ કરી, મિઠિ દૃષ્ટિ કરી, આ સૃષ્ટિ તપિતને શાન્ત કરે;
"એમજ પ્રિય આ ચાતકિ પાતકિ તૃપ્ત કરવી છે તુજ હસ્તે !

આ લેખ એક બે વાર વાંચી ખીસામાં મુકયો અને નીચે કામકાજ જોવાને ગઈ. આવે સમયે એક ક્ષણનો વિલંબ એક દિવસ જેવો લાગવા માંડયો, અને થોડોજ કાળ વસંત નીચે રહી એટલામાં એમ થવા લાગ્યું કે હજી રાજેન્દ્ર કેમ ન આવ્યો-કોઇ હરકત આવી કે શું ? તુરતજ પાછી ઝરૂખામાં ગઇ અને આમ તેમ ફરવા લાગી-વારંવાર દૃષ્ટિ માર્ગમાં દોડાવવા લાગી-કોઇ ગાડી જાય કે કાન ધરવા

લાગી. એટલામાં વળી દરવાજા પાસેથી જતા કોઇ ભાટના સારંગીમાં મળી જતાં મધુર સંગીતે તેલ રેડયું:—

"હજુ ન આયો મેરો શ્યામલિઓ
અરે હજુ ન આયો મેરો શ્યામલિઓ
ન આયો—ન આયો—મેરો શ્યામલિઓ—
અરે હજુ ન આયો મેરો શ્યામલિઓ—
ન આયો—ન આયો—મેરો—
પિઆકે કારન દીવાની ભઇ, ન માને કઠિન કનૈયો;
નહી આયો હજુ મેરો શ્યામલિઓ—
આરી હજુ ન આયો મેરો શ્યામલિઓ—
ન આયો—ન આયો—મેરો—"

આ પ્રમાણે પોતે પણ દરેક પદ મનમાં ઉલટાવી ગાવા લાગી. ગાતાં ગાતા આમતેમ ફરવા લાગી, અને અંતે નિરાશ થઇ હોય એમ દૃષ્ટિ દરવાજા પર રાખી—ગાલે હાથ ટેકવી—ઝરૂખાના કઠેરા પર કોણી ટેકવી ઉભી. એટલામાં રાજેન્દ્રની ગાડી આવી—બન્ને પ્રેમીઓની આંખો મળી—વસંતસુંદરીએ પોતાના મૃદુ સ્મિતથી પ્રથમ અભિનંદન દીધુ, અને રાજેન્દ્ર પણ આ વસંતઋતુની નિર્મલ પ્રભાતના આકાશપટપર ચિત્રાયલી સુંદર છબી જોઇજ રહ્યો.

બીજા માણસો પણ જમવાને આવ્યા હતા એટલે પત્ર આપવાનુ કામ ઘણું કઠિણ હતું. તો પણ જ્યા ઇચ્છા હોય છે ત્યાં ગમે તેમ માર્ગ એની મેળે સુઝે છે. કપડાં ઉતારી સર્વે ભોજન લેવા ગયા તે વેળા દિવાનખાનામા કોઇ ન હતુ, તેથી આમતેમ જોઇ વસંતસુંદરીએ પત્ર રાજેન્દ્રના કોટના ખીસામાં મુકયો, અને પછી પીરસવા વિગેરેની સરભરામા ગુંથાઇ.

સર્વે ભોજન કરી રહ્યા અને વસંતસુંદરી ત્યાંજ હતી એટલે રામપ્રસાદે કહ્યું—"વસંત! આજે ત્હારો જન્મદિવસ છે માટે તુંજ બધાંને બીડીઓ આપ."

આ પ્રસંગે આ આજ્ઞા અમૃત જેવી લાગી અને બધા બીડીઓ લઇને દિવાનખાનામાં ગયા, પણ રાજેન્દ્ર કાંઇ હાથ ધોવા વિગેરેમાં જાણી જોઇને વિલંબ કરી છેલ્લો રહી ગયો. સફેદ ગજના બાલકની કોમળ સુંઢની પેઠે વસંતસુંદરીએ પોતાનો માંસલ હાથ લાંબો કરી બીડી આપી, અને હવામાં કોઈ અદૃષ્ય સત્વ બોલતું હોય એમ ધીમે

સાદે " પત્ર તમારા ખીસામાં મુકયો છે," એમ કહી રૂપાની તાસક લઈ ઘરમાં ચાલી ગઇ.

બીજાં માણસો ચાલ્યાં ગયાં હતાં અને રામપ્રસાદે રાજેન્દ્રને " કાંઇ કામ છે માટે જરા બેસજો "–એમ કહ્યું હતું એટલે હાલમાં તેઓ બન્ને એકલા દિવાનખાનામાં હતા. આપણે અગાડી કહી ગયા કે રામપ્રસાદે રાજેન્દ્રનેજ વસંતસુંદરી આપવાનો નિશ્ચય કર્યો હતો, પણ હજી તે અમલમાં આણુવા યત્ન કરતો ન હતો. આ વિલંબનું કારણુ માત્ર તેઓની અન્યોઅન્ય પ્રત્યેની વર્તણુકનું અવલોકનજ હતું. આપણે રાજેન્દ્ર અને વસતતસુદરી વચ્ચેના પ્રેમસૂચક પ્રસગો જેટલા બતાવ્યા તેમાંના કેટલાએકનો તો સૂત્રધારજ રામપ્રસાદ પોતે હતો, અને બીજા પ્રસગો પણ ઘણીજ સાવચેતીથી કોઇ ન કળે તેમ જાણુવાને તે ચુકયો ન હતો. ચક પછાડી ઉભી રહેતી વસંતસુદરી–પાર્ટીમાંની ઉભ-ચની વર્તણુક–બીજે દિવસે વસતતની પ્રકૃતિમાં ફેરફાર–રાજેન્દ્રની વસંત-સુંદરી વિશે કૃત્રિમ બેપરવાઇ–અને છેવટે બીડી લેવામા છેલ્લા રહી જવું વિગેરે–માત્ર તેઓની વચ્ચે ચાલેલા પત્રવ્યવહાર શિવાય બધુ–તેણે જાણ્યુ હતું, અને પછીજ તેનો નિશ્ચય થયો હતો કે એ જોડું એકબી-જાની પરસ્પરની પ્રીતિથી સદૈવ સુખી રહેશે; અને તે પ્રમાણે વસં-તસુદરીના જન્મ દિવસને મિશે તેને જમવા બોલાવી પોતાનો એ વિશેનો વિચાર રાજેન્દ્રને દર્શાવવાનો તેણે બેત રાખ્યો હતો. આથી જેવા તેઓ એકલા પડયા કે રામપ્રસાદે કહ્યું—" રાજેન્દ્ર ! આજે મ્હારે એક અગત્યની બાબત તમને કહેવાની હતી માટે તમને રોક્યા છે. મ્હારા પ્રાણુથી પણ અધિક એવુ આ મ્હારૂં પુત્રીરત્ન હું આજે એના જન્મ દિવસે તમને અર્પણ કરવા માગું છુ; તમારાથી બીજો કોઇ એને પામવાને યોગ્ય નથી, માટે કૃપા કરી એટલી ભેટ સ્વીકા-રશો તો હું મ્હારી જાતે કૃતકૃત્ય થયો સમજીશ "

એક અણુધાર્યું–અણુચિંતવ્યુ–સુધાઝરણુ છુટયું હોય અને તે પીતાં પીતાં ગળું બંધ થઇ જાય–મુઝાઇ જાય–તેમ રાજેન્દ્ર તો સ્તબ્ધજ થઇ ગયો, થોડીવારે ધ્રુજતે સાદે તૂટક ઉત્તર દીધો " જો એમ-એમ–હોય તો મ્હારા જેવો ભાગ્યશાળી બીજો કોણ થશે ? "

" કાંઇ કામ છે બેસજો "–એ વાક્ય કોણુ જાણે પુત્રીની લાંબા કાળની અધીરાઇને તૃપ્ત કરવાને કે પછી અનાયાસે રામપ્રસાદે, વસં-તસુંદરીના સાંભળતાંજ કહ્યું હતું; અને સહજ જીજ્ઞાસાથી ચક પછાડી

છાની છાની આવી ઉભેલી વસંતસુંદરી, પિતાના મુખમાંથી આ અણુધાર્યું અમૃતરૂપ–મંગળ વાક્ય સાંભળી રોમહર્ષ અનુભવવા લાગી. રાજેન્દ્રનુ હૃદય વસંતસુંદરીએ ખીસામાં મુકેલો પત્ર વાંચવામાં ભરાયું હતું તેથી તે તુરતજ રજા લઈ ઘેર ગયો.

રસ્તામાં ગાડીમાંજ પત્ર કહાડયો અને ઉપરનો લેખ વાંચી, પોતાની ગીતિનો ઉત્તર દેવાની તેની ચતુરાઇથી તથા તેમાં સ્ફુરતી ઉચ્ચ કવિત્વશક્તિ જોઈ સાનદાશ્ચર્યમાં ડુબ્યો. તે પછી અંદરનો પત્ર વાંચ્યો–વાંચીને પાછો પડબીડીઆમાં મુકયો. અને આખે રસ્તે હવે નિશ્ચે પોતાની થવાની પ્રિયાની ચારૂ છબી નિહાળતો, નીચેની લીટીઓ ગણુગણુતોઃ—

" એમજ પ્રિય આ ચાતકિ પાતકિ, તૃપ્ત કરવિ છે તુજ હસ્તે–

" એમજ પ્રિય આ ચાતકિ પાતકિ, તૃપ્ત કરવિ છે મુજ હસ્તે–

એમ 'તુજ' અને 'મુજ'ની ઉલટપાલટ કરતો, આવી બાળા પોતાને માટે સ્હામો પ્રેમનો અભિલાષ રાખે છે એ જોઇ ! ! શાળી ગણુતો, ઘરભણી ચાલ્યો, અને નિશ્ચય કર્યો કે હવે માતાપિતાને આ વિશે સત્વર વિલાસદ્વારા જણાવવું જોઇએ, કેમકે ઈંગ્રેજી કહેવત પ્રમાણે પ્યાલુ હાથમાં લઈ હોઠે અડકે એટલામા પણ અસખ્ય વિઘ્નો આવી પડવાનો સભવ છે.

રામપ્રસાદને ત્યાં પાર્ટી હતી ત્યારે રાજેન્દ્રને સાના સર્વેએ વસંતસુદરીને જોઇ હતી, અને દેવેન્દ્ર, સીતા, લક્ષ્મી અને વિલાસ વિગેરે બધાં એકમત થયાં હતાં કે રાજેન્દ્ર એને ગાટે હા કહે તો ઠીક; નો પણ ઘણી વખત રાજેન્દ્રે સારા સારા ઘરની ના કહેવાથા હવે કોઇની એને કેહેવાની હિમ્મન નહોતી ચાલતી વિલાસે બીડુ ઝડપ્યુ ને બોલી–" જુઓ હવે એ ના કેહેજ નહી હવે તો એ પાસ થયો છે અને આનાથી તે સારી બીજી કઇ મળવાની હતી જે ? હુ આજે હા કહેવડાવુ તો જ ખરૂં." આથી રાજેન્દ્ર જેવો ગાડીમાંથી ઉતરી પોતાના ઓરડામાં ગયો કે તરતજ વિલાસ ત્યાં ગઇ અને બોલી—" ભાઇ ! આજે તો ત્હારી પાસે કાંઈ માગવા આવી છું તે ત્હારે આપવું પડશેજ. હવે તો તું પાસ થયો છે, કમાતો થયો છે, ઉંચી પદવીએ પ્હોંચ્યો છે, અને વસંતસુદરી જેવી ભણેલી–ગણેલી–દેખાવડી–ત્હારા મનલાયક એવી તે બીજી કઈ આપણી ન્યાતમાં તને મળવાની છે ? સીતાફોઇનો ને બધાનો વિચાર એની સાથે કર-

વાનો છે, માટે ત્હારે એની તો હાંજ કહેવી પડશે. એથી તો સારી ઇંદ્રની અપસરાને લઈ આવે તો કોણ જાણે. જો તું આની ના કહેશે તો હું હવે ચંદ્રનગરમાં આવવાની નથી. મે બધાંને વચન આપ્યું છે માટે જો ના કહેશે તો મ્હારૂં પણ જશે."

રાજેન્દ્રને તો—"ભાવતું હતું ને વૈદે કહ્યું"—એવું થયું એટલે જાણે ખાસ વિલાસના પર ઉપકાર કરતો હોય એમ—"જા ત્હારૂં પણ જાય છે ત્યારે તો તું જે કરશે તે કબુલ છે,"—એમ કહ્યું અને વિલાસે ઉલ્લાસભેર આ ખુશ ખબર નીચે વાટ જોતાં ઉત્સુક હૃદયોમાં રેડી તેમને પ્રસન્ન કર્યાં.

"જ્યોતિષ જુઠું, ફળ ફોલી ખાવાનો ફદ છે,-"એ મહાવાક્યમાં બાલપણથીજ, કહેવાતા સુધારાના અગ્રણી રામપ્રસાદને પૂર્ણ વિશ્વાસ હતો, એટલે વસંતસુંદરીના જન્માક્ષર એને ત્યાં હતા તે છતાં મેળવવાની તો ચિન્તા તેને નજ હતી. પણ વૃદ્ધ દેવેન્દ્ર, લક્ષ્મી અને સીતાનો એ પર સ્વાભાવિક વિશ્વાસ હતો; તેથી વસંતસુંદરીના જન્માક્ષર મંગાવવાનો નિશ્ચય થયો; વિલાસને તો આજેજ ઉતાવળ આવી હતી એટલે ન્યાતરીત પ્રમાણે ગોરને બોલાવીને રામપ્રસાદને ત્યાં મોકલ્યા. વ્યવહારશાસ્ત્રનો મ્હોટો આધાર વૃદ્ધ સ્ત્રીઓ પર રાખવામાં આવે છે, તેથી દેવેન્દ્ર ને લક્ષ્મીના લગ્ન કરાવનાર મોહોલ્લામાંના વૃદ્ધ-જર્જરિત થયલાં જમનાકાકીને સલાહ લેવાને બોલાવવા મોકલ્યાં, પણ અફસોસ ! ડોસીએ તો દાટ વાળ્યો. વયોવૃદ્ધ હોવાથી રામપ્રસાદ અને દેવેન્દ્રના કુટુંબની મ્હોટી વંશાવળીનો ચોપડો ઉકેલ્યો, અને એવું સગપણ કહાડયુ કે આવો સંબંધ તદન શાસ્ત્રવિરૂદ્ધ અને કરનારાને નર્કના અધિકારી કરે એવો ઠરાવ્યો. "લખમી વહુ એ તો સારૂં થયું કે તમે મને બોલાવી, નહીં તો પાપમાથી તમે ક્યારે છુટતે ? આ આજકાલના છોકરાંઓ આવો સંબંધ શું જાણે ? વારૂ એ તો ઈશ્વરેજ તમારી સ્હામુ જોયુ. આ જીતેન્દ્ર અને મંગલપ્રસાદ તે કાંઈ આઘા કહેવાય ? તમે તો જેવા કુટુંબી કહેવાઓ. જો બાપા ! ઈશ્વરથી બ્હીતાં હોવ તો એ ન કરશો; પછી તો બુદ્ધિ કોડે કોડે જુદી છે. સ્હામો તો સુધારાવાળો છે એટલે તેણે તો સાસતરને નાહી નાખ્યું છે, પણ તમે તમારે સંભાળજો બાપા—કુળની લાજ ન જવા દેશો." આટલું બોલી જમનાડોસી બીજી બીજી વાતો કરી લાકડી લઇ ટેકતાં ટેકતાં ઘર તરફ વિદાય થયાં.

અરે ડોસી! તને સ્હેજ બોલાવી અમે તેં તોર નખોદ વાળ્યું.- બોળી લક્ષ્મી તો તરતજ વ્હેમાઇ ગઈ–સીતા સ્તબ્ધજ થઇ ગઇ–દેવેન્દ્ર નિશ્વાસ નાખી દુઃખમાં ડુબ્યા–નાગેન્દ્ર નારાજ થયો–વિલાસ વ્હીલીજ પડી ગઇ–પોક મુકીને રડીજ પડી અને રાજેન્દ્ર તો આ સાંભળી થોડો કાલ ઘેલા જેવોજ થઇ ગયો, કેમકે એને તો આમાં કશો બાધજ ન લાગતો હતો, તોપણ વ્હેમી સ્ત્રીઓ એવો સંબંધ એને કદી કરવા દેવાની નથી એ તેને નિશ્ચય હતો. આટલા માગાંઓ આવ્યાં અને તેમાં જ્યારે પુત્રે આ સ્વીકારવાનો વિચાર દર્શાવ્યો ત્યારે આવું અણુધાર્યું વિઘ્ન આવ્યુ તેથી દેવેન્દ્રને પણ બહુજ લાગ્યુ. એટલામાં ગોર જન્માક્ષર લઇને આવ્યા અને તેઓએ રાજેન્દ્રના ગ્રહ સાથે મેળવતાં–"નથી મળતા"–એવું દિલગીરી સાથે દર્શાવ્યુ. પણ દેવેન્દ્રને ગોરના જ્ઞાનપર પુરો વિશ્વાસ નહી હોવાથી, કોઈ પણ રીતે એનો તોડ કહાડવાને જોશીઓની સભા બોલાવી, જન્માક્ષરો બતાવી, અને બે કુટુંબનું સગપણ કહી પ્રશ્ન કર્યો કે આવું લગ્ન થાય કે નહીં? તેઓએ પણ જન્માક્ષરને નહી મળતા બતાવી અને સગપણનો વિચાર કરી એ લગ્નને નિષિદ્ધ ઠરાવ્યુ. અને જ્યારે ડોસીશાસ્ત્રનુ જોશીશાસ્ત્ર કરતાં વ્યવહારમાં અધિક માન હોય છે, ત્યારે જ્યાં "ડોસી" અને "જોશી" બન્ને શાસ્ત્રો એકમત થયાં તો પછી સંશય શો? એ સબંધ તો નજ કરવો એવું નક્કી થયુ, અને જ્યોતિષમા શ્રદ્ધાવાળા વૃદ્ધ દેવેન્દ્રને તથા સીતાને પણ આ ઠરાવ સ્વીકારતાં ઘણોજ ખેદ થયો.

રામપ્રસાદને ત્યાં જાતે તો જવાની હિમ્મત નજ ચાલી, એટલે રાજેન્દ્રે આ પોતાનાપર પડેલા વજ્ર જેવા દુઃખની ખબર પત્રદ્વારા રામપ્રસાદને જણાવી; જેથી રામપ્રસાદને પુત્ર નાશ જેવુ દુઃખ લાગ્યુ. રાજેન્દ્રનું પ્રતિક્ષણે સ્મરણ કરનાર વસંતસુંદરી રાજેન્દ્રના બે ત્રણ દિવસ પુનઃ દર્શન ન થવાથી અશુભ શંકાના વમળમાં પડી હતી, તેણે રામપ્રસાદની ગેરહાજરીમાં, વિચારમાં ટેબલપર રહી ગયેલો રાજેન્દ્રનો પત્ર વાંચ્યો, અને દુઃખી બાળા મૂર્છિત થઇ ધરતીપરે ઢળી પડી. થોડીવારે સાવધ થઈ પોતાના પલંગપર જઇને સુતી–સુતી તે સુતી. પ્રેમપીડાથી છુટી જ્વરપીડા તેને વળગી અને પ્રતિદિવસે કૃશ થવા લાગી. રામપ્રસાદે કુંદનમાં બેસતો આવો અમૂલ્ય હીરો સ્હેજ કારણને માટે ગુમાવ્યો અને બીજો સોધવો બાકી રહ્યો. કુંદનમાં ચપટ

એવો હીરો તો હાની વિના સહીસલામત નિકળી શકે, પણ કુંદન તો ચુંથાઇજ જાય—અધિક મૂલ્યવાન હીરો જણુ તે સરળતાથી ફરી પકડી નજ શકે; તેમ રાજેન્દ્રને તો કદાચ બીજું અધિક સુંદર કુંદન મળશે; પણ આશા ભંગ થવાથી જેનું હૃદય માત્ર ચુરો થઇ ગયુ છે એવી દીન—દુઃખી વસંતસુંદરીની શી દશા ?

પ્રકરણ ૫ મું.

ચંદ્રનગરનો જાગીરદાર.

परोपकाराय सतां विभूतयः ॥

હરિશ્ચંદ્ર નામે એક મ્હોટો જાગીરદાર ચંદ્રનગરમાં રહેતો હતો. એનો દાદો ભાળચંદ્ર ગુલાબસિંહના પિતાનો દિવાન હતો અને તેણે બે સારાં ગામો ભાળચંદ્રને "યાવતચંદ્રદિવાકરૌ "—લખી આપ્યાં હતાં, જેની વાર્ષિક ઉપજ આસરે રૂ. ૧૫૦૦૦) ની હતી.

આ પ્રસંગે હરિશ્ચદ્રની વય ત્રીસેક વર્ષની હતી. આપણે જાણીએ છીએ કે જેવે માર્ગે લક્ષ્મીની પ્રાપ્તિ થઈ હોય તેવેજ માર્ગે એનો વ્યય પણ થાય છે. ચોરી, વિશ્વાસઘાત અથવા કોઈ પણ નીચ માર્ગે ઉપાર્જન કરેલા ધનનો—ભોગવિલાસ, લપટતા વિગેરેમાજ નાશ થતો સદૈવ જોવામાં આવે છે. પણ ભાળચંદ્રે આ જાગીરો કાંઈ દેશદ્રોહથી કે છળકપટથી મેળવી ન હતી; એની અડગ પ્રમાણિકતા અને રાજ્યભક્તિપર અત્યંત પ્રસન્ન થઇ, ગુલાબસિંહના પિતાએ એના માગ્યા વિના આપી હતી; અને તેથીજ હરિશ્ચંદ્ર આવી યુવાવસ્થા છતાં પણ નીતિમાન, ઉદાર, વિદ્વાન અને ધર્મિષ્ટ થઇ શકયો હતો.

સંસ્કૃત વિદ્યાપર હરિશ્ચંદ્રનો અતિશય પ્રેમ હતો અને તેને કાંઈ લક્ષ્મી ઉપાર્જનની તો ચિન્તાજ નહતી; તેમ યશ, કીર્તિ, કે ભોગ વિલાસનો પણ તે અભિલાષી ન હતો; એટલે પોતાની જાગીર સંબધી કામકાજ શિવાયનો બધો કાળ તે વેદવેદાંગ, ઉપનિષદો, પુરાણો વિગેરે ધર્મ પુસ્તકોનાજ શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં ગાળતો હતો. સંસ્કૃત વિદ્યાના આ અસ્તકાળમાં આવા પ્રેમીઓનો સંભવ બહુજ ન્યુન હોવાથી, શાસ્ત્રી, પુરાણી, પંડિતો, દેશાંતરમાંથી

એનું નામ સાંભળી ચંદનગરમાં આવતા હતા, અને તેઓને એ પૂર્ણ પ્રસન્ન કરતો હતો. કર્મકાંડમાં પણ ઘણો ચુસ્ત હોવાથી, તેલંગી ઘનપાઠીઓ એના ઘરના શિવમંદિરમાં પવિત્ર વેદનું પારાયણ અહોનિશ કર્યાજ કરતા હતા. અને જાણે એની લક્ષ્મી અને કાળ સાર્વજનિકજ હોય–પારકાના અર્થેજ મળ્યા હોય–એમ ગરીબો, સગાંસંબંધીઓ, વિદ્યાર્થીઓ, રોગી વિગેરેને અસંખ્ય રીતે ગુપ્ત સહાય આપવામાં એ હમેશ તત્પર રેહેતો હતો. હરિશ્ચંદ્રને દ્વારેથી કોઇ ખાલી હાથે પાછો ફરે એતો અસંભવિતજ હતું કારણ કે એ બાબતમાં એની માન્યતા એવી હતી કે સર્વ મનુષ્ય, પ્રાણીમાત્રનો આપણી દયાપર હક છે, અને તેથી કોઈ પણ માણસની સહાય વિગેરેની માગણીપરથી જ્યારે સાધારણ માણસ–" એને શા માટે આપવું જોઇએ ? "–એવો વિચાર પ્રથમ કરે છે; અને પછી જો પોતાના સ્વાર્થને માટે અથવા તો કોઇના દાબદબાણથી જો આપવું પડે છે તોજ આપે છે એમ એ કરતો નહતો. એ પ્રથમ વિચાર એમ કરતો કે–" એને શા માટે આપવું ન જોઇએ ? "–અને પછી જો કાઇ પણ કારણો તેની વિરૂદ્ધમાં હોય તોજ તેને નહી આપતો. સાધારણ માણસના દાખલામાં પ્હેલી " ના " અને પછી જરૂર પડે " હા " થાય છે. હરિશ્ચંદ્રની પ્હેલી " હા " ને પછી જરૂર પડે તો " ના " થતી હતી. સાધારણ માણસ "Necessity" જરૂરીઆતથી દાન કરે છે. જ્ઞાનવાન "Duty" પોતાનો ધર્મ છે એમ સમજીને કરે છે. અને તેનાજ પરિણામે પ્રત્યેક મનુષ્યનો પોતાની યોગ્યતા પ્રમાણે–" ફુલ નહી ને ફુલની પાંખડી "–એ રીતે સત્કાર થતો હતો. આવા નિરભિમાની, ઇશ્વરપરાયણ ધર્મસ્થભને ત્યાંના લોકો ધર્મરાજાજ કેહેતા હતા અને ટુકામાં હરિશ્ચંદ્ર તે સાક્ષાત્ હરિશ્ચંદ્રજ હતો.

दानं भोगोनाशस्तिस्रोगतयो भवन्ति वित्तस्य ॥

योनददाति नभुंक्ते तस्य तृतियागतीर्भवति.

ભર્તૃહરીના આ પવિત્ર વાક્યમાં એને પૂર્ણ વિશ્વાસ હતો. લક્ષ્મી ચલિત વસ્તુ છે અને તેનો કોઈ પણ માર્ગે ક્ષય તો થવોજ જોઇએ અને એના રસ્તા ત્રણ છે–દાન, ભોગ, કે નાશ. નાશ થાય એમાં તો કોઇનેજ લાભ નથી. ભોગ માત્ર થોડોક કાળ સ્વાર્થી સુખ આપી કર્મ બંધનમાં ઘણા જન્મો પર્યંત ગુંચવે છે–**भोगा न भुक्ताव-यमेवभुक्ताः** તે પ્રમાણે ભોગ ભોગવતાં ભોગવતાં આપણેજ ભોગવાઈ

જઇએ છીએ અને આયુષ્યનો અંત આવતાં આંખો ઉઘડે છે. માટે ઉત્તમોત્તમ માર્ગ તો દાન-પરમાર્થજ છે.

પ્રિય વાંચક ! જો હરિશ્ચંદ્ર આ પ્રમાણે વિચાર કરે તો તેમાં શું અયોગ્ય છે? સ્ત્રી કે પુરૂષ, નીચ કે ઉંચ, સ્વજ્ઞાતિ કે પરજ્ઞાતિ કોઇનું પણ કોઇ પણ માર્ગે કલ્યાણ કરવામાં પ્રવૃત્તિ કરવી એમાંજ ખરૂં પુરૂષાર્થ છે. કોઇને માટે ઘસાવું એમાંજ મનુષ્ય જન્મનુ સાર્થક છે. વિશ્વરચનામાં સર્વે પ્રાણીમાત્ર-જીવમાત્ર-એકજ કૃપાળુ પિતાની સંતતિ છે એમ જો તું માનતો હોય, તો તેઓ સર્વેના હકો સરખા છે-સુખ દુઃખની લાગણી સમાનજ છે; અને આથીજ **अहिंसा परमोधर्मः** એ વાક્યના ઉપદેશથી બતાવ્યું છે કે કોઈ પણ જીવવાળા પ્રાણીમાત્રને મન, કર્મ, વચન વડે દુભવવું નહીં.

આધુનિક કાળમાં મ્હોટાઇ શામાં ગણાઇ છે ? વિદ્યા, તપસ્, સદ્ગુણ, પરમાર્થવૃત્તિ એમાં નહી, પણ માત્ર લક્ષ્મી અને પદ્વી-અને તે પણ ઉચ્ચ કે નીચ કોઇ પણ માર્ગે સંપાદન કરેલી લક્ષ્મી અને પદ્વીમાંજ સમાઈ છે પણ એ ઉભય ચલિત છે. જો એ લક્ષ્મી અને અધિકારના સમયમાં પરમાર્થ કરી લોકપ્રિયતા મેળવી નહી, તો અંતે મનુષ્ય જેવો આવ્યો તેવોજ જાય છે. જે મહાપુરૂષોએ પોતાનુ સર્વસ્વ લોકકલ્યાણમાં સમર્પ્યું છે, તેઓજ આજે ચિરસ્થાઈ કીર્તિથી આપણી સ્મૃતિમાં રમી રહ્યા છે.

गुणाः पूजास्थानं गुणिषु नच लिंगं न च वयः ॥

તે પ્રમાણે પૂર્વના સમયમાં સદ્ગુણ એજ પૂજાસ્થાન હતું, અને તેથી મ્હોટા રાજકર્તાઓ પણ માત્ર લંગોટીભર જ્ઞાની પુરૂષને પોતાને આસને બેસાડી સાષ્ટાંગ પ્રણામ કરતા હતા.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે સદ્ગુણ અને દુર્ગુણ એનો સવાલ હાલમાં બાજુ પર મુકીએ, તો પણ પ્રત્યેક જંતુ, પ્રાણી, મનુષ્ય-ઉચ્ચ કે નીચ મનુષ્ય, એક સરખી રીતે આપણા દયાભાવનો ભાગીદાર છે. અને જો એમ છે તો ભુખ્યા, તરસ્યા, રસ્તામાં ટાઢમાં ઠુઠવાતા, મૃત્યુ પથારીમાં તરફડતા ત્હારા અનેક બંધુઓને જોઈ તેનું દુઃખ નિવારણ કરવાને શક્તિમાન છતાં પણ, તુ યથાશક્તિ યત્ન ન કરે તો તને સુખે નિદ્રા આવશે ? અને આવશે તો તને મનુષ્ય કોણ કેહેશે ? દશહજાર રોકડા રૂપિઆ ખીસામાં રહી નથી શકતા પણ તેની એક નોટ સેહેલથી રહી શકે છે, તેમ આ સંસારની લક્ષ્મી મૃત્યુ પછી

અહીંજ રેહેશે; પણ જો તેને પરમાર્થની નોરોમાં બહલાવી લઇશ તો મૃત્યુ પછી તે ત્હારી સાથે સેહેલથી આવશે. અર્થશાસ્ત્રનાં મૂળતત્વોનું (Elements of Political Economy) અહોનિશ ચિન્તવન કરનારા, જેના હાથે કોઇના પણ શ્રેયમાં એક પઇ પણ છુટી નથી–પૈસો મ્હારો પરમેશ્વર–એ મતવાળા અસંખ્ય જીવો અખૂટ ધનસંપત્તિ મુકીને ખાખમાં બળી ગયા છે, તો શ્વાસ છે ત્યાંસુધી યથાશક્તિ તન, મન, અને ધનથી પ્રાણીમાત્રનુ ભલુ કર–સુકૃત કર. ત્હારૂં કલ્યાણ તો શરીર પછાડી છાયા પ્રમાણે એમાં સમાયલુજ છે.

આવો પ્રતાપી હરિશ્ચંદ્ર પોતાની સ્ત્રી સત્યવતી તથા એકના એક પુત્ર ન્હાના પ્રબોધચદ્ર સાથે સ્વર્ગનુ સુખ અત્રેજ ભોગવતો હતો. હરિશ્ચદ્રની વય પાંત્રીસ વર્ષની હતી અને સત્યવતીની પચીસની હતી, સત્યવતીપર હરિશ્ચંદ્રનો ઘણો પ્રેમ હતો અને સત્યવતી પણ ઘણીજ ડાહી અને ચતુર હતી અને આ પ્રેમને પાત્ર હતી. બાલકવયે ઘરમાં કોઇ વડીલ સ્ત્રી ન છતાં ગૃહસસાર માથે ઉપાડી લીધો હતો, અને હવે પુત્રના લાડ સાથે આનદમાં દપતી આવા શાન્ત સંસારના દિવસો નિર્ગમન કરતાં હતાં. પણ અફ્સોસ ! વિધાતાની ઇર્ષા ભરી દૃષ્ટિમા સંસારનુ સપૂર્ણ સુખ કોઇ પણ પ્રાણીને સેહેતું નથી. સત્યવતી–સુશીલ સત્યવતી એકાએક કોલેરાના મદવાડથી ભર તરૂણ અવસ્થામા અકાળમૃત્યુને પામી.

"મૂર્ખ લોકો નશીબમાં માને છે,–" એવા આરોગ્યશાસ્ત્રના લઘુગ્રથ (Sanitary Primer) માં હાલની શાળાઓમાં શીખવાતા અભિપ્રાયને મળતો હરિશ્ચદ્ર ન હતો. સ્વચ્છ હવાપાણીથી મનુષ્યપર સારી અસર થાય છે અને અસ્વચ્છથી માઠી થાય છે એતો એ માનતોજ હતો, પણ તેની સાથે વિશેષ એટલુજ કે મનુષ્યના સુખ દુઃખનો સબધ એક અમુક નિયમ પ્રમાણે ચાલે છે સ્વચ્છ હવાપાણીજ જો કારણ હતે, તો આવા ઝાડપાનથી વિટલાયલા સ્વચ્છ હવાવાળા બગલામાં છતા, ખાવા પીવામાં અતિ નિયમિત છતાં, અતર અને બ્હારથી શુદ્ધ પતિવ્રત્તા સત્યવતી કેમ મૃત્યુ પામે ? આખા મહોલ્લામાં, એના ઘરમાં, કોઇ બીજાને કોલેરા ન નડયો અને એનેજ શાથી ? સ્વચ્છ હવાવાળા મુંબઇના વિશાળ ગવર્મેન્ટ હાઉસમાં ગવર્નર ખુદની પત્ની કોલેરાથી મૃત્યુ પામી તે શાથી ? ભવિષ્યમાં ગ્રેટબ્રિટન અને હિન્દની ઇંદ્રાસન જેવી શેહેનશાહત ભોગ-

વનારો ખુદ રાજ્ય તેઓમાંથી મહારાણીશ્રીનો પ્રિય પૌત્ર ડાકટરોના ઢગલાની વચ્ચે છતાં મૃત્યુનો ગ્રાસ શાથી થયો ? આ બધાના ઉત્તરમાં એમ અપાય છે કે—“ કેટલાએક મનુષ્ય પ્રાણીને અદૃશ્ય સૂક્ષ્મ ખાસ સંજોગોથી;” અને જો એમજ છે તો અંતર માત્ર નામનોજ છે. જેને આધુનિક લોકો અદૃશ્ય સંજોગો કહે છે તેને આર્યોએ “ અદૃષ્ટજ” કહ્યું છે અને અદૃષ્ટ કાંઇ એમનું એમ નથી આવતું પણ એક સર્વવ્યાપી કાર્યકારણના—કર્મના નિયમથી ચાલે છે; અને એ કાર્યકારણનો નિયમ પણ આધુનિક મત સ્વીકારે છે; પણ જો સ્વીકારે છે તો તેમાં દેખીતો વિરોધ આવે છે. તે એકે જો આ ભવમાં બધી શારીરિક સુખાકારીના નિયમો જાળવ્યા છતાં સત્યવતીનું મૃત્યુ આવ્યું તો એનુ કારણ કયારે ઉપજેલું, એ નિશ્ચય કરવાને પુનર્જન્મની અથવા સત્યવતીના આત્માની પૂર્વસ્થિતિ કલ્પવી જોઇએ. માત્ર આટલોજ આધુનિક અને પ્રાચીન સિદ્ધાન્તમાં અતર છે. આ સિદ્ધાન્તના બળે હરિશ્ચંદ્રે કોલેરાની સોડમાં છતાં સત્યવતીની સેવા અખડ રાત્રિ દિવસ કરી, અને પ્રબોધ—બાલક પ્રબોધને છાતી સરસો ચાંપી સત્યવતીએ દેહ છોડયો.-માત્ર હવાપાણીના મતવાળા ભલે પોતાના પ્રિયજનો મૃત્યુ પથારીમાં તરફડે, તોપણ પોતાના સ્વાર્થને માટે તેની સમિપમાં પણ જવાને ભય રાખે છે. ધર્મશીલ પોતાની ફરજને ખાતર મૃત્યુનો ગ્રાસ થવાની બ્હીક છતાં પણ આ વિધાતાનાપર આધાર રાખીને પોતાનુ કાર્ય કરેં છે, અને તેમાં દુર્દૈવે મૃત્યુ પણ પામે છે તે છતાં માત્ર હવાપાણીને દોષ દેતો નથી.

જેમ એક સ્થિતિસ્થાપક કમાન ખેચ્યા ‘પછી પુનઃ પોતાની પૂર્વસ્થિતિપર આવી જાય છે, તેમ જ્ઞાની માણસની વ્યથા લાંબો કાળ પ્હોંચતી નથી. પ્રથમ તો હરિશ્ચંદ્રને કોઇ સાધારણ મનુષ્યની પેઠે આવી પ્રેમી પ્રિયાના ચિરવિરહનો કારી ઘા વજ્ર સમાન સાલ્યો; પણ જેમ તરત બંધ પડેલા તોફાન પછી સમુદ્ર શાન્ત—ગંભીર થાય છે, તેમ દુઃખની સંક્રાન્તિ વૈરાગ્યમાં થઈ. પ્રિયાના શબની પછાડી આ નવીન વૈરાગ્ય લહરીમાં લીન થઇને પ્રયાણ કરતાં, નીચેની લીટીઓ તેના મનમાં ગોઠવાઈ હતી તેનુ મનન કરતો પ્રિયા વિરહનું દુઃખ હરિશ્ચંદ્ર વિસરતો હતોઃ—

પ્રિયજન તણું મૃત્યુ, કહેછે—“ રે કોણ છે તું ?
પ્રિયજન તણું મૃત્યુ, કહે છ આ જગત છે શું ?

પ્રિયજન તણું મૃત્યુ, કહે ગતિ એજ હારી.
પ્રિયજન તણું મૃત્યુ, કહે ભજી લે મુરારી !

હરિશ્ચંદ્રનો વૈરાગ્ય કાંઇ "સ્મશાન વૈરાગ્ય" જેવો ન હતો. યોગ્ય અભ્યાસ અને અવલોકનના અભાવે અજ્ઞાની પુરૂષો આપત્તિમાં આવી પડે ને ઘેલા થઈ જાય છે–સંસારને આવેશમાં છોડી બાહ્ય શરીર માત્રને ભભૂત ચોળી સન્યાસી થઇ, આસપાસ પોતાનાપર પોષણને માટે આધાર રાખનારા પ્રાણીઓને ટળવળતાં મુકી ન્હાસી જાય છે. તેવો લેશ પણ વિચાર હરિશ્ચંદ્રને નહતો. શામળ કવીનું સુંદર વાક્ય તેના હ્રદયમાં કોતરાયલુ હતું.—

જટા ધરે વડ વૃક્ષ, પતંગ નિજ બાળે કાયા,
જળચર જળમાં ન્હાય, ધ્યાન ધરવા બગધાયા;
ગાડર મુડાવ શીશ, અજા મુખ દાઢું રાખે,
ગર્ધવ લોટે છાર, શુક મુખ રામજ ભાખે;
મોર તજે છે માનની, શ્વાન સકળનું ખાય છે,
શામળ કહે સમજ્યા વિના કોણ સ્વર્ગમાં જાય છે.

ज्ञानेन मुक्तिर्न तु मुंडनेन એ પ્રમાણે ખરી મુક્તિ તો જ્ઞાનમાં છે. આથી પુત્રપાલનનો પવિત્ર ધર્મ તેણે તજ્યો નહિ, પણ તે સાથે અલ્પાહાર–વિહાર રાખી પોતાનુ અમૂલ્ય જીવન અને લક્ષ્મી પ્રભુપ્રેમ–પરમાર્થ–જન કલ્યાણમાંજ ગાળવા લાગ્યો. આવી રીતે અખુટ ઐશ્વર્યમાં ડુબતો ગર્ભશ્રીમંત સંસારી છતાં "જલકમલવત્" રહી આત્માનંદમાં સ્નાન કરવા લાગ્યો.

ન્હાનો પ્રબોધચંદ્ર માતા વિયોગથી ઘણોજ હીજરાતો હતો અને તેમાં વળી પ્રકૃતિ ઘણીજ નાજુક હતી, એટલે પિતાને એને માટે ઘણી કાળજી રાખવી પડતી હતી; અને તેથી શાળામાં પણ છેક દસ વર્ષની વયે જવું શરૂ કર્યું હતું. આમાં વચ્ચે વચ્ચે ઘણા લાંબા મંદવાડો આવતા હતા, પણ એનુ મન પોતાના શોખથી અભ્યાસ તરફ વળેલું હતું, તેથી વીસ વર્ષની વયે મેટ્રીકયુલેશનની પરીક્ષાથાં પસાર થયો.

શ્રીમંતનો બાલક એટલે પ્રબોધચંદ્ર ઝોળીમાથી ઝડપાય એતો સ્વાભાવિક હતું. સત્યવતીને એનો વિવાહ કરવાનો ઘણો અભિલાષ હતો, અને તે પૂર્ણ કરવાને ખાતરજ પોતાની ઇચ્છા વિરૂદ્ધ હરિશ્ચંદ્રે આ વિવાહ, પ્રબોધના પ્રમાણમાં કન્યા મ્હોટી છતાં પણ

આપ્યા દીધો હતો. અને સત્યવતીના મૃત્યુ પછી પણ પ્રબોધચંદ્રની આવી નબળી પ્રકૃતિ છતાં ન્યાતરીત પ્રમાણે કાયમ રાખવો પડયો હતો.

હાલમાં પ્રબોધચંદ્રને બે પુત્ર હતા, અને લક્ષ્મી ઉપાર્જનને માટે તો અભ્યાસ કરવોજ નહતો એટલે હવે ઘેર રહી પોતાની જાગીરોની વ્યવસ્થા પોતાના હાથમાં લઈ, પોતાની પ્રિય સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ પ્રબોધચંદ્ર કરે એવો હરિશ્ચંદ્રનો વિચાર હતો; કે જેથી પોતે હવે સંસાર ઉપાધીમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવી, શેષ જીવન ઈશ્વર ચિંતનમાંજ ગાળી શકે. આધુનિક કેળવણીની પદ્ધતિમાં પળોટાયલા તરૂણોની સ્થિતિ જોઇ તેને એમ પણ ભય રહેતો હતો, કે રખેને નિર્બલ પ્રકૃતિવાળા પ્રબોધચદ્રની જીંદગીને આથી જોખમ થાય અથવા તો તે આંખો ખુવે કે ક્ષય રોગ થાય. પ્રબોધચદ્રને પિતાનો વિચાર સત્ય લાગ્યો. પણ પિતાને નહી કેહેવાય એવા કોઈ ગુપ્ત કારણને લીધે તથા પોતાના અભ્યાસના શોખને લીધે, પિતાને સંસાર જાળમાંથી મુક્ત કરવાનો પોતાનો ધર્મ જાણવા છતાં પણ, તેણે અગાડી અભ્યાસ કરવાનો આગ્રહ દર્શાવ્યો અને પિતાએ તે માન્ય રાખ્યો. પ્રબોધચદ્ર કૉલેજમાં ગયો અને પચીસમે વર્ષે **બી. એ.** માં પસાર થયો. તેને હજુ અભ્યાસ અગાડી ચલાવવો હતો અને તેમાં એને કોઇ અટકાવવાને રહ્યું પણ નહી; કેમકે એ **બી. એ.** થયો તેજ વર્ષમાં પ્રતાપી, ધર્મસ્થંભ હરિશ્ચંદ્ર, પુત્ર પરિવાર પછાડી મુકી શાન્ત મૃત્યુને પામ્યો. પ્રબોધચદ્રે પિતાની યાદગીરીમાં ચંદ્રનગરમાં તેની અતિ પ્રિય એવી સંસ્કૃત્ત ભાષાના ઉત્તેજન અર્થે—"હરિશ્ચદ્ર સંસ્કૃત પાઠશાળા"—સ્થાપી અને તેમાં આ વિદ્યાના શોખીને, પછી તે કોઈ પણ જાતનો હોય તેને, મુફત શિક્ષણ આપવાનો નિશ્ચય કર્યો. અને આમ કરવામાં પિતા પ્રત્યે પ્રબોધચદ્રે પોતાનો ખરો ધર્મ જાળવ્યો.

શોકના સમયમાં જો આનદ મળવાનો કાંઇ પણ સંભવ છે તો તે પોતાની પ્રિય વસ્તુમાંથીજ છે. પ્રબોધચદ્રને માતાપિતા—સગાંવ્હાલાં બધામાં હરિશ્ચદ્રજ હતો, અને તેથી તેના મૃત્યુથી એને અતિશય કલેશ થયો હતો. આથી અને ઉપર કહેલા ગુપ્ત કારણથી તેનુ મન અભ્યાસ તરફ બમણુ વળ્યુ, કેમકે એને તેનો શોખ હતો, અને તેથી ત્રીસ વર્ષે એલ્. એલ્. **બી.** ની પરીક્ષામાં પસાર થયો. અગર જો આરોગ્યતાનું મૂલ્ય અધિક ગણીને આરામ લેતાં લેતાં તેનો અભ્યાસ ઘણોજ ધીમો ચાલ્યો, તોપણ આવી નાજુક પ્રકૃતિ સાથે, જાતે લક્ષાધિપતિ છતાં, મોજશો-

ખના વિકાળ વમળમાં ન પડતાં આ પદીએ પ્હોંચનાર પ્રબોધચંદ્રને ધન્યવાદ આપીએ તો અયોગ્ય નહીજ ગણાશે!

પ્રબોધચંદ્ર જ્યારે કોલેજમાં હતો ત્યારે મુંબઈની જીંદગી એને કાંઈક ઉચોગી લાગવાથી, તથા પોતાની પ્રકૃતિમાં સુધારો માલમ પડવાથી તેણે હવે ત્યાંજ રેહેવાનો નિશ્ચય કર્યો. સમુદ્ર કિનારે ચોપાટી પસંદ પડી અને ત્યાં એક સારો બંગલો ભાડે રાખી રહ્યો. ઘણા મુકરદમાઓ એની પાસે આવતા હતા, પણ શરીર સાચવીને જેટલુ થાય એટલુજ કામ કરતો હતો; તો પણ સ્હેજ પાંચસો સાતસો રૂપિઆ મહિને પેદા કરતો હતો. આ પ્રમાણે મુંબઇમાં એ નવ વર્ષ રહ્યો. અને કોણ જાણે સ્વચ્છ હવાથી—કે આરામ મળવાથી—કે ગ્રહદશા બદલાવાથી, તેની તબિયત હાલમાં બીલકુલ સુધરી ગઈ હતી. અને મુંબઈમા રહેવાના નવમા વર્ષની અંતે, જાણે વાર્ષિક પંદર હજારની આવક બસ ન હોય એમ એને રૂ. ૧૫૦૦) ના માસિક પગારની ચંપાનગરના મ્હોટા રાજ્યની દિવાનગીરી મળી. જો હરિશ્ચંદ્ર આ સમયે જીવતો હતે તો તેને શો આનંદ થતે—સત્યવતીની આંખ આ જોઈ કેટલી ટહાડી થતે, પણ બધુજ કાંઇ મનુષ્યનુ ચિન્તવ્યુ થતું નથી. એકમા પરિપૂર્ણતાની પરોક્ષતાથીજ બીજામાં પૂર્ણતાની પ્રત્યક્ષતા દૃષ્ટિગોચર થાય છે—તેનુ ખરૂ સ્વરૂપ સ્પષ્ટ થાય છે. દુંખાવસ્થામાજ સુખનુ સત્ય મૂલ્ય અંકાય છે.

હવે પ્રબોધચંદ્રના કુટુંબ સાથે પિછાન કરવું અગત્યનું ધારી, એક ટુંક મુલાકાત લઈ આપણી કથા અગાડી ચલાવીશુ.

પ્રબોધચંદ્રની સ્ત્રી વૈકુંઠબા સ્વભાવે ઘણીજ જાજરમાન હતી. એનો પિતા કુસુદપુરીનો રહીશ હતો, અને બાપદાદાની વતનદારીની થોડી જમીનો તથા મધ્યમ પૈસો હતો. એનુ કુળ પણ ઉચુ હતું, અને બ્રાહ્મણોની ઘણી પેટા જ્ઞાતિઓમાં સાધારણ કન્યા આપવા અથવા લેવામાં કુળ એ મુખ્ય વસ્તુ જોવામાં આવે છે, તે પ્રમાણે લાકડી લઇને પણ ઉભો નહી થઈ શકે એવો સિત્તેર વર્ષનો વરરાજા જો પરણવાને બ્હાર પડે અને જો તેનુ કુળ ઉચુ હોય, તો પછી બીજા વય, વિદ્યા, લક્ષ્મી, અથવા શરીર સૌંદર્યમાં ચઢીઆતા કન્યાને યોગ્ય વરને પણ મુકી દઇ, પોતાની માત્ર નવ વર્ષની કન્યા આપવાને પડાપડી થાય છે. તેમજ કન્યા લેવામાં પણ ગમે તો કન્યા વરથી મ્હોટી હોય અથવા જે કુટુંબમાં તે આવવાની હોય છે તેને યોગ્ય આચારવિચાર કે કેળવણી નહી હોય, તો પણ

તે માનવંત ગણાય છે. આજ કારણને લીધે વૈકુંઠબા સ્હેજ પ્રબોધચંદ્ર કરતાં મ્હોટી છતાં, ઘણી દેખાવડી ન છતાં, માતાપિતા પણ ઉંચા આચારવિચારહીન છતાં, જુના વિચારના હરિશ્ચંદ્ર અને સત્યવતીએ સ્વીકારી હતી; અને તેમાં તેઓને આપણે દોષ દઇશુ નહી, કેમકે ગમે તેવાં કેળવાયલાં સ્ત્રી પુરૂષો હોય છે તો પણ, જે વસ્તુ જ્ઞાતિના લોકોએ મ્હોટાઇના ચિન્હરૂપ ગણી છે તેમાં તેઓ ભુલ ખાય છે.

ઉપલા કારણોને લીધે માત્ર ઉંચા કુળની પુજીવાળો વૈકુંઠબાનો પિતા પોતાના ધંધા જેટલુ માત્ર લખતાં વાચતાં શીખ્યો હતો; પણ "બઇરાંઓ તો માત્ર ઘરકામને માટે ઇશ્વરે સર્જેલાં છે—તેઓ ભણશે ત્યારે મરદો શુ કડછી લઇને રાંધવા બેસશે ?"—એવો એનો સ્ત્રીકેળવણી વિશે વિચાર હતો એટલુજ નહી, પણ તે સ્ત્રીકેળવણીનો કટ્ટો દુશ્મન હતો. અને પોતાના જેવા વિચારના શુકલજીના કહેવા પરથી લોકોને એમ સિદ્ધ કરી આપવાને મથતો હતો, કે સ્ત્રીને કેળવણી આપનાર માતાપિતા રૌરવ નર્કમાં જાય છે એવી વેદવાણી છે—જો કે એના શુકલજીએ પણ જીન્દગીમાં વેદ પુસ્તક જોયું હોય કે નહી એ શક ભરેલુ હતું. આથી કુમુદપુરીમાં એક ન્હાનકડી કન્યાશાળા હતી તો પણ વૈકુંઠને તે મોકલતો નહતો.

આમ હોવાથી વૈકુંઠને લખતાં વાંચતાં પણ નહોતું આવડતું. પણ ખેર ! લખવું વાંચવું એ કાંઇ સાધ્ય વસ્તુ નથી. એ તો સારાં સારાં પુસ્તકો વાંચી, તે પ્રમાણે ચાલી સુખી થવાનુ સાધન માત્ર છે. કેમકે કેટલીક સ્ત્રીઓ લખવા વાંચવા શિવાય માત્ર શ્રવણ, મનન આદિથી પણ જ્ઞાન—જે સાધ્ય વસ્તુ છે તેને મેળવી શકે છે. પણ ગરીબ વૈકુંઠ આમાં પણ દુર્ભાગ્ય હતી. પુત્ર પુત્રીની માનસિક—આત્મિક—ઉન્નતિનો આધાર પિતા કરતાં માતાપર અધિક રહે છે, અને તેથી જો માતા સુશીલ, નીતિમાન હોય છે તો તેની સતતિ પણ તેવીજ થવાનો સંભવ છે. પણ વૈકુંઠને તો નીતિમાન કે અનીતિમાન માતા કોઇએ નહતું. એને ન્હાની મુકી તે મૃત્યુ પામી હતી, અને પિતાના ઉંચા કુળને લીધે વૃદ્ધ વયે પણ બાર વર્ષની કન્યા આવી હતી, એટલે વૈકુંઠની કોઈ પણ રીતે કાળજી લે એવું કોઈ નહતું તેથી માત્ર જમવા ખાવાનેજ એ ઘરમાં આવતી અને આખો દિવસ શેરીમાં—આખા ગામમાં—છોકરા છોકરીઓ સાથે રખડતી હતી. માત્ર રાત્રે વાળુ કરી બાપાજી—પરણ્યા પ્રથમજ "રાંડ" કહેનારા બાપાજી—પુનર્વિવાહની

વિરૂદ્ધ છતાં પણ પ્રથમ વિવાહને અજાણે પુનર્વિવાહ વદનારા ગ્રામ્ય પિતાજી—" રાંડ વૈકુંઠીને આમ પરણાવીશું ને તેમ ધામધુમ કરીશું," એવી એવી વાતો કરી પુત્રીને લાડ લડાવતા હતા.

આથી—" રાજાની રાણી ને છાણા વીણતી આણી, "—એ પ્રમાણે વૈકુંઠબા આવી અવસ્થામાંથી એકદમ જાગીરદારની પટ્ટરાણી થઈ તેથી અધુરો ઘડો છલકાઇ ગયો, અને ઘરમાં કોઈ વડીલ પણ નહતું એટલે મ્હારા સમાન કોઇ છેજ નહી એમ સમજવા લાગી. પોતાની સર્વોપરી સત્તા કોઇને ત્રાસ આપવામાંજ સમાયલી ગણતી, અને બીલકુલ નિર્જીવ વિષયમા પણ જો કોઇ એને સ્હામો ઉત્તર દે તો પોતે માનભંગ થઈ એમ ધારી કચાટ કરતી—ધુધવાતી હતી. ટુંકામાં **વિદ્યાવિહીન પશુ.** એ પ્રમાણે :કોઇ ભુખે મરતા પશુને જંગલમાથી લાવી એકાએક પૌષ્ટિક ખોરાક આપવાથી જેમ અલમસ્ત થઇને હાથમાં રહેતું નથી, તેમ આ ઐશ્વર્યનુ તેજ એનાથી સહન થયુ નહી. નીતિ અને વિદ્યાના માર્ગ વિના આવી જાહોજલાલીનુ સત્વ એનાથી જેરવાયુ નહી.

" જેણે મુકી લાજ તેને ન્હાનુ સરખું રાજ. " લોકલજ્જા અને પ્રતિષ્ઠા એ મનુષ્યની લગામ છે, અને એ જેણે તજ્યા તેવા નિષ્ઠુર મનુષ્યને કોઇ પણ કાર્ય કરતા અટકવાની સમજ આપવાને બ્રહ્મા પણ અશક્ત છે. હરિશ્ચંદ્રની પણ થોડો વખત એણે આમન્યા રાખી અને તે બીલકુલ જતી રહેતે, પણ પ્રથમથીજ તે કામજોગી વાતો કરી પોતાના ભારમાં રહેતો હતો, અને તેથી એજ એક એવું મનુષ્ય હતું કે જેના પ્રત્યે મોહોડામોહોડ એ કાંઇ બહુ બોલી શકતી નહતી. પ્રબોધચંદ્ર પણ જાતે ઘણો રાંક સ્વભાવનો હતો અને એની નિરર્થક કચાટથી કંટાળતો હતો, કેમકે નફટ મનુષ્યની સાથે કાંઇપણ જોરજુલમ કરવામાં પોતાની ફજેતી થાય એથી તે બ્હીતો હતો, અને તેથી એ તો વૈકુંઠબા જે કરે તે જોયાજ કરતો હતો. આથી સંસાર સુખના અભાવે નાજુક પ્રકૃતિ છતાં એનુ મન આનંદને માટે અભ્યાસ તરફજ વળતું હતું. આજ કારણને લીધે પિતાનો અભિપ્રાય સત્ય લાગવા છતાં કૉલેજમાં જવાનો આગ્રહ એણે કર્યો હતો, અને સમજુ હરિશ્ચંદ્ર એ જાણતો હતો એટલે એણે કાંઈ વિશેષ આનાકાની કીધી ન હતી. સર્વ વાતે સુખીઆ તો સંસારમાં કોઇ પુણ્યવાનજ હોય છે !

પ્રબોધચંદ્ર જ્યારે ચંપાનગરની દિવાનગીરીપર ગયો ત્યારે એને ત્રણ પુત્ર હતા. તેમાંનો પ્રથમ પુત્ર પ્રભાતચંદ્ર હાલમાં ત્રેત્રીસ વર્ષનો હતો. સ્ત્રી માત્રને પ્રથમ સંતાન જો-પુત્ર થાય છે તો તેઓ પોતાને અતિ ભાગ્યશાળી માને છે; તો પછી વૈકુંઠબા જેવી સ્ત્રીની આંખો પુત્ર દર્શનથી છેકજ અંધ થઇ જાય એમાં શી નવાઈ? હવે પોતાના સુખનો ઘડો સંપૂર્ણ ભરાયો એમ સમજી મ્હારા સમાન કોણ સુખી છે એમજ એ માનવા લાગી હતી. પ્રભાતચંદ્ર ન્હાનપણથીજ ઘણો જીદ્દી અને કંકાશી હતો. અને આપણે જાણીએ છીએ કે વૈકુંઠબા કાંઈ—"ખવાડીએ સોનાનો કોળીઓ પણ રાખીએ તરવારની ધારપર," એ વિચારની તો હતીજ નહી, એટલે એ જેમ નચાવે તેમ નાચતી હતી; અને ગમે તેવી ઉન્મત્તાઇ કરે તે છતાં એક શબ્દ પણ એને કહ્યા શિવાય બીજાઓની સાથે તે લડતી હતી. આવી રીતે વડીલોએ બાલકોની બાજુ લેવી એ તેમની દુર્દશાનું પ્રથમજ પગથીઉ છે. તે ભણે કે ન ભણે—કાંઈ કસુર કરે તોપણ પ્રબોધચંદ્રથી કાંઈ બોલાતું નહતું; કમનશીબે જો ઘણું થાય—ન સંખાય ;ને કાંઈ બોલતો, તો પુત્રના દેખતાં તેની બાજુ લઇ પતિને હલકો પાડતી તેથી પ્રભાતચંદ્રને પિતાનો તો કાંઈ ધાકજ ન હતો. નિશાળમાં ગજવા ખરચ પણ છુટે હાથે પ્રબોધચંદ્રને મળતો હતો. વાવરવાના વિવેક વિના બાલક હસ્તમાં લક્ષ્મી ઘણોજ અનર્થ કરે છે, અને તેથી સમજુ શ્રીમતો એ વિષયમાં ઘણાજ સાવધાન રહે છે. પણ અફસોસ! વૈકુંઠબા પાસે આવા વિવેકની આશા રાખવી નિષ્ફળજ છે—વિદ્યા વિના વિવેક ક્યાંથી હોય? આ બધાનું પરિણામ એ થયું કે પ્રભાતચંદ્રને સંગત અતિ કનિષ્ટ પ્રકારની થઈ; અને તેથી ફક્કડ ઇંગ્રેજી તરેહનાં લુગડાઓ પ્હેરવાં, ગાડી ઘોડાઓ દોડાવવા, નાટકો વિગેરેમાં મોડી રાત્રિ સુધી રખડવું, વિગેરે સસ્કાર રહિત મનને ભ્રમિત કરે એવી અનેક મોજમજાઓમાં પ્રભાતચંદ્ર ઉંધે મસ્તિકે પડયો, અને તેમાં તેને કોઈ રોકનાર ન રહ્યું.

પ્રભાતચંદ્રની સ્ત્રીનું નામ કમળા હતું. બિચારી કમળાના માબાપ એને ન્હાની મુકી મૃત્યુ પામ્યાં હતાં વૈકુંઠબાની કુંચી માત્ર "હાજી હા" અથવા "મ્હોટા ભાઈ કરીને કામ લેવું—" એજ હતી.' આથી કમળાના કોઇ સગાંએ મ્હોટું ઘર જોઈ વૈકુંઠબાને કહ્યું "તમારૂં આવું સારૂં ઘર છે—આ બિચારી રઝળતી અનાથ છોકરી

ઠેકાણે પડશે અને તમને પુણ્ય લાગશે." આવા નમ્ર શબ્દોથી વિનંતી કરવાથી દયા આવવાથી વૈકુંઠબાએ એની સાથે પ્રભાતચંદ્રનાં લગ્ન કરવાં કબુલ કર્યાં હતાં. પ્રભાતચંદ્રને ધાક માત્ર વૈકુંઠબાનોજ હતો, અને તેથી તેની વલણ જોઇનેજ ચાલી તેને પ્રસન્ન રાખતો હતો, કે જેથી તેને આવી અનીતિથી ચાલે તો પણ વૈકુંઠબા તેને કહી શકતી ન હતી. આથી વિવાહ વખતે કમળા જો કે પ્રભાતચંદ્રને ગમતી ન હતી કેમકે દેખાવડી તો તે નજ હતી, તોપણ માતાના મ્હોં આગળ આને માટે બોલવાની હિમ્મત નજ ચાલી. પોતે તો એક વખતે પુરૂં ઇંગ્રેજી બોલી કે સમજી ન શકતો હતો, તો પણ ઇંગ્રેજી ભણેલી અને મડમ જેવીનો એને તો અભિલાષ હતો કમળાને ઇંગ્રેજી પ્હેલી ચોપડી શીખવવાનું શરૂ કર્યું પણ દુર્ભાગ્યે બુદ્ધિ પણ સારી ન હોવાથી—"ધુળપર લીંપણ"—જેવું થતું હતું. અને તેથી ઇંગ્રેજીમાં "ડેમફુલ" એમ ગાળો દઈ, જાણે પોતે તો મ્હોટો પંડિત હોય એમ બિચારી રાંક સ્ત્રીને પોતાના ઓરડામાં માસ્તરની પેઠે નેતરથી મારતો, અથવા તો ખુરસી કે કોચ પર એક કલાક ઉભી રાખતો હતો. આમાં વળી કમળાની બુદ્ધિ ટુકી હતી એટલે સાસુજીને ધાર્યું કામ કરવામાં સંતોષ આપી ન શકી, એટલે તેની નજીવી ભુલોથી વૈકુંઠબા પુત્રના કાન ભંભેરીને તેને સજા કરવાને ઉપદેશ કરતી હતી. આથી માતાનો, ઇંગ્રેજી ન ભણવાનો અને મડમ જેવી ન હોવાનો ખાર ઘણી વખતે સખત મારમાંજ નીકળતો હતો.

કમળા એટલી તો રાંક અને સહનશીલ હતી કે આટલી બધી ક્રૂરતા પોતાના પર પડવા છતાં સાસુની સ્હામુ એક શબ્દ પણ બોલતી ન હતી, અને તેથી આથી ચ્હડતા દરજ્જાની શિક્ષા એને થઈ શકે એમ ન હતું. પણ એક દિવસે કમળાનું માથું બહુ દુખતું હતું તથા સ્હેજ શરદીનો તાવ ભરાયો હતો વૈકુંઠબાએ કહાવ્યુ કે—"વહુ ચાલો જમવા." કમળાએ માથું બહુ દુખે છે તથા જીવ ફરે છે માટે કાંઈ ખાવું નથી એમ કહાવ્યુ. વૈકુંઠબાએ બ્હારથી દેખાડવાને ફરીથી કહાવ્યું કે જે રૂચિ હોય તે ખાઓ. કમળાથી ખવાય એમ હતુંજ નહી તેથી ફરી ના કહાવી. વૈકુંઠબાને પોતાની આજ્ઞાનો ભંગ લાગ્યો—રાતાં પીળાં થઈ ગયાં—આ બધો "કમળા કામ નહી કરવા માટેનો ઢોંગ કરે છે" એમ સાબીત કરવાને માટે મ્હોટું ભાષણ થયું; અને

તરતજ કમળાની સાથે આજથી કોઇએ એક શબ્દ પણ બોલવો નહી એવી જનમ ટીપનો શિક્ષાપત્ર આવા "મહાન અપરાધ"ને માટે વૈકું-ઠબાની અદાલતમાંથી નીકળ્યો. આજ પછી રાંધેલા વાસણમાં જે રહ્યું હોય તે બધાના ખાઇ રહ્યા પછી કમળાને ખાવુ હોય તો ખાઇ લે એવી રીતે રાખવામાં આવતું હતું; કેમકે કમળાનો અપરાધ વૈકુંઠ-બાએ ખાવા બોલાવ્યા છતાં તે ન આવી માટે હવે જીવનપર્યંત ખા-વાનુ તો કેહેવાયજ નહી. વસ્ત્ર પણ શરીર ઢાંકવાનેજ મળતાં હતા. ગરીબ બિચારી કમળા માબાપ વિનાની કોને ઘેર ન્હાસી જાય ? કોઇની સાથે બોલવાનો તો અધિકાર નહી તેથી કોને પોતાનું દુઃખ સભળાવી પોતાના હૃદયભારને હલકો કરે ? ટુકડો રોટલો ખાઈ પો-તાનો ઓશિઆળો અવતાર–દિવસ રોઇ રોઇનેજ કહાડતી હતી, અને તેને કોઈ દિલાસાનો એક શબ્દ પણ કહી શકે એમ ન હતું.

પ્રબોધચદ્રનો બીજો પુત્ર કેશવચદ્ર હમણાં વીસ વર્ષનો હતો. એકજ માતાનો પુત્ર છતાં એ પ્રભાતચદ્રથી કોઇ ભિન્નજ સયોગોમાં ઉછર્યો હતો, અને તેથી તેના કરતાં કાંઈ ભિન્નજ પ્રકૃતિનો હતો. બાલકપણથી વિદ્યાપર એને પ્રેમ હતો અને તેથી એને માતાની સ-મિપમાં રેહેવાનુજ ઓછુ થતું; અને તેમાં સમજુ તથા ઠરેલ હોવાથી પિતા અને માતા બન્નેને પ્રસન્ન રાખવાની યુક્તિ તે જાણી ગયો હતો. માતાની છુટતો એને માટે પણ એટલીજ હતી પણ વિદ્યાવિ-લાસી હોવાથી એને સગત સારી થઈ, અને તેથી કોઈ ગરીબ વિ-દ્યાર્થીઓને પુસ્તકો તથા પગાર વિગેરેમાજ એનો ગજવા ખરચ ખ-રચાતો હતો. આજ વર્ષમાં એ દાક્તરની પરીક્ષામાં પસાર થયો હતો.

ચોપાટીપર પ્રબોધચદ્રના બંગલાથી થોડે છેટે એક ન્હાના બંગલામાં ચંદ્રનગરનો અને એનીજ જ્ઞાતિનો એક શિવપ્રસાદ નામનો ગૃહસ્થ રેહેતો હતો. શિવપ્રસાદ " રૅાબ સ્વીટલી "–નામની મ્હોટી પેઢીનો પ્રથમ એક ન્હાનો કારકુન હતો. પછી ત્યાં–" મેનેજર "–થયો હતો અને એનાથી પેઢીને એટલો બધો નફો થયો હતો કે આખરે એને તેમાં ભાગીઓ બનાવ્યો હતો. અને તેથી પૈસો પણ ઠીક હતો. પોતાના ગામમાં પ્રસંગ છતાં પણ વ્હેવાર નથી થતો એવા એક ગામ અને જ્ઞાતિના મનુષ્યોને પરદેશમાં પ્રીતિ થતાં વાર નથી લાગતી; કેમકે પ્રત્યેકના પોતાના સગાં સ્નેહિઓ પોતાના ગામમાં હોય છે એટલે અન્યની અગત્ય નથી જણાતી. આવી રીતે શિવપ્રસાદ અને પ્રબોધચંદ્ર વચ્ચે સારી

પ્રીતિ થઇ હતી. શિવપ્રસાદની સ્ત્રી પણ બપોરનો ફુરસદનો કાળ વૈકુંઠબાની સાથેજ ગાળતી હતી. શિવપ્રસાદને એક ન્હાની કુમુદા નામની પુત્રી હતી તે પણ માતા સાથે વૈકુંઠબા પાસે આવ જા કરતી હતી. કુમુદા ઘણી ફુટડી હતી એટલે વૈકુંઠબાને ગમી અને કેશવચંદ્રનાં લગ્ન તેની સાથે કર્યાં હતાં.

કુમુદાના રૂપગુણના વખાણ કરી વૈકુંઠબા બિચારી બળેલી કમળાને મ્હેણાંએ મારી વધારે બાળતાં હતાં. આથી કુમુદા તો સુખી થશે એમ લોકોનુ ધારવું હતું. કુમુદા હજી સાસરે રહેતી ન હતી તો પણ આખો દિવસ સાસુજીની પાસેજ ગાળતી હતી અને રાત્રિના ઘેર જતી હતી. દુર્દૈવે એક દિવસે કોણ જાણે કાંઈ હતું તેથી વૈકુંઠબાએ કુમુદાને પોતાને ઘેરજ રેહેવાને કહ્યું. કોઈ દિવસે માતાથી છુટી ન પડેલી કુમુદા ગમે તેવી તોએ નાદાનજ હતી તેથી હઠ કરી રોઇને ઘેર ગઈ. વૈકુંઠબાના મગજની કમાન છટકી—"આવુ જાણતા ન હતા, મગમાંથી પગ નીકળ્યા—પોતે છેતરાયાં—કુમુદાના માતાપિતાના કુળ નીચ છે—પૈસો કરસ્તે મેળવેલો છે,"—વિગેરે એમના શિરસ્તા પ્રમાણે વ્યાખ્યાન થયુ, અને સ્હવાર થતાજ અપરાધી નબર બીજાની શિક્ષાનો ઠરાવ બ્હાર પડયો. શિવપ્રસાદને ત્યાં કેહવડાવ્યુ કે આજ પછી તમારી પુત્રી અમારે બારણે નહી. બિચારાં બનેલી બીનાથી અજ્ઞાન માતા પિતા એકાએક આ શો ગજબ થયો એમ કહી ગાભરા બન્યાં અને વૈકુંઠબા પાસે ગયા. વૈકુંઠબા તેમને મળી પણ નહી અને અતરમા કલકલતા—પોતાની એકની એક પુત્રીના દુર્દૈવને માટે દીનબનતા—પાછાં વળ્યાં. આ પણ મનુષ્યનો સ્વભાવ !

કેશવચંદ્ર આ જોઇ અતરમા માતાપર બહુજ ખીજાતો હતો, પણ ઉપાય ન જોઈ મુઝાતો—નિરાશ થતો હતો. તેનુ અતર પ્રેમની સૂક્ષ્મ લાગણીવાળું હતું અને તે પ્રેમના યોગ્ય પાત્ર કુમુદા—નિર્દોષ મનહર કુમુદાને વિના કારણે પતિવિરહ સોસવો પડતો હતો તેથી તે ઘણોજ ખિન્ન થતો હતો અભ્યાસમા પણ તેનુ મન લાગતું ન હતું. છુપા પત્ર વ્હેવારથી તેને દિલાસો આપતો હતો, અને કોઇ કોઇ વેળા આવતાં જતાં દ્વાર આગળ અથવા વાડીમાં સધ્યાકાળે તેને મળી તેના હૃદયને અનેક યુક્તિથી શાન્ત કરતો હતો.

ગરીબ પ્રબોધચંદ્રને અહોનિશ નિર્દોષ કુલવધુઓને માટે લાગી આવતું હતું. પોતાની જાતને તે બહુજ તુચ્છ—નિર્બલ ગણતો હતો;

અને પોતાની આંખ નીચે આવી ક્રૂરતા થવા છતાં મુગા બેસવું પડતું, તે જોઇ પોતાને નપુસક કહી જીવતરને ધિક્કારતો હતો. કોઇ વેળા આવેશમાં આવી ગમે તે થાય તોએ વૈકુંઠબાને તેને ઘેર રવાને કરી જે થાય તે ખમવાનો નિશ્ચય કરતો હતો. પણ સ્ત્રી નિષ્ઠુર—નફ્ટ છે, માટે એમાં પોતાનીજ ગ્લાની થશે એવો ભય રાખી પાછો પડતો હતો; અને ખાલી ધમપછાડ છોડી વૈકુંઠને સમજાવવાનો પ્રયત્ન કરતાં બ્હીતાં બ્હીતાં બોલતો હતો,—" જો આ પ્રમાણે તું વહુઓને વિના કારણે કનડે છે તેમાં ઈશ્વર ખુશી નથી હોં. કુમુદાને બોલાવ અને કમળાનો અપરાધ "—આટલુ બોલતાં તો વૈકુંઠબા ગર્જના કરી ઉઠતાં હતાં. " બેસો બેસો હવે જાણ્યો તમારો ઈશ્વર. **વિના કારણ?** એટલે હમે તો તમારે મનને છેક માણસમાંજ નહીં કેમ? બૈરાનાં ગુણ તે મરદો શુ જાણે? અમસ્તા જાણ્યા વિના ખોટી કટકટ કરોછો તે. " પ્રબોધચંદ્રનું તો મ્હોંજ સીવાઇ જતું હતું અને બીજી વાર બોલવાનુજ ભુલી જતો હતો.

પ્રિય વાચક! ગરીબ કમળાના જેવી કેટલી માબાપ વિનાની અથવા માબાપવાળી અબળાઓ ધનવાન ગૃહસ્થોને ત્યા છતા, અન્ન વિના, વસ્ત્ર વિના ટળવળીને—માવડીમુખા મૂર્ખ પતિઓથી અયોગ્ય શાસન પામી પોતાના દુઃખી જીવનનો અંત આણતી હશે? નિર્દોષ કુમુદા જેવી કેટલી મનહર મુગ્ધાઓ ક્રૂર સાસુના મૂઢ સ્વભાવનો ભોગ થઈ પોતાનું અમૂલ્ય જીવન, પતિની પ્રીતિ છતાં ચિર વિરહમાંજ સમાપ્ત કરતી હશે? કેશવચંદ્ર જેવા કેટલા તરૂણો પોતાની પ્રેમી પ્રિયાનાં ધગધગતાં આંસુઓ જોઇ મૂર્ખ માતાઓને લીધે મુઝાતા હશે-અહોનિશ અંતર બાળતા હશે?

સૃષ્ટિમાં ભલે અમૃતવૃષ્ટિ થતી હોય તો પણ બંધીખાનામાં મૃત્યુ પથારીએ પડેલા બંદીવાનને તે શા ઉપયોગની? પ્રબોધચંદ્ર લક્ષાધિપતિ છે પણ એની લક્ષ્મી કમળાને શા અર્થની? પ્હેરવાને પુરૂં વસ્ત્ર નહી—ખાવાને અન્ન નહી. શુ એજ કમળાથી કોઈ ગરીબને અધિક સુખી થવાનો સંભવ નથી? પ્રભાતચંદ્રને લક્ષ્મીનો મદ હતો એટલે એને મડમ જેવીનો અભિલાષ હતો. કંગાલ પતિ કમળા જેવી સાથેજ સુખ ન માનતે? બીજા સંજોગો જોયા વિના માત્ર લક્ષ્મીપરજ મોહી પડી પુત્રી સુખી થવાની આશા રાખવી એ સલામત નથી.

ખરે! શું ઈશ્વર—વિધાત્રી! આ જન્મમાં કરેલાં ઘોર પાતકની શિક્ષા

ભોગવવાને અમુક જીવો હિન્દુ સાસુવહુઓના આવા સંબંધમાં જોડાતા હશે? પ્રથમથી નમ્ર બની કાલાવાલા કરી–" અમે અમારી પુત્રીવત્ એને ગણીશું "–એવું મિથ્યાવચન સાક્ષાત ઇશ્વર સમક્ષ આપી, કન્યા તમારી સત્તા નીચે લોછો, અને પછી " ગરજ સરી એટલે વૈદ્ય વેરી "! આવો ક્રૂર વિશ્વાસઘાત! સાસુની સત્તા તો છેજ, પણ સત્તાધારીને અધિકમાં અધિક સત્તા કાયદાએ આપી હોય તે પૂર્ણ રીતે અમલમાં લાવવામાંજ કાંઇ ભૂષણ નથી. અપરાધીપર દયાભાવ રાખી જેમ બને તેમ હલકી શિક્ષા કરે એમાંજ કુશળ સત્તાધારીની સત્કીર્તિ છે.

દુઃખી કુલવધુઓની ક્રૂર સાસુઓ! નિર્દોષ પ્રિયાથી વિનાકારણ વિખુટા પાડેલા પુત્રની નિર્દય માતાઓ, આ વર્તણુક આર્ય માતાઓને ઉચિત નથી. શિષ્યમાંથી શિક્ષક થતા મૂર્ખ મનુષ્ય શિષ્ય દશાની વિપત્તિ વિસરી જાય છે, અને પોતાના શિષ્યોને, મળેલી સત્તાના બળે નિરર્થક વેદના આપે છે, તેમ તમે પણ શુ વહુની દશા વિસરી જાઓછો? તમારેજ હાથે પરાભવ પામતી કુલવધુઓની જગામા પોતાની જાતને કલ્પો, અને પછી જુઓ કે તે પરાભવ આપનારને તમે શ્રાપ આપશો કે આશીર્વાદ?

વાંચક આર્ય માતાઓ! જો તમારાં આર્યશાસ્ત્ર પ્રમાણે પુનર્જન્મ અથવા તો કર્મના નિયમમાં માનતા હો–મૃત્યુ પછી કોઈ પણ સુખી અથવા દુ:ખી સ્થિતિ–સ્વર્ગ નર્ક–કોઇમાં પણ વિશ્વાસ હોય, જો અજ્ઞાન દૃષ્ટિને એક છતાં અનેક ભાસતાં, એવાં તમારા અસખ્ય દેવ દેવીનુ આરાધન નિત્ય આડંબરથી કરો છો તેમા પૂર્ણ શ્રદ્ધા હોય તો વહુઓપર વિશ્વાસ રાખો. " જે ઘરમા સ્ત્રીઓ પ્રસન્ન છે ત્યાં લક્ષ્મી વાસો કરે છે–" એવું મનુવાક્ય છે–અરે સાધારણ બુદ્ધિ પણ સ્વીકારે છે, તે પ્રમાણે તેમને પ્રસન્ન રાખો અને પછી જુઓ કે તમારી સંસાર નૌકા આ નિમકહલાલ ખલાસીઓ કેવી કુશળતાથી ચલાવે છે. નૌકાનુ સુકાન તો સાસુનેજ ઘટે છે.

પ્રબોધચંદ્રનો ત્રીજો અને છેલ્લો પુત્ર કુમુદચંદ્ર આ વખતે દસ વર્ષની વયનો હતો.

પ્રકરણ ૬ ઠું.

પ્રેમ-બીજ.

" Then nothing—I repeat this with emphasis—*Nothing* can keep them apart—soul rushes to soul—heart leaps to heart —and all form and ceremony, custom and usage crumbles into dust before the power that overwhelms them. "

—*Marie Correlli.*

રાજેન્દ્રને સ્વપ્ને પણ નહતું કે આવું અણુચિન્તવ્યું વિઘ્ન છેક છેલ્લી ઘડીએ જીતપર આવેલી બાજી માત કરશે. આખો દિવસ શૂન્ય હૃદયે તે પોતાના ઓરડા-માંજ બેસી રહેતો અને ખાવાપીવાનું કે કોઇને મ-ળવાનું કાંઇ ગમતું નહતું, કે જે જોઈ ઘરનાં બધાં માણસો દિલગીર થતાં હતાં. **વિલાસે** તો **વસંતભાભીની** એટલી આશાઓ અગાડીથી બાંધી હતી કે તે તો એકલી પડે કે રોતી. પણ લાચાર !

વસંતસુંદરીના જન્મ દિવસના બનાવને આજે દસપંદર દિવસ થયા હતા, અને હવે **રાજેન્દ્રે** સ્હાંજના ઘરમાં મુઝાવવાથી ફરવા જવું શરૂ કર્યું હતું; તો પણ રામપ્રસાદને ત્યાં તો જતો નહી. પણ એક દિવસે રામપ્રસાદે રાજેન્દ્રને ચિઠ્ઠી લખી અને સ્હાંજના મળવાને માટે વિનંતી કરી. રાજેન્દ્રને ઘણું સખત લાગ્યું પણ જવુંજ પડયું.

જે દિવસથી નિરાશાનો કારી ઘા વસંતસુંદરીના કોમળ હૃદયમાં લાગ્યો હતો ત્યારથી, આપણે કહી ગયા તે પ્રમાણે, તેને જ્વર પીડા લાગી હતી, અને શરીરે નિર્બલતા ઘણી થઈ ગઈ હતી. આજે રામ-પ્રસાદ માળપર ડ્રોઇંગ રૂમમાં હતો અને ગરીબ વસંતસુંદરી—આખા દિવસના અકળાયલા—મુઝાતા હૃદયને સંધ્યાકાળના મંદ વાયુથી શાન્ત કરવાના હેતુથી, હમણાંજ નીચેના ઓટલાપર ધીમે ધીમે આવીને વિચારમાં ઉભી હતી. એવામાં રાજેન્દ્રની ગાડી દરવાજામાં પેઠી. સંધ્યાકાળના અસ્ત થતા સૂર્યના સોનેરી કિરણોએ વસંતસુંદરીની કૃશ કાન્તિના રાજેન્દ્રને દર્શન કરાવ્યાં, અને તે પ્રિયાદર્શને પૂર્વની પ્રીતિના ઝરાને સજીવન કર્યો. વસંતસુંદરીને જોતાંવારને તેના હૃદયમાં એક ધક્કો લાગ્યો, કેમકે તેણે તેની છેક આવી દશા પોતાને માટે થઈ

હશે એમ સ્વપ્ને પણ ધાર્યું નહતું. લગ્ન કરવાની વડીલો પાસે કોઇ પણ રીતે પરવાનગી લેવાનો તેણે દઢ નિશ્ચય કીધો, કેમકે સ્વાભાવિક રીતે તેઓના તરફ એનો એટલો તો પૂજ્ય ભાવ હતો કે તેઓની અપ્રસન્નતાથી આ કાર્ય તેનાથી કદી થાય એમ નહતું. એને જોઇ દુઃખી બનતી વસંતસુંદરી તરતજ ઘરમા જતી રહી.

રાજેન્દ્ર રામપ્રસાદ પાસે ગયો અને પ્રથમ થોડીઘણી બીજી વાતો કરી રામપ્રસાદે કહ્યું:–"મ્હારે દિલગીરી સાથે કહેવું પડે છે કે વસતની તબિયત દહાડે દહાડે બહુ ચિન્તા કરાવે એવી થતી જાય છે; અને મને કાંઈ સુઝતુ નથી કે આમાંથી શું પરિણામ આવશે. તેથી મે એવો નિશ્ચય કર્યો કે એક વખત તમારી સાથે વાત કરી કાંઈ પણ રસ્તો કાહાડવાનો યત્ન કરવો. તમે જાણો છો કે હું કાંઈ જ્યોતિષ બોતિશના વ્હેમમાં માનતો નથી. પણ જ્યાં તમારા વડીલ જાતેજ એ શાસ્ત્ર જાણનારા છે એટલે એક પાસે તેઓને નારાજ કરવાનુ નાજુક કામ છે; અને બીજી પાસે મ્હારી એકની એક પુત્રીની જીન્દગી જોખમમાં છે. એટલા માટે મ્હારી ગુંચવણ અસહ્ય છે અને તેથી પ્રથમ હુ તમારા જ્યોતિષ વિશેના વિચાર જાણવા માગું છું, કેમકે હું જાણું છુ કે તમે એક આગ્રહી થીઓસોફિસ્ટ છો અને તેથી એ વિષય પરના ઇંગ્રેજી તેમજ સંસ્કૃત ગ્રથોનો પણ તમે પુરતો અભ્યાસ કર્યો હશે. થીઓસોફી વિશે મ્હારે તમારે ઘણોજ મતભેદ છે એ તમે જાણો છો, પણ એટલુ તો ન્યાય ખાતર કહ્યા વિના નહી ચાલે, કે પૃથ્વી પરના બધા જુના ધર્મો અને શાસ્ત્રોના સંશોધનમા જનસમાજની પ્રવૃત્તિ કરી, તે ધર્મો અને શાસ્ત્રોને તેણે એક નવીન જીવન આપ્યું છે; અને પાશ્ચિમાત્ય કેળવણીથી માત્ર જડવાદ–નાસ્તિકતા તરફ ખેચાઇ જતા દેશના સખ્યાબધ યુવકોને ધર્મમાર્ગમ ઉતરવાને પ્રોત્સાહિત કર્યા છે એ વાત નિર્વિવાદ છે."

રાજેન્દ્રે કહ્યું:—"થીઓસોફી વિશેના આપના વચારો આટલે દરજ્જે ફેરવાયલા જોઇ હુ ખરેખર આશ્ચર્ય પામ્યો છું, અને આપને ધન્યવાદ આપુ છું કે આપે તે પ્રમાણિકપણે મને દર્શાવવાની હિમ્મત કરી છે. મને પૂર્ણ આશા છે કે એ વિષયપર વધારે ચર્ચા ચલાવવાથી હું આપને વધારે સતોષ આપી શકીશ. પણ આજે આપણો વિષય એ નથી માટે પ્રસ્તુત વિષય પરજ ધ્યાન આપીશું."

"જ્યોતિષ એક શાસ્ત્ર (Science) તરીકે તો સત્યજ છે

એમ હું માનું છું. એક જીવાત્મા શરીર છોડે છે અને પિતૃલોક અને સ્વર્ગલોકમાં પોતાના કર્માનુસાર થોડો યા ઘણો સમય કહાડી, કર્મના મહાન નિયમ પ્રમાણે કર્મ દેવતાઓની મદદથી અમુક દેશ કાળ–જ્ઞાતિ–કે કુટુંબમાં અમુક ગ્રહનક્ષત્રોની અસરો વચ્ચે તે જીવાત્માનો પુનર્જન્મ થાય છે, એ વાત જો પ્રથમ તમે સ્વીકારો, તો પછી જ્યોતિષ શાસ્ત્ર, એ જીન્દગી એકદરે કેવા પ્રકારની નિવડશે તેનો Chart–નકશો માત્ર બતાવે છે.”

“પણ આધુનિક કાળમાં કેહેવાને દિલગીર છુ કે જ્યારે એક તરફથી પંચાગો ખોટાં ચાલે છે, ત્યારે બીજી તરફથી જોશીઓનો મ્હોટો ભાગ સત્ય શાસ્ત્રથી અજ્ઞાન અને ધનલોભી થતો જાય છે. અને તેમાં વળી પાશ્ચિમાત્ય કેળવણીથી ઉદ્ભવેલી અશ્રદ્ધા અને બેપરવાઇથી જન્મકાળ બરાબર નોધાતો નથી, એટલુજ નહી પણ કેટલાએક છોકરીવાળાઓ તો સારા ઘરના છોકરાઓ મેળવવાને છોકરીના ગ્રહોજ ખોટા બનાવે છે.”

“આજ કેટલાએક વર્ષો થયાં સૂર્યની આધુનિક ગતિ પ્રમાણે પંચાંગો ખોટા છે અને તેથી તે પ્રમાણે જેટલી જન્મકુડલીઓ, લગ્નનાં મુહર્તો અને જોડામેળાઓ જોવામાં આવે છે તેમા ઘણે અશે ફરક પડે છે વળી જેઓ ગ્રહ જોનારાઓ હતા તેઓ માત્ર સાધારણ બ્રાહ્મણો ન હતા પણ તપસ્વિ હતા, અને તેથી તેઓનામાં કેટલુક તપોબળ તથા યોગદષ્ટિ આવતી હતી, કે જેથી ગ્રહોની સાથે તે મનુષ્યની વર્તમાન દશાનુ સૂક્ષ્મ અવલોકન કરી જે ફળાદેશ કહેતા તે ઘણે ભાગે ખરોજ પડતો”

“બીજુ જે જોશીઓ (astrologers) હતા તેઓ ઘણે ભાગે ખગોળશાસ્ત્રી (astronomers) હતા, કે જેથી પંચાંગોની ભુલ તેઓ જાતે સમજી શકતા, અને તાજુબ જેવું તો એ છે કે જે કામ આજે પાશ્ચિમાત્ય ખગોળશાસ્ત્રીઓ ઘણા કિમતી યંત્રોથી કરે છે, તે કામ તેઓ બધુજ હલકી કીમતનાં અને સાદાં યંત્રોથી કરી શકતા હતા. હુ પણ એ વાત માનતો ન હતો, પણ એક મારવાડી જોશી અત્રે હાલમાં આવ્યો છે, તેની પાસે બાપાજી એ બધુ જોઇ આવ્યા છે અને મને પણ જોવા લઈ જવાના છે.”

“પ્રાચીનકાળમાં જ્યોતિષ એક પેટ ભરવાના સાધન તરીકે વપરાતું ન હતું. એ વિદ્યા અસલ ઋષિ મહર્ષિઓનાજ હાથમાં

રેહેતી હતી કે જેઓ આ શાસ્ત્રના (experts) વેત્તાઓજ હતા. જેમ તમે ડાકતરો રોગ પારખો એટલુંજ નહી પણ તેનો ઇલાજ પણ કરી શકો છો, તેમ તેઓને પણ અમુક પ્રાપ્ત સંકટ વિશે અથવા તો અમુક સંજોગો વિશે પુછવામાં આવતું હતું; અને તેઓ અમુક નબળો ગ્રહ જાણતા હતા એટલુજ નહી પણ તેનું નિવારણ પણ કરવાને કેટલેક અંશે સમર્થ હતા. દાખલા તરીકે અમુક સંકટના અમુક કર્મ દેવતાઓ છે એમ તે કર્મવિપાકના ગ્રંથપરથી જાણતા–તેઓને પ્હોચી શકતા; અને એક વખતે સાક્ષાત્ મૃત્યુયોગને પણ હઠાવવાને તેઓ યત્ન કરતા. ”

“ આજે તો સમજો કે પંચાંગો સુધાર્યા અને જોશીઓ પણ માનસિક જ્ઞાનવાળા હોય, તો પણ જો સંકટનું નિવારણ ન કરી શકે તો જીન્દગીની કોઈ માઠી વાતો જાણવી એ માત્ર ચિન્તાજ હોરી લેવી નહી તો શુ ? રોગની પરીક્ષા ઇલાજને માટેજ કરવાની છે જો ઇલાજ નહી તો ચિકિત્સા શા અર્થની ? જો કહેલી વાતો ખોટી પડી તો ચિન્તા નકામી ગઈ અને ખરી પડી તો તેનો ઇલાજ નથી દાખલા તરીકે જો ભવિષ્યમાં વેપારમા લક્ષ્મી પ્રાપ્ત કરી સુખ મેળવવાનુ હોય અને તે વાત ખરી પડી, તો સુખ કાંઈ આપણે અગાડીથી ન જાણીએ તેથી જવાનુ નથી, પણ જો જોનારાની ભુલથી અનુમાન ખોટું પડ્યુ, તો આ ભરોસે વેપાર કરી ઉંધા પડયાના દાખલાઓ મોજુદ છે અને સાધારણ રીતે અશુભ કરતા શુભ વાત મનુષ્યને અધિક પ્રિય લાગે છે, માટે ઘણીખરી તો શુભજ વાત કહેવામા આવે છે કે જેથી યજમાન પ્રસન્ન થઇ લક્ષ્મી આપે છે. જો શુભ વાત ખોટી પડે છે તો યજમાનને ચિન્તા થાય માટે અશુભ વાત કહી ન હતી એમ કહેવામાં આવે છે. ”

“ માટે મ્હારો અભિપ્રાય તો એવો છે કે હાલ જેમ ચાલે છે તેમ તો જ્યોતિષથી લાભ કરતાં હાની વધારે છે. સામાજીક નિયમો પ્રમાણે જે બે જીવો લગ્નમાં જોડાઇ શકે, એવાઓની વચ્ચે એક બીજા તરફ અસત આકર્ષણ હોવું એજ માત્ર પૂર્વજન્મના દઢ સંબંધની (link) ની સાક્ષી પુરે છે; અને તેથી હું તો આવા અનિશ્ચિત જ્યોતિષ કરતાં પ્રત્યક્ષ સંજોગો પર વધારે આધાર રાખું છુ. આ તો ઉપનિષદમાં કહ્યું છે તે પ્રમાણે થાય. यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते । ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव तु ॥ ”

મ્હારે આ વિશે બાપાજી સાથે ઘણીવાર ચર્ચા થાય છે પણ એમને હજુ ખાત્રી થતી નથી. પણ જે મારવાડી જોશી વિશે મે તમને કહ્યું, તેણે ઇંગ્રેજી અને દેશી પદ્ધતિનો અભ્યાસ કર્યો છે અને સુધરેલાં પંચાગો પ્રમાણે ફળાદેશ કહે છે, તેની પાસે અમારા ગ્રહ લઇ જવાના હતા. જો ત્યાથી પણ "ના" આવશે તો મે તો નિશ્ચય કર્યો છે કે વડીલો પાસે પરવાનગી મેળવવાને પુરતો યત્ન કરીશ. અને મને આશા છે કે તે યત્નમાં સફળજ થઇશ, કેમકે તેઓ બધાં બહુ સમજુ તથા દયાવાળાં છે. મ્હારા સ્વાર્થના ત્યાગનો સવાલ હતો ત્યા સુધી ઠીક હતું, પણ જ્યારે એક નિર્દોષ બાળાના દેહના ત્યાગ સુધી વાત આવી છે ત્યારે તેઓ નિર્દય નહી થશે. પછી તો જેવી ઇશ્વરઇચ્છા ! અદૃશ્ય–પરોક્ષ સંજોગોપર આધાર રાખી ભવિષ્યના સંકટના માત્ર મનોમય ભય કરતાં, પ્રત્યક્ષમાં એક પ્રેમી બાળાના જીવનને ટકાવવાનો યત્ન કરવો એને હું મહા પુણ્યનુ કાર્ય સમજીશ. આવું જ્યોતિષ તો **अतोभ्रष्ट ततोभ्रष्ट** જેવુંજ ગણાય "

"રાજેન્દ્ર !" રામપ્રસાદે ઉમળકા સાથે કહ્યું, "આજ તમે મને તથા મ્હારી પ્રિય પુત્રીને જીવતદાન આપ્યુ છે અને તેથી હુ તમારો મ્હોટો ઉપકાર માનુ છુ હવે મ્હારી એકજ ઇચ્છા છે કે તમે તમારે મુખેજ આ શુભ સમાચાર વસંત ને કહો, કે તેની ચિન્તા દુર થાય અને પ્રકૃતિમા સત્વર સુધારો થાય; કેમકે દાક્તર તરીકે હું જાણું છુ કે ચિન્તા એ એક મ્હોટામા મ્હોટો અસાધ્ય રોગ છે. પ્રભુ કરે ને મારવાડી જોશી જન્માક્ષરને મળતા કહે, કે કોઇ રીતે પણ વડીલોની લાગણી દુખાય નહી વડીલોને માટે તમારો કોઇ અદ્ભૂત પૂજ્યભાવ હુ જોઉ છુ, અને તે જોઇને હું તમને ખરેખર ધન્યવાદ આપુ છુ, કેમકે પાશ્ચિમાત્ય કેળવણી લીધેલા યુવકોમાં આવો પૂજ્યભાવ અને આમન્યા આજકાલ અતિ દુર્લભ થઇ પડ્યા છે."

"ખરે ! આપ કહોછો તે સત્યજ છે. કેળવણી લીધા છતાં સંસારનો અનુભવ ન મળેલો હોવાથી, "ભણ્યા છતાં ગણ્યા"–ન હોવાથી, "સ્વતંત્રતા" (Freedom) ને નામે માત્ર ઘણીવાર તો કેવળ "ઉદ્ધતાઇ" (rashness) તેઓ વાપરે છે. અને અનુભવી વયોવૃદ્ધ માણસની "નમ્રતા" (gentleness) ને માત્ર "નિર્બળતા" (weakness) સમજે છે. આમાં સમજવાનુ એટલુંજ

છે કે કોઇ પણ માણસને "વિચારની સ્વતંત્રતા" (liberty of thought) નો હક છે; પણ જ્યારે તે વિચારો વિશે બોલવાનું હોય છે, ત્યારે લોક લાગણી વિગેરે પર ધ્યાન આપવું પડે છે, તેથી "વાચાની સ્વતંત્રતા" (liberty of speech) ઓછી થાય છે; અને તે પ્રમાણે કાર્ય કરવાનુ હોય છે ત્યારે "કાર્યની સ્વતત્રતા" (liberty of action) તેથી પણ બહુજ ઓછી રહે છે; કેમકે કોઇ પણ કાર્ય કરવાનુ આવે છે ત્યારે માણસને બધી તરફના સંજોગો–સબધો (relations and inter–relations) ઉપર ઘણીજ બારીકીથી ધ્યાન આપવું પડે છે. તેથીજ ઘણા સંસાર સુધારકો પણ "કાર્ય" કરવાનું આવે છે ત્યારે પાછા પડે છે. જે વિષય કલ્પનામાં (Theory) માં તદન સીધો–વ્યાજબી દેખાય છે, તેમાં કાર્ય કરતી વખતે મુસ્કેલીઓ (practical difficulties) ઘણી આવે છે; અને તેથી ઉત્સાહી જુવાન ભાષણકર્તા, પ્રસગ આવે પોતાને પ્રિય એવી કોઈ પણ સસાર સુધારણાને અમલમાં મુકતાં ગુચવાઈ પડે છે, અથવા તો સાહસ કરે છે."

"રાજેન્દ્ર! મ્હારે પ્રમાણિકપણે કબુલ કરવું પડે છે કે તમે કહો છો તે વાત અક્ષરશઃ ખરી છે. તમે જાણોછો કે હુ વિધવા-વિવાહનો એક ચુસ્ત હિમાયતી છુ, પણ એ વિષયપર જુવાનીમાં મ્હારા વિચાર જે હતા તે આજે નથી. તે છતાં પણ કોણ જાણે શાથી કગાલ વિધવાઓ તરફ મ્હારી ઘણી દિલસોજી રહે છે, અને હજુ પણ એવી આશા મનમાં રહ્યા કરે છે કે એઓને માટે કોઈ પણ સલામત અને સર્વમાન્ય રસ્તો નિકળે."

ઉપલી વાત ચાલતી હતી તેની વચ્ચે રામપ્રસાદે વસતસુદરીને માણસ સાથે કહેવડાવ્યુ હતું કે "રાજેન્દ્ર ત્હારી ખબર પુછવાને આવે છે." વસતસુદરી એટલા પરથી ગઇ તેવી એકદમ ઢગલો થઈ ગઈ હતી, અને તેથી પોતાના પલંગપર અનેક દુઃખદ વિચારોથી ગુંચવાતી હતી; તેમા વળી "રાજેન્દ્ર ત્હારી ખબર પુછવા આવે છે"–એ શબ્દોએ તેનું મગજ ફેરવ્યુ. "શું રાજેન્દ્ર મ્હારા દુઃખની મશ્કરી કરે છે"–એમ બોલી કાંઇક રોષમાં–કાંઈક દુઃખમાં–કાંઇક નિરાશામા તેની છાતી ભરાઇ આવી અને પાસું ફરીને ડુસ્કે ડુસ્કાં રોવા લાગી.

રાજેન્દ્ર આવ્યો અને દુઃખી વસંતસુંદરીની આ દશા જોઈ ઘણો શરમિન્દો જેવો થઈ ગયો; અને "આ નિશ્ચય મ્હારો પ્રથમ-

થીજ કેમ નહીં થયો ? "–તેને માટે પોતાને ઠપકો દેવા લાગ્યો. અંતે ધીમે સાદે રાજેન્દ્રે કહ્યું, "વસંતસુંદરી ! તબિયત કેમ છે ? "

કાંઈ ઉત્તર ન અપાયો અને બંધ થઈ જતી છાતીમાં ડુસ્કાંઓ વધારે જોરથી આવવા લાગ્યાં.

" પ્રિય વસંત ! મ્હારી સ્હામુ તો જો. "

" પ્રિય વસંત, " એ શબ્દ સાંભળી જાણે ચમકી હોય એમ એકદમ પાસું ફરી વસંતસુંદરીએ નમ્ર સ્વરે કહ્યું, " શુ રાજેન્દ્ર ! તમે મ્હારા દુઃખની મશ્કરી કરો છો ? હવે આ શબ્દો ઉચ્ચારવાનો તમને હક છે ? મ્હારા દુર્દૈવે તે તમારી પાસેથી છીનવી લીધો છે. એમાં તમારો કાંઇ દોષ નથી. ખેર ! " એમ કહી પાછું પાસું ફરી રોવા લાગી.

" હા ! એ હક પાછો મેળવવાની બહુજ સબળ આશા છે. અને તેના શુભ સમાચાર તને કેહેવાને જાતેજ આવ્યો છું, કે જેથી ત્હારા હૃદયને સત્વર શાન્તિ થાય અને પ્રકૃતિ એકદમ સુધરે. "

એક અંધારા ઓરડામાં જેમ ચાવી દબાવવાથી વિજળીનો પ્રકાશ થાય, તે પ્રમાણે દુઃખી બાળાના અંધ બનેલા હૃદય મંદિરમાં પ્રેમ–પ્રકાશ થયો; અને તેના તેજસ્વિ કિરણોએ આંખમાં નવીન તેજનુ, ગાલપર નવીન રક્તનુ અને હૃદયમાં નવીન જીવનનું આવાહન કીધુ. દુઃખનાં અશ્રુઓ એકદમ હર્ષના અશ્રુઓમાં ફેરવાઇ ગયાં અને ગદ્‌ગદ્ કંઠે બોલી:–"પિતાજીને આ સમાચાર સત્વર કહો. મ્હારે માટે રાત દિવસ કાળજી કરે છે અને બેચેન રહે છે. તમે અમને બન્નેને નવું જીવન આપ્યુ છે. પ્રભુ તમારી આશા નિર્વિઘ્ને સફળ કરો ! "

રાજેન્દ્રે બધી હકીકત સમજાવી અને પછી રામપ્રસાદને મળી ઘર તરફ વિદાય થયો. ગાડીમાં પાછું વસતે મગજ ચકડોળે ચ્હડાવ્યુ. " કદાચ હું તો જીન્દગી પરણ્યા વિના ગાળીશ પણ ત્હારાથી તેમ થશે ? ગમતો–નહી ગમતો–ત્હારે તો વેઠવોજ પડશે. અમારી વચ્ચે જેવું સગપણ છે, તેવા સગપણવાળાના લગ્ન થયાના ઘણા દાખલાઓ આપણીજ ન્યાતમાં બન્યા છે. પણ કદાચ નહી બન્યા હોય તો એ શુ ? પ્રિય વસંત ! હુ તને નહી દુઃખી થવા દઉં. મ્હારાથી બનશે તેટલુ કરીશ. દુનિઆની કુથલીના ભયે, મ્હારે માટે મૃત્યુ પથારીમાં સુતેલી પ્રિયાને મ્હારૂં ચાલશે ત્યાં સુધી પીલાઇને નહી મરવા દઉં. "

આમ વિચાર કરતો રાજેન્દ્ર ગાડીમાંથી ઉતરી પોતાના ઓરડામાં ગયો. તરત વિલાસને બોલાવી પોતાના તરફથી વડીલોને ઉપર પ્રમાણે લગ્ન કરવાની પરવાનગીને માટે વિનંતી કરવાને કહ્યું. દેવેન્દ્ર મારવાડી જોશી પાસે જઈ આવ્યા હતા અને તેણે "જ-માક્ષર મળતા આવે છે," એમ કહ્યુ છે, એ વાત કેહેવાને વિલાસ ઉપરજ આવતી હતી. તેથી જરા ટીખળ કરવાને ગભીર મુખે, રાજેન્દ્રે જે કહ્યું તે સાંભળીને કહ્યું.—"પણ ભાઈ! લોકમાં ખરાબ દેખાય, વડીલો નાખુશ થાય અને દેવોના અપરાધી થઇએ, એવું કામ જાણી જોઇને શા માટે કરવું? આપણી ન્યાતમાં કયા કન્યાની ખોટ છે? ખરેખર આવી તો ન મળે. પણ જેવું ભાવી-આપણે કાંઈ."—

આટલુ બોલવા જતી હતી એટલામા રાજેન્દ્રે અધીરા બનીને કહ્યું, "મે ત્હારો અભિપ્રાય લેવાને નથી બોલાવી, મ્હારો સદેશો મોકલવાને બોલાવી છે. માટે જા, જે થવાનુ હોય તે થાય. લોકમા અપકીર્તિ થાય તો થાય, એમા પ્રાયશ્ચિત લાગવાનુ હોય તો ભલે-પણ મ્હારો વિચાર બદલાવાનો નથી. માત્ર વડીલોની પરવાનગી જોઇએ તે ન મળે તો .લાચાર"

વિલાસે જવાબમા એકદમ હસી દીધુ અને મારવાડી જોશીની હકીકત કહી જેથી રાજેન્દ્ર બહુજ પ્રસન્ન થયો, કેમકે વડીલોની પૂર્ણ સમતિ એને મળશે એવા સભવનો નિશ્ચય થયો વિલાસનામાં જાણે નવુ જીવન આવ્યુ હોય એમ તેણે તરતજ નીચે જઇને શુભ સમાચાર સર્વેને કહ્યા. સીતાને તો આ સગપણમા પ્રથમથીજ કાઇ બાધ લાગતો નહતો, પણ લક્ષ્મીને તો પુત્રની હઠથી પાપી થવાનો ધાસ્કો લાગ્યો. પરતુ બીજા બધા એકમત થયાં હતા એટલે એને સમજાવ્યુ કે, "એની મરજી પ્રમાણે કરવા દો, નહી તો હવે બીલકુલ જીન્દગીભરમા એ પરણવાનો નથી" આ પ્રમાણે એકની એક લાડકી પુત્રીના રામપ્રસાદે ઘણી ધામધુમથી લગ્ન કર્યા અને—

* "આખેર કન્યા ધન પારકુ છે,
"તેને વળાવી ધણી પાસ આજે;
"આત્મા થયો આ મુજ શુદ્ધ જપી,
"માલીકને થાપણુ જેમ સોપી.

---

* રા ઝવેરીલાલ ઉમિઆશંકરનું ભાષાંતર.

એ પ્રમાણે વિચાર કરતો, શકુન્તલાને વળાવી કણ્વરૂષિની પેઠે એકલો, હવેથી પુત્રીશૂન્ય અરણ્ય જેવા લાગતા ઘરમાં રહેવા તે લાગ્યો.

રાજેન્દ્રે મુંબઇમાં જ્યાં સુધી સારી જગ્યા નહી મળે ત્યાં સુધી તો વિલાસને ત્યાં રહેવાનો વિચાર રાખ્યો, અને વિલાસ વસતભાભી સાથે મુંબઇ ગઈ. સેકન્ડ ક્લાસમાં તેઓ ત્રણે સાથેજ બેઠાં હતાં. વિલાસે હસતાં હસતાં કહ્યું:—" ભાઈ! પરણવું ને પટેલાઇ કોને ન ગમે? પ્હેલાં તો ના ના કહેતો હતો અને પછી તો " આ લગ્નમા પાપ લાગવાનુ હોય તો ભલે, પણ પરણુ તો વસતસુદરીનેજ, નહી તો આખો જનમ કુંવારો રહીશ, "—એટલે સુધી પણ ભાઇજિ કહેનારો કે? વસતભાભી! તમે એવું તે શું જાદુ કરેલું કે દેખી દેખીને તમનેજ દેખી રહ્યો?" " ન્યાત બ્હાર કાઢશે તો જઇશ પણ એની સાથેજ પરણીશ, "—એવુ તે શુ વશીકરણ કીધું છે તે તો કહો:"

નવોઢા પત્ની શરમાઇ—સ્મિત ભરી નીચુ જોઇ રહી અને રાજેન્દ્ર હસ્યો વિલાસે કહ્યુ.—" ખરેખર મ્હારા ભાઇને તમેજ **મોહિની** લગાડી તેથી હુ તો હવેથી તમને **મોહિનીભાભી** કહીશ. કેમ ગમશે કે નહી?"

" અમારા વડીલ છો એટલે જે કહેવુ હોય તે કહેજોને."

રાજેન્દ્રે કહ્યુ—" વિલાસ! તે નામ તો બહુજ યોગ્ય શોધી કહાડયુ હો."

આથી સાસરાના પક્ષના બધા માણસો એને મોહિનીને નામેજ ઓળખવા લાગ્યા અને તેથી પ્રિય વાચક, હવે પછી આપણે પણ એને એજ નામે ઓળખીશુ.

આપણા ચંદ્રનગરના જાગીરદાર હરિશ્ચદ્રનો બંગલો દેવેન્દ્રના ઘરની ઓળમાજ બરાબર સ્હામો હતો. દેવેન્દ્ર અને હરિશ્ચંદ્ર બન્ને ધર્મિષ્ટ હતા અને સ્વભાવે ઘણાજ મળતા હતા, તેથી તેઓની વચ્ચે ગાઢી મિત્રાચારી હતી. આગ વખતે હરિશ્ચંદ્રે દ્રવ્યની ઉદાર સહાય સ્વીકારવાને દેવેન્દ્રને ઘણુ સમજાવ્યુ હતું પણ સ્વતંત્ર–નિસ્પૃહી દેવેન્દ્રે નજ માન્યુ.

એ બન્નેની મિત્રતા બન્નેના પુત્રોમાં પણ ઉતરી, અને સ્વભાવ સમાનતાને લીધે રાજેન્દ્ર અને પ્રબોધચંદ્ર વચ્ચે પણ તેવીજ મિત્રતા થઈ હતી. ન્હાનપણથી સાથે રમતા હતા; કેટલોક વખત અભ્યાસ

પણ સાથેજ કરતા હતા; અને પ્રબોધચંદ્રની નિર્મલ પ્રકૃતિને લીધે રાજેન્દ્ર અગાડી ગયો હતો તોપણ સ્નેહ તેનો તેજ હતો. રાજેન્દ્રની સત્સંગતિને લીધેજ પ્રબોધચંદ્ર આવો ઐશ્વર્યવાન છતાં પણ સદ્‌ગુણી તથા વિદ્યાવિલાસી થયો હતો. સત્સંગતિ એજ સદ્‌ગુણની માતા છે.* મેઘવારીનું નિર્મલ બિન્દુ અગ્નિથી ધગધગતા તવા પર પડતાંજ કઠોર સિત્કાર કરી વરાળ રૂપે ઉડી જાય છે—ક્ષણવારમાં નહીં સરખું થાય છે; તેજ બિન્દુ પ્રભાતમાં પ્રફુલ્લિત કમળની નાજુક પાંખડી પર ઠરીને મુક્તાનું રૂપ ધારણ કરે છે; અને તેજ બિન્દુ શરદ્ પૂર્ણિમાની ચંદ્ર પ્રકાશિત રાત્રિએ વિકાસ પામેલી છીપમાં પડી અમુલ્ય મુક્તાને જન્મ આપે છે. સંગતિનો કેવો પ્રૌઢ પ્રતાપ છે?

જે વર્ષમાં રાજેન્દ્ર એડવોકેટ થયો તેજ વર્ષમાં પ્રબોધચંદ્ર એલ્. એલ્. બી. થયો હતો. અને તેને મુંબઇ જવામાં રાજેન્દ્રનાજ તરફનું મુખ્ય આકર્ષણ હતું. પ્રબોધચંદ્રને "ચોપાટી" ગમતી હતી તેથી રાજેન્દ્રને મુંબઇ જતી વખતે તે લતામાં કોઈ બંગલો સોધવાને તેણે કહ્યું હતું, તે એવો કે બન્નેથી સાથે રેહેવાય. ચોપાટી પર એ પ્રમાણે એકજ "કંપાઉન્ડ" માં બે બંગલા હતા. એક મ્હોટો તથા એક જરા ન્હાનો—એકજ કુટુંબ રહી શકે એવો હતો. રાજેન્દ્રને તે પસંદ પડયો અને પ્રબોધચંદ્રને લખી મોકલ્યું; અને એ પ્રમાણે પ્રબોધચંદ્રે મ્હોટા બંગલામાં અને રાજેન્દ્રે ન્હાનામાં રહેવા માંડયું.

મોહિનીને કાંઈ ઘરકામ તો કરવાનું નહતું એટલે ઘણો કાળ તે સારાં સારાં ઈંગ્રેજી—ગુજરાતી પુસ્તકો, ચોપાનિઆંઓ, વર્તમાનપત્રો વિગેરે વાંચવામાં ગાળતી હતી. માત્ર બપોરે વૈકુંઠબા પાસે થોડો વખત વાતો ચીતોમાં જતો હતો. વૈકુંઠબાનો સ્વભાવ એ સમજી ગઈ હતી અને ચ્હડાવીને કામ લેતી હતી, તેથી વૈકુંઠબાનો એને માટે તો સારો અભિપ્રાય હતો, તે એટલે સુધી કે કોઇ વખતે એ પણ મોહિની પાસે જતાં હતાં. અને એમાં વૈકુંઠબા મોહિનીપર મ્હો-

---

* ભર્તૃહરી નીતિશતક.

संतप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते
क्ताकारतया तदेव नलिनी पत्र स्थितं राजते ।
स्वात्यां सागर शुक्ति मध्य पतितं सन्मौक्तिकं जायते
प्रायेणाधम मध्यमोत्तमगुणः संवासतो जायते ॥

ટી મેહેરબાની કરતાં હોય એમ સમજતાં અને કહેતાં પણ ખરાં કે " આ તો તમારે ત્યાંજ હું આવું, નહી તો કોઈ તેવાને ત્યાં કાંઇ પગ પણ મુકું કે? " પ્રિય વાંચક! આવા વિચારમાં આપણે ગ-રીબ-અભણ-વૈકુંઠબાને દોષ નહી દઇશું. કેમકે બહુશઃ શ્રીમંતો પોતાના જન્મથીજ એમ માનતા હોય છે કે તેઓ ગરીબો પ્રત્યે જે કાંઈ કરે તે " મેહેરબાની, " અને ગરીબો તેઓ પ્રત્યે જે કાંઈ કરે તે તેઓની " ફરજ. " શ્રીમંતોનો ગરીબો પર " હક્ક " (right) અને ગરીબોને શ્રીમંતો તરફ માત્ર " ફરજો " (duties); પણ ઉભયને અન્યોઅન્ય પ્રત્યે-" હક્કો " અને " ફરજો " છે એ વાત શ્રીમંત પોતાની મ્હોટાઇમાં અને ગરીબ પોતાની અત્યંત પરવશતામાં ભુલી જાય છે, કે જે સ્વાભાવિક ભુલથી **શ્રીમંતમાં અહંપણું** અને **ગરીબમાં ખુશામતનો** અવગુણ પ્રવેશ કરે છે. પાશ્ચિમાત્ય પ્રજાઓ ઘણે ભાગે " હક્ક " પર વધારે ભાર મુકે છે, ત્યારે આપણા **શાસ્ત્રો** પોતાના " ધર્મ " પરજ ચુસ્ત રહેવાને અધિક ભલામણ કરે છે. ખરૂં જોતાં " ફરજ " બરાબર બજાવવાથી " હક્ક " ઉત્પન્ન થાય છે, અને " હક્કો " જાળવવાના યત્નમાં ખરી " ફરજ " સ-માયલી છે. એ પ્રમાણે પ્રત્યેક મનુષ્યને પોતાના મુરબ્બીઓ-સમોવડી-આઓ અને હાથનીચેના પ્રત્યે " હક્કો " અને " ફરજો " છે. આ પ્રમાણે આ બાબતમાં એકતરફી કાંઈ હોયજ નહી; તે છતાં જો તેમ હોય તો ગરીબોનો શ્રીમંતોપર "હક્ક" અને શ્રીમંતોની ગરીબો પ્રત્યે " ફરજ " હોય એજ સ્વાભાવિક છે.

પ્રબોધચંદ્રની ગાડીમાં રાજેન્દ્ર કોર્ટે જતો આવતો, એટલે સ્હાં-જના ઘેર આવી ચ્હા પીને તે મોહિની સાથે પોતાની ગાડીમાં ફરવા જતો; અથવા તો કોઇ દિવસ પ્રબોધચંદ્ર અને રાજેન્દ્ર સાથે જતા, અને વૈકુંઠબા અને મોહિની બીજી ગાડીમાં જતાં હતાં. બાળકોના ન્હાના મ્હોટા રોગો તથા હજાર પ્રકારની તેની બરદાસ્ત કરવામાં માતાનો ઘણો કાળ જાય છે-દુઃખ ભોગવવું પડે છે તે છતાં એમાં સુખ તો મનાયલુ છે; તોપણ પ્રેમી નવીન દંપતીને સંતાન રહિત દશામાંજ-પરણેલી જીન્દગીના અનુપમ સુખનો-અવિભક્ત પ્રેમનો-ખરો અનુભવ થાય છે. આ પ્રમાણે મોહિની પોતાના દિવસો આ-નંદમાં ગાળતી હતી.

આ પ્રસંગે રાજેન્દ્રને મુંબઇ આવ્યાને લગભગ ૭ વર્ષ થયાં

હતાં અને મોહિનીની વય આસરે એકવીસ વર્ષની થઇ હતી, તે છતાં કાંઈ સંતાન પ્રાપ્તિ થઈ નહતી. આથી રાજેન્દ્રના ઘરના સ્ત્રીવર્ગમાં નિરાશા ઉત્પન્ન થઇ હતી. ભોળી લક્ષ્મી તો એમજ માનતી હતી કે જમનાકાકીના કહ્યા ઉપરાંત, સગપણમાં લગ્ન કરવાના પાપથીજ આ પરિણામ આવ્યુ હતું, અને તેથી બાધાપર બાધા લેતી હતી. એવામાં ઇશ્વર કૃપાથી આજ વર્ષમાં મોહિનીના સીમંતનો શુભ અવસર આવ્યો અને લક્ષ્મીની બાધાઓ ફળી.

રામપ્રસાદને ત્યાં કોઇ સ્ત્રી નહતી તથા રાજેન્દ્રને ત્યાં પણ હીરાભાભીને પ્રસુતીનો કાળ હતો, અને સમુદ્ર તટની સ્વચ્છ હવા તથા મુંબઇમાં બીજી વધારે સગવડો હોવાથી સુવાવડ મુંબઇમાંજ કરી હતી. મોહિનીએ એક અનુપમ પુત્રી રત્નને જન્મ આપ્યો

પુત્રી હાલમાં છ માસની થઈ હતી. એક દિવસે રાતના વાળુ કરીને બેઠકના ઓરડામા દપતી મધ્યમા મુકેલી ટેબલ આગળ ખુરસીપર બેઠા હતાં. પ્રસુતીકાળ પછી મોહિનીની મોહક મુખમુદ્રા અધિક મોહક બની હતી. ટેબલપર જડેલી લાલ મુલાયમ મખમલપર બાલક પુત્રી રૂપાનો ઘુઘરો મ્હોમાં ચુસતી માથા ઉપરના પ્રકાશિત દીપક સ્હામુ જોઇ આનદ પામતી હતી, અને મોહિની દીપકની જ્યોતમાં ઝળકતાં, સાદાં પણ સુદર સુવર્ણવલયોવાળા નાજુક હાથની કોમળ અગુલીઓવડે, ઉપરના મુનના લોલકોને હલાવતી, પુત્રીને હસાવતી–રમાડતી, પતિ સાથે હાસ્યવિનોદ કરતી હતી. વાતમા ને વાતમાં મોહિનીએ કહ્યું,–"વારૂ હવે કહો આનુ નામ શુ રાખીશુ ?"

રાજેન્દ્રે કહ્યું:—"નામ પાડવાનો અધિકાર તો ફોઇનો છે. વિલાસને પુછ્યુ છે ? નહી તો તે આપણાપર ચ્હીડાશે"

"આજના વખતમાં ફોઈ તો કહેવાનાં ખરા ફોઇ તો માબાપજ થાય છે કેમકે ઘણે ભાગે તેઓજ નામ પાડે છે."

"વારૂ હાલ ત્યારે કાયદો બદલાયો હોય તો તું કહે. તને શું ગમે છે. ?"

"તમે તે દિવસે પેલી "સરસ્વતીચંદ્ર" ની વાર્તાની ચોપડી લાવ્યા હતા તે મને તો બહુજ ગમી. મે તો એવી વાર્તાની ચોપડી ગુજરાતી ભાષામાં કોઇ પણ જોઇ નથી. ખરે મને તો બહુજ રોવું આવ્યુ. બિચારી કુમુદસુંદરીને તે એના માબાપે શું જોઇને ખાડામાં નાંખી હશે ? મને તો આ લીટીઓ વાંચી બહુજ લાગી આવ્યું:—

"આશાભંગ થઈ ભામિની;
"રૂવે, સ્તુતિ કરે સ્વામિની;
"ગયો ચંદ્ર ક્ષિતિજ તજી ક્યાંય ?
"પડયુ તિમિરે કુમુદ મિચાય !
"સુઝયું, ભ્રમર, તને શાથી આવું ?
"કેમ કમલ તજી દઈ જવાયુ ?

"અરે **સરસ્વતીચંદ્રનો** આવી સ્ત્રી છોડી જતાં કેમ જીવ ચાલ્યો હશે ? અને **પ્રમાદધનને** એની જરાયે કિમત નહીં ? **પ્રભુ** ! મનુષ્ય સ્વભાવમાં તે કેવી ભિન્નતા મુકી છે ? પેલી ઇંગ્રેજી કહેવત પ્રમાણે "જે એકનો ખોરાક તે બીજાને ઝેર થઇ પડે છે." અને વળી"–

"અરે પણ નામને માટે કહેતાં વળી આ "**સરસ્વતીચંદ્ર**" નું ગ્રથાવલોકન શાને માટે જોઇએ ?" **રાજેન્દ્રે** હસીને કહ્યું.

"જુઓ હુ તે કેવી ? પણ સારાં પુસ્તકો અને તેના પાત્રોની મનુષ્ય હૃદયપર કેવી દ્દઢ છાપ પડે છે તેનો આ પ્રત્યક્ષ દાખલો છે. એ ચોપડીમાં કુમુદસુદરીની ન્હાની બ્હેનનુ નામ કુસુમસુદરી છે તે મને તો ગમે છે, પછી તો તમારી મરજી."

રાજેન્દ્રે જરા હસીને કહ્યું,–"નામ તો બહુજ યોગ્ય સોધી કાહાડયુ. એનો અર્થ તું સમજીશ ત્યારે વધારે ખુશી થઇશ."

"શો અર્થ છે ?"

"ત્હારૂ નામ **વસંત** જેને **સંસ્કૃતમાં** **કુસુમાકર** કહે છે. કુસુમાકર એટલે જેમા **કુસુમ** એટલે પુષ્પો ઉત્પન્ન થાય તે. આથી ત્હારી પુત્રીને **કુસુમસુંદરી**નુ નામજ યોગ્ય છે. અને પછી તુ ગુણસુદરી અને હુ **વિદ્યાચતુર** તો વગર કહે."

"ખરે ! આ અર્થ મ્હારે સ્વપ્નેએ નહતો, ચાલો ઠીક બધ બેસતું આવ્યુ. હું અતઃકરણથી ઇચ્છુછું કે **તમારા** આશીર્વાદથી ગુણસુદરીના જેવી થાઉ."

"વિલાસને પણ એ નામ ગમશે."

"અને તમે આ અર્થ સમજાવજો એટલે વધારે ગમશે"

આ પ્રમાણે પુત્રીનુ નામ **કુસુમસુંદરી** રાખ્યું.

રાજેન્દ્ર સ્વતંત્ર વિચારનો હતો તથા જનસેવાના પ્રત્યેક કાર્યમાં આગેવાની ભરેલો ભાગ અતરના ઉત્સાહથી લેતો હતો, અને તેથી એને લોકપ્રિય થતાં ઘણો સમય લાગ્યો નહીં. કોઇ વખત સામાજીક-

રાજકીય–ધાર્મિક અને કેળવણી અથવા સાયન્સ વિગેરે વિષયોપર જાહેર ભાષણો આપતો હતો; થીઓસોફીનો એણે ઉડો અભ્યાસ કર્યો હતો અને થીઓસોફિકલ સોસાઈટીના દેશ વિદેશના આગેવાનોના ભાષણોમાં વારંવાર પ્રમુખસ્થાન એજ લેતો હતો. ઇંગ્રેજી વર્તમાનપત્રો અને ચોપાનિઆંમાં લોકોપયોગી વિષયોપર સારાં લખાણો વખતો વખત કરતો હતો; અને શેહેરસુધરાઇ ખાતામાં–તથા બીજા ઉદ્યોગ હુન્નરના ખાતાંઓમાં–ખાનગી ધર્માદા ટ્રસ્ટોમાં અને યુનિવર્સિટી વિગેરેના કારોબારમાં ભાગ લેતો હતો. ટુંકામાં એ પોતાને જનસમાજનો સેવક સમજતો હતો, અને તેથી–Never less than your best-પોતાથી બને તેથી જરા પણ ઓછું નહી–એ પ્રમાણે પ્રાણીમાત્રના કલ્યાણમાં યથાશક્તિ તન, મન અને ધનથી ઉપયોગી થવાને અહોનિશ મથતો હતો; અને "દાનત તેવી બરકત" તે પ્રમાણે પોતાના ધંધામાં પણ એટલો વધી ગયો હતો, કે લગભગ માસિક ત્રણથી ચાર હજાર રૂપિયા સુધી કમાતો હતો.

આ વખતે મુંબઇની હાઇકોર્ટનો એક જડજ સખત બીમારીમાં પડયો અને રજાપર ગયો. તેની જગ્યાને માટે બીજા ઘણા વકીલ, બારિસ્ટરો ઉમેદવાર હતા તોપણ સરકારે એની કામચલાઉ નીમણુંક કરી. પરંતુ રાજેન્દ્રને આવા ઉચા ઓદ્ધાના માન કરતાં જનસેવામાં ઉપયોગમાં આવે એવી સ્વતંત્રતા વધારે પસંદ પડી; અને સરકારનો ઘણો ઉપકાર માની ઓદ્ધો સ્વીકારવાની ના પાડી. આ ના પાડવા સાથે લોકોમાં તેનો ભાર વધ્યો, અને તેના ધંધામાં પ્રભુએ એકદમ અણધારેલી વૃદ્ધિ કરી.

હમણાં કુમુદચંદ્ર આઠેક વર્ષનો થયો હતો, અને તેનું ન્હાની કુસુમ તરફ કાંઇ અલૌકિક–અગમ્ય આકર્ષણ થયુ હતું. આખો દિવસ એને લઇને જાણે એક જીવતું રમકડું હોયની એમ તેને રમાડતો, હસાવતો, વાડીમાં ફરતો અને પોતાને ઘેર લઈ જતો; અને એનામાં ને એનામાં જીવ હોવાથી નિશાળનો પાઠ પણ કરવાનો કોઈ દિવસ તો સમુળગો વિસરી જતો. કુસુમ જો મોહિની પાસે હોય અને કુમુદચંદ્ર આવે તો તરત ટિંગાઈ પડતી અને એની પાસે જવાને યત્ન કરતી, અને જો આવતાં જરા વાર લાગે તો રોતી. આ પ્રમાણે બન્નેને અજાણતાં, પુર્વજન્મમાં બનેલાં, ભવિષ્યના અદ્દશ્ય જીવનવૃક્ષના પ્રેમબીજો–આવી કોમળ, નિર્દોષ–હ્રદયભૂમિમાં ઈશ્વરમાળીથી રોપાતાં હતાં

રાજેન્દ્રનો વિચાર હવે પોતાની સગવડવાળો કોઇ બંગલો સારા લત્તામાં વેચાતો લેવાનો થતો હતો, પણ મોહિનીએ કહ્યું:—“ આપણે ક્યાં મ્હોટું કુટુમ્બ છે કે આટલુ બસ નથી. કુસુમને કુમુદચંદ્ર સાથે આટલુ હળી ગયું છે, અને આપણે પણ આવી સોબત મળવાની નથી એટલે હાલ તો આજ ઠીક છે. ”

રાજેન્દ્ર અને પ્રબોધચંદ્ર આ પછી બીજા ત્રણ વર્ષ સાથે રહ્યા; અને ગયા પ્રકરણમાં કહ્યા પ્રમાણે પ્રબોધચદ્રને ચંપાનગરની દિવાનગીરી મળી. આ પ્રમાણે ઉભય બાળમિત્રો ભિન્ન સજોગોમાં પણ ઉચ્ચ પદ્વીએ પ્હોંચ્યા. **પ્રારબ્ધયોગ–પ્રભુકૃપા–અને પુરૂષ-પ્રયત્ન** એ ત્રિપુટીપર મનુષ્યના જીવનના બધા સયોગોનો આધાર છે. કદાચ, **પ્રારબ્ધ** પ્રતિકૂળ હોય તોપણ પ્રભુકૃપા અને પુરૂષાર્થથી આ ભવમાં પણ મનુષ્ય, જીવનને ઘણે અંશે સુધારી શકે છે, અને પરલોક અને પુનર્જન્મના સુખના બીજો રોપવાને તે સ્વતંત્ર છે કાર્ય સફળતા એ ત્રિપુટીના ત્રણે વિષયોના નિયમો સમજીને આચરણ કરવામાં છે. કેમકે કોઇ પણ વિષયમાં **જ્ઞાન–સમજથી નિશ્ચય** થાય છે, અને **નિશ્ચય** જેને ઇંગ્રેજીમાં Conviction અથવા Sentiment કહે છે તેથી **કાર્ય**માં પ્રેરણા થાય છે.

ઉભય કુટુંબોનો વિયોગ તો ઘણો દુઃખદ થયો, પણ જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ તો વિધીએજ નિર્મેલો છે. બાળક કુસુમ કુમુદચદ્ર વિના ઘણા દિવસ હિજરાઇ.

પ્રકરણ ૭ મું.

થીઓસોફી અને થીઓસોફિકલ સોસાઇટી.

What's in a name? That which we call a rose,
By any other name would smell as sweet.

Shakespeare.

“કુસુમ વિલા ” સમુદ્ર કિનારે “ બ્રિજકેન્ડી રોડ ” પર છેલ્લામાં છેલ્લી સુધરેલી ઇંગ્રેજી ભપકાદાર બાંધણી પ્રમાણે બાંધવામાં આવ્યો હતો. રસ્તાથી સ્હેજ ઉંચી જગા પર હોવાથી જોનારનું ધ્યાન તે તરફ ખેચાતું હતું, અને બંગલામાંથી આસપાસના ન્હાના મ્હોટા બંગલાઓ, સમુદ્રતટ, તોપખાનું વિગેરેનો દેખાવ ઘણો ચિત્તાકર્ષક દેખાતો

હતો. બંગલાની અગાડી મુંબઈની સાધારણ રૂઢી પ્રમાણે ગાડી ઉભી રહેવાને માટે ઝૂલતી અગાસી હતી, કે જેની સમિપમાંજ એક મ્હોટો આરસનો હોજ હતો. એ હોજની મધ્યમાં એક પુતળી ઉભી રાખી તેના હાથમાં એક મ્હોટું "કુસુમ" (પુષ્પ) આપવામાં આવ્યુ હતું, કે જેમાંથી અસખ્ય ઝીણી સેરોવાળો ફુવારો છુટતો હતો. હોજની આસપાસ વર્તુલાકારે સુશોભિત બાંકો ગોઠવવામાં આવ્યા હતા. ગાડી અદર આવવાને માટે બાગની નાજુક કટેરાવાળી દિવાલમાં બે દરવાજા હતા, અને એક અર્ધવર્તુલાકાર સડક મધ્યની અગાસી નીચેથી જઈને બન્ને દરવાજાને સાધતી હતી. રાજેન્દ્રને પણ પિતાની પેઠે ઝાડપાનનો શોખ હતો. ઇંગ્રેજી રીત પ્રમાણે ભૂમિતિના જુદા જુદા આકારોમા ઝીણુ ઘાસ ઉગાડવામાં આવ્યુ હતું, તથા વચ્ચેની ન્હાની સડકોપર ઝીણી સફેદ રેતી પાથરી હતી. ગાડીની સડકની બન્ને બાજુએ વિલાયતી વિવિધ પ્રકારના ઝાડોના કુડા ચીનાઇ કાચની બેઠક પર મુકવામા આવ્યાં હતા.

આ બગલો રાજેન્દ્રે, ગયા પ્રકરણમાં દર્શાવ્યા પ્રમાણે, ખાસ જમીન લઇને મોહિનીની ઇચ્છા પ્રમાણે સવડભરેલો બાધ્યો હતો, અને તેમા આસરે દોઢ લક્ષ રૂપિઆ ખર્ચ થયો હતો. મુંબઇમાં બંગલાઓના નામ આપવાનો રીવાજ સાધારણ છે, એટલે રાજેન્દ્રે પણ પોતાની લાડકી પુત્રીના નામપરથી એનુ નામ "કુસુમ વિલા" પાડયુ હતું. હાલમા એ એમાજ રહેતો હતો.

આ પ્રસગે પ્રમોદચન્દ્ર રાજેન્દ્રથી છુટો પડીને ચંપાનગરની દિવાનગીરીપર ગયાને સાત વર્ષ થઈ ગયાં હતા, અને રાજેન્દ્ર પોતાની અકલ હોશિયારી તથા પ્રમાણિકપણાથી પોતાના ધધામા ઝળકી રહ્યો હતો. સ્વતત્ર પણ વફાદારી ભરેલી જનસેવાથી તે સરકાર અને પ્રજા ઉભયમા એક સરખી રીતે લોકપ્રિય થઈ પડયો હતો. થોડા વખતથી તે ગવર્નરની કાઉન્સિલનો સભાસદ થયો હતો, અને તેને સરકાર તરફથી સી. આઈ. ઈ. નો ઇલ્કાબ પણ બક્ષવામા આવ્યો હતો.

સ્વાભાવિક રીતે રાજેન્દ્ર અને મોહિનીનો રામપ્રસાદને ઘણો આગ્રહ હતો, કે પોતાના સ્વપરાક્રમથી બંધાવેલા આવા સુદર બંગલામાં તે થોડો વખત આવીને તેઓની સાથે રહે; પણ આપણે જાણીએ છીએ કે દાક્તરો જ્યાં સુધી પોતાથી કામ થઈ શકે ત્યાં

સુધી પોતાનું ગામ–ધનલોભથી કે દરદીઓની દયાથી–છોડી શકતા નથી, તે પ્રમાણે રામપ્રસાદ આવવાનું મુલતવી રાખતો હતો. પૂર્વ જન્મના ઘણા દયાની લાગણીવાળા (sympathetic) અને (observant) વિચારશીલ દરદીઓ હોવાથી, અથવા તો આ જન્મના મળેલા વૈદકજ્ઞાનથી ઉપજેલી શરીરની સાચવણીથી, દાક્તરો ઘણું કરીને તન્દુરસ્ત મનુષ્યો હોય છે. પણ દૃઢ પ્રારબ્ધયોગ દાકતરોને પણ છોડતો નથી, તે પ્રમાણે હાલ થોડો સમય થયા રામપ્રસાદની પ્રકૃતિ નરમગરમ ચાલ્યા કરતી હતી. તેથી એને હવાફેર જવાની અગત્ય લાગી; અને એ કાઇ "પુત્રીને ત્યાનુ પાણી ન પીવાય," એવા વિચારનો તો હતોજ નહી, એટલે તેણે રાજેન્દ્ર અને મોહિનીનુ લાબા વખતનું આમત્રણ સ્વીકાર્યું. જેમાંથી જીવન માત્ર જતું રહ્યું છે એવી નિર્માલ્ય રૂઢીઓનુ કેવું પરિબલ છે? જે પિતા પુત્રીને સાક્ષાત્ વેચીને હજારો રૂપિયા ગાડે બાધે છે, તેજ પિતા માત્ર પુત્રીને ત્યાના પાત્રમાં પાણી પીવામા–તેના પખાથી પવન ખાવામા–તેને ત્યાના આસનપર સુવા બેસવામા–અથવા જરૂર પડવે તેને ત્યાનુ ભોજન લેવામાં મહાન્ પાતક થયુ એમ માને છે એ પણ કેવી નવાઇ છે? કોઇ રૂઢી તેના રહસ્યના અજ્ઞાનથી, અથવા તો જે સજોગોમા તેની અગત્ય છે તે સજાગોની ગેરહાજરીથી–આપણને બોજારૂપ લાગવા માડે છે; અને તેથી કા તો તેનુ રહસ્ય સમજી તેને સજીવન કરવી જોઇએ, અથવા તો બદલાયલા સજોગોમાં તેનો ત્યાગ કરવો–એ આવા દભનુ પાલન કરવા કરતા હજાર દરજ્જે સુખદાયી થશે.

મુંબઇની દીવાળી એ હમેશાં બ્હારનાં માણસોને માટે ઘણો આકર્ષક પ્રસંગ છે અને તેથી રામપ્રસાદે પણ તે પ્રસગનો લાભ લીધો આથી રાજેન્દ્ર અને મોહિનીને ઘણે વર્ષે આટલો સમય રામપ્રસાદની સાથે રહેવાનો આનદ મળ્યો. રામપ્રસાદની આખ, પુત્રીનો વૈભવ જોઈ ટહાડી થઇ, અને હૃદય, વિકાસ પામતી ન્હાનકડી કુસુમકલીની નિર્દોષ રમતગમતોથી પ્રફુલ્લિત થયુ.

રાજેન્દ્રે હાલમાં એક મોટર રાખી હતી, જેમાં સ્હાંજના કોર્ટથી આવી બધાં સાથે તે ફરવા જતો. રાતના મોહિની પીયાનો સાથે ભજનો ગાતી હતી, અથવા તો બધાં મળી થીઓસોફીનું વાંચન અથવા તો બીજી ધર્મચર્ચા કરતાં હતાં. આ રીતે રામપ્રસાદનો કાળ આનંદમાં પસાર થતો હતો. સમુદ્રકિનારાની સ્વચ્છ હવાથી

તેની પ્રકૃતિમાં પણ સારો સુધારો થયો હતો. નાતાલના તહેવારોની રજામાં આ પછી રામપ્રસાદ, રાજેન્દ્ર–મોહિની વિગેરે સાથે ચંદ્રનગર પાછો ગયો.

આપણે જાણીએ છીએ કે રાજેન્દ્રની સાથે રામપ્રસાદને થીઓસોફીના વિષયપર ઘણા વર્ષો થયાં વાતચિત થયાં કરતી હતી; અને તેનું પરિણામ એ થયુ હતું, કે મોહિનીના લગ્ન પછી ઘરમાં એકાન્ત મળવાથી એ વિષયના અભ્યાસ તરફ એનું લક્ષ વધારે લાગ્યું. દિનપ્રતિદિન એની શ્રદ્ધા અને શોખ વૃદ્ધિ પામતાં ગયાં–ચંદ્રનગરની થીઓસોફિકલ સોસાઇટીની શાખાનો તે એક સભ્ય થયો–અને આ પ્રસંગે તે તેનો પ્રમુખ હોવાનુ માન ધરાવતો હતો. **महाजनो येन गतः स पंथाः**–તે પ્રમાણે આવા પ્રતિષ્ઠિત માણસના આ સસ્થા સાથે જોડાવવાથી ઘણા લોકોનુ થીઓસોફી તરફ આકર્ષણ પણ વધ્યુ.

તેહેવારોની રજાઓમાં રામપ્રસાદ અને રાજેન્દ્ર કોઇ કોઈવાર જાહેર ભાષણો પણ આપતા હતા, તે પ્રમાણે ચંદ્રનગરના "ટાઉન હૉલમા" આજે "થીઓસોફી અને થીઓસોફિકલ સોસાઇટી" એ વિષયપર રાજેન્દ્રનુ ઇંગ્રેજીમાં ભાષણ રાખવામાં આવ્યુ હતું–અને રામપ્રસાદની ઓળખાણથી–ચંદ્રનગરના કલેકટર સાહેબે પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું, કે જેથી "હૉલ" શ્રોતાઓથી ચિકાર ભરાઈ ગયો હતો, અને તેમાં ઇંગ્રેજ–પારસી–અને હિન્દુ સ્ત્રીઓની પણ સારી હાજરી હતી. એ ભાષણની નોંધનો ગુજરાતી તરજુમો નીચે પ્રમાણે હતો કે જે વાચકોના લાભને અર્થે અત્રે પ્રગટ કરીશું તો તે નકામુ નહી કહેવાશેઃ—

મેહેરબાન પ્રમુખસાહેબ–બાનુઓ અને સદ્‌ગ્રહસ્થો,

What's in a name? That which we call a rose,
By any other name will smell as sweet

"થીઓસોફી અને થીઓસોફિકલ સોસાઇટી, એ શબ્દો આજે દુનિઆના પ્રત્યેક મુખ્ય વિભાગના વિચારવત મનુષ્યોના કાનને અપરિચિત નથી. લેટીનમાં થીઓસ=ઇશ્વર અને સોફિઆ=જ્ઞાન, એ પ્રમાણે થીઓસોફી એ શબ્દનો અર્થ દૈવીજ્ઞાન–ઈશ્વર સંબંધી જ્ઞાન–એ પ્રમાણે થાય છે ઉપલા ફકરામાં મહાન્ કવિ શેક્સપીઅર કહે છે કે "ગુલાબ" ને કોઇ પણ ભાષામાં કોઈ પણ નામે ઓળખવામાં આવે તો પણ તેની એક જ મધુર સુવાસ આવે છે".

નામની ભિન્નતાથી વસ્તુના ગુણદોષમાં કાંઈ પણ ભિન્નતા થતી નથી. દુધને ભલે સંસ્કૃતમાં "ક્ષીર" કહે, ફારસીમાં "શીર" કહે અને ઇંગ્રેજીમાં "મિલ્ક" કહે, તોપણ એની મિઠાશ, વર્ણ અને પોષક શક્તિમાં કાંઈ ફેર પડતો નથી. તે પ્રમાણે થીઓસોફી એ નામથી અપાતા જ્ઞાનને આપણા આર્યભાઇઓ "બ્રહ્મજ્ઞાન" "આત્મજ્ઞાન" "તત્વજ્ઞાન" કે "બ્રહ્મવિદ્યા," "ગુપ્તવિદ્યા," કે "રાજવિદ્યા," એ કોઇ પણ નામે ઓળખે, અથવા તો દુનિઆની બીજી પ્રજાઓ પણ પોતાના ધર્મશાસ્ત્રોમાં આપેલા ભિન્ન ભિન્ન નામે ઓળખે, તો પણ એ મુક્તિદાયક જ્ઞાન તો એકજ છે; અને તેથી પૃથ્વીના કોઈ પણ ખંડના—દેશના—કે જાતિના સ્ત્રી કે પુરૂષને એકસરખી જાતનો લાભ થોડે ઘણે અંશે આ જ્ઞાનથી મળે છે. દુનિઆના દરેક મ્હોટા ધર્મોના પ્રચારકોને આજ જ્ઞાન જુદી જુદી ભાષાઓમાં—જુદે જુદે રૂપે, પણ એકજ લક્ષ્યને માટે અને એકજ સ્થળથી સ્ફુરે છે—અને તેમા થોડા ફેરફાર સાથે પેટા જાતીઓમાં જુદા જુદા મત પંથોરૂપે ફેલાઈ જાય છે. સાધારણ નિયમો પ્રમાણે જેમ દરેક ચીજ વખત જવે ટાઢી પડતી જાય છે તે પ્રમાણે આ ચકચકિત જ્ઞાનની કુચીઓ નિસ્તેજ થાય છે—સંજોગોના ફેરફારથી નિરૂપયોગી થતી જાય છે—તેનાપર અજ્ઞાનતાના કાટની પોપડી વળી જાય છે અનેઃ—

> यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
> अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
> परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम् ।
> धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥

આ જાણીતા શ્લોક પ્રમાણે જ્યારે ધર્મની ગ્લાની થાય છે; ત્યારે કોઈ મહાપુરૂષદ્વારા, દેશ—કાળને અનુસરીને—કોઈ પણ ધર્મ—મત કે પંથને પણ સજીવન કરવામાં આવે છે. પ્રત્યેક રાજ્યમાં અથવા "સ્ટેટ" માં જેમ કેળવણીખાતું—મેહેસુલખાતું—ન્યાયખાતું વિગેરે હોય છે, તેમ વિશ્વરાજ્યના પણ જુદાં જુદાં ખાતાઓ છે અને તે પ્રત્યેક ખાતાની દેખરેખને માટે અમુક દેવતાઓ—રૂષિઓ અમુક મન્વતરને માટે નિર્માણ થાય છે. આ પ્રમાણે સૃષ્ટિના ધર્મશિક્ષણને માટે એક મહાપુરૂષોની મંડળી છે કે જેને The White Brotherhood કહે છે, અને તે સમર્થ મહાપુરૂષો—વખતો વખત જુદા જુદા—ધર્મગુરૂઓ—પેગંબરો—ભક્તો—સુધારકો કે અવતારોદ્વારા—નવા ધર્મનું સ્થાપન કરે છે અને જુના ધર્મોને જરૂરી જીવન આપે છે,"

"આથી એક બીજી બાબત સિદ્ધ થશે કે પેગંબરથી માંડીને ભક્ત-સુધારક અને એક ન્હાનકડા ગામમાં એક કથા સભળાવનારા અથવા ભજન કરનારા બાવાજીની પણ આ વિશ્વરચનામાં-ધર્મ પ્રણાળીમાં અગત્ય છે. જેમ મ્હોટા લત્તાઓમાં વિજળીના દીવાની-મધ્યમ ભાગમાં ગૅસના દીવાની અને ગલીકુચીઓમાં તેલના દીવાની પણ અગત્ય છે; તે પ્રમાણે ઉત્તમ અધિકારીઓને માટે મહાપુરૂષો (greater lights) ને લઇને છેક કનિષ્ઠ અધિકારીઓને માટે એક ગ્રામ્ય સાધુ (lesser lights) ની અગત્ય સ્વીકાર્યા વિના ચાલશે નહીં; કેમકે તેના જ્ઞાનનો ઝાંખો બળતો દીપક પણ-ગામડીઆઓને માટે ઇશ્વર-ધર્મ વિશેની યાદદાસ્ત કાયમ રાખે છે."

"આમ હોવાથી ગમે તેવા અધમ મત-પથના જડ, બાહ્ય છોતરાને ફોડી નાખીશુ, તો તેના પણ અતર ગર્ભમા આ-પવિત્ર જ્ઞાનની મધુરતા સ્ફુર્યા વિના રહેશે નહી. આથી સૃષ્ટિના બધા ન્હાના મ્હોટા ધર્મોમાં "થીઓસોફી," એ નામે હાલમા અપાતા જ્ઞાન અને પ્રસિદ્ધ થયલા સિદ્ધાન્તો થોડે કે ઘણે અશે, પ્રશસ્ત જણાય તો તે સ્વાભાવિક છે, આપણા પુરાતન, સનાતન ધર્મમાં એ સિદ્ધાન્તો વધારે ખુલ્લી રીતે જણાય છે, કેમકે એ ઘણો જુનો ધર્મ છે. આ પવિત્ર જ્ઞાન આપણા પૂજ્ય વડીલોને સમર્થ ગુરૂઓ-રૂષિ મુનિઓ-મહાત્માઓથીજ મળતું હતું એ વાત કાંઈ આર્ય હૃદયને નવી નથી. આપણા પવિત્ર કથા-પુરાણો અને ધર્મશાસ્ત્રો અસખ્ય મહર્ષિઓ અને રાજર્ષિઓના પવિત્ર નામોથી ઉભરાય છે, અને દતકથામાં એ નામનો પ્રતિધ્વની સભળાય છે. આમ છતા પણ જે આર્યપ્રજાના ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ સબધી કોઇ પણ કાર્યમાં ઇશ્વર-ઇશ્વર વ્યાપી રહ્યો છે, ધર્મ-ધર્મનોજ ધ્વની થતો હતો અને હજુ પણ થાય છે, તેવી આર્યપ્રજાના હાલના અજ્ઞાન બાળકોના મનચક્ષુઓ, આજે પાશ્ચિમાત્ય વિદ્યાના સ્થૂલ ચશ્માથી જુએ છે-પોતાના એક વિષયના અજ્ઞાનથી તેના જ્ઞાનની તુલના કરે છે-સૂક્ષ્મ દષ્ટિ વિના સૂક્ષ્મ જ્ઞાનની પરીક્ષા લેવાનો પ્રયાસ કરે છે, અને તેમાં નિષ્ફળ જવાથી કાંઇ ન સુઝવાથી સંસારના ક્ષણિક સુખદીપકમાં પાછા પતગની પેઠે ઝપલાવે છે આથી સ્થૂલનું પરિબળ અધિક હોવાથી તેઓના મનમાં ઈન્દ્રિયસુખ અને યશ-કીર્તિનો લાભ એજ હાલ તો ઇશ્વરપદ ભોગવતો આપણે જોઇયે છીએ; અને તેથી

જે આર્ય હૃદયમાં એક વખતે આ અનુપમ–મુક્તિદાયક જ્ઞાનનો પ્રવાહ ગુરૂવાક્યદ્વારા રેડાઇને નસેનસમાં પ્રસરતો હતો, તે હૃદયમાં પોતાના વડીલોના તારક સમર્થ મહાત્માઓના અને આ અનુપમ જ્ઞાનના અસ્તિત્વમાં પણ શંકા થાય એ કાંઇ થોડી અધમતા છે ? ”

“ પણ હાલમાં સમય પલટાયો લાગે છે. પાશ્ચિમાત્ય વિદ્યા અને નીતિરીતિની પ્રથમ મોહિનીનો વંટોળીઓ વિખેરાવવા લાગ્યો છે, અને આપણી આર્યપ્રજાએ આંખો ચોળતાં પણ આર્યધર્મના ગૌરવની ઝાંખી આકૃતિ પણ પીછાનવા માંડી છે. સ્થળે સ્થળે ધર્મ અને ઇશ્વર વિશેના જ્ઞાનની સોધ માટે યથાશક્તિ પ્રયાસ ચાલુ થયો છે, અને ઠામ ઠામ મંડળીઓ, સભાઓ તથા સમાજો દેશ વિદેશમાં પ્રાપંચિક–સામાજીક–ધાર્મિક અને રાજકીય સુધારાઓને માટે સ્થપાતી દેખાય છે. ટુંકામાં આર્યાવર્તમાં આ બધી દેશના કોઇ પણ ખાતાના સુધારાને માટે–જન સમાજની ઉન્નતિને માટે સ્થપાયલી હીલચાલો છે–જેને ઇંગ્રેજીમાં synthetic movements કહે છે અથવા તો ગીતામા જેને **लोकसंग्रहम्** કહે છે. ”

“ થીઓસોફિકલ સોસાઇટી પણ આવી જાતની એક જન-હિતકારી–**વિશ્વવ્યાપી સંસ્થા** છે. આપણા પવિત્ર બ્રાહ્મણોએ પોતાનુ બ્રહ્મત્વ તજ્યાથી, આધુનિક આર્યપ્રજાપર ઇંગ્રેજી ભાષાની–અભિપ્રાયની ઘણી બળવાન સત્તા હોવાથી, અને આ જ્ઞાનના લોપ થવાથી આપણી ગુરૂપરપરાથી ધર્મપ્રચારની પ્રાચીન પ્રણાલીને વળગી રેહેવુ એ નિદાન નિરર્થક–હાનીકારક લાગવાથી–ઉપર કહેલા આપણા સૃષ્ટિના આદિકાળથી પવિત્ર ગણાતા, હિમાલયમાં વસતા, ત્રિકાલદર્શી, સમર્થ, દયાના સમુદ્રજેવા માહાત્માઓ–મહાપુરૂષોએ, આ જ્ઞાન પાશ્ચિમાત્ય વિદ્યાના પથ્થરપર કસોટીએ ચ્હડીને જો આર્યોને મળશે તોજ તે ગ્રહણ થવાનો સંભવ છે એમ ધારી–ઇંગ્રેજી મંડળી–પદ્ધતિ પ્રમાણે થીઓસોફિકલ સોસાઇટી સ્થાપવાને તે માટે તૈયાર હૃદયોમાં પ્રેરણા કરી. ”

“ જો આ સંસ્થા બ્રાહ્મણ–પારસી યા મુસલમાનદ્વારા થઈ હતે તો તે અમુક દેશ, જાતી, અથવા ભાષાના સાંકડા પ્રદેશમાં કાર્ય કરતે, તેથી આ સંસ્થા ઇંગ્રેજી ભાષાદ્વારા એક સ્ત્રી મારફતે ઉત્પન્ન થઈ, કે જેથી તે દુનિઆના મ્હોટા ભાગમાં સ્ત્રી અને પુરૂષોને સરખો લાભ આપી શકે. આ પ્રમાણે મૅડમ બ્લેવેટસ્કી

અને **કર્નલ ઑલકોટે** આ પરમાર્થી કાર્યની શરૂઆત કરી,-અને અસંખ્ય સંકટો સહી—અગણિત નીચ તરકટો—હુમલાઓમાંથી ઉગરીને કૃતઘ્ની દુનિઆના તિરસ્કાર, ગાળો અને નિર્મૂલ શંકાઓના સમુદ્ર-માંથી હિમ્મતથી તરીને—પોતાના નિઃસ્વાર્થી શ્રમથી **થીઓસોફિકલ સોસાઈટીરૂપી** સુંદર વૃક્ષને ઉછેર્યું; અને એટલે દરજ્જે વધાર્યું કે આખી દુનિઆના દરેક વિભાગમાં—ખંડમાં—શહેરમાં આ મંડલીની શાખાઓ આજે આપણે ફુટેલી જોઇએ છીએ, અને દિનપ્રતિદિન **મિસિસ એનીબિસેન્ટ** જેવી—સમર્થ—કુશળ માળણની સહાય—કાળજી અને જાત ભોગથી—તે શાખાઓ બળવાન થતી જાય છે તથા નવા અંકૂરો એક પછી એક તેની બાજુમાં ઉગતાં જાય છે."

"આ **થીઓસોફિકલ સોસાઇટીનો પ્રથમ હેતુ** એ છે કે સર્વ મનુષ્યમાત્રમાં, દેશ—વેશ—જાતી—રંગ કે રૂપના ભેદ વિના **સામાન્ય ભ્રાતૃભાવનો** પ્રચાર કરવાનો પ્રયત્ન કરવો. આ ઉપરથી કાંઇ એમ નથી સમજવાનુ કે બધી જ્ઞાતિના ઉચ કે નીચ મળીને સર્વેએ ખા-વાપીવાનો વ્યવહાર રાખવો. એ વ્યવહાર હોય અગર ન હોય એ કાંઇ બહુજ અગત્યની વસ્તુ નથી. એ તો માત્ર સ્થૂળ—શારીરિક ભ્રાતૃ-ભાવજ ગણાય. આપણે જે ભ્રાતૃભાવ વિશે બોલીએ છીએ તે તો આત્મિક છે, અને તે માત્ર નીચ ઉચના ભેદ વિના—પરસ્પર સહાય આપવામાં—તેઓના હક્કો અને અન્યોઅન્યની સુખ દુઃખની લાગ-ણીઓ સમાન ગણવામાં, પોતે દુઃખી છતા પણ અન્યના સુખને અર્થે પોતાનું અમૂલ્ય જીવન પણ અર્પણ કરવામાં, અને ટુંકામા સર્વ મનુ ષ્ય—અરે પ્રાણીમાત્રપર **સમાન દયાભાવ** રાખવામાં સમાયલો છે."

"જો આપણે એકજ **દયાલુ પિતાના** બાલકો છીએ—અને તેમ હોવુંજ જોઇએ, તો તે ઇશ્વર અને સત્યના નિયમો પણ સર્વ પ્રજા—પ્રાણીમાત્રને માટે એક સરખાજ હોવા જોઇએ. ભલે આપણા ઇંગ્રેજભાઇઓ એમ માને કે જીવનકાલમાં ગમે તેવા અધમ કૃત્યો કર્યાં છતાં પણ, મૃત્યુ પથારીપર પોતાના પાપની કબુલાત ધર્મગુરૂના સમક્ષ કરી કે તેમને તેમનો તારક ક્રાઇસ્ટ સ્વર્ગમાં દાખલ કરશે; ભલે આ-પણા **મુસલમાનભાઇઓ** એમ માને કે તેમના શિવાય પવિત્ર ખુદાની હજૂરમાં જવાનો કોઈ બીજાને હુકમ નથી; ભલે **પારસીભાઇઓ** એમ માને કે તેમની પાક બંદગી—તેમની "અશોઈ" તેમને એકલાને માટેજ બેહેસ્તના દરવાજાઓ ખુલ્લા મુકશે; અને ભલે આપણા હિં-

ઈશુભાઈઓ પણ શિવ–વિષ્ણુ કે દેવી, કોઈની પણ ઉપાસના કરી અન્ય માર્ગિઓને અજ્ઞાનથી નિન્દે; તોપણ થીઓસોફી તો એમજ પુકારે છે કે ક્રિસ્તી–મુસલમાન–પારસી–કે હિન્દુના મૂળ ધર્મપુસ્તકો વિશેના સાધારણ મનુષ્યવર્ગના અજ્ઞાનને લીધેજ આવા વિચારો જનસમાજમાં ઘુસી ગયા છે; અને સત્ય તો એજ છે કે જે કોઈ મનુષ્ય કર્મ કરશે તેજ તેનુ ફળ ભોગવશે–જે કોઇ પણ ઇશ્વરનો અને સત્યનો નિષ્કામ પ્રેમ પોતાના હૃદયમાં સ્થિર થવા દેશે તેજ-પછી તે કોઈ પણ જાત–ભાતનો પુરૂષ કે સ્ત્રી હોય તો પણ–તેજ આત્મજ્યોતિનુ દર્શન કરવાને શક્તિવાન થશે. પારસીઓ હિન્દુને ધિક્કારે–મુસલમાન હિન્દુ અને પારસી ઉભયનો તિરસ્કાર કરે–અને ક્રિસ્તીઓ ઉપલી ત્રણે પ્રજાઓને મૂર્ખ–અજ્ઞાન–અને મૂર્તિપૂજકોના ટોળાં તરીકે હસી કાહાડે,–એ દશા માત્ર સ્વધર્મ–સ્વરૂપ અને સત્યની અજ્ઞાનતા નહીં તો શુ ? અરે ! આજ ધર્મની અજ્ઞાનતાને લીધે પ્રાચીનકાલમાં, બહુ કરીને પાશ્ચિમાત્ય દેશોમાં, અસંખ્ય મનુષ્યોને જીવતાં બાળી મુકવામાં આવ્યાં હતા; કેટલાંઓ ધર્મ યુદ્ધોમાં આપણી પવિત્ર પૃથ્વી મનુષ્યરક્તથી દુષિત થઇ છે; અને હજુ પણ કેટલી સુધરેલી પ્રજાઓ વચ્ચે ધર્મને લીધે સળગેલી અદેખાઇ અને વેરભાવનો અગ્નિ ધુંધવાય છે, કે જેનો અનુકૂળ વાયુ વાયાથી વખતો વખત નજીવા કારણોથી ભડકો થતો જોઇએ છીએ. આ સર્વેનો કોઇ પણ માર્ગે અંત આવે, લડાઇઓ–કજીઆઓ નહી સરખા થાય, અને એક સયુક્ત કુટુંબ તરીકે સમસ્ત જગતના મનુષ્યો અન્યોઅન્યને સહાય કરી, પોતાનો અમુલ્ય જીવનકાલ પ્રેમ અને પરમાર્થમાંજ ગાળે એ સ્થિતિ શું પ્રસંશનિય નથી ? જો તમારામાનો કોઇ પદાર્થવાદી હોય, ઇશ્વરમાં નહી માનતો હોય, પુનર્જન્મને હસી કહાડતો હોય, કર્મનો નિયમ–મરણ પછીની જીવની હયાતી–સ્વર્ગ નર્કને ન સ્વીકારતો હોય, પવિત્ર મહાત્માઓના અસ્તિત્વમાં તેને શકા હોય, અને ઈશ્વરના અવતાર અથવા ભગવાન મૈત્રેયના આગમનના વિચારને એક મૂર્ખતા–ગપગોળો ગણુતો હોય, તોપણુ ઉપર વર્ણવેલી સ્થિતિ એ થીઓસોફિકલ સોસાઇટીના પ્રથમ હેતુનો એક સંસારી–સગીન–લાભ છે એમ તો તેને કબુલ કરવુંજ પડશે. આત્મિક લાભ તો આ ઉત્તમ જ્ઞાનના અનુભવથી થાયજ છે કે જેના વડે, આ સંસારના ક્ષણિક સુખની અભિલાષા છુટે છે–જીવ સ્વાર્થ કરતાં પરમાર્થ તરફ વધારે વળે છે–અને તેથી અજ્ઞાનનું

વાદળુ ફોડીને બુદ્ધિ–ગરૂડ, ચકચકિત **આત્મસૂર્યના** પ્રકાશમાં ન્હાતો ન્હાતો–શુદ્ધ બનતો બનતો–**મુક્તિના** સ્વતંત્ર આકાશમાં ઉડે છે."

"જેમ એક પુરાતન વૃક્ષ મ્હોટા રેતીના ઢગલામાં ડટાઇ જાય અને તેની ટોચપરની છુટી છુટી શાખાઓ–કોઇ ન્હાની, કોઇ મ્હોટી, કોઈ સુકાયલી, કોઈ નવપલ્લવિત, કોઇ પાદડાં વિનાની, કોઇ ફુલના ઝુમખાવાળી અને કોઇ ફળવાળી, એમ રેતીની સપાટીપર દેખાય, અને તેઓને અજાનદષ્ટા ભિન્ન ભિન્ન વૃક્ષો તરીકે ઓળખે, તો પણ કિન્ચિત ખોદીને જોતાં તે સર્વેનુ મૂળ એકજ માલમ પડશે; તેમ જે જુદા જુદા મત પથો દુનિઆમાં જોવામાં આવે છે તે જો નિષ્પક્ષપાત રીતે તપાસવામા આવે, તો તેનુ મૂળ એકજ **સર્વમાન્ય સનાતનધર્મ–થીઓસોફી**માંજ મળશે શાખાઓ વૃક્ષ નથી પણ બધી શાખાઓ મળીને વૃક્ષ થાય છે, તેમ ગમે તેવો મ્હોટો મત કે પથ હોય તો પણ તેમા **આખુ સત્ય**–સપૂર્ણ ગાન–સમાયલુ નથી, તેમજ ગમે તેવો નિર્જીવ મત કે પથ હોય તો પણ તેમા કાંઈ તો **સત્યનો અંશ** રહેલોજ હોય છે, અને તેથી દુનિઆના સર્વ મત-પથોનુ શોધન કરી, એક સર્વમાન્ય તત્વ સોધી કહાડવુ અવશ્યનુ છે એમ ધારી, બીજી પ્રજાના **ધર્મ**પુસ્તકોને નિષ્પક્ષપાત રીતે વલોવી–અભ્યાસ કરી–**સત્ય**નુ માખણ ઉતારી લેવુ, **એ**વો આ મ ડળીનો **બીજો હેતુ** રાખવામા આવ્યો છે. **બીજાઓ**ને જોરજુલમથી આપણો ધર્મ શીખવવાનો યત્ન કરવા કરતા–**આપણે** આપણો ધર્મ બરાબર શીખી તે પ્રમાણે વર્તન કરવાથી, અને બીજાના ધર્મનો અભ્યાસ કરવાથી–આપણો સામાન્યભાવ––સહનશીલતા––tolerance વધે છે, અને ધર્મની ઝનુન આપણામા અને બીજાંમા ઓછી થઈ, એકબીજાના ધર્મ પ્રત્યે માનની લાગણી ઉદ્દભવે છે. એથી જે **ભ્રા**તૃભાવનો માનસિક નિશ્ચય થયો હોય, તેને બીજા ધર્મના મુકાબલાથી corroboration અથવા circumstantial evidence થી દ્દઢીભૂત કરીએ છીએ."

"આવા માનસિક અને મુકાબલાના અભ્યાસ પછી "હુ કોણ છુ–ઈશ્વર કોણુ છે–મ્હારો બીજી દુનિઆઓ સાથે–બીજા મનુષ્યો-સાથે-ઇશ્વર સાથે શો સબધ છે, અને તેઓ પ્રત્યે મ્હારી ફરજો શું છે" વિગેરે જે કાંઈ સવાલો જીજ્ઞાસુ હ્રદયમાં ઉડે છે, તેનો ઉત્તર સ્વ-અનુભવથીજ મેળવવાને યત્ન કરી–આપણી આંતર શક્તિઓનો વિકાસ

કરવો, દૈવી પ્રકૃતિની પ્રતિમાને પીછાનવી, અને હૃદયમંદિરનાં દ્વાર આગળ સ્વાર્થીપણું અને ઇન્દ્રિય સુખના જોડા ઉતારીને, અંદર બિરાજેલી **આત્મજ્યોતિના સાક્ષાત** દર્શન કરવાનો પ્રયાસ કરવો, એ આ મંડલીનો **ત્રીજો હેતુ** રાખવામાં આવ્યો છે. આ પ્રમાણે પ્રત્યક્ષ અનુભવથી–યોગમાર્ગે–ઇશ્વરનો સાક્ષાતકાર કરી—હું ને બધુ વિશ્વ એકજ છે–માટે બધાં મનુષ્યો–પ્રાણીમાત્રનો મ્હારી દયાપર–પરમાર્થ પર હક્ક છે, એમ સમજી–તપાસી–અનુભવીને **સાક્ષાત્ પરમેશ્વરની** હઝૂર સુધી આ ત્રીજો હેતુ જીવને લઈ જવાને સમર્થ છે."

" આ મંડલીમાં દાખલ થનારને "**થી**ઓસોફી" એ નામે અપાતું જ્ઞાન માન્ય રાખવુંજ જોઇએ એવું કાંઇ પણ બંધન નથી, તેમ એના ત્રણે હેતુઓ કબુલ રાખવા જોઇએ એવુ પણ નથી. માત્ર **ભ્રાતૃભાવનો**–પ્રથમ હેતુનો સ્વીકાર કરી, તે પ્રમાણે પોતે ચાલી, બીજાને ચલાવવાનો પ્રયત્ન કરવો એજ એક આવશ્યકતા છે. અને આવુ હોવાથી કોઇ પણ મનુષ્યને પોતાના ભાઇઓ પ્રત્યે યથાશક્તિ પોતાની દયા દર્શાવવાની, તેમનુ કલ્યાણ કરવાની, જનસેવા કરવાની, **મનને** જ્ઞાની કરવાની અને **તનને** શુદ્ધ–આરોગ્ય કરવાની આ મંડલીથી તક મળે છે. લાભ લેવો યા ન લેવો એતો દરેકની વૃત્તિ—બુદ્ધિપર આધાર રાખે છે. ઘુવડની આંખો ધોળે દહાડે અંધારૂ દેખે તો તેમાં સૂર્યનો શો દોષ ?"

" **થી**ઓસોફીપર છાપાઓમાં અનેક આક્ષેપો આવે છે અને તે આવવાજ જોઇએ, કેમકે આક્ષેપો આવવા એ કોઈ પણ કાર્યના મહત્વની નિશાની છે. અરે ! આક્ષેપોથી એક સારા કામની (good cause)ની જાહેર ખબર (advertisement) થાય છે. જેમ એક પાકેલાં ગોડપર નસ્તર મુકવાથી વિકાર બ્હાર નીકળે છે, અને ચંદનના ઝાડપર કુહાડીનો ઘા થવાથી આસપાસ સુવાસ પ્રસરે છે, તે પ્રમાણે અસત્યપર આક્ષેપ થવાથી તે ઉઘાડુ પડી દૂર થાય છે–તેથી થતી હાનીનો અટકાવ થાય છે; સત્યપર આક્ષેપ થવાથી તેનો ફેલાવો થાય છે–તેથી થતો લાભ વધારે મનુષ્યોના ધ્યાનમાં આવે છે. પણ તે છતાં **થી**ઓસોફીપરના આક્ષેપને માટે એકજ પ્રશ્ન છે, અને તે એ કે અત્રે બેઠેલા સર્વ સભ્યોમાંથી કોઇ એમ પુરવાર કરી આપશે કે **થી**ઓસોફીએ કોઇને પોતાના ધર્મનો અનાદર કરતાં શીખવ્યુ, કે ઉલટો તેને પોતાના ધર્મનો એક ચુસ્ત **અભ્યાસી**–અનુયાયી બના-

વ્યો ? **થી**ઓસોફિકલ **સોસાઇટીમાં બૌદ્ધ–જૈન–ખ્રિસ્તી–મુસલમાન–પારસી–યાહુદી** વિગેરે બધા **ધર્મ**ના મનુષ્યો દાખલ થયલા છે; અને એમાંના કોઇને પણ પુછો કે તે ધર્મનો કોઇ **થી**ઓસોફિસ્ટ પોતાના ધર્મને ખરા અંતઃકરણથી માનનારો થઇ, પારકા ધર્મને પણ માન આપનારો થયો છે કે નહીં. આ પ્રમાણે ધર્મની ઝનુન–વ્હેમ–દંભ ઓછાં થઈ **બંધુભાવ–પ્રેમ–દયા–અને જનસેવાનો** ભાવ વધ્યો છે, અને તેથી **થી**ઓસોફી અને **થી**ઓસોફિકલ **સોસાઇટી** સમસ્ત જગતપર એક ઉપકારરૂપ થઇ પડી છે એ વાત કોઇને કબુલ કર્યા વિના ચાલશે નહી."

"વળી **થી**ઓસોફીએ **હિન્દુ** લોકોને માટે તો એક ખાસ કામ કર્યું છે, અને તે એ કે આપણા **શાસ્ત્રો–પુરાણો–ગી**તા અને ઉપનિષદોપર એક નવીન જાતનું અજવાળુ નાખી, જે **શુષ્ક વેદાંત**નો પ્રચાર થોડા વખત થયાં આળસુ અને સ્વાર્થી સન્યાસીઓ તરફથી થયો હતો તેનો અટકાવ કર્યો છે, અને જનસમાજની પ્રવૃત્તિ–ઉદ્યોગ, **સ્વાર્થત્યાગ** અને **જનસેવા** તરફ વાળી છે. **યોગનું** પણ રહસ્ય સમજાવ્યુ છે કે જેથી **જ્ઞાનયોગ, ભક્તિયોગ** અને **કર્મયોગની** વચ્ચેનો વિરોધ તોડી નાખીને ત્રણે યોગની અગત્યતા તથા પરસ્પરનો આધાર સ્વીકાર્યો છે. **સમજીને, ખંતથી** કોઈ પણ **કાર્ય** કરવામાં સફળતા છે; knowledge–perseverance and action—એ ત્રિપુટી વ્હેવારમાં પણ ઉપયોગી છે; તેજ પ્રમાણે **જ્ઞાન**યોગ અને **ભ**ક્તિયોગની સંક્રાન્તિ **કર્મ**યોગમાં થાય એ વ્યાજબી છે. **આર્યાવર્તને હાલ તુરત કર્મયોગની વધારે અગત્ય છે** અને તે **જ્ઞાન** અને **ભ**ક્તિયોગ વિના અફળ છે; **જે કાર્ય** કરીએ તેમાં **સમજ** અને **ઉત્સાહ** વગર તે ધાર્યા પ્રમાણે થઇ શકતું નથી."

"ટુંકામાં એક ચુસ્ત **થી**ઓસોફિસ્ટ–પછી તે કોઇપણ દેશ કે વેશનો હોય–સ્ત્રી કે પુરૂષ હોય, તોપણ તેનામાં પ્રથમ sincerity–simplicity and sacrifice એટલે **સત્ય–સાદાઇ** અને **સ્વાર્થત્યાગ** આવવાજ જોઇએ–અરે સ્વાભાવિક રીતે આવેજ છે, કેમકે **થી**ઓસોફીનું **સાહિત્ય** અને **સભ્યો**ની સંગતી તથા **અગ્રેસરો**ની રહેણી કરેણીજ તે તરફ મનુષ્યોને અણજાણે દોરવે છે."

"છેવટે પૂજ્ય **મેડમ બ્લેવેટસ્કીનો** એક ફકરો અત્રે ટાંકી મ્હારૂં **બોલવાનું સમાપ્ત કરીશઃ–**

" A *Clean* life, an open mind, a pure heart, an eager intellect, an unveiled spiritual perception, a brotherliness for all, a readiness to give and receive advice and instruction, a courageous endurance of personal injustice, a brave declaration of principles, a valiant defence of those who are unjustly attacked, and a constant eye to the ideal of human progression and perfection which the sacred science depicts—are the golden stairs, up the steps of which the learner may climb to the Temple of Divine Wisdom."

" શુદ્ધ જીવન, ખુલ્લુ મન, નિર્મળ અંતઃકરણ, ઉત્સુક બુદ્ધિ, નિર્વિક્ષિપ્ત આત્મદૃષ્ટિ, સામાન્ય ભ્રાતૃભાવ, કોઇને પણ સલાહ અને શિક્ષણ આપવાનો અને લેવાનો ઉમંગ, પોતાને થયલા અન્યાયની હિમ્મત ભરી સહનશીલતા, પોતાના સિદ્ધાન્તો જાહેર કરવાની નિડરતા, બીજાઓપર થતા ગેરવ્યાજબી હુમલાઓનો નિર્ભય રીતે બચાવ કરવો, અને પવિત્ર શાસ્ત્રોમાં કહેવા પ્રમાણે મનુષ્યની અભિવૃદ્ધિ અને સંપૂર્ણતાના લક્ષ્ય તરફ અચલ દ્રષ્ટિ—આ બધાં જીજ્ઞાસુને દૈવીજ્ઞાનના મંદિરપર ચઢવાના દાદરના સુવર્ણનાં પગથીઆં છે."

ભાષણ પુરૂ થયુ કે એકદમ તાળીઓના અવાજથી **હૉલ** ગાજી રહ્યો, અને કલેકટર **સાહેબે પ્રમુખ** તરીકે અસરકારક ભાષણ કર્યું જે નીચેના તેમનાંજ શબ્દોમાં આપવું ઠીક ધાર્યું છેઃ—

LADIES AND GENTLEMEN,—

" No thinking person can dispute the significance or importance of the Theosophical movement. Its world-wide organization, the high level of culture prevailing among its members, its evident appeal to all classes and to the most diverse nationalities and individualities, the vastness of its aims and the grandeur of its ideals are, beyond question, matters for just pride to its promoters and for something more than respectful consi-

deration from its critics. Though I am not a member of the Theosophical Society, I am a great sympathiser of this marvellous movement and I feel in honour bound to give it a just tribute of admiration and gratitude; because in common with most non-member students. I owe much to Theosophy—for one thing, ready access to much of the world's greatest and most sublime literature; for another, many valued friendships, for others, the recollection of not a few eloquent expositions of subjects of profound interest and incalculable moment, as well as the satisfaction of knowing that so many capable men and women are devoting a fine enthusiasm to stemming the tide of materialism and its associate, Mammon-Worship"

"The Theosophical Society offers freely to all who care to avail themselves of its hospitality, all that it has to give in the way of enlightenment, without insisting upon any acknowledgment or return It is a wise as well as a generous policy, of which I have not scrupled to avail myself as far as my scanty leisure has allowed."

"One of the most interesting facts, to my thinking, about Theosophy is that it is a woman's movement—a very large part of the organizing and administrative work of the society resting in their hands As to its leaders it is only necessary to mention the first two names that inevitably occur to one—those of *Madam Blavatsky* and *Mrs. Besant*. it seems to me a very strange and significant fact, a fact almost unique in the world's history."

" I need scarcely remind you that Theosophy has done a great service in functioning as a mediator between the wisdoms of the East and the West. One of the things for which much gratitude is due to it, is its popularising in the West of what is for us a new way of thinking about the unseen world—in consequence of its appropriation of an immense body of elaborately thought-out nature-lore bequeathed to humanity by the great Oriental mystics of the past * "

' In conclusion, I have to thank our Dr. Ramprasad for giving me an opportunity to hear such a learned and eloquent exposition of Theosophy and to express my own humble view about it May this noble movement prosper and bring peace to humanity "

કલેક્ટર **સાહેબ થી**ઓસોફિકલ **સો**સાસાઇટીના સભ્ય ન હોવા છતા તેમના તરફથી આવા પ્રોત્સાહન ભરેલા શબ્દો સાભળી શ્રોતાઓ પર ઘણીજ સારી અસર થઇ, અને તેજ દિવસે **ચંદ્રનગરની** શાખામાં ઘણા જાણીતા શેહેરીઓ દાખલ થયા. સત્તાધારીઓના શબ્દોપર આ પ્રમાણે એક તરફથી જ્યારે સાધારણ વર્ગ કેટલો વિશ્વાસ રાખે છે એ આપણે પ્રત્યક્ષ જણાય છે—ત્યારે બીજી તરફથી સત્તાધારીઓની પણ ફરજ છે કે કોઇ પણ વજનદાર વિષયો, સસ્થાઓ અથવા તો મનુષ્યો વિશે અભિપ્રાય (certificate) વિગેરે, પુખ્ત વિચાર કર્યા વિના અથવા તો એકતર્ફી થઈ કે પક્ષપાત કરી આપવો નજ જોઇએ; કેમકે એવા કોઈ મ્હોટા માણસો—શેહેરના આગેવાનો—રાજ્યના અમલદારો વિગેરેના તરફથી એક ખોટો અભિપ્રાય માત્ર અનેક અનર્થોને ઉત્પન્ન કરે છે.

પ્રિયવાંચક ' તને દિલગીરી સાથે જણાવવું પડે છે કે આ ભાષણ પછી બે ત્રણ દિવસમાંજ **રામપ્રસાદની** પ્રકૃતિ એકદમ બગડી. **ચંદ્ર-**

*From An Outside view of Theosophy. By Charles J. Whitby M. D.

નગર "જીલ્લાનું શેહેર" (District Town) હતું તેથી ત્યાં ગોરો દાક્તર હોવાથી તેની સારવાર નીચે તેને મુક્યો. મોહિની અને રાજેન્દ્રે તન તોડીને સેવા ચાકરી કરી, પણ અંતે રામપ્રસાદ પોતાના પ્રિયજનોની વચ્ચે શાન્ત મૃત્યુને પામ્યો. હજારોના શરીરોને સુધારનાર-બચાવનાર પોતાના શરીરનુ રક્ષણ ન કરી શક્યો.

દરેક પ્રજાની કહેવતો એ તે પ્રજાના સમગ્ર ડહાપણનો-અનુભવનો કહાડેલો કસ-અર્ક છે એમ કહેવાય છે, તેમ મૃત્યુ સબધે હિન્દુઓ કહે છે કે ભાઈ "તુટી તેની બુટી શી ?" અથવા "આવરદાએ ઉપાય"-તે આ પ્રમાણે ખરૂંજ ઠરે છે. જે અવશ્ય ભાવી છે તેનો પ્રતિકારજ નથી એમ પંચદશીકાર કહે છે. પણ "મૃત્યુ" એ શબ્દ માત્રથી કાંઇ ડરવાનુ નથી કેમકે ગીતામાં કહે છે તેમઃ—

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोपराणि।
तथा शरीराणि विहायजीर्णा
न्यन्यानि संयाति नवानि देही ॥

"જેમ મનુષ્ય જુના વસ્ત્રો બદલીને નવાં પ્હેરે છે, તે પ્રમાણે દેહી એટલે આત્મા જર્જરિત થયલાં શરીરોને છોડી નવાં શરીરોમાં પ્રવેશ કરે છે."

સૂર્ય અત્રે અસ્ત થાય છે એટલે બીજી દુનિઆને પ્રકાશિત કરે છે, તેમ અત્રે મૃત્યુ એ બીજા લોકમા જન્મ છે. भुर्भुवः स्वः એ ત્રિલોકીમા જીવ ભુલોકને છોડી-ભુવર્લોક અને સ્વર્ગલોકનો અનુભવ લઇ, એટલે પાપ પુણ્યથી ઉત્પન્ન થતું સુખ અને દુઃખ ભોગવી, કર્મદેવતાઓની સહાયથી નવા કારણ અને સૂક્ષ્મ શરીર બાંધી, પાછો યોગ્ય દેશ, કાલ, કુટુંબ અને સંજોગોમાં નવુ સ્થૂલ શરીર ધારણ કરે છે.

રામપ્રસાદના મૃત્યુથી આખા ચંદ્રનગરમા સર્વવ્યાપી શોક ઉત્પન્ન થયો, કેમકે બધી જાતીઓમાં પોતાના નિષ્પક્ષપાત પ્રેમ અને પરમાર્થથી તે લોકપ્રિય થયો હતો. એના જવાથી ચંદ્રનગરે એક યોગ્ય આગેવાન શેહેરી-થીઓસોફિકલ સોસાઇટીએ એક નમુનાદાર સભ્ય-વૈદકના ધંધાએ એક બાહોશ ડાકટર-અને સરકારે એક વફાદાર અને પ્રમાણિક રાજ્યભક્ત ખોયો. મોહિની, રાજેન્દ્ર અને આપણી ઉગતી કુસુમ જેણે પ્રિયજનનો વિયોગ પ્રથમજ જોયો હતો, તેઓને શું દુઃખ થયું હશે તેની પ્રિયવાંચક ! તું જાતેજ કલ્પના કરી લેજે.

પ્રકરણ ૮ મું.

ડાકટર રામપ્રસાદનો સંસાર સુધારો.

"New occasions teach new duties,
"Time makes ancient good uncouth;
"They must upward still and onward,
"Who would keep abreast of *Truth.*"

Wesley.

રામપ્રસાદની સ્થાવર જંગમ મળીને બધી મિલ્કત રૂપિઆ પાંચ લાખની હતી, તે "વિલ" કરીને મોહિનીનેજ આપી હતી. આ "વિલ" ની કેટલીએક આપણે જાણવા લાયક કલમો નીચે પ્રમાણે હતી:—

"ચંદ્રનગરમાં "ધી રામપ્રસાદ ચેરિટેબલ ડિસ્પેન્સરી," એ નામનુ એક ધર્માદા ઔષધાલય લોકોના ઉપયોગને માટે સ્થાપવું અને તેમાં મ્હારૂં ચાલુ દવાખાનુ મુકવુ; તથા તેને માટે યોગ્ય મકાન—યોગ્ય લત્તામા બાંધી તેના નિભાવને માટે રૂ. × × × ની રકમ કહાડી તેનુ કાયદાસર ટ્રૂસ્ટ કરવું."

"ઉપલા દવાખાનાનો દાક્તર કોઇ નવો પાસ થયલો ગૃહસ્થ કે જે ચંદ્રનગરમાં પોતાનો ધંધો કરવા માગતો હોય તેનેજ રાખવો; અને તેની નોકરીની મુદત પાંચ વર્ષની રાખવી કે જેથી તેના ધધામાં નવો અનુભવ મળે અને શરૂઆતમાં તેનો નિભાવ થઇ શકે. આથી પ્રેકટિસ વધ્યા પછી જાથુકના ધર્માદા દવાખાનાઓના દાક્તરો, જેમ હાલમાં બેપરવા થઇ જાય છે તેવું થવાનો ભય ઓછો રહેશે—દવાખાનુ એક સરખી રીતે પોતાનું કામ બજાવશે—અને એક નવા દાક્તરને હમેશને માટે શરૂઆતમાં ઉત્તેજન મળશે. આ દાક્તરને માટે મ્હારી જ્ઞાતિના માણસને પ્રથમ પસદગી આપવી, અને તે જો ન હોય તો ચંદ્રનગરના રહીશ કોઈ પણ હિન્દુને તે જગ્યાએ નીમવો."

"ભિન્ન ભિન્ન ધર્મ વિચારોમાં પસાર થઇને હું આજે ઘણાજ આનંદ સાથે કહું છું કે "થીઓસોફી" ના અમુલ્ય જ્ઞાને મ્હારા જીવનમાં જે એક ભારે શાન્તિ—પરમસંતોષ ભેળ્યો છે, તેનું વર્ણન હું કરી શકતો નથી બુદ્ધિ (reason) નું સમાધાન કરનાર અને

હૃદય (heart) માં નવો ઉત્સાહ ભરનાર; જનસમાજને અતિ ઉપકારક અને સર્વત્ર સુખ પ્રસરાવવાની પ્રવૃતિવાળો; આત્માને સ્વાર્થત્યાગ કરવાને જોષ આપનાર અને મનને ઇશ્વર તરફ ધકકો મારીને લઇ જનાર; એવો એકે અપૂર્વ સાહિત્યનો સમૂહ મે પૃથ્વીપર જોયો નથી. અને સામાન્ય ભ્રાતૃભાવને પ્રસરાવનારી–જાતભોગ અને જનસેવા જેના સભ્યોમાં ઝળકે છે એવી સર્વવ્યાપી સંસ્થા પણ બીજી આ જગતમાં નથી. મ્હારાપર થયલા એ "થીઓસોફી અને થીઓસોફિકલ સોસાઇટી" ના ઉપકારના એક જુજ બદલામા મ્હારા નામનો "ધી રામપ્રસાદ થીઓસોફિકલ હૉલ તથા પુસ્તકાલય" રૂ. × × × ની રકમનો ચંદ્રનગરમાં બાધવો "

રામપ્રસાદનો મ્હોટો ભાઇ આનંદપ્રસાદ ઘણા વર્ષ પ્હેલા મૃત્યુ પામ્યો હતો, તેને એક શારદા નામની પુત્રી હતી, કે જે તરૂણ વયે વિધવા થઈ હતી, તેને એક ચંદ્રાવળી નામની પુત્રી હતી. શારદા પોતાની વિધવા સાસુ તથા ચંદ્રાવળી સાથે પોતાના સાસરાંના ઘરમાજ રહેતી હતી. તેઓની અવસ્થા ઘણી કગાલ હતી અને રામપ્રસાદજ તેઓનુ પુરૂં કરતો હતો એટલે તેઓને માટે નીચે પ્રમાણે લખ્યુ હતું—

"મ્હારા સ્વર્ગવાસી પ્રિય ભાઈ આનંદપ્રસાદની પુત્રી શારદાને તેની હયાતી પર્યંત તેના પોષણને માટે માસિક રૂ. ૩૦) ત્રીસ વસંતસુંદરી તથા તેના વારસ વકીલોએ આપવા "

"ઉપર કહેલી બાઇ શારદાની પુત્રી ચંદ્રાવળીને, જો રાજેન્દ્રને હરકત ન હોય તો, કુસુમસુંદરીની સાયેજ રાખી વસંતસુંદરીએ કેળવણી આપવી; પણ જો તેમ ન બની શકે તો શારદાને ઉપર કહેલા રૂ. ૩૦ ઉપરાંત બીજા રૂ. ૨૦ ચંદ્રાવળીની કેળવણી તથા પોષણને માટે તે પરણે ત્યાં સુધી આપવા."

"ચંદ્રાવળીના લગ્નનો ખર્ચ વસંતસુંદરીએ મ્હારા નામ પ્રમાણે કરવો, તથા લગ્ન સમયે ભેટમા મ્હારી તરફથી રૂ. ૧૦૦૦૦) દસ હજાર ચંદ્રાવળીને આપવા."

આપણે જાણીએ છીએ કે રામપ્રસાદ સંસાર સુધારાનો પકકો હિમાયતી હતો, અને વિધવાઓના તરફ પૂર્ણ દયાની લાગણી રાખતો હતો, કે જે બાબતો વિશે નીચેની કલમો હતીઃ—

" ઉંચ વર્ણની હિન્દુ બાળવિધવાઓને કેળવણી આપવાને માટે મ્હારી પ્રિય સ્ત્રી **લીલાવતીના** નામનો " **વિધવા આશ્રમ** " સ્થાપવો; અને તે, આગળથી સ્થપાયલી " **લીલાવતી કન્યા-શાળા** " સાથે જોડી તેનુ એક મકાન બાંધવું કે જેમાં રૂ. × × × ની રકમ ખર્ચ કરવી. આપણી જ્ઞાતિની કોઇ પણ વિધવા અ-થવા નિરાશ્રિત કુટુંબ કે વિદ્યાર્થીને બીજા કોઇ પાસે હાથ ન ધરવો પડે માટે રૂ. × × × નુ એક મ્હારા નામનુ **નિરાશ્રિત ફંડ** સ્થાપવું; અને તેમાંથી ન્યાતનો અને તે ન હોય તો ચંદ્રનગરનો એક હિન્દુ વિદ્યાર્થી વૈદક **પાઠશાળા** (Medical College) માં ભણે તેને " **સ્કોલર્શિપ** " આપવી ઉપલા બન્ને ખાતાંઓનુ યોગ્ય ટ્રસ્ટ કરવું. "

" **સંસાર સુધારાનો મધ્યમ માર્ગ** "—એ મથાળાનો એક લેખ કે જેની નકલ આ " વિલ " સાથે જોડી છે, તેને છ-પાવવો તથા હિન્દુસ્થાનના ત્રણે ઇલાકામાં તેની જેમ પ્રસિદ્ધી થાય તેમ કરવુ. "

સંસાર સુધારાનો મધ્યમ માર્ગ.

" New occasions teach new duties,
" Time makes ancient good uncouth,
" They must upward still and onward,
" Who would keep abreast of *Truth.* "

Wesley.

" મનુષ્યજાત અહોનિશ ઉત્તરોત્તર વૃદ્ધિક્રમના નિયમ પ્રમાણે આગળ વધતી જાય છે; અને તેથી આપણે એ વાત સિદ્ધ કરી શકીએ છીએ. (૧) આજે જે કાંઇ આપણે નિર્જીવ દેખાય છે તેની અમુક દેશકાળમાં અગત્યતા હતી, અને (૨) એક વખતે ગમે તેવી ઉપયોગી વસ્તુ સંજોગોના ફેરફારથી નિરૂપયોગી થઇ જાય છે. દાખલા તરીકે ટાંકાં તથા કુવા અથવા શેહેરના કોટ કે પોળના દરવાજા જે એક વખતે અતિ અગત્યના હતા, તે પાણીના નળ આવવાથી અથવા ચોર લુટારાનો ભય નાશ થવાથી હાલ નિરૂપયોગી થઈ પડયાં છે. આમ હોવાથી જ્યારે એક તર-

૫થી અમુક રીતરીવાજો આપણા બાપદાદાઓના અજ્ઞાનનું પરિણામ હતું એમ કહેવું એ ભુલભરેલું છે, ત્યારે બીજી તરફથી ફેરવાયલા સંજોગોમાં તેને માત્ર જીદથી અથવા તો અંધશ્રદ્ધાથી વળગી રહેવું એ પણ ભુલભરેલું છે. ”

“ પ્રકટીકરણના અભ્યાસીઓ જાણે છે કે દરેક પ્રજા–જાત અથવા જ્ઞાતિમાં જ્યાં એક તરફથી જુના જીવાત્માઓ શરીર છોડતા જાય છે, ત્યારે બીજી તરફથી નવા જીવાત્માઓ નવાં શરીરો ગ્રહણ કરી જન્મતા દેખાય છે. અને એ નવા અને જુના જીવાત્માઓના પ્રકટીકરણનો ઉદ્દેશ–“ લાઇનો ” ભિન્ન હોવાથી–અમુક વખતે પ્રજા, જાત કે જ્ઞાતિના રીતરીવાજો વિગેરેમાં મ્હોટા ફેરફારોની અગત્ય પડે છે. આ ફેરફારો અમલમાં લાવવાના બે સુગમ માર્ગ છે–બ્હારથી અને અંદરથી. જેમ પકવ થયલા ઇંડાના નકામા છોતરાને પક્ષી બ્હારથી ચાંચ મારી ફોડે છે, અને અંદરથી નીકળવાને આતુર થયલુ બચ્ચું પોતાની પાંખો પગ વિગેરે ના હલાવવાથી તેને મદદ કરે છે, તે પ્રમાણે સુધારક બ્હારથી પ્રહાર કરી એક છેવટની જ વાત કરે છે, ત્યારે અંદરથી કાર્ય કરનાર પોતાને જોઇએ એટલુજ તેમાંથી લઈ અમલમા લાવવાને યત્ન કરે છે. ઇંગ્રેજીમાં કહીએ તો સુધારકને માટે સુગમ રસ્તો જ્ઞાતિથી છુટા પડી કાર્ય કરવાનો છે (to isolate himself from the community)–અને સમજુ ન્યાતીલાને માટે (not to go violantly against the majority and not to discourage the progressive minority) જ્ઞાતિના મ્હોટાભાગને એકદમ નાખુશ ન કરવો જોઇએ, તેમજ આગળ વધતા જ્ઞાતિના થોડા મનુષ્યોને નિરૂત્સાહી કરવા જોઇએ નહી. અલબત્ત જનસમૂહથી છુટા પડી સુધારણા કરવી એ થોડાઓને સોંપી, ઘણે ભાગે તો તેને સાથે લઇ એક પગલુ પણ અગાડી ભરવું એમાં જનસમાજનો લાભ વધારે સચવાશે. અને તેથી કોઇ પણ રીતરીવાજને એકદમ વખોડી–નિંદી કહાડી–લોકલાગણી ઉશ્કેરી–સુધારાને પાછો પાડવો તેના કરતાં, કોઇ પણ **મધ્યમ માર્ગ** લઈ, થોડે અંશે પણ તે અમલમાં મુકવાનો યત્ન કરવો એ વધારે સંગીન કાર્ય ગણાશે. ”

“ **સંસાર સુધારો** એમાં મુખ્ય જ્ઞાતિબંધન અને તેના અંતરંગ–રોટી અને બેટી વ્હેવાર–આભડછેટ—પરદેશગમન અને પ્રા-

ચશ્રિત–અને વિધવાવિવાહ વિગેરે વિષયોજ બહુ કરીને ચર્ચાય છે, માટે તે પ્રત્યેક વિશે થોડું અત્રે કહીશું."

જ્ઞાતિબંધન.

" Birds of a feather flock together,"–એક જાતનાં પક્ષીઓ હમેશાં સાથે જમા થાય છે–એ જાણીતી ઇંગ્રેજી કહેવતમાં દર્શાવ્યા પ્રમાણે ન્યાત વિશે મ્હારી સંજ્ઞા નીચે પ્રમાણે છે:—A caste is a natural grouping according to oneness of manners-customs-tastes-education-pursuits–profession–religious belief &c, of a number of human units or families, and an effort to continue the heredity thus produced through ages of such a grouping એટલે જ્ઞાતિ એ, એક–સરખા રીતરીવાજ–કેળવણી–રૂચિઓ–ઉદ્દેશો–ધંધા અથવા ધાર્મિક માન્યતા વાળી અમુક વ્યક્તિઓ અથવા કુટુંબોનુ એકત્ર થવું, અને એ એકત્રતાના પરિણામરૂપે ઉપજેલી પરંપરા કાયમ રાખવાનો યત્ન છે. હું ધારૂં છુ કે caste એ શબ્દની cast એટલે બીબું અથવા mould સાથે કાંઇ ભાષાના ફેરફારથી સંબંધ હોવો જોઇએ; અને તેમ ન હોય તો પણ community એ શબ્દમાં તો અમુક ચીજ જે બધી વ્યક્તિઓમાં common અથવા સાધારણ હોય, એવી વ્યક્તિઓનો સમૂહજ થઈ શકે. આ પ્રમાણે કોઇ પણ કાળે–જ્ઞાતિ–class–clan કે ટોળાંની આવશ્યકતા તો માત્ર સ્થૂલ દૃષ્ટિથી જોતાં પણ સ્વીકારવીજ પડે છે."

"શાસ્ત્રદૃષ્ટિથી પણ જોતાં "વર્ણાશ્રમ ધર્મ" એ શબ્દ દરેક હિન્દુને પરિચિત છે. જેમ જીવાત્માના એક જન્મના–બ્રહ્મચર્ય–ગૃહસ્થ–વાનપ્રસ્થ અને સન્યસ્ત–એ પ્રમાણેના ચાર વિભાગને આશ્રમો કહે છે; જેમ જીવાત્માના મનુષ્યત્વ પ્રાપ્ત થયા પ્હેલાના પ્રકટીકરણને માટે તેને–ખનીજ–વનસ્પતી–પશુ અને જંગલી માણસોની સૃષ્ટિમાં ઘણા જન્મો લેવા પડે છે; તેમ જીવાત્માને જંગલી દશામાંથી ઈશ્વરત્વ પ્રાપ્ત થયા પ્હેલાના પ્રકટીકરણને માટે તેને શૂદ્ર–વૈશ્ય–ક્ષત્રી અને બ્રાહ્મણ એ ચાર વર્ણોમાં ઘણા જન્મો લેવા પડે છે. જેમ એક જન્મના ભિન્ન ભિન્ન "આશ્રમો" માં જુદી જુદી ફરજો અને ગુણોનો વિકાસ નિર્મેલો છે, તેમ જીવાત્માના છેક જંગલીથી તે જીવન્મુક્ત દશા સુધીના વિકાસને માટે "વર્ણો" છે. શૂદ્રોને શરી-

રબળ—સેવા, **વૈશ્યોને** કામના—લોભ—અર્થસંપતિ, **ક્ષત્રીઓને** જાતભોગથી જન સંરક્ષણ, અને **બ્રાહ્મણોને** બુદ્ધિની ખીલવણી અને જાતે જ્ઞાન મેળવી બીજાઓને શીખવવાની ફરજ સ્વાભાવિક રીતે આપવામાં આવી છે.”

“આ પ્રમાણે **चातुर्वर्ण्यं मयासृष्टं गुणकर्मविभागशः** એ શ્રી **ગી**તાજીના વાક્ય પ્રમાણે **શાસ્ત્ર**ના આધારે પણ સિદ્ધ કરીશું, કે **પ્રકટી**કરણના નિયમ પ્રમાણે આગળ વધેલા વૃદ્ધ જીવાત્મા અને પાછળ આવતા બાળક જીવાત્માના વિકાસક્રમને માટે, ઓછામાં ઓછી ચાર જાતીઓ તો જોઇએજ, કે જે ચાર વિભાગો બીજા નામ રૂપમાં ઇતિર પ્રજા અને દેશોમા પણ જોવામાં આવે છે. આપણે જેને castes કહીએ છીએ તેને તેઓ classes કહે છે. **બ્રાહ્મણ**ને priest class—**ક્ષત્રી**ને warrior class **વૈશ્ય**ને merchant class અને **શૂદ્રો**ને labouring class અથવા તો masses કહે છે આ પ્રમાણે **જ્ઞા**તિઓ એક Economic necessity અથવા તો Division of labour છે.”

“ગુણ કર્મના વિભાગને માટે એમ કહેવામાં આવે છે કે જયારે એક તરફથી જીવાત્માના ગુણ કર્મ પ્રમાણે કર્મદેવતાઓ તેને અમુક દેશ, કાળ, કુટુંબ, જ્ઞાતિમા જન્મ આપતા—ત્યારે બીજી તરફથી જન્મ થયા પછી રૂષિઓ તે જીવાત્માના સૂક્ષ્મ ગુણકર્મનુ અવલોકન કરી તેનો વર્ણ નક્કી કરી **સંસ્કારો** કરતા હતા. પણ આજે એ બન્ને પ્રણાલીઓમાં ફેરફાર થઇને આપણે પણ ઇશ્વિરી **સંકેત** પ્રમાણે **વર્ણ**-વ્યવસ્થા છોડીને ઇતિર દેશોની પેઠે caste ને બદલે class તરફ વળતા દેખાઇએ છીએ, કે જેનુ કારણ સોધી કહાડવુ મુસ્કેલ નથી. પૃથ્વીની બધી પ્રજાઓમા **હિન્દુસ્તાન**જ કોઈ દિવસ **એકપ્રજા** nation ન હતી, પણ આજે આપણામા પણ **પાશ્ચિમાત્ય** પ્રજાઓના અનુકરણ કે કેળવણીની **અસરોથી** અથવા **દૈવી સંકલ્પ** (Divine plan) પ્રમાણે, એક **હિન્દી પ્રજા** Indian Nation બાધવાની પ્રવૃત્તિના દૃઢ ચિન્હો દ્રષ્ટિમર્યાદા પર તરી આવતાં જોવામાં આવે છે. આમ હોવાથી જે **વર્ણ** પરપરા ચાલતી આવતી હતી તે તુટીને, બધી **વર્ણ અને** જ્ઞાતિઓમાં ચારે સસ્કારના જીવો જન્મે છે. આનો પુરાવો એ છે કે આપણે જેને **અસલ “ ચારે વર્ણ ” કહેતા** હતા તેને હવે **“ અરાડે વર્ણ ”** કહેતાં શીખ્યા છીએ; કેમકે ચાર મુખ્ય વર્ણના

ચાર પેટા ભાગ મળી સોળ થઇ, અને મ્લેચ્છ અને અસ્પર્શ્ય મળી અરાડ થાય છે. આમ હોવાથી કોઈ પણ જ્ઞાતિના બધા માણુસોને એકસરખા રીતરીવાજો ન રૂચે એ તદ્દન સ્વાભાવિક છે. ”

“ જેમ એક હિન્દુ એકત્ર કુટુંબમાથી સંસારી કારણોને લીધે જુદાં જુદાં પેટા કુટુંબો થાય છે, તેમ ઐતિહાસિક કારણોને લીધે ચાર મહાન વર્ણોના અસંખ્ય પેટા જ્ઞાતિઓમા વિભાગ થયા. હિન્દુસ્તાન મ્હોટો તથા પુરાણો દેશ છે, અને તેમાં વખતો વખતના રાજકીય ફેરફારોથી જેમ એક દેશ બીજા દેશ સાથે–પ્રાંત પ્રાંત સાથે–ગામ ગામ સાથે અને મોહોલો મોહોલા સાથેના સબધમાં સંકડાતો ગયો, તેમ વર્ણની, જ્ઞાતિ અને જ્ઞાતિની પેટા જ્ઞાતિઓ થઈ, અને તેમાં આચારવિચારની થોડી થોડી ભિન્નતા આવતી ગઈ. આજે સંજોગો બદલાયા છે–એકજ માયાળુ બ્રિટિશ રાજ્યનો ન્યાયી વાવટો આખા ભારતવર્ષ પર ફરફરે છે; એક ભાગને બીજા ભાગ સાથે વ્હેવાર રાખવાને તાર, આગગાડી–ટપાલ વિગેરેના સાધનો મળ્યાં છે, અને સૌથી અગત્યની બાબત તો એ છે કે કન્યાકુમારીથી પેશાવર અને દ્વારકાથી બ્રહ્મદેશ સુધી એકજ જાતની કેળવણી, એકજ ઇંગ્રેજી ભાષામાં અપાય છે; કે જેના પરિણામે અમુક સાધારણ (common) આચાર-વિચારવાળી એક **નવી જ્ઞાતિ** (new caste) નુ નવું grouping ઉત્પન્ન થયલુ જોઇએ છીએ. આવી નવી જ્ઞાતિની વ્યક્તિઓને એક બીજા સાથે ખાવાપીવાની અને વખતે લગ્ન પણ કરવાની રૂચિ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે; અને જો એમ હોય તો તેઓને **પોતાની** કહેવાતી જ્ઞાતિના નિયમો બોજારૂપ લાગે અને તે જ્ઞાતિના જુના વિચારના મનુષ્યોને તેઓની રીતભાત ગમે નહી એમા શુ નવાઇ? जन्मना जायते शुद्र सस्कारात् द्विज उच्यते–તે પ્રમાણે આજે તો આ **નવી જ્ઞાતિ**નો દ્વિજ સંસ્કાર ઇંગ્રેજી **કેળવણી**થીજ થતો હોય એમ લાગે છે. ”

“ બાળક પોતાને માટે વિચાર કરી શકતું નથી માટે તેની આરોગ્યતાને માટે–ખોરાક તથા પોષાકની–તે બારીએથી પડી ન જાય માટે કઠેરા વિગેરેની કાળજી તેના વડીલોએ રાખવી પડે છે; તેમ જીવાત્માની બાલ્યાવસ્થામાં “ આચાર ધર્મ ” ને માટે विधि निषेधની આવશ્યકતા હતી. પણ જેમ બાળક પોતાની માતાના હાથપર હમેશ રહી શકતો નથી, તેમ આજે “ વિચાર ” ની શુદ્ધિ અને કેળવ-

ણી પર વધારે ભાર મુકવાની જરૂર છે; કે જેથી જે "આચાર" તે વડીલોની આજ્ઞાથી-શ્રદ્ધાથી-**સમજ્યા વિના** પાળતો હતો, તેનો જાતે સારાસારનો નિર્ણય કરી-**સમજીને** સ્વતંત્રતાથી પોતે સ્વીકાર કરે. અલબત શરૂઆતમાં ચાલતાં શીખતાં બાળકની પેઠે ઘણી ભુલો જીવાત્મા કરશે, પણ તેથી તે પોતાનામાં Character ચારિત્રનું બળ મેળવશે, અને સ્વબળપર આધાર રાખનારો થઈ પોતાના વિવેકથી પોતાની રૂચિઓને સુધારશે."

"ઉપર કહેલી બાબતોથી એટલુ તો સિદ્ધ થાય છે કે જ્ઞાતિઓના ચાલતાં ધોરણોમાં કાંઈ પણ સર્વમાન્ય ફેરફારની જરૂર તો છેજ, અને તેમાં પ્રથમ "રોટી વ્હેવાર" ની હદ પ્હોળી કરવાની માગણી બધી બાજુએથી થાય છે, પછી તે હદ પેટા જ્ઞાતિઓ અથવા પોતાની વર્ણ કે ઇતર વર્ણ સુધી લંબાવવી કે નહી તે સવાલનુ નિરાકરણ પ્રત્યેક જ્ઞાતિએ પોતેજ કરી લેવું જોઇએ."

રોટી વ્હેવાર (Inter dining)

"પ્રાચીનકાળમાં જ્યારે પ્રત્યેક મનુષ્ય પોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે ચાલતો હતો, ત્યારે પોતાના **કોષો-દેહોની** પવિત્રતા (Personal magnetism)જાળવી રાખવાને-સામાન્ય રીતે તે પોતાનાથી ઉતરતી વર્ણના મનુષ્યો સાથે ખાવાપીવા વિગેરેનો સંસર્ગ રાખવાથી દુર રહેવાને યત્ન કરતો હતો પ્રત્યેક હિન્દુ જાણે છે કે મનુષ્યને એક કરતાં વધારે શરીરો છે જેને કોષો કહે છે, કે જે **અન્નમય-પ્રાણમય-મનોમય-વિજ્ઞાનમય** અને **આનંદમય** એ પ્રમાણે પાંચ છે; અને આ કોષોની પવિત્રતા અથવા અપવિત્રતાનો આધાર શ્રી ગીતાજીમાં કહેવા પ્રમાણે-**સાત્વિક-રાજસી** અને **તામસી** ખોરાકપર રહે છે, કે જેથી "અન્ન તેવું મન" એવી કહેવત જનસમાજમાં પ્રચલિત થઈ છે."

"વળી **શાસ્ત્રો** કહે છે કે પ્રત્યેક મનુષ્યના સ્થૂલ શરીરની આસપાસ લગભગ ત્રણ ફુટનુ "તેજોમંડળ" (Aura) હોય છે કે જેનુ ઝાંખાપણું અથવા ઝળકવું એ તેના આચાર-વિચાર અને ખોરાકની પવિત્રતાપર આધાર રાખે છે; આથી અપવિત્ર ધંધો કરનાર અથવા અપવિત્ર આચારવિચારવાળા મનુષ્યનામાંથી નીકળતાં અપવિત્ર **તેજસ** (Magnetism) વાળા હાથેથી લીધેલી વસ્તુઓમાં પણ તે અપવિત્રતા પ્રવેશ કરે છે. આવા સિદ્ધાંતોમાંથીજ "**આભડછેટ**" નો વિચાર જન્મ પામ્યો છે."

"જેમ એક દિવસ મરચાં ખાધાથી **અન્નમય** કોષમાં ગરમી ઉત્પન્ન થાય છે, તેમ અપવિત્ર-આચાર-વિચાર-સ્પર્શથી **પ્રાણમય**-કોષ અને **મનોમય** કોષમાં વિકાર ઉત્પન્ન થાય છે; પણ બીજે દિવસે મરચાંનો ત્યાગ કરી શીત ઉપચારોથી શરીર સ્વસ્થ થાય છે, તે પ્રમાણે સૂક્ષ્મ અપવિત્રતાના મૂળ **કારણનો ત્યાગ** કરી સ્નાન-ધ્યાન-જપ-તપ-તીર્થ વિગેરેથી **પ્રાણમય** અને **મનોમય** કોષો શુદ્ધ થાય છે, અને તેનેજ ખરેખરૂં **દેહશુદ્ધ પ્રાયશ્ચિત** કહે છે. આ પ્રાયશ્ચિત **હિન્દુ** ધર્મમાંજ છે એવું કાંઇ નથી, પણ સર્વ ધર્મનું મૂળ એકજ હોવાથી બધા પૃથ્વીના ધર્મોમાં છે. **હિન્દુ-મુસલમાન-પારસી-જૈન-શીખ**-યાહુદી-**ચીના**-**ખ્રિસ્તી** વિગેરે બધા ધર્મોમાં કોઇપણ ધર્મક્રિયા કરવા પ્હેલાં "અપવાસ" અને કોઈપણ જાતની "સ્તુતી" અથવા બંદગી કરવાની આજ્ઞા અથવા ફરમાન છે, કે જેથી આપણા અપવિત્ર આચાર વિચારથી દાખલ થઇ ગયલા સ્થૂલ પરમાણુંઓ નીકળી જઇ બધા કોષોની શુદ્ધિ થાય. જેમ બત્તીની ઉપર ચિમની, તેની ઉપર ગ્લોબ અને તેની ઉપર રેશમી ઢાંકણુ હોય તેજ પ્રમાણે આ કોષો છે, અને તેની શુદ્ધિથી દૈવી સૃષ્ટિના સૂક્ષ્મ-શુદ્ધ આંદોલનો (Vibrations) સ્થૂલ શરીરને સારી રીતે પ્હોચી શકે છે. કોષોની સંપૂર્ણ શુદ્ધિ-**માયાનો** નાશ અને **આત્માનો** સાક્ષાત્કાર એનેજ "યોગ" કહે છે."

આજે **આર્યાવર્ત**નુ પ્રાચીન ધર્મિષ્ટ જીવન નષ્ટ થયુ છે, અને તેની જગ્યાએ અંધશ્રદ્ધા-સૂકો આચાર અને ઇંદ્રિયસુખને રાજ્ય કરતાં જોઇએ છીએ. આમ હોવાથી ઉપલાજ સિદ્ધાંતો કે જે ખરેખર સુખદાયક છે અને જ્ઞાતિઓએ "ઉપરથી ફરજીઆત" કર્યા છે, તે પ્રમાણે આ ફેરવાયલા સંજોગો વચ્ચે દરેક મનુષ્યને સ્વતંત્ર રીતે સમજીને "અંદરથી પોતાની ખુશીથી" ચાલવાને છુટ આપવાથી ધર્મને નામે પળાતા દંભ (Hypocricy) ને ઉત્તેજન મળશે નહી. **આચાર** માત્ર સાધન છે અને **વિચાર** સત્ય વસ્તુ છે. અને તેથી આપણા ધર્મના રહસ્યના અજ્ઞાનથી **સાધનને** આપણે **સાધ્ય** વસ્તુની જગ્યા આપી-ખરા હેતુને આપણે તદન વિસરી ગયા હોઇએ એમ લાગે છે."

"**સંસર્ગદોષ**" અને "**આભડછેટ**" જેવી કાંઇ વસ્તુ ખરેખર છેજ નહી એમ મ્હારૂં કહેવું નથી, પણ જે મ્હારા ભાઇઓના ધ્યાન પર લાવવા માગું છું તે એ છે કે તેનુ સત્ય સ્વરૂપ આપણે ભુલી જઇને તેના પડછાયાને માટેજ મ્હોટો ખળભળાટ કરીએ છીએ;

તેથી દિલગીરીની વાત તો એ છે કે પ્રત્યેક મનુષ્ય બહુશઃ બીજાની ખાતરજ અથવા તો વ્હેમથી એ પ્રતિબંધ પાળતાં શીખે છે; અને તેનો પુરાવો એ છે કે ઘણે ભાગે ખાનગી રીતે જે ચીજો તે ચલાવી લે છે તે જાહેરમાં કરવાને ગભરાય છે. " **સંસર્ગદોષ** " ન્યાતીલાઓ કરતાં તે દોષ કરનાર અને તેના સગાં સબંધી—લાગતાવળગતાઓને વધારે હાનીકારક છે; માટે એ પ્રશ્નનું નિરાકરણ તે દોષ કરનાર અને તેના સંસર્ગિઓને સોપી—ન્યાતોએ " ખરો સંસર્ગદોષ શું છે તે તથા શુદ્ધ ખોરાક—શુદ્ધ રેહેણી અને આચાર વિચાર " વિગેરેની કેળવણી જાતભાઇઓમાં પ્રસરાવવી, કે જેથી મનુષ્ય પોતે **સમજીને ખુશીથી** પવિત્ર જીવનના માર્ગ પર ચાલે. "

" દોષ કરનારને ન્યાતની ગરજ હોય અને તેનો લાભ લઇને જે કાંઇ દંડ અથવા દેહશુદ્ધિની ક્રિયા ન્યાતીલાઓ કહે, તે તેણે કરવી એ તેની ફરજ છે, પણ તેથી તે ન્યાતીલાઓને અંદરથી ધિક્કારતા શીખે છે, માટે બને ત્યાં સુધી ન્યાતીલાઓએ **બંધુભાવ** અને **પ્રેમથી** એવા પ્રશ્નોના તરફ જોવું જોઇએ. **સુ**ધારકોએ પણ જે સુ ધારો કરવો હોય તે, **સુધારાને ખાતરજ અને અતિ નમ્રતાથી** કરવો જોઇએ, કે જેથી જાતભાઇઓના દિલ ન દુખાય ઘણેભાગે ધર્મના સંરક્ષણ કરતાં—સુધારકોનો defiance ગર્વ અને તેથી ઉશ્કેરાયલા ન્યાતીલાઓની અંગત લાગણીઓજ આવા ન્યાત સંબંધી સવાલોમાં મ્હોટો ભાગ ભજવે છે "

" દરેક જણ બીજાને માટે પવિત્ર રહે અને બીજો અપવિત્ર રહે તો તેને દાબદબાણથી પવિત્ર રાખે—તેના કરતા પોતે પોતાને માટે પવિત્ર રહી, બીજાને પોતાના દૃષ્ટાંતથી પવિત્ર થવાને શીખવે—ઉત્તેજન આપે—એ આવી દંભપરંપરા કરતા શું હજાર દરજ્જે પ્રસંશાપાત્ર નથી ? પારકાના દોષ સોધી તેને હલકો પાડવા કરતા આપણા દોષ સોધી તેને સુધારવા, અને પારકાના ગુણો પર આપણું લક્ષ રાખી તેને ગ્રહણ કરવા એ અધિક લાભકારક થઈ પડશે. "

" અતિ શોચનિય વાત છે કે જયારે ઘણું કરી પ્રત્યેક જ્ઞાતિમાં અધર્મ—કુસંપ—ઇર્ષા—દંભ વિગેરે **ભા**રતવર્ષના દુર્ભાગ્યે વૃદ્ધિ પામતા દૃષ્ટિએ પડે છે; પ્રત્યેક જ્ઞાતિમાં મદ્યમાંસ—દુરાચાર તરફ આંખ આડા કાન કરવામાં આવે છે; પ્રત્યેક જ્ઞાતિમાં—હું દાક્તર તરીકે કહીશ કે—ખુલ્લી અથવા ખાનગી રીતે, દવા તરીકે દારૂ—ઇંડાં—જનાવરોના અર્કો—

માછલીના તેલ વિગેરેનો છુટો ઉપયોગ થાય છે, પ્રત્યેક જ્ઞાતિમાં અપવિત્ર હાથે બનેલા **વિલાયતની** પદાર્થો જેવા કે–બિસ્કિટ–પાંઉ–સોડા–શરબતો–પીપરમીટ વિગેરે વપરાય છે; પ્રત્યેક જ્ઞાતિમા–**હોટેલો**માં ખુલ્લી રીતે ખાનારા મનુષ્યો છે; અને આ બધુ છતાં પ્રત્યેક જ્ઞાતિ, આ સર્વ જાણવા છતાં "પકડાયો તે ચોર" તે પ્રમાણે કોઇ **વિલાયત** જઈ આવેલાને, કે જેણે **વનસ્પતિ**નોજ ખોરાક પોતાની રૂચિથી લીધો હોય એમ સાબીત થાય, તો પણ તેનો **બ**હિષ્કાર કરે અથવા **પ્રાયશ્ચિત** કરાવે એ માત્ર બીજી જાતિઓમાં આપણે માટે હલકો વિચાર ઉત્પન્ન કરાવે એ શુ વ્યાજબી નથી ?"

"આપણા **ન્યાયી માયાળુ** રાજ્યકર્ત્તાઓને આપણાથી અતડા રહેવાનો દોષ દઇએ છીએ, અને આપણા જાતભાઇઓ સાથેના સંબધમા એજ દોષ કરીએ એનો કેમ બચાવ થઈ શકે ? **વિલાયતથી** કોઈ ઉચી કેળવણી લઇને અથવા નવો ધધો શીખીને આવે, ત્યારે ન્યાતોએ તેને ખરા અંતઃકરણથી વધાવી લેવો જોઇએ–તેના ધધામાં પાર પડે તેને માટે તેને બનતું ઉત્તેજન આપવુ જોઇએ એ ખરેખરૂ **बंधुकृत्य** કહેવાય, અને તેને બદલે તેની "દેહશુદ્ધિ" અને "ન્યાતબ્હાર" ના વિચારોથી આખી ન્યાતની વાતાવરણ ખળભળી ઉઠે એ શુ શોચનિય નથી ? **હિ**ન્દનુ ધર્મિષ્ટ જીવન આજે પ્રજા જીવનમાં બદલાય છે. Spiritual India આજે National India થવા માંડયો છે. તેવા આ શુભ સંક્રાન્તિ કાળમાં–આવા નિર્જીવ કારણોને લીધે આપણે પછાત રહીયે તો **તેનું પ્રાયશ્ચિત** શુ ?"

ડાક્તર તરીકે હું કહુ છું કે કેટલાએક દરદીઓ સખત મંદવાડમાં **કોડલિવર** **ઓઇલ–એગ** **મિક્ષ્ચર–એકસ્ટ્રાકટ** **ઓફ** **મીટ** અથવા **પોર્ટવાઇન** વિગેરે પદાર્થો મહિનાના મહિના સુધી લે છે, અને તેઓ સારા થયા પછી જો ન્યાતો તેના સંસર્ગથી દુષિત નથી થતી, અથવા જો તેમની "દેહશુદ્ધિ" કરવાનું કામ ન્યાતો માથે લેતી નથી–તો પછી કોઇ ન્યાતીલો જાણેઅજાણે એકાદ વખત દોષ કરે તેની "દેહશુદ્ધિ" નુ જોખમ સમસ્ત ન્યાતોએ હવે શા માટે લેવું જોઇએ ? સાધારણ રીતે દેહશુદ્ધિનુ પ્રાયશ્ચિત કરવામાં ત્રણ મુખ્ય બાબતો સમાયલી છેઃ—(૧) પ્રાયશ્ચિત કરનારે પોતે સત્ય રીતે માનવું જોઇએ કે પોતે અમુક આચરણથી અપવિત્ર થયો છે–દુષિત

થયો છે. (૨) જે આચરણથી તે દુષિત થયો હોય તે ફરીથી જાણીજોઇને ન કરવાનો દૃઢ નિશ્ચય તેણે કરવો જોઇએ. (૩) જે ધર્મક્રિયા દેહશુદ્ધિને માટે કરે છે તેમાં તેને માન્યતા હોવી જોઇએ, કે તે કરવાથી તે ખરેખર પવિત્ર થશે. હવે જુઓ કે હાલનું "પ્રાયશ્ચિત" આમાંની કેટલી શરતો પુરી પાડે છે એ તો "જોરાવરીના જુહાર" જેવું છે. ઉલટું એ બિચારાની દેહની શુદ્ધિ કરાવતાં ન્યાતિલાઓ જે મ્હોટો દંડ લઈ જમણવારો કરે છે તેઓજ અપવિત્ર થાય છે, અને ખરૂં જોતાં આવા કિલષ્ટ ભોજનનું પ્રાયશ્ચિત આખી ન્યાતને કરવુ બાકી રહે છે. અફસોસ ! આપણા આર્ય વડીલોના–આર્યશાસ્ત્રોના ગૂઢ–પવિત્ર–સુખદાઈ ઉદ્દેશોનો આવો પાયા વગરનો તરજુમો થતો જોઈ માત્ર ખેદજ ઉત્પન્ન થાય નહી તો શુ ?"

(૧)

"માટે આવા સંજોગોમાં જ્ઞાતિઓએ પ્રત્યેક મનુષ્યના ખાવાપીવાના સવાલમાં હરકત (not to interfere) ન કરતાં, તેનું નિરાકરણ તેને તથા તેના નિકટના સંબંધિઓને સોંપી, તેને એક સ્વતંત્ર વ્યકિત (free unit) બનાવવી; અને દેશહિતને ખાતર પરદેશગમનની છુટ આપવી; એ સમસ્ત હિન્દુ પ્રજાને આજે અતિ અગત્યનું છે."

"ઉપર કહેવાનો અર્થ એવો નથી કે અપવિત્ર વસ્તુ ખાવાને ઉત્તેજન આપવુ કે છુટ આપવી. પણ એથી ઉલટું public opinion–જાહેર મતને કેળવી તે વસ્તુ જનસમાજ પોતેજ છોડી દે એવી વ્યવસ્થા કરવી.

(૨)

કેળવાયલી વ્યકિતઓ–જ્ઞાતિઓ અને વર્ણો સાથે વનસ્પતિનો ખોરાક ખાવાપીવાનો વ્હેવાર વધારવાને ઉત્તેજન આપવું (to encourage); અને તે જો અશકય લાગે તો આખરે હરકત તો નજ કરવી—(not to object to)."

"બેટી વ્હેવાર"

"આમ થવાથી જ્ઞાતિનું બંધારણ ફકત "બેટી વ્હેવાર"

પર રહેશે અને તે રહેવુંજ જોઈએ; કેમકે ન્યાતોનું મુખ્ય કામ એકસરખી બુનિઆદ–heredity–અમુક ખાસિયતોવાળાં શરીરોનેજ આપવાનું છે, કે જેથી અમુક ગુણકર્મવાળી વ્યક્તિઓ ત્યાં જન્મ લઈ શકે. એમ છતાં પણ જે જ્ઞાતિઓમાં કન્યાની કે વરની ખોટ હોય, બીજાં કારણોથી કોઈ સ્ત્રી અથવા પુરૂષને બીજી વર્ણ અથવા પેટા જ્ઞાતિમાં લગ્ન કરવું હોય, અથવા કોઈ ઇતર વર્ણ કે પેટા જ્ઞાતિના સ્ત્રી પુરૂષને આપણી જ્ઞાતિમાં આવવું હોય, તો તે **ન્યાતીની સંમતીથી** થાય એવા રીવાજને ચાલુ કરવામાં હું કાંઈ અડચણ જોતો નથી. પ્રથમ એ રીવાજ આપણામાં હતો, અને જેમ ધર્મક્રિયા પ્હેલાં અપવાસ કરવાથી મનુષ્ય શુદ્ધ થતો હતો, તેમજ જે ન્યાતીમાં તે આવવાનો હોય તેના રીતરીવાજ પ્રમાણે સાત વર્ષો સુધી રહેવાથી તે માણસ શુદ્ધ ગણાતો હતો; અને હું દાક્તર તરીકે કહીશ કે એ રીવાજ ઘણો શાસ્ત્રયુક્ત Scientific હતો, કેમકે વૈદકશાસ્ત્ર પ્રમાણે સાત વર્ષ પછી શરીરના લોહીના બધા પરમાણુઓ બદલાઈ જાય છે."

"આ ઉપરથી જણાશે કે જ્ઞાતિની સંસ્થાઓને તોડી ભાંગી મેદાન કરવાની હું હિમાયત નથી કરતો, કેમકે એક વ્યક્તિ–કુટુંબ–અને પ્રજાની વચ્ચે જ્ઞાતિની જગ્યા ખાલી રહે છે. માત્ર જે અગત્યનું છે તે એકે, જેમ શરીરમાં લોહીનું ફરવું શિથિલ થવાથી અમુક જગ્યાએ લોહી બાઝી વિકાર (congestion) થાય છે અને પાછુ તે લોહીનો પ્રવાહ ઠીક થવાથી સુધરે છે, તેમ આપણા પ્રજા–વિરાટ–શરીરમાં આ જ્ઞાતિરૂપી અવયવોમાં પ્રગટીકરણનું સ્વચ્છ શોણિત સતત ફરતું રહી, જનસમાજનો ઉન્નતિક્રમ સુલભ રીતે ચાલતો રહે એજ આ ફેરફારોનો હેતુ છે."

"વળી જેમ શરીરમાં દરેક અવયવ સરખી રીતે ઉપયોગી છે અને દરેક ભાગમાં થતું દુઃખ આપણને સરખી રીતે લાગે છે, તે પ્રમાણે વિશ્વ વિરાટમાં પ્રત્યેક વર્ણ અથવા જ્ઞાતિ એ ગીતાજીમાં કહ્યા પ્રમાણે ભગવાનનુંજ અંગ છે; અને તેથી જેને આપણે હલકી જાતો (depressed classes) કહીએ છીએ તેઓ કોઇપણ રીતે ધિક્કારવા લાયક નથી, તેઓની ઉન્નતિ–તેઓની કેળવણી–તેઓની સુખાકારીપર આપણે ધ્યાન આપવું એ આપણો ધર્મ છે; કેમકે આપણે એકજ કૃપાળુ પરમેશ્વરના સંતાન છીએ; અને તેથી આપણા પિતાના

કુટુંબના ન્હાના બાલકોનાપર આપણું ધ્યાન વધારે રહેવું જોઇએ. આપણે **પ્રભુને** પ્રાર્થના કરીએ છીએ કે તું મ્હારો હાથ ધરી **મને** સુખી કર. **પ્રભુ** કહે છે કે **તું** ત્હારા કંગાલ,—ગરીબ—અજ્ઞાન બંધુઓનો હાથ ઝાલી **તેને** સુખી કરી મ્હારી પાસે આવ. આ પ્રમાણે અવનતોની ઉન્નતિ ચાહી ચલાવીને તેઓની **સાથે** અથવા તેઓના **હાથેથી** પીરસેલુ કે તેઓનુ જુઠું ખાવાથી, અથવા તો તેઓને શરીરથી ભેટવાથી થતી નથી. તે તો આપણા **બંધુભાવ** અને **પ્રેમથી** તેઓની જરૂરીઆતો તરફ ધ્યાન આપવાથીજ થશે. કાદવમાં ખરડાયલાં આપણા બાળકને ભેટવા કરતાં—તેના હાથથી ગંદો થયલો ખોરાક **આપણે** ખાવા કરતાં, **તેને** ન્હવરાવી—**તેને** પુષ્ટિકારક ખોરાક ખવરાવી—**તેને** આરોગ્યતા ભોગવતો જોઇ આનંદ પામવામાંજ—તેઓની ઉન્નતિ અને આપણો ધર્મ એ ઉભય એકજ વેળા સધાય છે."

"વિધવા વિવાહ"

"હું જાણુંછું કે આ વિષયપરના મ્હારા અગાડીના આગ્રહને લીધે હું **હિન્દુ** સમાજમાં ઘણો અપ્રિય થઈ પડયો છુ, તે છતાં જો બે બોલ એ વિશે પણ કહુ તો **તેઓ** મને ક્ષમા કરશે; કેમકે આ મ્હારી અંગત **સૂચના** માત્ર છે."

"આ વિષયની તરફેણ તથા વિરૂદ્ધના વિચારો એક છેડાથી બીજા છેડા સુધી **હિન્દુસ્તાનમાં** એટલા તો ચર્ચાયલા છે કે તેની પુનરૂક્તિ કરવી એ અનુચિત ધારૂં છું. માટે આ લેખના કેળવાયલા વાંચકો એ વિશે માહીતી ધરાવે છે એમ સમજી લઈ, મ્હારે જે કહેવાનુ છે તેજ ટુંકમાં કહી દઇશ. આ વિષય એટલો તો અટપટો છે કે જો એકજ માણસ આજે એની **તરફેણમાં** ભાષણ આપે, અને કાલે **વિરૂદ્ધમાં** બોલે તો પ્રથમ એકવાર એમજ લાગશે કે "એ શા માટે ન થવો જોઇએ?"—અને બીજે દિવસે એમજ નિઃસશય માલમ પડશે કે "એ બીલકુલ નજ થઇ શકે." કહેવાનુ તાત્પર્ય એ છે કે **બન્ને** બાજુની દલીલો એટલી **તો** મજબુત **અને** સરખી છે—સમતોલ છે, કે જેથી માત્ર "હા" કે "ના"જ આવે."

Religious Standpoint—**ધાર્મિક દૃષ્ટિથી.**

"પણ જરા બારીક નજરથી એ બાબત તપાસીશુ તો માલમ પડશે કે પ્રાચીન **આર્યનીતિ** રીતીના ફેરવાયલા સંજોગો વચ્ચે, માત્ર (unconditional) "હા" કે "ના"થી ચાલશે નહી. જો **તર-**

ફેણુ પક્ષવાળા કહેશે કે "**બધી** વિધવાઓને પોતાની મરજી પ્રમાણે લગ્ન કરવાની છુટ આપવી,–" તો **હિન્દુ** સંસારની આજ સુધી ચાલતી આવેલી સરલ વ્યવસ્થાને કેટલેક દરજ્જે તેઓ ધોકો પ્હોંચાડશે, અને સ્ત્રીઓ સ્વેચ્છાચારી–સ્વાર્થી–અસંતુષ્ટ થઈ જવાનો ભય ઉત્પન્ન થશે. જો **વિરૂદ્ધ** પક્ષવાળા એમ કહેશે કે "કોઈપણ રીતે એ તો નજ થઈ શકે કેમકે એ **શાસ્ત્ર** વિરૂદ્ધ છે"—તો તે પણ ન્યાયપૂર્વક નહી ગણાય; કેમકે જો પુનર્વિવાહ વિશે શાસ્ત્રમાં કાંઇ આજ્ઞા નથી એમ કહેવામાં આવે છે, તો આપણે જાણવું જોઇએ કે એ વિશે કાંઈ તે કાળમાં એવી આજ્ઞાની આવસ્યકતા હતી નહી, કારણકે લોકો પુરાતન વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે રહી શકતા હતા, અને તેથી માત્ર બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થ આશ્રમની વચ્ચેજ–એટલે પુરૂષની આસરે વીસથી ચાળીસ વર્ષની વયની વચ્ચેજ લગ્ન થતાં હતાં–કે જેમાં પ્રારબ્ધ યોગેજ કોઈ સ્ત્રી વૈધવ્યને પ્રાપ્ત થતી હતી; અને તે પોતાની ખુશીથી પોતાના પતિની પછાડી સતી થતી હતી–અથવા જો કોઈ ન્હાના સંતાન હોય તો તેના સંરક્ષણનો ધર્મ બજાવી પોતાનું જીવન–પોતાના તથા પતિના અને જનસમાજના શ્રેયને અર્થે એક સાધ્વી પેઠે વ્યતિત કરતી હતી. ટુંકામાં "**બાળલગ્ન**" અને "**વૃદ્ધલગ્ન**" એજ વ્યવહારદૃષ્ટિથી વૈધવ્યના પોષકો ઘણે દરજ્જે ઠરે છે. માટે જો "**વિધવાલગ્ન**" અશાસ્ત્ર છે તો "**બાળલગ્ન**" અને "**વૃદ્ધલગ્ન**" પણ અશાસ્ત્ર છે; અને તેથી જો સશાસ્ત્ર કાર્ય કરવુ હોય તો ત્રણે નહી જોઇએ. પણ જો અયોગ્ય રીતે વૈધવ્ય ઉત્પાદક ઝરાને–મૂળને કાયમ રાખી–એકતર્ફિ થઇને, માત્ર વિધવાવિવાહજ અશાસ્ત્ર છે એમ કહેવું એતો પુરૂષવર્ગનો સ્વાર્થજ કહેવાય. છડેચોક મદ્યમાસ ખાનારને–દેવ ગુરૂની નિંદા કરનારને–વેશ્યાગમન, કન્યાવિક્રય–ગર્ભપાત વિગેરે અસંખ્ય **શાસ્ત્ર** અને **ની**તિ વિરૂદ્ધ આચરણ કરનારને માટે આપણે આડા કાન કરીએ છીએ; અને માત્ર બિચારી ગરીબ અબળાઓને માટેજ **શાસ્ત્ર**ને નિરર્થક બદનામ કરીએ એ આપણી કાયરતા નહીં તો શુ? માટે જ્યાં સુધી પાંચસાત વર્ષની બાળકીનુ કન્યાદાન થાય અને પચાસથી સિત્તેર વર્ષ સુધીના પુરૂષો લગ્ન કરી શકે, ત્યાં સુધી **શાસ્ત્ર**ની દલીલ તો આ બાબતમાં નજ ચાલે."

"ટુંકામાં ફેરવાયલા સંજોગો વચ્ચે–માત્ર પુરૂષોના સ્વાર્થ અને મોહ–અને માબાપોના ધનલોભનો ભોગ થઈ પડેલી ગરીબ અબ-

ળાઓને માટે કોઈ પણ મધ્યમ રસ્તો કહાડવો જોઇએ, કે જેથી સંસાર વ્યવસ્થા ન બગડતાં કાંઇક તેઓની અવસ્થા સુધરે; અને તે રસ્તો એ છે કેઃ—

"કોઇપણ હયાત સંતાન વિનાની વિધવાને-પોતાના ધણીના ગુજરવા બાદ બે વર્ષ પછી-અને કોઇ સંતાન હોય તો તેના ગુજરવા બાદ એક વર્ષ પછી-ગતધણીના સંબંધીઓની બ્હાર-તેના ધણી અથવા સંતાન ગુજર્યા પછી વિધુર થયલા સાથેજ-માત્ર એકવાર ફરી-લગ્ન કરવાની છુટ આપવી."

Individual Standpoint-**વ્યક્તિની દૃષ્ટિથી.**

"એથી પુખ્ત પુરૂષોને સમાન સ્ત્રીઓ મળશે અને તેની સાથે સ્ત્રીઓ સ્વાર્થી થઈ જશે-ધણીઓને-સતાનોને મારી નાખશે વિગેરે જે મ્હોટા અપવાદોની બ્હીક રહે છે તે પણ નિર્મૂલ થશે. જો પુરૂષોને સિત્તેર વર્ષે-બે પાંચ જીન્દગીના રહેલાં વર્ષોને માટે—"મ્હારૂં પોતાનુ કોઈ નથી-મ્હારૂં માથુ દુઃખે તો કોણ?"—વિગેરે લાગે છે, તો એક માત્ર દશ બાર વર્ષની બાળકી કે જે ધણીનો હાથ ઝાલીનેજ તેની વિધવા કહેવાઈ છે, તેને સ્વજન વિના આખુ જીવન કહાડવાને કહેવું એ તો સ્ત્રીઓ પ્રત્યે અન્યાયજ કહેવાય. મનુષ્ય માત્રને સ્વજનની કોઇ પણ કાળે જરૂર છે, અને સ્ત્રીને પતિ, પરમેશ્વર કે પ્રજા શિવાય બીજું કોઈ અધિક સ્વજન નથી, માટે જો સતાન ન હોય તો તે વિધવાને **ઉપર પ્રમાણે** પુનર્લગ્ન કરવાની છુટ આપવી-**ઉપર પ્રમાણે** પર ભાર મુકવાની જરૂર છે કેમકે એમાનો બોલેબોલ ઉપયોગનો છે."

"પૂર્વે એકત્ર કુટુંબો હતાં અને ઘણાખરાં પોતાના વતનમાંજ તેઓ રહેતાં હતાં, તેથી વિધવા અથવા વિધુરો પોતાના સ્વજનો વચ્ચેજ પોતાનો કાળ કહાડી શકતા હતા આજે સગા ભાઇને વિધવા બ્હેન ભારી પડે છે, અને દેશ દેશાંતરોમાં નોકરી ચાકરી કરતા દીકરાઓના વિધુર બાપને પણ, પોતાનું કોઈ ન હોવાથી મ્હોટી ઉમરે પાછુ લગ્ન કરવાની ઇચ્છા થાય છે. વિધુરે એકાન્ત જીવન ગાળવું કે પરણવું એ તેની મુનસફીની વાત છે, પણ જો તેની ઈચ્છા હોય તો આ માર્ગ વધારે સુગમ છે."

"મ્હારા પર જે અંગત આક્ષેપો થતા હતા કે "મે પોતે પુનર્વિવાહના હિમાયતી હોવા છતાં કેમ તે ન કર્યો"-અને "મ્હારા

ભાઈની વિધવા પુત્રી **શારદાને** કેમ ન કરાવ્યો "–તેનો આ લેખ પુરતો ખુલાસો આપશે. એક માંણસ અભિપ્રાય આપે તે પ્રમાણે તે કરવાને બંધાયલો નથી. " મ્હારી ઇચ્છા હોય તોજ કરૂં." તેમજ મ્હારા વિચાર પ્રમાણે **શારદાને** પુત્રી છે અને તેને ઉછેરવા ખાતર પોતાના સુખનો ત્યાગ કરવો એ તેનો ધર્મ છે, અને તેમાં " તેની નાખુશી હોય " તો મ્હારાથી તેનાપર દબાણ થાય નહીં."

Community Standpoint–**જ્ઞાતિની દૃષ્ટિથી.**

" બીજું **ન્યાતની** કન્યાઓ કુમારી રહેશે એ ભય રાખવામાં આવે છે અને તે ખરો છે; પણ માત્ર **બીજ**વરો સાથેજ આ વિધવાઓ પરણી શકે માટે એ ભય પણ નાશ પામે છે. પુનર્વિવાહથી–અનીતિ અટકશે–ગર્ભપાતના ભયંકર પાતકમાંથી મુક્તિ મળશે–કન્યાવિક્રય નિર્મૂલ થશે, બીજવરોને સમાન સ્ત્રીઓ મળશે–અને કન્યાઓની અછત હોય તે ન્યાતોમા કુંવારાઓની સંખ્યા ઓછી થશે."

" કોઈ પણ દુઃખ પ્રારબ્ધના સંયોગ વિના આવતું નથી, પણ જેમ બીજી બાબતમાં કરીએ છીએ તેમ આમાં પણ વિધવાઓનું બગડેલુ જીવન સુધારવાને યત્કિન્ચિત્ પુરૂષાર્થ કેમ ન કરવો જોઇએ. **પશ્ચિમ** દેશોમાં વિધવાઓ છુટી ફરી શકે છે–મિત્રો સાથે મળી શકે છે; પણ **હિન્દુસ્તાનમાં** તેઓનુ જીવન પોતાને અને બીજાને બોજા રૂપ છે, અને ખાસ કરીને જ્યાં " પડદા " નો રીવાજ છે ત્યાં તો અસહ્યજ છે, કેમકે તેઓને તો " હવા અને અજવાળુ " કે જે **પર**મેશ્વરની મફતની બક્ષીસ છે તે પણ પુરેપુરૂં ભોગવવાનો હક નથી. **આ** ભવનુ સુખ વિધવાને મળતું નથી અને **પર**ભવનુ સુખ તેને રૂચતું નથી. આમ ન "ઇધરકે ન ઉધરકે" એવી અધમ સ્થિતિમાં પોતાનું શુષ્ક જીવન જેમતેમ તે પુરૂં કરે છે."

" આ સુધારો **ન્યાતોની પંચોના** ઠરાવથી થવો જોઇએ, નહીં કે જેની મરજીમાં આવે તે પોતે કરી લે. અને કાચો ઠરાવ કરી એક અજમાયશ તરીકે ઉપલા નિયમ પ્રમાણે હાલ જે વિધવાઓ હોય તેઓને લગ્ન કરવાની છુટ આપવી; પછી પરિણામ સંતોષકારક લાગે તો ઠરાવને પાકો કરવો, અને ન ઠીક લાગે તો તે રદ કરવાને ન્યાતો મુખ્ત્યાર છે."

" અંતમાં, ઉતાવળા (Extremist) સુધારકને મ્હારી એટલીજ સૂચના છે કે તેણે ઉપર કહેલા (૨) બીજા નિયમ પ્રમાણે ન્યાતથી અલગ થઇને પોતાનુ કાર્ય કરવું; અને પોતાના વિચારવાળાં એક કે વધારે કુટુંબો સાથે વગર વિલંબે જોડાઈ–એક **નવી જ્ઞાતિ** બનાવી, તેમાં પોતાના મત પ્રમાણે જ્ઞાતિ બંધનોને તોડી–વર્ણભેદ વિના રોટી તથા બેટી વ્હેવાર અને વિધવાવિવાહ વિગેરે (unconditionally) અમલમાં મુકવુ વધારે સારૂં છે. આથી ન્યાતીલા અને સુધારક વચ્ચેનો અણગમો બીલકુલ નાશ પામશે; કેમકે જેવી સુધારકને પોતાના વિચાર પ્રમાણે રહેવાની સ્વતંત્રતા જોઇએ છીએ, તેવી જુના વિ-ચારના ધર્મચુસ્ત બંધુઓને પણ ન્યાયી સુધારકે આપવી જોઇએ.'

" મ્હારૂ લખાણુ એક મહાપુરૂષના શબ્દોથીજ સમાપ્ત કરીશ—

" It will be seen in future—as some already see it to-day—that Society could not endure as a constant battle-field of warring interests, but there must come a great reconstruction, in which the needs of *all* shall be reconsidered, the happiness of *all* shall be aimed at, the extent of possessions shall measure the duty of service We must realize that we all share a common Life, are rooted in that Life so that nothing that injures another can be permanently good for any one of us, that the health of the body politic, as much as of the body individual, depends on the healthy working of every part, that if one part is diseased the whole of the body suffers. The law of the common Life, the expression of which is Brotherhood is woven into the very substance of the human race. *Where brotherhood is ignored, it breaks that which ignores it.* "

લી.

જનસમાજનો એક નમ્ર સેવક,

(સહી) રામપ્રસાદ મણીપ્રસાદ.

પ્રિય વાંચક ! બીજા પ્રકરણમાં દર્શાવેલા વિધવાવિવાહની વિરૂધના દેવેન્દ્રના વિચાર તે વાંચ્યા છે, અને રામપ્રસાદના તેની તરફેણના વિચાર પણ તેં જાણ્યા; અને તું જાતે જે વિચારનો હશે તે પ્રમાણે તને એમાંથી કોઇના વિચાર પસદ પડયા હશે. પણ એટલું તો ત્હારે કબુલ કરવું પડશે કે બન્ને જણાં શુદ્ધ અંતઃકરણથી જનસમાજના હિતનોજ યત્ન કરી રહ્યા છે; એક જ્યારે આ રીવાજથી સમાજમાં દાખલ થતુ દુઃખ અટકાવવાને મથે છે, ત્યારે બીજો તેથી થતું સુખ સમાજમાં દાખલ કરવાને યત્ન કરે છે. જેમ મી. કવી કહે છે કેઃ—

"સ્નેહલગ્નની વિધવા માટે, પુનર્લગ્ન સમુ પાપ નથી,
"દેહલગ્નની વિધવા માટે, પુનર્લગ્ન સમી મુક્તિ નથી.

તે પ્રમાણે જો તું વિરૂદ્ધ પક્ષનો હોય તો દેવેન્દ્રના વિચાર અતિ ઉત્તમ છે એમાં કાંઈ શક નથી. પણ જો તું તરફેણનો હોય તો રામપ્રસાદના વિચાર ત્હારે મનન કરવા યોગ્ય છે; કેમકે ન્યાતોને જ્યાંસુધી આપણે રાખવી છે ત્યા સુધી કોઇ પણ બધારણ વિના પોતાની સગવડને બધએસ્તું બેચાર વ્યક્તિઓ કરે, તેના કરતાં બંધારણ સાથે જો કાંઈ પગલાં લેવાય તોજ હમેશને માટે નીભે એવું કાર્ય કર્યું એમ કહેવાય.

ભૂલોક અને સ્થૂલ દેહને સદાને માટે છોડીને ગયલા—મૃત્યુ પામેલા પ્રિયજનનાપરના આપણા સત્ય પ્રેમનો પુરાવો—તેઓનુ સત્ય શ્રાદ્ધ શુ? તે એજ કે તે પ્રિયજનની ગેરહાજરીમાં, તેનાપરના આપણા પ્રેમને, તેના પ્રીતિપાત્ર મનુષ્યો—પશુઓ કે વસ્તુઓમાં વ્હેચી નાખી—તેની ઈચ્છાઓ કે ફરમાવેલી આજ્ઞાઓને તુરત અમલમાં મુકી—તેને નામે પુણ્યનાં કાર્યો કરી—આપણા પ્રેમના આદોલનો તેઓના તરફ સતત મોકલી—તેઓનો અંતઃકરણનો આશિર્વાદ લેવો. આ પ્રમાણે રાજેન્દ્રે અને મોહિનીએ "વિલ"માં લખવા પ્રમાણે રામપ્રસાદનુ ઔષધાલય—થીઓસોફિકલ હૉલ અને પુસ્તકાલય—અને વિધવા આશ્રમ વિગેરે બનતી તાકીદે બાંધી, યોગ્ય ટ્રસ્ટો કરી, ભપકાદાર રીતે તેઓને ખુલ્લાં મુકવાની ક્રિયાઓ કરી; અને "સંસાર સુધારાના મધ્યમ માર્ગ"ના લેખનો ઘણી ભાષાઓમાં તરજુમો કરાવી પ્રસિદ્ધિ આપી. એ લેખ સુધારકોને તો પસંદ પડે એ સ્વાભાવિક છે, પણ વિરૂદ્ધ પક્ષવાળાઓને પણ એની નિષ્પક્ષપાત રીતે પ્રશંસા કરવી પડી; કેમકે

જેટલી દલીલો એની વિરૂદ્ધમાં થઇ શકે તેનો એણે બનતાં સુધી રસ્તો કહાડવાને યત્ન કર્યો હતો.

રામપ્રસાદની ઇચ્છા પ્રમાણે ચંદ્રાવળીને, કુસુમ સાથે રાખવાને મોહિની મુંબઈ લઈ ગઈ.

પ્રકરણ ૯ મું.

વિદ્યાચંદ્રની વિદ્યા.

At the basis of Education must be laid that which is neglected in our schools—the religious conception of life.

L. Tolstoy.

ગયા પ્રકરણમાં કહ્યા પ્રમાણે રામપ્રસાદની ઇચ્છાનુસાર ચંદ્રાવળી મુંબઇ આવવાથી, કુસુમને યોગ્ય સાહેલી મળી તે જોઇ માતાપિતા આનંદ પામતાં હતાં. આ વખતે કુસુમસુંદરી દસ વર્ષની હતી અને ચંદ્રાવળી પણ એટલીજ વયની હોવાથી તેઓ વચ્ચે ઠીક સ્નેહ બંધાતો હતો. મોહિની જાતે ભણેલી હોવાથી પુત્રીની કેળવણીમાં કાંઇ ખામી રાખે એવું નહોતું. રૂપિયા પચાસને દરમાયે એક મડમ રાખી હતી કે જે ઇંગ્રેજી પાઠ, ભરવા ગુંથવાનુ અને પીઆનો શીખવતી હતી; અને બપોરે કુસુમ ઇંગ્રેજી કન્યાશાળામાં પણ જતી હતી. રાજેન્દ્રને સંસ્કૃતપર શોખ હતો એટલે એક શાસ્ત્રી પણ રાખ્યો હતો. આમાં માતાના કરતાં પુત્રી વધી. આમ કુસુમસુદરીને સંસ્કૃત ભણાવવામાં રાજેન્દ્રનો બીજો પણ હેતુ હતો, અને તે એકે જો બને તો તેને મેટ્રિકયુલેશનની પરીક્ષામાં મોકલવી. ચંદ્રાવળીને પણ કુસુમસુંદરી જેટલોજ લાભ મળતો હતો. આ પ્રમાણે નિર્ધન માબાપની પુત્રી પણ ગર્ભ શ્રીમંતના બાળક જેટલાજ વૈભવમાં ઉછરતી હતી.

પ્રિય વાંચક ! તું ચંદ્રાવળી અને કુસુમસુંદરીના આ સબંધને ત્હારા પાશ્ચિમાત્ય પાઠશાળાના જ્ઞાનને આધારે—જડવાદનો આશ્રય લઇને—એમ માને છે કે માત્ર એ એક અંધ સંજોગ (accident) નું પરિણામ છે ? એક કંગાલની કન્યા શ્રીમંતને ત્યાં પરણી મનમાન્યો વૈભોગ ભોગવે—એક રખડતો છોકરો મ્હોટા ધનાઢયને ત્યાં દત્તક લ-

રીકે સ્વીકારાય—અથવા તો એક સાધારણ સ્થિતિનો મનુષ્ય રાજાનો પરમમિત્ર થઈ રાજ્યવૈભવમાં ઉછરે—તો તે શું એક અકસ્માત છે? કદી નહી. એમાં પણ કર્મનો મહાન્ નિયમજ કાર્ય કરી રહ્યો છે. બીજા જીવાત્માઓના લેણદેણ સંતોષવાને બે જીવોને જુદા સંજોગોમાં જન્મવું પડે છે; પણ આત્મિક પ્રેમનો—શુદ્ધ, નિઃસ્વાર્થ પ્રેમનો સંબંધ (spiritual link) એકવાર બે જીવોની વચ્ચે બંધાયા પછી, જન્મોજન્મ—બીજી અતિભિન્ન સ્થિતિમાં જન્મ્યા છતાં—પ્રભુ તેઓને કોઈ પણ રીતે સાથે લાવી નિકટના સંબંધમાં જોડે છે. માટે પ્રિય વાંચક ! તું ચંદ્રાવળીની ઈર્ષા કરીશ નહી. જે વૈભોગ તે ભોગવે છે તે તેના હકના છે. કંગાલ મનુષ્યને એક દિવસ પણ રાજ્યભુવનમાં—વાહનમાં બેસવાનું મળે તો તેમાં પણ કાંઈ પુણ્યકર્મ કારણભૂત હોય છે. આવા સંજોગોમાં "હરામનું" એ શબ્દ ઈર્ષા કે અજ્ઞાનથી આપણે હોઠે આવે છે તે ગેરવ્યાજબી છે; કેમકે જેમ બેંકના ખાતામાં જમે કરાવેલી રકમ આપણે મળે છે અથવા નહી જમે હોય તો પાછી ભરપાઇ કરવી પડે છે, તેમ આવા સુખનો તેણે ભૂતકાળમાં હક મેળવ્યો છે, અથવા તો ભવિષ્યમાં, લીધેલા લાભની કિમ્મત મનુષ્યને આપવી પડે છે પ્રભુએ કોઈ કારણસર ચંદ્રાવળીને અત્રે મુકી છે કે જે તું અગાડી સમજીશ. એકદમ અસ્વાભાવિક—નહી સમજાય એવા સંજોગો—બનાવો, જ્યારે પણ બને ત્યારે તેમાં પ્રભુનો કાંઈ ગૂઢ હેતુ હોય છે, કે જે જરા ધીરજ રાખવાથી—પાછળના બનતા સારા યા માઠા બનાવોપરથી સમજાય છે. આવી બાબતોમાં આશ્ચર્ય અને ઈર્ષાનું કારણ આપણું પોતાનું પ્રભુના નિયમોનું અજ્ઞાન છે. કર્મના—પ્રભુના નિયમો કદી ભુલ કરતા નથી, માટે જ્યાં આપણે સમજ ન પડે—આપણે ગેરલાભ, ગેરઈન્સાફ થતો હોય એવું દેખાય—ત્યાં "કાયદો હાથમાં લેવા કરતાં" જરા સબુરી રાખવી અધિક લાભકારક થશે.

કુમુદચંદ્ર હાલ સત્તર વર્ષનો હતો. નરેન્દ્ર પણ એટલીજ વયનો હતો અને તેઓ વચ્ચે પણ વડીલોથી ઉતરી આવેલી મિત્રતા કાયમ રહી હતી. ચંદ્રનગરમાં તેઓ અભ્યાસ પણ સાથેજ કરતા હતા. આજ વર્ષે બન્નેજણા સાથે મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં પસાર થયા હતા, અને સ્વાભાવિક રીતે બન્નેજણા કૉલેજમાં અભ્યાસ કરવાને માટે રાજેન્દ્રને ત્યાં રહેલા હતા.

કુમુદચંદ્ર અને નરેન્દ્ર જે ઓરડામાં વાંચતા હતા ત્યા બન્ને નિર્દોષ બાળિકાઓ અમસ્તી રમતીરમતી આવી ચ્હડતી હતી, એઓ જે વાંચતા તે સાંભળતી હતી અને સમજવાને યત્ન કરી અનેક રમુજી પ્રશ્નો કરતી, અથવા પોતાના ગણિત–સંસ્કૃત કે ઇંગ્રેજી પાઠમાં કાંઈ કઠિનતા હોય તો સમજતી. અને આ પ્રસગોમાં બન્ને યુવકો–બુદ્ધિવાન બાળાઓને—રમુજ સાથે બોધ આપવાને યત્ન કરતા હતા, કે જે બોધ સખ્તાઈથી પાઠ તરીકે આપતા મનમાં ઠરતાં વાર લાગે છે. શીખવવાની પણ એક કળા (art) છે અને તેના પણ નિયમો છે; અને તેમા મુખ્ય જરૂરીઆત તો એ છે કે શિષ્ય, શિક્ષક તરફ માનપૂર્વક આકર્ષાવવો જોઇએ. તેઓ વચ્ચે (sympathy) પ્રેમભાવ જોઇએ કે જે, બ્હીક–fear–અને નેતરની સોટી કરતા અધિક સગીન કાર્ય કરે છે. ટુંકમાં શિષ્ય અને શિક્ષકને પોતાનુ કાર્ય એક માથાઉતાર કામ (task) ને બદલે (pleasure) આનદમય રમત જેવું લાગવું જોઇએ. વિલાયતમાં હાલ એવા વિચારના પણ મનુષ્યો છે કે જેઓ વર્ગોમાં નબરો આપવા અથવા પરીક્ષાઓમા ઇનામો આપવાની પદ્ધતિને પણ હવે પસદ કરતા નથી, કેમકે એથી ભ્રાતૃભાવ Brotherhoodનો સિદ્ધાત શિથિલ થાય છે–છોકરાઓ એક બીજા તરફ ઇર્ષા–મગરૂરી–ધિક્કારના ભાવથી જોતાં શીખે છે. હમણા ચડસાચડસી (Competition) ને બદલે અરસપરસને મદદ (Co-operation) ના ગુણનો વિકાસ કરવાની વધારે અગત્ય છે કે જેમા પ્રેમભાવ વધારે કાર્ય કરી શકે; તેમ (reason) મનની ખીલવણીને બદલે (intuition) બુદ્ધિના પ્રકટીકરણને અધિક ઉત્તેજન આપવાની જરૂર છે. આ પ્રમાણે જોતા આખી કેળવણીની પદ્ધતિમા થોડા વર્ષોમા ફેરફાર થઇ જવાનો સભવ છે, કે જેમા શિષ્ય અને શિક્ષક બન્ને–એક ઉપરી અને તાબેદાર કરતાં—એક કુટુબના બે ભાઇઓ તરીકે રહેતા શીખશે.

આપણે જાણીએ છીએ તે પ્રમાણે કુમુદચદ્ર કુસુમસુદરી તરફ આકર્ષાયો હતો, તો નરેન્દ્રને પોતાના હૃદયનુ સ્વાભાવિક વલણ ચંદ્રાવળી તરફજ માલમ પડયુ હતું, અને તે બાબત નિર્દોષ પ્રેમસુધાનુ પ્રથમ પાન કરનારા, પ્રેમકથા–નવલકથાઓમાથી પ્રેમપાઠ શીખેલા, ગાઢ પ્રીતિવાળા તરૂણ મિત્રો, એક બીજાને મ્હોડે બોલ્યા વિના પરસ્પરનુ હૃદય કળી હતા. નિર્દોષ પ્રેમથી ન્હાની કુસુમને ઉચકીને

આખો દિવસ ભટકનાર કુમુદચંદ્ર આમ પ્રેમ પાશમાં કાંઇ જાણેઅ-જાણે-કર્મસંજોગે-ધીમે ધીમે બધાતો હતો; અને આ પ્રમાણે જ્યારે એક બાજુએ વર્ષોથી વવાયલું, યોગ્ય સજોગોની ન્યુનતાતે લીધે પડી રહેલું પ્રેમ-બીજ અંકૂરિત થઇને વૃક્ષનું રૂપ લેવાને મથતું હતું, ત્યારે બીજી બાજુએ ટુંક સમયમાં પણ અનુકૂળ સંયોગોમાં રોપાયલા બીજા બીજનો પણુઓ તેટલાજ જોષથી-પ્રથમ અંકૂરની લગોલગ ફુટતો દેખાતો હતો.

કુસુમસુદરી અને ચંદ્રાવળી ધીરે ધીરે વય વધતાં બાલ્યાવસ્થા છોડીને યુવાવસ્થાના આંગણામાં પગલુ મુકતા હતાં, અને એ સમયની તેઓની સુદરતાની કલ્પનાની તને આતુરતા હોય-અથવા તો તેની વિસ્મૃતિ થઇ હોય તો, પ્રથમ પ્રકરણમા વર્ણવેલી કુસુમસુદરી અને ચંદ્રાવળીની મધુર છબીઓનો લાનોલી સ્ટેશનપરનો ચિતહર ચિતાર, પ્રિયવાચક ! એકવાર ફરી તાજો કરી લેજે. પ્રથમ પ્રેમની મનહર-અલૌકિક લહરીએ નિર્દોષ લલના-યુગલના મસ્તિકને નચાવવા માંડયાં હતા, અને મદન ધીમે ધીમે બ્હીતો બ્હીતો હૃદયમાં પગપેસારો કરતો હતો. બન્નેએ પ્રેમકથાઓ, નવલકથાઓ, કાવ્યો, નાટકો વિગેરે ઘણાં વાચ્યાં હતાં, તોપણ પોતે જે વિકાર અનુભવે છે તે અને આ પુસ્તકોમાનો પ્રેમ એ એકજ છે, એમ તેઓ હજુ સુધી સમજતાં નહતાં-કે જેથી તેઓ કોઈ કોઇવાર બહુ અકળાતા-મુઝાતા હતાં.

રાજેન્દ્રે કુસુમસુદરીની માનસિક કેળવણીના જેટલીજ શારીરિક કેળવણીની દરકાર રાખી હતી; કેમકે તે માનતો હતો કે છોકરાઓના જેટલીજ છોકરીઓને પણ તેની જરૂર છે-બલકે છોકરીઓને પોતાના શરીરો આરોગ્ય રાખી, આરોગ્ય પ્રજા ઉત્પન્ન કરવાની હોવાથી તેની બમણી જરૂર છે.

ડાકટર એમ. એસ. પેમ્બ્રે કહે છે કે “રમતગમતમાં રૂપાનો ચાંદ મેળવવા કે ઉચ્ચ પરીક્ષા પાસ કરીને પ્રથમ પંકિતના પ્રમાણપત્રો મેળવવા કરતાં, એક સ્ત્રી સારા બાળકની માતા થાય એ દેશને અને રાજ્યને માટ વધારે ઉપયોગી અને કિમતી છે.’

આથી ન્હાનપણથી જેમ તેની માનસિક ખીલવણીને માટે ભાત ભાતના યંત્રો વિગેરેના રમકડાં-Mechanical toys-તેને આપવામાં આવતાં હતાં, તેમ શારીરિક ખીલવણીને માટે ન્હાની ટ્રાઇસિકલ, પગે ચલાવવાના ઘોડા-કુદવાની દોરી-બોલબેટ વિગેરે તેને અપાવ્યાં હતાં.

જરા સમય જતાં ન્હાની બાઇસિકલ-બકરાંની ગાડી-બેસવાનું ટટ્ટુ વિગેરે લેવામાં આવ્યાં હતાં, જેપર તે પારસી અને ઇંગ્રેજ પડોસી-ઓના છોકરાઓ સાથે કોઇ કોઈવાર ઇંગ્રેજી પોષાકમાં પણ જતી હતી. હમણાં થોડો વખત થયા ઉપર પ્રમાણે મ્હાવરો થવાથી મ્હોટી સાઇકિલ અને ઘોડાપર પણ બેસી શકતી હતી. ચંદ્રાવળીને પણ મુબંઇ આવ્યા પછી સાઇકિલ શીખવી હતી; અને મોહિનીની સાથે બન્ને જણા "મહિલા વ્યાયામ ગૃહ"–Ladies' Gymkhana માં જતાં હતાં, જ્યાં ટેનિસ વિગેરે સારૂં રમતાં શીખ્યાં હતાં. કુમુદ-ચંદ્ર અને નરેન્દ્ર પણ કોઇ કોઈવાર ત્યાં સાથે જતા હતા.

આ પ્રમાણે સ્ત્રીઓને શારીરિક વ્યાયામની ઘણી અગત્ય છે એમાં તો બે મત હોય નહી. પણ કુસુમસુંદરી શ્રીમતની દીકરી છે–શેહેર બ્હાર રહે છે, માટે એને આવી કિમતી કસરતો અને છુટથી ફરવાનું પરવડે, પણ સાધારણ વર્ગનું શું? તેને માટે એક ઇંગ્રેજ દાકતર કહે છે કે "મધ્યમ વર્ગની સ્ત્રીઓ જેઓનાથી ઘોડે બેસવાની, ટેનિસ વિગેરે મોંઘી કસરતો નહીં થઈ શકે, તો તેઓએ કાંઈ નાસી-પાસ થવાનુ નથી; કેમકે જો તેઓ ઘરકામ કરે તો તેમા–એટલે વા-સીદુ વાળવામા–વાસણ અથવા લુગડા ધોવામાં–પાણી કહાડવામાં–રાંધવામાં વિગેરેમાં શરીરના બધાં અવયવો–muscles–ને જોઇએ એટલુ કામ મળે છે. આ ઉપરાત માત્ર પુરતું "હવા અજવાળુ" હોય તો બસ."

આમ અસલ આપણી સ્ત્રીઓને ઘરકામ કરવામાં–દેવદર્શને ખુલ્લી હવામાં ફરવામા અને મગજનુ કામ ન હોવાથી, શરીરની આ-રોગ્યતા મળતી હતી. પણ આજે તો 'ધોબીનો કુતરો નહી ઘરનો અને નહીં ઘાટનો" તેમ શ્રીમત કે ગરીબને ઘરકામ કરવાનુ નીચુ લાગે છે, અથવા તેને માટે શક્તિ કે અવકાશ નથી–દેવદર્શન પર શ્રદ્ધા નથી–અને ઇંગ્રેજી પદ્ધતિની રમતો, હરવું ફરવું વિગેરે લોકલાજ–આળસ કે નિર્ધનતાને લીધે બની શકતું નથી. આ બધામાં છોકરીઓનાપર પણ કુમળી વયથીજ જોઇએ તે કરતાં નંખાતો ભણવાનો વધારે બોજો અને બાળલગ્ન ઉમેરીએ તો પરિણામ શુ આવે? **હીસ્ટિરિયા-ક્ષય કે નિર્બલ પ્રજા.** તેમાં પડદામાં રહેનારી સ્ત્રીઓની તો સ્થિતિજ અસહ્ય, પછી તે કોઇ શેઠાણી કે મહારાણી પણ હોય. વધારામાં તેઓને હવા અજવાળાંનો ઇન્કાર.

Prevention is better than cure. રોગની દવા કરતાં તેને થવા ન દેવાને યત્ન કરવો એ વધારે સારૂં છે. તે પ્રમાણે ક્ષય ન થાય એની સાવચેતી રાખવી એજ ઉપર પ્રમાણે કેટલે દરજ્જે આપણા હાથમાં છે. એકવાર રોગ લાગુ પડયા પછી તો, " ક્ષયરોગની સ્હામુ લડતની " રસી—સીરમ—આરોગ્યભવનો વિગેરે તો હજુ સુધી સખીગૃહસ્થોની લક્ષ્મીથી થતી શકમંદ અજમાયશોજ નીવડી છે. તેમાં જો આ રસી અને સીરમ જીવતાં પ્રાણીઓ પર ઘાતકી—કમકમાટ ઉપજાવે એવા અખતરાઓ કરીને બનાવ્યુ હોય, અને જો તેથી આરામ પણ થતો હોય—તોપણ એક શુદ્ધ આર્ય સંતાન તેના કરતાં મૃત્યુને વધારે પસંદ કરશે. આ બાબત વિશે પાશ્ચિમાત્ય દેશોમાં આજકાલ ઘણો ખળભળાટ થઇ રહ્યો છે. મ્હોટા ડાકટરોએ પણ આ ઘાતકી અખતરાઓ—vivisection—ની સ્હામુ પોકાર કર્યો છે, અને સીતળા વિગેરે compulsory—ફરજીયાત રસી મુકવાનુ કાર્ય એ એક individual liberty—વ્યક્તિની સ્વતંત્રતાની આડે આવવા જેવું છે એવો પ્રજામત—Public opinion—થતો જાય છે; કેમકે તેઓ ધારે છે કે કોઇ પણ પદાર્થ—foreign matter—મનુષ્યની મરજી ઉપરાંત શરીરમાં તેના કલ્યાણને માટે પણ મુકવો એ સલામતી ભરેલુ નથી.

કુમુદચંદ્ર, નરેન્દ્ર, કુસુમસુંદરી, અને ચંદ્રાવળી ઘેર પણ કોઇ વાર ટેનિસ, બિલિયર્ડ રમતા, અથવા સાઇકલપર—પગે ચાલતા કે ગાડીમાં પણ જતાં હતાં. આ પ્રમાણે એક સમયે એઓ ફરી આવીને ગાડીમાંથી ઉતર્યાં અને બન્ને બાળાઓ પોતાના ઓરડામાં ગઇ. ચંદ્રાવળી કરતાં કુસુમસુંદરી આજે તો નવીન પ્રેમલહરીથી—સમજ ન પડવાથી—વધારે ગુચવાતી હતી; અને આખરે ચંદ્રાવળી સાથે મન તો તદન મળી ગયું હતું અને સમાનવયની એટલે બોલ્યા વિના રહેવાયુ નહી. એને ખબર ન હતી કે ચંદ્રાવળી પણ એજ વિટંબણામાં હતી.

" ચંદ્રાવળી ! મને તું હસી કહાડીશ નહી. કોણ જાણે શાથી તે સમજાતું નથી, પણ હમણાં થોડા દિવસ થયા કુમુદચંદ્રની સ્હામું હું જોઉ છુ કે મ્હારૂં હૃદય ધડકે છે, હાથપગ ધ્રૂજે છે, મસ્તિક ભમે છે, રાતદિવસ એના ને એનાજ વિચાર આવે છે—અને બીજું કાંઇ સુઝતુંજ નથી; એ તે શુ થયુ હશે? અને આમ થવા છતાં એની તરફથી દૃષ્ટિ ખસેડવાનુ મન નથી થતું, અને અજાયબ જેવું તો એ છે કે એ પણ મ્હારા તરફજ જોયા કરે છે. "

પોતાની પ્રિય સખીને પોતાના જેવીજ આનંદમય ગુંચવણમાં જોઇને, પોતાને પણ **નરેન્દ્ર**ના સંબંધમાં સમાન અનુભવ થાય છે એમ **ચંદ્રાવળી**એ ઉત્તરમાં કહ્યું; અને આ પછી "આ અનુભવ પ્રેમનો છે,"—એમ તેઓ પ્રથમજ સમજ્યા. આવી રીતે પરસ્પરનો ગુપ્ત મનોભાવ તેઓએ જાણ્યો—શરમનો અંતરાય તુટયો-અને ભવિષ્યને માટે અન્યોઅન્યના વિશ્વાસપાત્ર થયાં.

રાજેન્દ્ર સઘળી બાબતમાં નિયમિત હતો અને મોજશોખમાં પણ થોડો કાળ ગાળતો હતો; કેમકે.રોજના ચાલુ કામ—routine work—માં આવી મોજમજાહ—રમતગમતો—recreations—થી મગજના તંતુઓને આરામ મળી પોતાના કાર્યને માટે તેઓ પાછા વધારે તાજા થાય છે એમ તે માનતો હતો. તેનો એક જાણવા લાયક—પ્રત્યેકજણે અનુભવવા લાયક સિદ્ધાંત હતો કે—**કલાકમાં એક મિનિટ, દિવસમાં એક કલાક, અઠવાડિઆમાં એક દિવસ, મહિનામાં એક અઠવાડિઉં અથવા વર્ષમાં એક મહિનો**—પોતાના રોજન્દા કામમાંથી, **મગજને અને શરીરને** આરામ આપવાથી મનુષ્યની થાકી ગયલી શક્તિઓ તાજી થાય છે. દાખલા તરીકે કલાકમાં માત્ર એક મિનિટ બારીએ જવાથી, દિવસમાં એક કલાક ખુલ્લી હવામાં ચાલવાથી અથવા રમતગમત વિગેરેથી, અઠવાડિઆમાં એક દિવસ નાટક—દરીઆમાં ફરવા વિગેરેથી, અને જેનાથી બને તેણે મહિનામાં અઠવાડિયુ અથવા વર્ષમાં મહિનો બ્હાર ગામ "હવાફેર" (Change) કરવાથી કોઈ પણ ધંધો કરનારને નવું જીવન મળે છે. આપણા રાજ્યકર્તાઓ આનો લાભ બરાબર સમજે છે. તેથી રવીવાર તથા વર્ષમાં "જરૂરી" અને "હક્ક" ની એક મહિનો ને વીસ દિવસની રજા આપે છે. પણ અતિ શોચનિય વાત છે કે એ કોર્ટ—રેલ્વે વિગેરે જાહેર, તેમજ ઇંગ્રેજી અને દેશી વ્યાપારી પેઢીઓ, મારફીટો વિગેરે ખાનગી ખાતાઓમાં આ નિયમો માત્ર બહુ કરકસરથી અમલમાં મુકવામાં આવે છે, કે જેનુ પરિણામ ગરીબ નોકરિયાત વર્ગને માટે અતિ હાનીકારક નીવડે છે. માત્ર પ્રત્યેક ખાતામાં એક કે બે કામદારો વધારે રાખવાથી બીજા સેકડો મનુષ્યોને ઘણો આરામ થાય છે આ બાબત **રાજેન્દ્રે** કાઉન્સિલમાં મુકી હતી, અને સરકારને આ ખાતાંઓમાં નોકરોની રજા તથા નોકરીના કલાક બાબત તજવીજ કરવાને એક કમિશન નીમવાની ભલામણ કરી હતી,

કે જે ચેમ્બર ઓફ કોમર્સ (Chamber of Commerce) પણ ઉંચકી લીધી હતી.

આથી કોઇ વખતે જો વખણાયલા નાટકો હોય તો તેમાં પણ રાજેન્દ્ર કુટુંબ સાથે જતો હતો. જ્યારે કુસુમસુંદરી અને ચંદ્રાવળી આવી પ્રથમ પ્રેમની ખુશનુમા મુઝવણમાં હતાં, તેજ અરસામાં "શાકુન્તલ" નો નવો ખેલ એક વખણાયલી કંપની તરફથી મુકવામાં આવ્યો હતો; અને તેના પ્રથમ પ્રયોગમા રાજેન્દ્રને વ્યવસ્થાપક તરફથી ખાસ આમંત્રણ થયુ હતું, તથા તે રાજેન્દ્રના હાથથી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સ્વાભાવિક રીતે પ્રથમજ હારમાં એઓ બેઠાં હતાં. રાજેન્દ્ર, મોહિની, ચંદ્રાવળી અને કુસુમસુંદરી મનહર પોશાકમાં બધાંની આંખોને મોહ પમાડતાં હતા. કુસુમની પાસે છેકછેડે કુમુદચંદ્ર અને તેની સાથે નરેન્દ્ર હતો. આવા સંજોગોમા શાકુન્તલ જેવો પ્રેમપૂર્ણ નાટક લલિત બાળાઓના મસ્તિકને ચકડોળે ચ્હડાવે તો તેમાં શી નવાઇ? તેમાં આખા નાટકમાં જ્યારે સુકુમાર પોપટના પેટ જેવા સુવાળા કમલપત્રપર, જંગલી પુષ્પો અને વલ્કળથી અલંકૃત કરેલી—મદન વિંઢબનામા શુષ્ક બનેલી—અનસુયા અને પ્રિયંવદાથી નંખાતા કમલપત્રના વાયરાથી અતિશે વ્યાકુળ થતી—શકુન્તલાને નીચેનો લલિત પદ બંધઃ—

"તુજ ના જાણું હેયુ, અરે મ્હારાં અનંગ દિનરાત્રિ,
"શેકે છે, ઓ નિર્દય, ત્હારામાં છે તમામ મુજ વૃત્તિ.

કોમળ નખવડે લખતી બન્ને બાળાઓએ જોઇ, ત્યારે પોતાની-જ વર્તમાન સ્થિતિ જાણે લખાતી હોય એ પ્રમાણે તેઓના હૃદય સઉદ્વેગ ધડકવા લાગ્યાં; અને બન્ને તરૂણો પોતાને અને પોતાની પ્રિયાઓને રંગભુમિપર નાયકનાયિકાના સંબંધમાંજ કલ્પવા લાગ્યા. આ નાટકે પ્રેમી હૃદયોમાં નવોજ પ્રેમરંગ—પ્રીતિનો સંભાર ભર્યો. આ પ્રમાણે કોમળ પ્રેમઅંકુરો અહોનિશ બલિષ્ટ થતાં હતાં, અને પ્રેમ—પ્રકરણમાં જાને પ્રોઢાયલા પ્રુખ્ત વડીલ દંપતીને તેનો સ્વપ્ને ભાસ નહતો.

કુસુમ વિલામાં ઝુલતી અગાસી નીચે પગથીઆંપર ચ્હડતાં, મુંબઇની રીત પ્રમાણે પ્રથમ ખંડમાંજ રાજેન્દ્રનો "ડ્રોઇંગરૂમ," (દિવાનખાનું) હતો. ઇંગ્રેજી રીત પ્રમાણે નરમ ગાલીચા, રેશ્મી મ્હ-

ડેલા સુનેરી રંગના જુદી જુદી જાતના નાજુક કાચ ખુરસી, બિલોરી ઝુમ્મરો, ચિત્રો, ટેબલો વિગેરે ઘણા મૂલ્યવાન સામાનથી આ ઓરડો સુશોભિત કરવામાં આવ્યો હતો. દિવાલપર સીતા, લક્ષ્મી, વિલાસ, મોહિની, કુસુમસુંદરી, રાજેન્દ્ર, નાગેન્દ્ર, દેવેન્દ્ર વિગેરે સર્વે કુટુંબના માણસોની કુશળ ચિત્રકારોની પીછીથી ચિતરાયલી–સુંદર ચોકઠાંમાં બેસાડેલી ન્હાના મ્હોટા કદની છબીઓ ચાલુ "ફેશન પ્રમાણે" ટાંગેલી હતી; અને વચ્ચે વચ્ચે સોનેરી ચોકઠાંઓમાં બેસાડેલા મ્હોટા આયનાઓ મુકયા હતા. એક બાજુએ કુસુમસુદરીનો મ્હોટો કિમતી પિઆનો હતો.

રાજેન્દ્ર બન્ને બાળાઓના અભ્યાસથી સંતોષ પામ્યો હતો અને તેથી બન્નેને હોણુ મેટ્રીકયુલેશનની પરીક્ષામાં મોકલી હતી, જેમાં કુસુમ સુંદરી પાસ થઈ અને ચંદ્રાવળીનુ ગણિત ઘણું નબળું હોવાથી નિરાશ થઇ. કુમુદચંદ્ર અને નરેન્દ્રને પણ આજેજ તેઓ બી. એ. ની પરીક્ષામાં પસાર થયા છે એવું પરિણામ જણાયુ હતુ; અને તેથી આઠદસ દિવસમાં કુમુદચંદ્ર ચંપાનગર જવાનો, અને નરેન્દ્ર પોતાના પિતા પાસે નાશક જવાનો વિચાર કરતા હતા. રાજેન્દ્ર પ્રકૃતિમાં સ્હેજ બિગાડ થવાથી આજે વ્હેલો સુઇ ગયો હતો અને મોહિની ઉપર કાંઈ વાંચતી હતી, તેથી ઉપર કહેલાં વિશાળ વિજળિક રોશનીથી પ્રકાશિત દિવાનખાનામાં ચારે પ્રેમીઓજ હતાં; અને કુમુદચંદ્ર અને નરેન્દ્રના આજે પાસ થયાના સમાચારથી બધાં ઘણાજ આનંદમાં હતાં. ચંદ્રાવળાએ કુસુમસુદરીને પિઆનો ઘણા દિવસથી નથી વગાડયો માટે કાંઈ વગાડવાનુ કહ્યું. એટલે નરેન્દ્રે કુમુદચંદ્રને કાંઇ ઇંગ્રેજી કવીતા પિઆનો સાથે ગાવાને કહ્યું. કુમુદચદ્રે "બાયરન" કવીનું નીચેનું ગાયન ગાયુ:—

"Yes, Love indeed is a light from heaven;
"A spark from that immortal fire;
"With angels shared by Allah given,
"To lift from earth our low desire.
"Devotion wafts the mind above,
"But heaven itself descends in love;
"A feeling from the God-head caught,
"To wean from self each sordid thought;

"A ray from Him who found the whole;
"A glory inclining round the soul.

કુમુદચંદ્રને આ ગાયા પછી એક અગાડી જોયલા નાટકમાંનું નેપથ્યમાનું ગાયન સ્મરી આવ્યું અને તે કુસુમસુંદરી અને ચંદ્રાવળીને ગાવાનું કહ્યું:—

"જો જાય છે ઉડી નિશા, ધિમી ધિમી વિતી,
"તારા તણા તેજે લીધુ, અંધારાને જીતી,
"મધુર કંઠ સાથે મળી, ઝીણા વીણા સૂર,
"કાને પડી મનને કરે, હર્ષે થકી ભરપૂર;
"સુતાં છે પ્રાણી સર્વ, શાન્તિપર ધરી પ્રીતિ,
"તારા તણા તેજે લીધુ, અંધારાને જીતી;
"જો જાય છે ઉડી નિશા ધિમી ધિમી વિતી.

નેપથ્યમાના ગાયનો હમેશ સારાં હોય છે અને કોમળ કંઠથી ગવાય છે માટે મધુર હોય છે. તેમાં વળી જેઓની વર્તમાન સ્થિતિનો આખો ચિતાર અણજાણે આપ્યો હોય એવું આ ગીત કુસુમસુંદરી અને ચંદ્રાવળીને કંઠે ગવાયાથી, આસપાસની આખી વાતાવરણમાં જાણે શાન્તિના આંદોલનો દરીઆના એક સરખા અવાજમાં ભળી જવાને મથતાં હોય એમ લીન થતાં માલમ પડતાં હતાં. આ ગાયનની અસરથી થોડીવાર તો ચારે જણ મૌનજ રહ્યાં, અને હવે બધાંની આંખો સ્હેજે નરેન્દ્ર તરફ ફરી કેમકે એણે કાંઇ ગાયું ન હતું, અને તેથી કુસુમસુદરીએ તેને કોઇ ભજન ગાવાને કહ્યું. નરેન્દ્રે નીચે પ્રમાણે શરૂ કર્યું:—

"ખબર નહી એ જુગમે પલકી રે–ખબર નહી એ જુગમે પલકી,
"સુકૃત કરલે–રામ સુમરલે, કો જાને કલકી—
"ખબર નહીં એ જુગમે પલકી—

પણ ખરેખર જાણે "આ જુગમાં પલનીજ ખબર નહી હોય" એ પ્રમાણે રંગમાં ભંગ થયો. પટાવાળાએ એક તાર કુસુમસુંદરીના હાથમાં મુકયો. શ્રીમંતોને ત્યાં ધુળગજાની બાબતમાં પણ તારો સાધારણ હોય છે–તેમ આજે રાજેન્દ્રની તબિયત પણ ઠીક નહોતી, તેથી જો જરૂરનો હોય તોજ તેમને ઉઠાડવા એવો વિચાર કરી કુસુમસુંદરીએ તાર ફોડયો. વાંચનાંવારને હૃદયમાં મ્હોટો ધ્રાસકો પડયો અને ધ્રૂજતે હાથે તાર કુમુદચંદ્રને આપ્યો. કુમુદચંદ્રની મુખમુદ્રા

નિસ્તેજ થઇ ગઇ, નરેન્દ્ર અને ચંદ્રાવળી ચિન્તાતુર થયાં. તાર રાજેન્દ્રને ઉઘાડીને આપ્યો; અને તેમાં જણાવેલી બાબતમાં આમ તાર મુકવાની શી જરૂર હતી તેની કલ્પના પણ તે કરી શક્યો નહીં. મોહિની વિચારમા પડી.

નંદરબારનો મુનસફ ચંદ્રશંકર ચંદ્રનગરનો વતની અને રાજેન્દ્રનો વિદ્યાર્થિદશાનો મિત્ર હતો. ચંદ્રશંકરનો પુત્ર વિદ્યાચંદ્ર વિદ્યાભ્યાસમાં બહુ ઝળકી નીકળ્યો હતો, અને કુમુદચંદ્ર અને નરેન્દ્રની સાથેજ **બી. એ.** મા ગણિત લઈ પ્હેલે નંબરે પાસ થયો હતો. પણ આ બધુ છતાં દિલગીરી સાથે કહેવુ પડે છે કે વિદ્યાચંદ્ર તરૂણાવસ્થાની શરૂઆતમાથીજ પોતાની નૈતિક જીન્દગીમાં શિથિલ માલમ પડયો હતો. તે રંગે ગૌર હતો તથા ઉપલક જોનારને ફુટડો લાગતો હતો, પણ સૂક્ષ્મ દષ્ટિથી અવલોકન કરનારને એના નયનની ચપળતામા કાંઈ હલકાઇ, નીચ વૃત્તિ વિગેરે વિકૃતી દેખાઈ આવે એવું હતું. પોતાની વિદ્યાનુ એને અભિમાન હતુ. અને પોતે ખુબસુરત છે એ વિચારે એના મસ્તિકને એટલુ ભમાવેલુ હતું, કે એ એમજ ધારતો હતો કે જાણે પોતે સાક્ષાત મોહની મૂર્તિ હોય નહી? અને આવા બીજા અનેક મૂર્ખ તરંગોએ તેને, વિદ્વાન હોવા છતા લંપટતાના કુછંદની અધમ ખાઇમા નાખ્યો હતો.

પ્રિય વાચક ! તું જરા મુંઝવણમાં પડશે હઇશ કે એક "વિદ્વાન" મનુષ્ય "અનીતિવાન" કેમ થઈ શકે? પણ એ સમજવું કાઇ કઠિણ નથી. જેમ એક વિદ્વાન મનુષ્ય શરીરમાં નિર્બલ હોઈ શકે—કે જેના દાખલા આપણા આધુનિક કેળવાયલા વર્ગમાંથી સોધવાને કાંઈ શ્રમ કરવો પડે એમ નથી—તેજ પ્રમાણે કોઇ વિદ્વાન મનુષ્ય અનીતિવાન પણ થઇ શકે છે. કારણ કે આપણે જેને "મનુષ્ય" કહીએ છીએ તે તેના, શરીર—લાગણીઓ—મગજ અને આત્માનો બનેલો છે, અને તેમાં "વિદ્વાન" મનુષ્યે માત્ર મગજને કેળવ્યુ છે—અરે કેળવ્યુ નથી પણ માત્ર એક પેટીની પેઠે યાદદાસ્તને કેળવી પોપટિયુ જ્ઞાન તેમાં ભર્યું છે, કે જે પેટી પરીક્ષા આપવામાં તે ખાલી કરી દે છે અને મેળવેલા જ્ઞાનનો બહુજ થોડો પાસ પેટીમાં ચ્હોંટી રહે છે. જેમ એક પુસ્તકાલયમાં પુસ્તકો ગોઠવ્યા હોય છે તેમ તે પુસ્તકોનું જ્ઞાન માત્ર તેના મગજમાં ભર્યું હોય છે. પણ જો તે જ્ઞાન (intellectual culture) શરીર, સુખાકારીના નિયમો જાળવવા (physical

culture) માં–કામ ક્રોધાદિ ઉંધે રસ્તે લઇ જનારા જોસ્સાઓ અને આવેશોને કાબુમાં રાખી, દયા, ક્ષમા, પરોપકાર આદિ ઉચ્ચ લાગણીઓને ખીલવવા (moral culture) માં–અને આત્માનો ઇશ્વર અને ઇતર લોકો તથા મનુષ્યો અને પ્રાણીઓ સાથેનો સબંધ સમજી આપણું તે પ્રમાણે આચરણ કરવા (religious culture) માં, જ્યાં સુધી ન વપરાય–ત્યાં સુધી આપણી કેલવણી પદ્ધતિમાં ખામી છે એમ કહેવાય. ટુંકમાં **મનુષ્યને**–શારીરિક–**નૈતિક**–**માનસિક** અને ધાર્મિક કેલવણીની **એક સરખી રીતે** જરૂર છે અને આ પ્રમાણે જોતાં આજે તો મનુષ્યના એક ચતુર્થાંશનેજ કેળવવામાં વધારે ધ્યાન અપાય છે કે જે કેળવણીને (lop-sided)–એકદેશીજ કહેવાય. દાખલા તરીકે, એક ચાકર આપણે રાખવો હોય તો તે શરીરે બળવાન–અકલમાં ચાલાક–હાથનો ચોખ્ખો અને ઇશ્વરથી ડરીને ચાલનારો હોય તોજ આપણે પસદ કરીએ.

" એલ્યા " કહે છે કે " It is high time to recognise that *in the centre* of *education must stand the religious consciousness leading to the prevalance of moral principles in life* This religious consciousness is not this or that form of religion to which we officially belong more or less, it is not the totality of certain dogmas in various explanations, which frequently screen from us the living religion i e. the free and joyous union of man with God *The religious consciousness is the consciousness of the Divine Principle*, of the divine nature of man and the universe, and this consciousness finds its expression in *an active and loving attitude towards the world.* Its awakening generates the comprehension of the basis of ethics and that is why it must form the corner-stone of education. "

વિદ્યાચંદ્ર પોતાના પિતાના સંબંધને લીધે કોલેજમાં હતો ત્યારે રાજેન્દ્રને ત્યાં વર્ખતો વખત આવતો જતો હતો, અને રાજેન્દ્ર અને

મોહિની તેને યોગ્ય સત્કાર કરતાં હતાં-અને વારતેહેવારે જમવાને પણ આમંત્રણ આપતાં હતાં. કુસુમસુંદરીના પ્રથમ દર્શનેજ વિદ્યાચંદ્રના નીચ હૃદયમાં દુષ્ટતાનો દીપક પ્રકાશિત કર્યો-અને અંધ વિદ્વાને અધમ સંકલ્પની ગાંઠ વાળી. કુમુદચંદ્ર અને નરેન્દ્ર ઘણું કરીને ચંદ્રનગરથી બ્હારજ ઘણું કરીને રહ્યા હતા એટલે વિદ્યાચંદ્ર સાથે કાંઈ પ્રથમ ઘણો પરિચય નહતો, અને તેથી રાજેન્દ્રને ત્યાં ઓળખાણ થવા પછી અને કૉલેજમાં સાથે છતાં પણ તેઓને તેની સાથે કાંઈ બહુ પ્રસંગ ન હતો-તેમ આવી રીતે સ્વભાવમાં ઘણી ભિન્નતા હોવાથી બહુ "મળતી રાશ" પણ ન હતી. તે છતાં પણ વિદ્યાચંદ્ર પોતાના દુષ્ટ ઉદ્દેશને લીધે .તેઓની સાથે મિત્રતા ગાઢ કરતો ગયો, અને કાંઈ કાંઈ નિમિત્તે તેઓની પાસે વધારે જવા માંડયુ. આમ હોવાથી તેઓને એની રીતભાતમાં કાંઈ અસ્વાભાવિક (unnatural) જેવુ લાગતું ન હતું.

વિદ્યાચંદ્રને માટે કુસુમસુંદરીએ, નવા માણસથી થતો સંકોચ ધીરે ધીરે મુકયો હતો, અને તેને ઘરના માણસ તરીકે ગણવા લાગી હતી. વિદ્યાચંદ્રને એમ ફાંકો હતો કે એની વાત કરવાની છટા ઘણી સારી હતી, અને તેમા હાસ્યજનક ટુચકાઓથી લોકો ઘણા પ્રસન્ન થતા હતા કે જે વાત કેટલે દરજ્જે ખરી પણ હતી. આ કુચીથીજ તે કેટલીક ભોળી સ્ત્રીઓના મન પીગળાવી શકયો હતો, અને તેજ શસ્ત્ર કુસુમસુંદરી સ્હામે પણ વાપરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ઘણી વખતે ખેંચી તાણીને ગમે તેમ કરીને તેની સાથે પ્રસંગો લાવી કંઈ કાંઇ પ્રશ્નો કરતો હતો, અને નિર્દોષ કુસુમસુંદરી ભોળવાઇને કે મર્યાદા ખાતર ટુંકા જવાબ આપતી હતી, અથવા હાસ્યજનક પ્રસંગોમાં મંદસ્મિત કરતી હતી. આ ઉપરથી વિદ્યાચંદ્રને એમ લાગતું કે એનુ તીર બરાબર જગ્યાએ લાગ્યુ છે-કુસુમસુંદરી એના પર પ્રેમ રાખે છે. **कामीस्वतांपश्यति** તે પ્રમાણે નિર્દોષ લલનાના નિર્મલ કટાક્ષને-સહજ મંદહાસ્યને-વિવેક વાણીને, અધમ હૃદયે ઉત્તેજક ચિન્હો ગણ્યાં. સૂર્યપ્રકાશ જેવા કાચદ્વારા જોઇએ તેવા રંગનોજ દેખાય છે-તેમ સંસારના ઘણા વિષયોમાં કે જેમાં આપણા સ્વાર્થી સુખનો અભિલાષ અંતરમાં હોય છે, ત્યાં ઘણું કરી આપણે આપણુંજ પોતાનું કલ્પિત પ્રતિબિંબ જોઇએ છીએ.

આ પ્રમાણે હવે કુસુમસુંદરી સાથે એકાન્ત મુલાકાતનો પ્રસંગ

મેળવવો એજ તેનો પ્રયાસ હતો કે જેમાં ઘણાં યત્નો કરવા છતાં તે નિષ્ફળ થતો હતો, કેમકે ચંદ્રાવળી કુસુમસુંદરીથી કવચિતજ છુટી રહેતી હતી. આમ છતાં વિદ્યાચંદ્ર બી. એ. ની પરીક્ષામાં પાસ થયો તે પ્હેલાં પાંચ સાત મહિના પર એક દિવસે કૉલેજમાં ગયો અને કુમુદચંદ્ર અને નરેન્દ્ર ત્યાં છે એમ નક્કી કરી, હાઇકોર્ટમાં રાજેન્દ્રને જોયો. આ ત્રણ વિઘ્નો દુર થયાં એમ ધારી હવે ચંદ્રાવળી અને મોહિનીનીજ અડચણ બાકી રહી. આશા મનુષ્ય હૃદયને પૂર્ણ નિરાશામાં પણ એકવાર યત્ન કરવાને પ્રેરે છે, અને સ્વાર્થ પોતાને અનુ--કૂલજ સંભવની કલ્પના કરે છે. આ પ્રમાણે વખતે ચંદ્રાવળી અને મોહિની કંઈ બ્હાર ગયાં હશે, અને કુસુમ એકલીજ ઘરમાં હશે એમ ધારી " કુસુમ વિલા " તરફ તુરત ગયો.

બપોરનો એક વાગ્યો હતો અને અનાયાસે વિદ્યાચંદ્રની બધી કલ્પનાઓ ખરી પડી. વિશાળ ભવ્ય દિવાનખાનામાં કુસુમસુંદરી " કુસુમમાળા " માંના કોઇ મધુર કાવ્ય—કુસુમની સુગંધ લેતાં તેમાં લીન થઈ, એક રેશ્મી કોચપર હમણાં મીઠી નિન્દ્રાને પામી હતી; અને " કુસુમમાળા " હૃદયપર ઠરી રહી હતી—તેના શ્વાસોશ્વાસમાં ઉંચી નીચી થઇ આ ઉચ્ચ સ્થાન પામી આનંદ અનુભવતી હતી—વિદ્યાચંદ્રની વિકારી દૃષ્ટિમાં ઈર્ષાનું ઝેર ભેળવાની રાહ જોતી હતી. મધ્યાનનો સૂર્ય ઉંચી ઉર્મિઓમાં ઉછળતા સમુદ્રના અનંત જળમાં પ્રતિફલિત થઇને તેના તેજસ્વિ કિરણોનો પ્રકાશ—જાણે પોતાની હિમ્મત ન ચાલતી હોય અથવા પોતાના ઉષ્ણ કિરણો કોમળ બાળાને અસહ્ય થઇ પડશે એમ ધારી—તેઓને નિર્બલ બનાવી—આ જળ—પ્રતિનિધીદ્વારા કુસુમસુંદરીના ગૌર મુખપર પાડી તેને ઢોળ ચ્હડાવતો હતો.

આવે સમયે વિદ્યાચંદ્ર દિવાનખાનામાં દાખલ થયો અને તેના પ્રથમજ દૃષ્ટિપાતે તેને નિંદ્રાવશ કુસુમસુંદરીને ઉપર વર્ણવેલી દશામાં દેખાડી—વિદ્વાન મુર્ખે પોતાનો ઇચ્છિત અર્થ મળ્યો જાણી રોમહર્ષ અનુભવ્યો—અને બ્હીતાં બ્હીતાં આમ તેમ જોવા લાગ્યો. વિદ્યાચંદ્ર ! શા માટે તને ભય લાગે છે ? પોતે કાંઈ અઘટિત કાર્ય કરે છે એની પ્રતીતિજ હૃદયમાં ભય ઉત્પન્ન કરે છે. જો પવિત્ર હૃદયે આવ્યો હતે તો આમાંનું કશું પણ ન થતે. મ્હોટા આરોપો—મહાન સંકટો—નીચ

તરફટોમાં પણ મનુષ્ય હૃદયની નીડરતા-નિર્ભયતા, એજ તેની નિર્દોષ-તાની સંગીન સાક્ષી પુરે છે.

તરતજ ધીમે પગલે બુટનો મુલાયમ ગાલીચાપર ઘસારો ન થાય એમ તે કોચની સમિપમાં ગયો. કુસુમસુંદરીની લલિત મૂર્તિ સ્હામું જોઇજ રહ્યો-સ્તબ્ધ થયો. શિરાઓમાં લોહી જોપભેર વ્હેવા માંડયુ-હૃદય સઉદ્વેગ ઉછળવા માંડયુ-અને તે જાણે દૈવી મૂર્તિના ધ્યાનમાં લીન થયો હોય એમ, પોતે ક્યાં ઉભો છે-શુ કરે છે તેનુ ભાન ભુલી ગયો. પણ તુરતજ એકાએક આ મોહ સમાધીમાંથી જાગ્રત થયો, આમ તેમ જોવા લાગ્યો, અને હવે કોઇ આવી પડશે અને હાથ આવેલી બાજી બગડી જશે જાણી કુસુમસુદરીને સ્પર્શ કરી ઉઠાડવાને દુષિત હાથને લાંબો કર્યો.

કુસુમસુદરીની એક પાળેલી ઈરાની મ્હોટા વાળવાળી બિલાડી હતી તે કાંઈ આ વખતે વાડીમા ફરતી હતી, એટલામા સડકપરથી કોઇ ઇંગ્રેજ જતો હતો તેનો શિકારી કુતરો તેને જોઇ કે તરતજ તેની પછાડી દોડયો. આથી બિલાડી પુરજોપથી ફાળ ભરી, પોતાની શેઠાણી કુસુમસુદરી જ્યા સુતી હતી ત્યા વિદ્યાચદ્ર જેવો તેના અ-ગને સ્પર્શ કરવા જતો હતો, તેજ ક્ષણે દોડતી આવી, કોચ ઉપર ચ્હડી, અને કુસુમસુદરીની બાજુમાં ભરાઇ ગઇ.

સૃષ્ટિમા કેટલાક બનાવો જોઇ મનુષ્યના મનને એમ સહજ પ્રશ્ન થાય છે કે તેઓ આ વિશ્વરચનામા શામાટે નિર્માણ થયા હશે? પણ તેઓની નિર્જીવતામાં વિશ્વનિયતાએ શાશા ગૂઢ ભેદો રાખ્યા હશે તેની તેઓને કાંઇ કલ્પના પણ થઈ શકે નહી. માત્ર એક કુતરો બિલાડી પછાડી દોડે અને તેથી એક પવિત્ર બાળા અપવિત્ર સ્પર્શથી દુષિત થતી અટકે! આ પ્રમાણે નિર્જીવ વસ્તુઓ-બનાવોનો પણ કુ-દરત કે પ્રભુ પોતાના કાર્યમા ઉપયોગ કરે છે. માત્ર મનુષ્ય હૃદયની તેઓની ઉપયોગિતાની અજ્ઞાનતાજ તેઓને નિર્જીવ ગણે છે.

આવા આકસ્મિક બચાવો અને સહાયોમાં સાધારણ માન્યતા એવી છે કે "એનુ પુણ્ય આડે આવ્યુ" અથવા "પ્રભુએ એની લાજ રાખી" ખરેખર "પુણ્યજ આડે આવે છે" અને "પ્રભુજ લાજ રાખે છે." પણ જ્ઞાની માણસ જાણે છે કે એ કાર્યને માટે પણ વિશ્વરાજ્યમાં એક ખાતું છે કે જેના પણ નિયામક દેવતાઓ છે. એ કાર્ય તે દેવો અમુક નિયમોથી ચલાવે છે અને જેને આપણે

વિષ્ણુ અથવા શિવના ગણો—અથવા બીજા ધર્મોમાં ફિરસ્તા—Angels—દેવો અથવા (Invisible Helpers) અદૃશ્ય સહાયકો કહે છે તેઓ દ્વારા આ કાર્ય થાય છે. જેમ રસ્તાપર કાંઈ ગોધાટ થાય—અશાન્તિ થાય તો તરત આપણું ધ્યાન ત્યાં ખેચાય છે—પોલિસ ત્યાં દોડે છે; જેમ ગળ્યો પદાર્થ કોઈ જગ્યાએ મુકયો કે કીડીને તુરત ખબર પડે છે; જેમ ફળને છોલ્યું કે મગતરૂ તુરત પોતાનો દેખાવ દેછે; અને જેમ ગોળ દેખી માખી ગમે ત્યાથી આવે છે—તેમ માત્ર (affinity) કોઇ અદૃશ્ય સંબધથી, સકટમા આવેલા લાચાર મનુષ્યની "આંતરડીનું કકલાણ" આ સહાયકો સાભળે છે—અરે, સકટ આવવા પ્હેલાં ત્યા તેઓની તૈયારી હોય છે, અને તેઓ તુરત તેમા ઘટતા ઉપાયો યોજે છે. આ પ્રમાણેજ નાટકો, નવલકથાઓ વિગેરેમાં અણીને સમયે સંજોગો એકદમ બદલાઈ જાય છે—"સત્યનો જય થાય છે." અને જો આ રીતે "ગરીબનો બેલી પરમેશ્વર" છે એ વાત સાધારણ મનુષ્યના દૃષ્ટાન્તમા આ "સહાયકો" દ્વારા ખરી પડે છે તો—જે પ્રભુ કહે છે કે "હુ ભક્તોને આધીન છું" તે પ્રભુ જાતે પોતાના પ્રિય ભક્તોને સકટમાથી બચાવવા માટે પોતે પરિશ્રમ કરે—અવતાર લે—એ વાત પણ બધબેસતી ઠરે છે.

આવી અદ્રષ્ય સહાય માત્ર દેવતાઓ અને તેના ગણોજ કરે છે એટલુજ નહી, પણ દેહ છોડેલા મનુષ્યો અને નિદ્રાવશ થયલા દેહધારી પણ કરે છે. દેહધારીઓનુ સૂક્ષ્મ શરીર (astial body) ઉઘ્યા પછી સ્થૂલ શરીરથી છુટું પડે છે. અને તેથીજ સાધારણ માન્યતા છે કે "ઉઘતા માણસને એકદમ જગાડવો નહીં—" કેમકે તે વખતે તે શરીરથી ઘણો આઘો હોય, અને પાછા ફરવાના આચકામાં તેનો અને શરીરનો સબંધ વખતે મુશ્કેલીમાં આવે કહે છે કે આવા સહાયના કાર્યો આપણે પણ અજાણે ઉઘમાં કરતા હઇશુ, પણ તેની દૃઢ છાપ સ્થૂલ મગજપર બરાબર નહીં પડવાથી તે આપણે યાદ નથી રહેતાં. પણ એ ગમે તેમ હોય તોપણ આટલુ તો નક્કીજ છે કે જેને જાગૃત અવસ્થામાં પરોપકાર—જનસેવા કરવાની અથવા ઉપકારશીલ—obliging—થવાની ટેવ હશે તેજ સ્વપ્નમાં પણ તેમ કરી શકશે; માટે જેની ઇચ્છા—*Invisible* Helpers—અદૃશ્ય સહાયક થવાની હોય તેણે પ્રથમ—*Visible* Helpers—દ્રશ્ય સહાયક

થવુંજ જોઇએ. યોગીઓ અને તેના શિષ્યો આ કાર્યો હમેશાં કરે છે અને "ટાઇટેનિક" જેવા અકસ્માતો–તોફાનોમાં અકાળમૃત્યુ પામેલાઓને તેઓ અતિ ઉપયોગી થઈ પડે છે. જેમ નવા દેશમાં ગયલાઓને ભોમિયાઓ (guides) મદદ કરે છે, તેમ આપણો મૃત્યુલોક છોડીને પ્રેત અથવા પિતૃલોકમાં દાખલ થયલા મનુષ્યોને આ "અદૃશ્ય સહાયકો" ઘણા કામ લાગે છે. જેમ વિષ્ણુના તરફના ગણો–સહાયકો—દેવો અકસ્માતમાં બચાવવનું કાર્ય કરે છે, તેમ રૂદ્રના તરફના ગણો–અસુરો અકસ્માત તરપ કમનશીબ જીવોને દોરવવાનુ કાર્ય કરે છે. અને તેથીજ કહેવાય છે કે **देवानां दानवानां च सामान्यमधिदैवतम्**–પ્રભુના હુકમ વિના એક પાંદડુ પણ હાલતું નથી.

આ અણુચિન્તવ્યા બનાવથી વિદ્યાચંદ્ર, જાણે વિજળીનો ધક્કો લાગ્યો હોય નહી, એમ લાંબો કરેલો હાથ પાછો ખેંચી લઇ એકદમ પાછો હટયો, અને બિલાડીને હજાર શ્રાપ દેવા લાગ્યો. તુરત કુસુમસુંદરી જાગી. તેના કમળની સુંદર પાંખડી જેવાં પારદર્શક પોપચાંઓ ઉઘડયાં, અને વિદ્યાચંદ્રને આવી આકળી દશામા ઉભેલો જોઇ છળી એકદમ બેઠી થઈ. "વિદ્યાચંદ્ર ? આ વખતે ? અત્રે કેમ ? આવી આકળી દશામાં ? હુ જાગી શાથી ? એનો શુ હેતુ હશે ?–ચંદ્રાવળીને બોલાવું ? એકાન્તમાં ?–કોઇ જોશે તો ?"–વિગેરે અનેક વિચારો માત્ર ચ્હોંટી જતાં નાજુક પોપચાંને ચોળીને ઉઘાડવાને યત્ન કરતા, એક ક્ષણમાં તેના વ્હેમાયલા મનમાંથી વહ્યા, અને એકદમ પણ વિનયથી બોલીઃ–" વિદ્યાચંદ્ર ! કેમ હમણા આવવું થયુ ? કેમ અસ્વસ્થ દેખાવ છો ? "

વિદ્યાચંદ્રે સ્વસ્થ થતાં જવાબ આપ્યોઃ—" ના ! એ તો જરા ઉતાવળે આવ્યો તેથી શ્વાસ ચ્હડયો છે. આ તો સ્હેજ કોઇને મળવાને આ બાજુપર આવ્યો હતો, અને માતુશ્રીનો પત્ર આવ્યો હતો તેમાં મોહિનીકાકીને યથાયોગ્ય લખ્યા હતા, તેથી મે ધાર્યું કે તેઓ હોય તો મળતો જાઉં. એટલામાં સિપાઇએ કહ્યું કે તેઓ ઘરમાં નથી પણ તમે છો, એટલે તમને કહેતો જાઉં એમ ધારી અત્રે આવ્યો. "

" હા ! મોહિની તો હમણાંજ થોડો વખત થયા કુકસાહેબની મડમને મળવા ગઈ છે. "

" ચંદ્રાવળી કંઈ નથી જણાંતાં ? "

"તેનું જરા શરીર ઠીક નથી એટલે સુતી છે. મોહિનીને તો આવતાં

વાર લાગશે માટે તેમને તમારા માતુશ્રીના યથાયોગ્ય કહી દઇશ. તમે અમસ્તા શું કરવા રોકાઓ છો ?"

વિદ્યાચંદ્રે જાણ્યું કે કોઈ પણ વિઘ્ન હવે એના માર્ગમાં રહ્યું નથી, એટલે જરા પાસે જઈ કહ્યું;—" પ્રિય કુસુમસુંદરી ! તમારો એકાન્ત મેળવવાને માટે ઘણા દિવસથી આ તમને અર્પણ કરેલું હૃદય કેટલું આતુર "—

" એકાન્ત ? મ્હારી સાથે એકાન્ત ? વિદ્યાચંદ્ર શું મોહિનીને યથાયોગ્ય કહેવાને બ્હાને તમે મને ઠગવા આવ્યા છો ? એકાન્ત ! એ શબ્દ ફરીથી મ્હારી સ્હામે બોલશો માં. તમારે કામ હોય તો બેસો—મોહિની હમણા આવશે."

મનુષ્યનું મ્હોડું એ તેના હૃદય અને મનની સ્વચ્છતા અથવા અસ્વચ્છતા જોવાની આરસી છે. અને તેથી માણસ જીભે ગમે તેવી ડાહી વાતો કરે તોપણ તેનો ચ્હેરો તેને ઘણીવાર ફસાવી દેછે. જેઓને સૂક્ષ્મ શરીર અને Aura—શરીરની આસપાસનું ઓજસ જોવાનો અભ્યાસ હોય છે, અથવા તો જેઓને Sensitives અથવા psychic—સૂક્ષ્મ દૃષ્ટિવાળા મનુષ્યો કહે છે—તેઓ મનુષ્યોની ઉર્મિઓ (emotions) અને વિચારો (thoughts) પણ જાણી શકે છે. આ પ્રમાણે બધાં સાધારણ મનુષ્યો નથી જોઈ શકતાં, તોપણ અતિ નીચ કૃત્ય કરનારા તરફ કંટાળો—repulsion—અને અતિ પવિત્ર મનુષ્ય—સાધુસંત તરફ ખેંચાણ—attraction—સ્વાભાવિક રીતે થાય છે, એ વાત ઘણાના અનુભવમાં ઓછીવત્તી આવી હશે. આ પ્રમાણે કુસુમસુંદરીને વિદ્યાચંદ્રની રીતભાત કાંઈ સારી ન લાગી. કંઇક વ્હેમાઇ અને તેથી ધ્રુજતે હૃદયે ધ્રુજતે પાયે—તેણે ચાલવા માંડ્યું. આવી રીતે વિમાનના પામ્યા છતાં પણ તે ઉપલું વાક્ય ઘણીજ સભ્યતાથી બોલી હતી, કે જે સભ્યતાએ અધમ હૃદયમાં જુદોજ આભાસ પાડ્યો. વિદ્યાચંદ્રને એ તો ખાત્રીજ હતી કે કુસુમસુંદરી એનાપર પ્રેમ રાખે છે, કેમકે પોતે રૂપ, ગુણ અને વિદ્યામાં સંપૂર્ણ નમુનારૂપ છે; અને તેમાં આવી સભ્યતાભરી વાણીથી એને એમજ લાગ્યું કે એ તો સ્ત્રીઓના સ્વભાવ પ્રમાણે અમસ્તી માન ખાય છે—જુઠી મર્યાદા—modesty છે. શી સ્વભાવની ભિન્નતા !

આથી " પ્રિય કુસુમ ! આમ શા માટે મને દુભવે છે ? "—એમ

બોલી વિદ્યાચંદ્ર–ચાલવા જતી કુસુમનો હાથ પકડવાનો યત્ન કરતો પછાડી ગયો. કુસુમસુંદરીનું અંતર એકદમ ધડકવા લાગ્યું–ગાલ તથા કપાળ પર લાલ રંગ ઝળકી ઉઠયો–આંખોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો, અને જાણે દૈવી સહાય મળી હોય એમ તુરત પાછી ફરી, "વિદ્યાચંદ્ર ! ખબરદાર," એમ બોલી હાથ લાંબો કરી–પ્રથમ આંગળી–તર્જનીથી દરવાજા તરફ ઇશારો કર્યો. જેમ ચાંપ દબાવતાં–બંદુકની નળીમાંથી ગોળી નીકળે, તેમ આ નિશ્ચય બળની ચાવી દબાવ્યાથી–મુખરૂપી બંદુકની નળીમાંથી "ખબરદાર" એ શબ્દની ગોળી વિદ્યાચંદ્રના હૃદયપર વાગી હોય–અથવા તો જેમ સિદ્ધપુરૂષની જાદુઇ લાકડી ઉંચી કર્યાથી એક બળવાન લશ્કરની કુચ અટકી જાય–તેમ કુસુમસુંદરીના લાંબા કરેલા હાથમાંની આંગળી અને અચળ દૃષ્ટિથી વિદ્યાચંદ્રના પર સ્તંભન મંત્રના જેવી અસર થઇ તે સ્તબ્ધ થઇ ગયો. કયાં એક બળવાન પુરૂષ અને નાજુક બાળા? **પણ જ્યાં આત્મબળ–પવિત્રતા અને દૃઢ નિશ્ચય છે, ત્યાં પ્રભુ પોતાનું બળ મુકે છે.** અને તેથી બધી પાર્થિવ શક્તિઓ કરતાં શુદ્ધ **ઇચ્છાશક્તિ**–Spiritual Will–force–અધિક બળવાન છે.

વિદ્યાચંદ્ર પાછો હઠયો કેમકે તેને હવે કુસુમસુંદરીના ક્રોધમાં સત્યતા ભાસી–મ્હોટી ભુલ થઇ એમ લાગ્યુ. પોતાની ફજેતીનો ભય તેના મસ્તકમાં તોફાની વાયુની પેઠે ઉત્પન્ન થયો, અને તેના હૃદયને ડોલાવવા લાગ્યો. એકદમ પગ ધ્રુજવા લાગ્યા. કાંઈ બોલવાનો પ્રયત્ન કરતો હતો તે જોઈ કુસુમસુંદરીએ કહ્યું:–" વિદ્યાચંદ્ર ! કૃપા કરી અત્રેથી એકદમ ચાલ્યા જાઓ. જો હવે એક શબ્દ પણ વિશેષ બોલશો તો સિપાઇને બોલાવીશ. જાઓ."

વિદ્યાચંદ્રે ઘણુંજ પ્રયત્ને કહ્યું:—" પણ–પણ–મોહિનીકાકી–એમને—એમને આ કહેશો નહી—તો—"

"ઠીક છે. જાઓ ચાલ્યા જાઓ નહી કહું પણ હવે પછી તમારૂં કાળુ મુખ મને ફરીથી નહી બતાવશો."

સત્યભાષિણી કુસુમસુંદરીએ પોતાથી અણજાણતા લેવાઈ ગયલી પ્રતિજ્ઞા પ્રમાણે અથવા તો વિદ્યાચંદ્રપર માત્ર દયા આવવાથી, આ વિશે એક શબ્દ પણ કોઇને કહ્યો નહી. વિદ્યાચંદ્રને, કુમદચંદ્ર

અને નારેન્દ્રની પોતા તરફની વર્તણુકપરથી નિશ્ચય થયો, કે કુસુમસુંદરીએ કોઇને પણ એ વિશે વાત નથી કરી. તેથી મોહિની વિગેરેને કાંઈ વ્હેમ ન આવે, માટે પ્રથમ પેઠે આવવું જવું તેણે જારી રાખ્યું હતું; પણ કુસુમસુંદરીની સ્હામે એ દૃષ્ટિ પણ ન કરતો હતો, તેમ કુસુમસુંદરી એની સમિપમાં આવવાને પ્રસંગ પણ આવવા ન દેતી હતી.

વિદ્યાચંદ્ર **બી. એ.** ની પરીક્ષા આપી પોતાના પિતા પાસે નંદરબાર ગયો; પણ હજુ પણ કુસુમસુંદરી તરફનો મોહ અને તેને પરિણામે થયલા અપમાનથી સળગેલો કીનો, તે હૃદયમાંથી યત્ન કર્યા છતાં પણ નજ કહાડી શક્યો. અને વિચાર કરતાં મોહ અને કીનો બન્ને એકે સામટા શમે એવી યુક્તિ તેને જડી આવી. **બી. એ.** સુધી તે આવી પ્હોંચ્યો હતો અને પાસ થવાની પૂર્ણ આશા હતી. એટલે એના પિતાએ ધીરે ધીરે કોઇ કન્યાને માટે સોધ કરવાને વિદ્યાચંદ્રની માતાને કહ્યું હતું. અને હમેશાં મ્હોટાં પુત્રપુત્રીને પિતા કરતાં માતા આગળ આમન્યા ઓછી રહે છે—જેથી વિદ્યાચદ્રે જેવો પિતાનો વિચાર જાણ્યો કે માતાને કુસુમસુંદરી સાથે બને ત્યાં સુધી ગોઠવણ કરવાનુ કહ્યું. ચંદ્રશકરને પણ ગમ્યુ કેમકે કન્યાનાં આખી ન્યાતમાં બહુ વખાણ થતાં સાંભળ્યાં હતાં, તેથી રાજેન્દ્રને લખવાનો વિચાર કરતો હતો.

સ્વાભાવિક રીતે વૃદ્ધાવસ્થાને લીધે—દેવેન્દ્ર—સીતા અને લક્ષ્મી, રાજેન્દ્રની એકની એક છોકરીના લગ્ન જોવાનો લ્હાવો લેવાને આતુર હોયજ; અને તે પ્રમાણે થોડો વખત થયાં એ બાબતનો તેઓ આગ્રહ કરતાં હતાં તે છતાં રાજેન્દ્ર માનતો નહતો; કેમકે એકતો તેને કુસુમસુદરીને મેટ્રીકયુલેશનમાં મોકલવી હતી, અને બીજું છોકરીઓનાં લગ્ન બને ત્યાં સુધી ૧૪ થી ૧૬ સુધી થાય તો સારૂં એવો તેનો વિચાર હતો. એ માનતો હતો કે તેથી છોકરીઓને કાંઇક વિદ્યાભ્યાસનો વધારે વખત મળે—શરીર વધારે પોષાઈ આરોગ્ય પ્રજા ઉત્પન્ન કરવાને શક્તિવાન થાય—અને વરસ બે વરસના વિલબને લીધે, જન્મારાને માટે તે ક્ષય કે હાસ્ટિરિયાના રોગમાંથી બચે. પણ હવે તો રાજેન્દ્રના મત પ્રમાણે કુસુમસુદરી મેટ્રીકયુલેશનમાં પાસ થઈ હતી, અને શરીરે પણ આરોગ્ય અને સૌંદર્યમાં વધી તેની ધારેલી વયમાં આવી હતી, એટલે મોહિની પણ તેને માટે યોગ્ય વરની

ચિન્તામાંજ રહેતી હતી—કેમકે કેળવાયલી કન્યાને માટે તેના યોગ્ય જ વર જોઇએ. કુમુદચંદ્ર મોહિનીના મનમાંજ-હતો, કેમકે ન્હાનપણથી તેને જાતે ઉછેર્યો હતો—કુસુમસુંદરી સાથ તે હળી ગયો હતો—અને ભણેલો તથા લક્ષ્મીવાન છતાં માત્ર વૈકુંઠબાને લીધે એની સાથે સંબંધ ન થાય એ મોહિનીને બહુજ દુખી કરતું હતું. બીજી ગમે તે અડચણ હતે તો પણ કુમુચન્દ્રનેજ કુસુમસુંદરી આપતે, પણ બિચારી બે નિર્દોષ વહુઓને વૈકુંઠબાના હાથથી પરાભવ પામતી એણે પોતાનીજ આંખે જોઇ હતી, તેથી "હાથમાં દીવો લઇને તો કુવામાં નજ પડવું"—એવા દુઃખદાયક નિશ્ચયપર અંતે તે આવી હતી. આથી તેણે દેવેન્દ્ર—સીતા—લક્ષ્મી વિગેરેને ચંદ્રનગરમાં કોઇ યોગ્ય વર હોય તો તપાસ રાખવાને કહ્યું હતું.

ઘણા વરો ગણાવવા લાગ્યા અને એવી ગપ કોઇએ ચલાવી કે ફલાણા સાથે નવાણું વસા નક્કીજ છે. આ વિશે સ્હેજ કોઈ સંબધીએ ચંદ્રશકરને નંદરબાર એક નવી ખબર તરીકે લખ્યુ. ચંદ્રશંકર કેટલા દિવસ થયાં રાજેન્દ્રને લખવાનો વિચાર કરતો હતો તે આ જાણી પસ્તાયો; અને વળી આજેજ વિદ્યાચંદ્ર બી. એ. માં પ્હેલે નબરે પસાર થયાની ખબર મળ્યાથી—સોમાં બાકી રહેલા એક ટકાનો લાભ લઈ—રખેને કોઇની સાથે નક્કી થઇ જાય એ ભયથી—તેજ દિવસે તેણે તાર કર્યો હતો, કે જેણે ગઇ રાત્રિએ ઝામેલા સગીત રગમાં ભંગ પાડ્યો હતો. તેમાં માત્ર એટલુજ લખ્યુ હતું કે "કુસુમસુંદરીના સગપણને વિશે કાંઈ નક્કી કરશો નહીં. પત્ર બીડ્યો છે." રાજેન્દ્ર અને મોહિની, ચદ્રનગરમાં ચાલતી ગપથી અજાણ્યા હોવાથી આવે સમયે આ બાબતમા તાર મોકલવાની શી અગત્ય હતી તેનું નિરાકરણ કરી શક્યા નહતાં અને માત્ર જરા વિચારમાંજ પડયાં હતાં. પણ આવો તાર કુમુદચંદ્રને અને ખાસ કુસુમસુંદરીને કેવી અસહ્ય વેદના કરે, એતો પ્રિય વાચક ! તું સ્હેજ સમજ્યો હશે—કેમકે એક પલકમાં ચતુર કુસુમસુદરી વિદ્યાચંદ્રનું આખુ કપટ ચોપટ સમજી ગઈ હતી.

કુમુદચંદ્રની રાત્રિ બેચેનીમાં ગઈ પણ કુસુમસુદરીને તો આંખ મીચ્યા વિના તરફડીઆંજ મારી સ્હવાર પાડવી પડી. પોતાને વિમાનના કરનાર પશુવત્ વિદ્યાચંદ્ર સાથે શું આખી જીંદગી ગાળવી પડશે—એ વિચારે તેને ઘેલી કરી નાખી. તે તુરત સ-

મજી ગઈ હતી કે આજ રસ્તે વિદ્યાચંદ્રે એક પથરે બે પ-ક્ષીઓને મારવાનું-મોહ અને વેર—ઉભય આવેશોને સાધવાનું ધાર્યું હતું.

વિદ્યાચંદ્ર ! ધુળ પડી ત્હારી વિદ્યામાં. શું આ ત્હારા કુસુમસું-દરી પ્રત્યેના ભાવને તું પ્રેમ કહે છે. પ્રેમનું મુખ્ય સ્વરૂપ પ્રેમપાત્રને માટે ઘસાવું, તેને સુખ આપવામાં સુખ માનવું–ટુંકામાં "આપવું" છે અને નહી કે "લેવું." ત્હારો તો ચોખ્ખો સ્વાર્થ છે. સ્વાર્થ નહીં તો શું ? કેમકે પ્રેમપાત્ર તરફ "કીનો–વેર" હોયજ નહીં. ત્યાં તો "ક્ષમા–દયાજ" હોય. ખરેખર આધુનિક માનસિક કેળવણી ધર્મ અને નીતિની કેળવણી વિના–હૃદયની કેળવણી વિના–અધુરી છે. विद्या धर्मेण शोभते–વિદ્યા ધર્મથીજ શોભે છે. વિદ્યાચંદ્ર ! ત્હારી વિદ્યા સાથે વેરનુ ઝેર–અધર્મ નથી શોભતો. કુસુમસુંદરી તને ખરેખર વ્હાલી છે તો તે ત્હારી ન થાય તો પણ ત્હારો તો તેને આશિર્વાદ મળવો જો-ઇએ. એક ભક્તજન કહે છે કે:—

"વ્હાલી વ્હાલી કહો છો–પણ તે વ્હાલી તમને વ્હાલી છે?
"વ્હાલીનાં વાલી થઈ કરશો, ખરી રખેવાલી કે ?

આ પ્રમાણે પ્રેમપાત્રને માટે કાંઇપણ "સહન કરે" તેજ ખરો પ્રેમી.

આગલે દિવસે ગાડામાં મ્હોટી મુસાફરી કરી હોય–અથવા તો કોઇએ સખત માર માર્યો હોય–તે પછીની થતી શિથિલતા અને સુસ્તી સાથે કુસુમસુદરી પ્રભાતમાં ઉઠી, અને પળેપળે ચંદ્રશંકરના પ-ત્રની–ટપાલના પટાવાળાની રાહ જોવા લાગી. આખરે પત્ર આવ્યો જેમાં ચંદ્રશંકરે તાર કરવાનુ કારણ સમજાવી–ઘણી નમ્રતાપૂવક વિ-ધાચદ્રને માટે કુસુમસુંદરીની માગણી કરી હતી. અને છેવટે લખ્યું હતું કે:—"વિધાચદ્રનો તમને બધાંને જાતી અનુભવ છે માટે તે વિશે કાંઈ વધારે લખવાની અગત્ય નથી. આ સંબધથી આપણી મિત્રતા આપણા વંશજોમાં એવું નવું રૂપ લઇ સજીવન રહેશે–અને હું કુસુમસુંદરી જેવી સુજ્ઞ–કેળવાયલી કુલવધુ મેળવી, મ્હારી જાતને ઘણો ભાગ્યશાળી ગણીશ."

પત્ર રાજેન્દ્રે વાંચી મોહિનીને આપ્યો. મોહિનીએ વાંચ્યો અને કાંઇક સ્મિત કરી બોલીઃ–"ઘર સારૂં છે–વર સારો છે અને ભણેલો છે–અને સૌથી વધારે તો વિદ્યાચંદ્રની મા, એ લાખ રૂપિઆનું માણસ

છે. વળી ચંદ્રશંકર તમારા મિત્ર છે. આવો બધો સંજોગ હાલમાંતો બીજે મળે એમ દેખાતું નથી; અને આપના વડીલોને પણ હવે ઉતાવળ છે માટે જો આવું માગું આવ્યુ છે—તો ઇશ્વરનો ઉપકાર માની એતો “ કરો ગણેશ. ” અને એમનો તાર આવ્યો છે અને ખોટી અફવાઓને લીધે ઉત્તર જાણવાને ઘણા આતુર હશે માટે આજેજ તાર કરી દો. ” આ પ્રમાણે કુમુદચંદ્ર કરતાં કાંઈ વિદ્યાચંદ્ર ઉતરે એવો નથી એમ ધારી મોહિની આનંદ પામી, અને રાજેન્દ્રે કોરટ જતાં પ્હેલાં ચંદ્રશંકરને સબંધ કબુલ કરવા વિશેનો તાર કરી દીધો.

લાચાર—ગરીબ કુસુમસુંદરી ! “ તમારૂં કાળુ મુખ મને ફરીથી બતાવશો નહી—” એ વાક્ય ઉચ્ચારતી વેળાએ શું એને સ્વપ્ને પણ ભાન હતું કે તેજ પશુવત્ વિદ્યાચંદ્રની સાથે આખું જીવન ગાળવું પડશે—અને જેને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યુ છે એવા પ્રિય કુમુદચંદ્રનો દુઃખદ વિયોગ, મોહિની તથા રાજેન્દ્રની કુમુદચંદ્રનાપર અથાગ પ્રીતિ છતાં, માત્ર વૈકુંઠબા જેવી દુષ્ટ માતાના ત્રાસથી અહોનિશ ઝૂરાવશે ? પુત્રી વિવાહિત કર્યાથી આનંદ પામતી વત્સલ માતાને—મોહિનીને—શું ખબર હતી કે જે સબંધથી તે આટલી મલકાય છે, પોતાને ભાગ્યશાળી ગણે છે—ઇશ્વરનો પાડ માને છે—તેજ સબંધથી તેની પ્યારી પુત્રીના હૃદયના સહસ્ત્ર કટકા થાય છે ?

પ્રકરણ ૧૦ મું.

મોહિની લતા મંડપ.

શાર્દૂલવિક્રીડિત.

અંધારૂં હૃદયે—અરે ! ત્રિભુવને, વિશ્વે બધે ભાળતી,
ઝાંખો જીવન દીપ તેજ કરતી, પ્રાણેશને સોધતી,
ઝીણું ગાન સુણી—કુતૂહલ ભરી, છૂપાઇ—પાસે જઈ,
*અંગુલી અધરે અરાડિ ચકિતા, જો આ મૃગાક્ષી ઉભી.

*સાહિત્ય પરિષદ્—વડોદરા

“કુસુમ વિલા” ની વાડીમાં ઠેકાણે ઠેકાણે જુદી જુદી આકૃતિના વિવિધ પ્રકારના વેલાઓથી છવાયલા લતા મંડપો ઘણા હતા; અને ઇંગ્રેજી રીત પ્રમાણે તેમને “ ઉષ્ણ મંડપ, ” “ હિમ મંડપ ” વિગેરે નામો આપ્યાં હતાં. આમાંનો એક રમણીય લતા મંડપ જ-

જમણી બાજુના દરવાજામાં પેસતાંજ જમણા હાથપર જરા અંદર પડતો હતો; અને દર્શનિક સ્થાને હોવાથી સ્વાભાવિક રીતે તેની શોભા કાંઇક અધિક કાળજીપૂર્વક વધારવામાં આવી હતી. નીચેની જમીન રંગબેરંગી ચકચકિત આરસની હતી, અને આસપાસ ફરતી એજ પથ્થરની સુશોભિત બેઠકો હતી. મધ્યમાં તારામંડળના પથ્થરનો એક સુંદર ફુવારો હતો, અને ફુવારાની આસપાસ બે સફેદ આરસની ટેબલો હતી, જેમાં એકપર શેત્રજ અને બીજીપર સોકટાં રમવાની બાજીઓ કાળા પથ્થરની બેસાડેલી હતી; આ ટેબલોની આસપાસ જાપાનિસ ખુરસીના જેવી બેઠકો હતી, જેનાપર બેસી કોઇક વખતે બપોરે કુસુમસુદરી–ચંદ્રાવળી–કુમુદચદ્ર અને નરેન્દ્ર વિગેરે શેત્રજ–સોકટાં–ગંજીફો–બિઝિક આદિ રમતાં હતાં. ઉપર તથા આસપાસ લોખંડની સફેદ રંગેલી જાળી હતી, જેનાપર એક જાતની વિલાયતી ગુલાબી ફુલના ઝૂમખાવાળી વેલ ફેલાઈ ગઇ હતી. અંદરથી ન્હાના ચીનાઈ કુડાંઓમાં રોપેલાં “ ફર્ન ” વિગેરે ઝાડોને તારના સીકલાંઓમાં અધર લટકાવ્યાં હતાં. ઉનાળાના દિવસમાં ત્યાં ઘણીજ શીતળતા રહેતી હતી, કેમકે તેમાં સૂર્યનું એક કિરણ પણ પ્રવેશ કરવા પામતું નહતું. રાત્રિના ઉપયોગને માટે વિજળીના દીવાઓના ઝૂમખાઓ તારમાં ઉપરથી લીધા હતા, અને ફુવારામાં પણ રંગબેરંગી દીવાઓ ગોઠવ્યા હતા, કે જેથી પાણીનો રંગ બદલાતો લાગતો હતો અને ફુવારાની અસંખ્ય ફરતી શેરો વિવિધ રંગની માલમ પડતી હતી. ઉષ્ણકાળમાં કોઇવાર રાજેન્દ્ર મિત્રો અથવા કુટુંબ સાથે સંગીત અથવા ફળફળાદિ–આઇસક્રીમ વિગેરેની મોજમાં ત્યાં ગાળતો હતો. આવા મનોહર લતા મંડપનું નામ “ મોહિની લતા મંડપ ” રાખવામાં આવ્યું હતું.

આગલા દિવસના વિદ્યાચદ્ર સાથે થયલા સંબંધનો કચવાટ અને રાત્રિનો અખડ ઉજાગરો થવાથી કુસુમસુદરીને તાવ ભરાયો હતો; અને આ તોફાની સમુદ્રમાં માત્ર એક આશાદીપક–વેગળેથી દીવાદાંડીના ફરતા દીવાની પેઠે–કોઈવાર શાન્તવન કરતો હતો તો કોઈવાર નિરાશ કરતો હતો. તે એ કે કુમુદચદ્રને ચંપાનગર મોકલી પ્રબોધચંદ્રને ગમે તેમ સમજાવી રાજેન્દ્રપર કાગળ લખાવવો–કે જેની સફળતામાં પણ વૈકુંઠબાનો મ્હોટો ખટકો રહ્યા કરતો હતો.

આપણે જાણીએ છીએ કે રામપ્રસાદના વસીયતનામા પ્રમાણે

ચંદ્રાવળીના લગ્ન મોહિનીએ કરવાનાં હતાં. અને તેથી એ વિશે વિચાર કરવાને ચંદ્રાવળીની મા શારદા પણ, ચંદ્રશંકરનો કાગળ આવ્યો તે પ્હેલાંજ સ્હવારની ગાડીમાં અત્રે આવી હતી.

હમણા બપોરે ત્રણ વાગવાનો સમય થયો હતો, તોપણ ઉત્તરાયણ સમિપ આવતો સૂર્ય ત્વરાથી પોતાનો પ્રવાસ પુરો કરતો જણાતો હતો; અને સંધ્યાકાળના શીતળ વાયુની લહરી વાવી શરૂ થઈ હતી. શિશિર રૂતુના સ્વચ્છ આકાશમાં રૂપેરી વાદળાંઓ—કોઈ અદૃષ્ય થતાં—કોઈ નવાં નવાં રૂપ લેતાં ઝૂલી રહ્યાં હતાં; અને સમુદ્ર શાન્ત સરોવરની પેઠે મૃદુ લહરીમાં સ્મિત કરતો હતો.

રાજેન્દ્ર કોર્ટ ગયો હતો, અને આજેજ શારદા, ચંદ્રાવળીની સગાઈની ગોઠવણને માટે આવી હતી તેનો શું પરિણામ આવે છે, અને શી રીતે પોતાની ઇચ્છા મોહિનીને દર્શાવવી—એ લક્ષ્યપર જાણે ધ્યાન સમાધીમાં લીન થયો હોય એમ વિચાર કરતો, નરેન્દ્ર પોતાના ઓરડામાં નિદ્રાવશ થયો હતો. વિલાસ વિગેરે સગાં સંબંધીઓને, કુસુમની સગાઈ થયાની વધામણી આપવાને મોહિની તથા શારદા, અને માતા હતી એટલે ચંદ્રાવળી પણ ગાડીમાં બેસીને બ્હાર ગયાં હતાં; અને ઉપર કહ્યા પ્રમાણે કુસુમસુંદરી, તેને સ્હેજ તાવ આવ્યો હતો તેથી તથા પ્રભાતની નિરાશાની દુઃખદાયક અસરથી, વિચાર વમળમાં અથડાતી પથારીમાં સુતી હતી.

આવે વખતે ઉપર વર્ણવેલા મોહિની લતા મંડપમાં, એક જાપાનિસ બેઠકપર બેસી, માથે હાથ દઇ કહોણી ટેબલપર ટેકવી, કુસુદચંદ્ર નિશ્વાસમય વિચારોના તોફાની સમુદ્રની ઉર્મિઓમાં અથડાતો હતો·—" કુસુમ ! કુસુમ ! શું આપણો સંબંધ આવા દુઃખદાયક વિયોગને માટે પ્રભુએ સરજ્યો હશે ? પણ નહી—પ્રભુ જે કરે છે તે સૌ સારાને માટેજ—એ કહેવતમાં મને ભરોસો છે. દેખીતી સુખરૂપ વસ્તુમાંથી દુઃખ ઉપજે છે—અને ઉપરથી દુઃખરૂપ વસ્તુમાંથી સદાને માટે નિભે એવું સુખ ક્યાં નથી ઉપજતું ? અને તેથી વિધાત્રી અમારા અભિલાષો—વૈભવ—સુખના સ્વપ્નોની પરિપૂર્ણતાની વચ્ચે જે વિધ્ન આણે છે તે બહુજ ઉંડા હેતુવાળું કેમ નહીં હોય ? જે માતા

એ નિર્દોષ વહુઓને નિરપરાધી છતાં આવો ત્રાસ આપે છે, તેના દયા-હીન હસ્તમાં આ કોમલ કુસુમ પ્રફુલ્લિત થાય કે ચિમળાઈ જાય? વિદ્યાચંદ્ર પણ મ્હારા જેટલુંજ ભણેલો છે-અને એની માતા બહુજ કુલીન છે. કુસુમ! તું ત્યાંજ લાયક છે."

"પણ જેટલી સેહેલથી હું એને ભુલવાને તૈયાર છું તેટલીજ સરળતાથી કુસુમ મને પોતાના હૃદયની બ્હાર કહાડી શકશે? શું તે મને આપેલું હૃદય વિદ્યાચંદ્રને આપી શકશે-એની સાથે સુખી થઈ શકશે? બહુજ શકમંદ વાત. પ્રિય કુસુમ! ત્હારૂં હૃદય એ ફેર-બદલીમાં ફાટી જશે. બસ! એ નહી થાય. મ્હારે પિતાની જાગીર નહી જોઇએ. લક્ષ્મી કરતાં ધર્મ વધારે અગત્યનો છે. બે અક્ષર ભણ્યો છુ એટલે પોષણ જેટલુ તો ગમે ત્યાંથી મળશેજ, અને નહી મળે તોપણ શુ? ભુખે મરીશ-ભીખ માગીશ-પણ મ્હારી કુસુમને નહી દુભવુ. શુ એક દુષ્ટ માતાના ત્રાસથી એક નિર્દોષ બાળા મ્હારે માટે દુ:ખી થાય અને હું તે જોઈ રહુ? માતાપિતા નહી માનશે તો હુ જુદો રહીશ."

"પણ કુસુચંદ્ર! ત્હારા જેવો કૃતઘ્ની કોઈ બીજો હશે ખરો કે? શુ ત્હારામાં દોષ નથી? ત્હારામાં છે-સર્વેમાં છે-તેજસ્વિ ચંદ્રમા પણ દોષ છે-આખા જગતમાં દોષ છે-અરે મનુષ્ય માત્ર દોષવાન-અપૂર્ણ છે, અને તે અપૂર્ણતાને લીધે-સુખદુ:ખનો અનુભવ લેવાને માટેજ વારવાર જન્મ લઇ લક્ષ્યચોર્યાશીમાં ભટકી રહ્યો છે. અને એમ છે તો, જેણે તને ન્હાનપણથી લડાવી મ્હોટો કર્યો-જે વિદ્યાથી પોષણ મેળવવાની ઇચ્છા રાખે છે તે પણ જેઓનીજ લક્ષ્મી અને કાળજીથી પ્રાપ્ત થઈ છે, તેજ માતાપિતાને તેઓના એક દોષને માટે તજવા અને તે પણ એક સ્ત્રીને માટે?"

"દુષ્ટમન! (જરા ચમકીને) શું તું મને એમ સમજાવવા માંગે છે કે પિતાની જાગીરો વડીલોપાર્જીત છે, એટલે હુ તેઓનો ઓશિયાળો નથી? પણ હું તને પુછીશ કે તેઓનો પ્રેમ અને કાળજી અને ત્હારો દેહ અને ધર્મ તો વડીલોપાર્જીત નથી કેની? કદાચ લક્ષાધિપતિ શ્રીમંતોના સંબંધમાં આ પ્રશ્ન અગત્યનો હોય તો કોણ જાણે; પણ મધ્યમ વર્ગને માટે તો એ મ્હોટો અનર્થ કરે છે. કાંતો એકત્ર કુટુંબમાં ફારગતી ન થવાથી એક નિર્જીવ ભાગીદાર બીજાની જાત કમાઇની દોલતપર તરાપ મારે છે; અથવા તો પિતાએ દેવું

કરી કે પોતાની જાતકમાઇથી જે સંતાનોને ઉછેરી-ભણાવી-પરણાવી સુખી કર્યાં હોય છે, તે કૃતઘ્ની સંતાનોના મનમાં પિતાની વૃદ્ધાવસ્થામાં-પોતાનો સ્વાર્થ સરેથી-જુજ પુજીને માટે વડીલોપાર્જીતનું ભૂત ભરાય છે."

"Whatever it may be, a thing must be *right* and *just* before it can be *legal*—એક ચીજ કાયદેસર હોવા પ્હેલાં વ્યાજબી હોવી જોઇએ એ વધારે અગત્યનુ છે. આજે તો જડજ અને જ્યુરીને પણ કેટલાએક દાખલઓમાં ખાતરી થાય કે માણસ નિરપરાધી છે, તે છતાં કાયદાની બારીકી-legal technicality-થી તેને અપરાધી ઠેરવવો પડે છે એ શુ? એક મનુષ્ય સાક્ષાત હાઇ કોરટના એક નામદાર જડજ પાસે ઉભો રહીને સોંગદ પર કબુલ કરે છે કે—"ફલાણાને આ રકમનુ મ્હારે દેવું છે—હું તેને આપવાને શકિનવાન છું—છતાં એના પર યોગ્ય સ્ટાંપ નથી કે મુદ્દતમા ચિઠ્ઠી ફેરવી નથી માટે હું નથી આપતો"-અને દેવું ન આપે એ કેવો ન્યાય? શું આ બાબત કાયદા શાસ્ત્રીઓએ વિચાર કરવા લાયક નથી?".

"હરી! હરી! હરી! કેવો સમયનો ફેરફાર! એક કાળ એવો પણ હતો કે જ્યારે ધર્મપરાયણ વંશજો સાત પેઢીનુ દેવું વગર લખાણે આપતા હતા, ત્યારે આજે એક પેઢીનુ-અરે! પોતાની જાતે કરેલુ દેવુ પણ ન આપવાને નાદારી-મુદત કે એવી બીજી કોઇ કાયદાની બારીકીનો લાભ લેછે. પણ કુમુદચંદ્ર! આ વળી કાયદાની કુટ તું ક્યાં કરવા બેઠો?"

"પણ my dear mind! ત્યારે એક સ્ત્રીને માટે માબાપને તજવાને મને સમજાવવામાં ત્હારો ધર્મ છે કે સ્વાર્થ? નહીં! નહીં! એમ તો પ્રાણ જાય તોપણ નહીં બને મ્હારા વડીલોની કારકિર્દીમાં કલંક આવે. પ્રિય કુસુમ! મને ભુલી જજે. મ્હારો ધર્મ મને મ્હારા માતાપિતાથી વેગળો થવા દેતો નથી. અને એમ ન થાય ત્યાં સુધી તને મેળવવાનો બીજો માર્ગજ નથી. શું मातृदेवोभव-पितृदेवोभव-એ વાક્યો તું નકામા શીખ્યો છે? દુષ્ટ મન-નીચ, હરામી, ઠગારા-તું ત્હારે કાંઇ કામ કરવું હોય છે ત્યારે ચોખ્ખા સ્વાર્થને પણ ધર્મ તરીકે ચિતરી શકે છે!"

"કાંઈ ચિન્તા નહી. ગમે તેવી પણ કુસુમ બાળક છે માટે સુખમાં પડશે એટલે બધું ધીમે ધીમે ભુલી જશે; પણ આ માતાપિતાની લુણહરામીમાંથી જીન્દગી પર્યંત-અરે જન્મો પર્યંત છુટાશે નહી. કુમુદ-

ચંદ્ર ! તું પણ કેવો ? માતા દોષ કરે અને પિતાને શિક્ષા કરવાને તૈયાર થયો હતો ત્હારા આવા પગલાંથી તેઓ કેટલા દુ:ખી થતે તેનો તને કાંઇ વિચાર છે ? તેણે પતિ તરીકે જે નિષ્ઠુરતા ભોગવી લીધી તેનો અંશ પણ તું પુત્ર તરીકે ન ખમે ? બસ ! કાલેજ અત્રેથી જવું. કુસુમને હવે મળવાનો અવકાશ મળશે કે નહીં ? અને મળે તો પણ અધિક દુ:ખદાયક. તેની સમિપમાં એક શબ્દ પણ બોલવાની મ્હારી હિમ્મત નથી. માટે પત્ર લખી સ્હવારમાં આપીશ અને રાતના મેઇલમાં ચાલ્યો જઇશ. "

આ નિશ્ચયરૂપી વૃષ્ટિ થઈ કે કાવ્યપ્રવાહ હૃદયમાં પૂર વેગથી વ્હેવા માંડયો, અને હસ્તદ્વારા પેનસિલની અણીમાંથી કાગળપર ધીમે ધીમે ટપકવા લાગ્યોઃ—

ત્રોટક.

" મીઠી યોવનના, સમિરે ઝૂલતી,
" પરિચિત સુપુષ્પની કુંજ મહી,
" વિકસેલી **વસંત** વિશે વિમળી,
" રૂડી નૂતન રંગ **કુસુમ** કલી. ૧
" કરી પ્રીતિ ચુંટી–ધરી ઉર ચુમી,
" અભિલાષ નવીન નવીન ધરી,
" અચિંત્યો **વિધિ** વાયુ વિચિત્ર વહ્યો,
" ઉરનો અભિલાષ ઉરેજ રહ્યો. ૨
" ગઈ હાય ઉડી–પડી દૂર ભૂમિ,
" ઉનિ ઉર વિશે ઉછળે ઉરમી,
" તું વિયોગ થકી, ઉર ફાટી જશે,
" દિનરાત્રિ **કુસુમ કુસુમ** રટી. ૩
" મુજ દૃષ્ટિ સમિપ ગઇ તું ઉડી,
" પટ અન્યકરે, લીધી તે ઉંચકી,
" ઉર આગ બળે, દઉ ને બળવા,
" નથી શક્તિ પુનઃ તુજ મેળવવા. ૪
" પ્રિય પ્રેમ પવિત્ર તણી પ્રતિમા,
" તુજ અંતર દર્પણથી ભુસજે;
" મન માનતું સુંદર ને મધુરૂં,
' પ્રતિબિંબ નવીન પુનઃ ગ્રહજે. ૫

" તુજ પ્રીતિ પવિત્રની ગાંઠ કદી,
" નવ છોડી છુટે પણ હાય વિધી !
" કરૂં શું ? કરૂં શુ ? ન સુઝે કંઈ રે,
" પ્રભુ મૃત્યુ ન શે, મુજને દિધુ તેં ? ૬
" તુજને તજીને, દુર દેશ મહીં,
" કદી સ્થૂલ શરીર, ભલે ભટકે,
" મુજ અંતર ત્યાંય તુને સ્મરશે,
" ન ભુલાય-ભુસાય-કદી ન તું રે. ૭
" મુજ પ્રેમભર્યું ઉરપાત્ર કદી,
" ઉર અન્ય વિશે ઢળશે-ઠરશે ?
" મુજ હા ! ટળી અન્યતણી તું થશે ?
" મુજ ઉરથી તોય તું કયાં છુટશે ? ૮
" ઉડી કયાં ? ગઈ કયાં ? કુસુમા ! કુસુમા !
" તુજ પ્રીતિ તણા દિન સ્વપ્ન સમા,
" ગઈ તે કદી ના ગઇ નાજ થશે,
" વિધિએ નિરમ્યુ કદી ના મટશે. ૯
" બળતું-ત્રુટતું-ઉર આશિસ દે,
" રહ્યું એજ હવે, મુજ શક્તિ વિશે;
" **પરી જે કર તે સુખદાયક હો !**
" **તું સમા શુભ રત્ન પરીક્ષક હો !** ૧૦

કવિતા લખાઇ રહી અને પેનાસલ ટેબલપર મુકી. કપાળેથી પસીનો લુછ્યો અને તેની સાથે એક ઉંડો નિશ્વાસ નિકળ્યો. આ કવિતાને સારે અક્ષરે લખી, જે બીજુ કાંઈ ગદ્યમા વધારવું હોય તે રાત્રે લખીને પ્રભાતમાં પત્ર કુસુમસુદરીને આપવાનો નિશ્ચય કર્યો, અને કવિતા કાંઇક ઝીણે સ્વરે પણ સ્પષ્ટ રીતે ગાવા લાગ્યો. ધીરે ધીરે અશ્રુના બિન્દુઓ ગૌર ગાલપર ટપકવા લાગ્યાં. કેટલીએક લીટીઓ જુસ્સાભેર બોલતો હતો, તો કેટલીએક બેચાર વખત મદ રીતે બોલતો હતો.

ઉપર કહ્યા પ્રમાણે જેવી મોહિની બ્હાર ગઈ તેવીજ કુસુમસુંદરી પથારીમાંથી ઉઠી અને કુમુદચદ્રને સોધવા મંડી. પણ તે બંગલામાં નહી હોવાથી તેને નિશ્ચય થયો કે તે મોહિની લતા મંડપમાં જ હોવો જોઇએ; કેમકે કુમુદચંદ્રને એકાંત વાંચવા-લખવાને માટે એ

જગ્યા બહુજ પ્રિય (Favourite) થઈ પડી હતી. આથી પગથીઆં ઉતરીને મ્હોટા ફુવારા પાસેથી **મંડપ** તરફ જવા માંડયું–પણ એટલામાં એણે કાંઈક **ઝીણું ગાયન** થતું હોય એવું **સાંભળ્યું**, અને કાંઈક **કુતૂહલથી**–કાંઇક જીજ્ઞાસાથી અને કાઈક કુમુદચન્દ્રની મીઠી મશ્કરી ખાતર અંગુઠાપર ચાલીને–**છુપાઇને** ધીમે ધીમે આરસના પગથીઆંપર ચ્હડી; અને **મંડપ**ની એક બાજુપર કુમુદચન્દ્રની છેક પછાડીજ–કવિતાનો વિષય પોતેજ છે એમ જાણી ચમકી, **ચકિત થઈ, હોઠે આંગળી** અરાડી–જાણે **મંડપ**ની બધી આરસની સામગ્રીમાં તે પણ એક આરસની સુંદર પુતળી હોય એમ સ્તબ્ધ ઉભી. બે ત્રણ કડી ગાઈ હતી તે પાછી શરૂઆતથી કુમુદચન્દ્રે ઉલટાવીને ગાવા માંડી. અને જેમ જેમ કવિતા અગાડી વંચાતી ગઈ તેમ તેમ લલનાના મર્મ છેદાવવા લાગ્યાં. કપાળે અને શરીરે પરસેવો થવા લાગ્યો. તેના કમલ જેવાં નયનોમાથી અશ્રુના ટીપાંઓની ધારાએ ઉકળાટથી ગુલાબી થયલા ગાલને ભીંજાવવા માંડ્યા–કેટલીક વખતે મહા પ્રયત્ને દાંત કચડીને પણ રોવું દાબી રાખવા લાગી. પણ કવિતા અંતસુધી સાંભળવાની–કુમુદચન્દ્રના પવિત્ર પ્રેમની પરોક્ષ રહીને પરીક્ષા કરવાની–તેની સબળ જીજ્ઞાસાએ તેને ટકાવી રાખી. પણ હવે એનો નિશ્ચય રહે એવું અશક્ય હતું. જ્યા–

" બળતું–ત્રુટતું–ઉર આશિસ દે,
" રહ્યું એજ હવે મુજ શક્તિ વિશે,
" **પડિ જે કર તે સુખદાયક હો !**
" **તું સમા—**

એ લીટીઓ બોલાઈ કે **વિદ્યાચન્દ્ર** સાથેનો પોતાનો પ્રસંગ મનદૃષ્ટિ આગળ ખડો થયો–એના બળની સીમા આવી ગઇ અને આંખે અંધારા આવવા લાગ્યાં. પોતે કુમુદચન્દ્રને કહી **પ્રબોધચંદ્ર** પાસે **રાજેન્દ્ર**ને પોતાના સંબંધને માટે પત્ર લખવાને વિનતી કરવાને આવી હતી, તેનો જાણે " રહ્યું એજ હવે મુજ શક્તિ વિશે, " એ લીટીમાં ઉત્તર મળ્યો હોય એમ નિરાશાના અંધકારમાં સરી પડી. મગજ ડોવાઇ ગયુ. શરીરે જોબો આવી ગયો. **અને** તમ્મર ખાઇ કુસુમપુંજ—ફુલના ઢગલાની પેઠે, નાજુક–કુસુમસુંદરી ધબ લઇને પૃથ્વીપર ઢળી પડી.

જેવો આ પ્રમાણે અણુચિન્તવ્યો ધબાકો થયો તેવો કુમુદચંદ્ર "આ શું ?" એમ કરી ચમક્યો. કવિતાનો કાગળ હાથમાંથી ટેબલ નીચે

પડયો. અને એકદમ ફાળભર્યો ઉઠયો. કુસુમસુંદરીને પોતાથી અણધાર્યો ઘા થયો જાણી પોતાપર બહુજ ખીજયો. થોડીવાર મુઢ જેવો ઉભોજ રહ્યો. પણ હવે શું કરવુ તેનો વિચાર કરવો અવસ્યનો હતો, કેમકે આવી દશામાં જો કોઇ આવી ચ્હડે તો શા હાલ ? પણ સારે ભાગ્યે કુસુમસુદરીને કાંઈ પુરી મૂર્છા આવી નહતી. માત્ર તમ્મર આવવાથી પડી ગઈ હતી, અને તેથી જયાં ચ્હડેલી કળ શમી ગઇ કે થોડીવારે તેણે હાલવા માડયું–આંખો ઉઘાડી અને ધીમે ધીમે ઉઠી ઉભી થઇ. ટેબલ પાસેની એક બેઠકપર બેઠી, અને પોતાના સ્ફટિક જેવા ગૌર હાથની કોહોણી સફેદ આરસની ટેબલપર ટેકી, નાજુક આગળીઓ વડે આખોને દાબતી ચોધાર આંસુએ રોવા લાગી–ટેબલના "પથ્થરને પણ પલાળવા" લાગી.

કુમુદચદ્ર બીજી એક બેઠકપર બેઠો અને અતિ દુખી સ્વરે બોલ્યો:–"પ્રિય કુસુમ ! જે વિધાતાનુ નિર્માણ હોય તે થાય છે અને તેનો આપણે જેટલો શોક કરીએ છીએ તેટલો મિથ્યા જાય છે. અને વિધાતા જે કરે છે તેમા તેનો કાઈ ગૂઢ ભેદ હોય છે, તેથી જે થાય છે તે સારાને માટેજ થાય છે. હુ તો મ્હારા સ્વાર્થને માટેજ તને ખાડામાં નાખતે પણ પ્રભુએજ તને બચાવી છે માટે તેનો ઉપકાર માન. જે-નાથી બે વહુઓ રીબાઇ રીબાઇ પોતાનુ અમૂલ્ય જીવન–ઐશ્વર્યવાન્ પતિ છતા દુઃખ સુમુદ્રમા ગાળે છે–તે સાસુના અધિકાર નીચે તું કદી પણ સુખની આશા રાખે છે ?"

"સીતાજી શ્રી રામચદ્રજી સાથે રાજપાટ છોડીને જગલમાં ગયાં હતા, તો તમારૂ ઘર કાઇ જગલ તો નથી કેની ? બહુ થશે તો તમારી માતા ભુખે મારશે, તરશે મારશે, માર મારશે તો તે ખમીશ. તમારો પ્રેમ એજ મ્હારૂં જીવન છે. રાજપાટ કરતાં શ્રી રામચદ્રજીની સનિધી એજ સીતાજીનુ જીવન હતું. રીબાઇશ, મરીશ, પણ તમારી કહેવાઇશ એટલે બસ. માટે કૃપા કરી—"

"મનુષ્યને જ્યાં સુધી જે સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ નથી ત્યાં સુધી તેમાં કેટલી વિટબના છે તેનો તેને ખ્યાલજ આવતો નથી. જરા દુઃખની ઉની આંચ લાગે છે કે પ્રેમની ભીનાશની વરાળ થઇને ઉડી જાય છે, અને પછાડીથી તેને ઘણો પશ્ચાતાપ થાય છે. માટે હું તો જાણી જોઇને તને દુઃખમાં નાખીશ નહી. વળી વિદ્યાચદ્ર પણ સમજુક છે–મ્હારા કરતાં વધારે વિદ્વાન છે, અને તેની માતા બહુજ

કુલીન છે એટલે તું ત્યાં લેશ પણ દુભાવવાની નથી. ત્હારા બધા કોહોડ ત્યાં પુરા પડશે. માટે ”—

બિચારા કુમુદચંદ્રને સ્વપ્ને પણ ખ્યાલ નથી કે “ વિદ્યાચંદ્ર સમજુક છે. મ્હારા કરતાં અધિક વિદ્વાન છે–ત્હારા બધા કોહોડ પુરા પડશે, ”–વિગેરે વાક્યોનો ધગધગતો જ્વાળામુખીનો રસ કુસુમસુંદરીના હૃદયને પ્રજાળી મુકતો હશે–ભસ્મસાત્ કરતો હશે. આ વાક્યો બોલાયાં કે વિદ્યાચંદ્ર સબંધી દુઃખદ સ્મૃતિઓ કુસુમસુંદરીના મનચક્ષુ આગળ આબેહુબ સજીવન થઈ. હૃદય હાથમાં રહ્યું નહી. ડીબો ભરાઈ આવ્યો અને એકદમ મ્હોટાં ડુસ્કાં સાથે રોવા લાગી. કુમુદચંદ્ર ખિસિયાણો પડી ગયો–કાંઈ સુઝયુ નહીં–વિચાર વમળમાં પાછો ડુબ્યો. અને કુસુમસુંદરીને ઉગારવાનો કાંઇ પણ ઉપાય છે કે નહી તેને માટે બુદ્ધિ ભંડારને ખોળવા લાગ્યો. પણ માતાપિતાનો ત્યાગ કરવા શિવાય કુસુમસુંદરી સુખી થાય એમ છેજ નહી એ સિદ્ધાંત પુનઃ સુદૃઢ થયો; અને દોષવાન માતાપિતાને છોડવાં–એ અનુચિત–અસંભવિતજ લાગ્યું. ઉપર પ્રમાણે વાત કરવામાં કુમુદચંદ્ર આટલો બધો પિગળવા વિનાનો દેખાતો હતો, દૃઢ રહી શકયો હતો, તે માત્ર કુસુમસુંદરીને વધારે ન લાગે તેનેજ માટે–નહીંતો એનો પ્રાણ જાય એટલુંજ બાકી રહ્યું હતું. આખરે કુસુમસુંદરીને ઉપર પ્રમાણે હૈયાફાટ રોતી જોઇને પોતાની આંખમાં ભરાઈ આવેલાં ઝળઝળીઆંને લુછતો બોલી ઉઠયોઃ—“ પ્રિય કુસુમ ! વ્હાલી કુસુમ ! આમ શીદને વ્યર્થ શોક કરે છે ? ત્હારા જન્મથી તે આજ સુધીના પ્રેમથી પ્રફુલ્લિત થયા પછી આ હૃદયે ત્હારા પરથી હાથ ઉઠાવવો એ શું તું સેહેલ જાણે છે ? મ્હારા મર્મ કચડાય છે–હૃદય કપાય છે–અને અંતર છેદાય છે. (આવેશમાં આવી) દુષ્ટ વિધાતા ! દુષ્ટ માતા મને ત્હારો સબંધ કરતાં અટકાવે છે. ક્રૂર સાસુના ત્રાસના ઉષ્ણ કાળમાં આ નાજુક કુસુમ નિશ્ચય ચિમળાઇ જશે–અરે નષ્ટ થશે એ હું જાણું છુ. શું તું એમ ધારે છે કે તને પરણીને, હું જાણી જોઇને મ્હારા સ્વાર્થને ખાતર, તને જીવનપર્યંતની દુઃખની ખાઈમાં સડતી જોઉં ? નહી. નહી. આનું નામ મ્હારો પ્રેમ કે સ્વાર્થ ? પ્રેમી, પ્રેમપાત્રને કયાંય પણ સુખી જોવા ઇચ્છે છે. હું વિદ્યાચંદ્રને ત્યાં પણ તને સુખી જોઇ—”

આ ઉત્તરથી પૂર્ણ નિરાશાની હોળી સળગી અને તેમાં વળી “ વિદ્યાચંદ્ર ” એ નામે પાછું ઘી હોમ્યું. કુસુમસુંદરીએ પાછું રોવા

માંડયું. પણ આ નિરાશામાં હજુ એક આશા સ્વપ્ન તેની અંતરદષ્ટિ આગળ હતું. તે એકે વિદ્યાચંદ્ર સાથેના પ્રસંગની વાત જો કહું તો કુમુદચંદ્ર જરૂર પીગળશે. પ્રતિજ્ઞાને લાત મારી પણ જાણે તે પવિત્ર હૃદયમાં વજ્રલેપ પેઠે બેઠી હોય એમ, પ્રતિજ્ઞાને ઉલંઘન કરવાનો કુસુમસુંદરીના દૃઢ દુર્ભાગ્યે સમયજ ન આવ્યો.

જે વખતે કુસુમસુંદરી વિદ્યાચદ્ર વિશેની વાત કહેવી કે નહી તેના વિચારમાં સમવિષમ અવસ્થામાં હતી, તે વખતે દુરથી કોઇ ગાડી આવતી હોય એવો અવાજ–ભણકારો કુમુદચંદ્રે સાંભળ્યો કે તરત જ ભય ઉત્પન્ન થયો. કુમુદચદ્રે વિચાર કર્યો કે:—" હમણાં એ કેમે કરી સંતોષ પામવાની નથી, અને આ સ્થિતિમાં અત્રે બેસવાનો આ સમય નથી. જો મોહિની અથવા કોઈ આવી પડે તો સત્ય વાત કોઈ સમજશે નહી, અને ખાલી એની અને મ્હારી ફજેતી થશે. માટે એને દુઃખ લાગે તો પણ અત્રે એક ક્ષણ પણ વધારે થોભવું એ ભયકર છે. આમ વિચાર કર્યો અને જેવી કુસુમસુદરી વિદ્યાચદ્ર વિશેની વાત કરવા જાય છે તેવોજ ગળગળો થઈ ઉતાવળે કુમુદચદ્ર બોલ્યો:—" તું સમજુ છે એટલે વધારે શુ કહુ ? વખતે મોહિની આવશે તો આપણી ફજેતી થશે. માટે હમણાં તો અત્રેથી જવું જોઇએ. " એમ બોલી તે જવાને ઉઠયો.

પણ જે વાત કહેવાપર પોતાના જીવનનો આધાર હતો, તે કહ્યા વિના જો કુમુદચદ્ર જશે તો હવે વખત મળવાનોજ નથી, અને એ મને છોડશેજ–એ વિચાર એકદમ કુસુમસુદરીના દુઃખી હૃદયમાં ધસ્યો; અને કુમુદચદ્ર જેવો ચાલવા જતો હતો તેવીજ, " પ્રિય કુમુદચંદ્ર ! કૃપા કરી પાચ મિનિટ થોભો "–એમ કહી આગળ આવી.

" કુસુમસુદરી નાદાની ન કરો. આ સમય નથી. "

પણ એટલુ વાક્ય પુરૂં કરે છે એટલામાં તો " મ્હારા સમ જો જાવ તો "–એમ કહેતી શ્રીહરીને કઠે બિરાજતી મોહનમાળા હોય તેમ આ લલિત કુસુમમાલા–નાજુક કુસુમાવલી–મોહક કુસુમસુંદરી, કુમુદચંદ્રને ગળે બાઝી પડી–લટકી પડી; અને જાણે પ્રભાતના તાજાં ઝાકળવાળાં પુષ્પોનીજ માળા બનાવી હોય, તેમ પોતાના અશ્રુવારીથી કુમુદચદ્રનુ અંગ ભીંજાવવા લાગી. કુમુદચંદ્ર તો બેભાન જેવો થઇ ગયો. શું કરવું તેના ગુંચવાડામાં પડયો.

ચર્મચક્ષુ બે વસ્તુને એકે વખતે જોઈ શકતાં નથી તેમ અંત-

ચક્ષુ–મન પણ જો એક વિચારમાં એકાગ્ર થાય છે, તો તે બીજું બધુ ભુલી જાય છે. એકાગ્રતાથી આસપાસ નગારાં વાગે તો પણ આપણે આપણું કાર્ય કરીએ છીએ–એકાગ્રતાથી આપણે મુશ્કેલ પ્રશ્નોનુ નિરાકરણ કરીએ છીએ–એકાગ્રતાથી નવીન સોધો થાય છે–એકાગ્રતાથી વસ્તુ માત્રનુ રહસ્ય સમજી શકાય છે–અરે, એકાગ્રતાથી-જ જીવ સંસારને–માયાને વિસરી જઇ શિવરૂપ થાય છે–ઈશ્વરપદને પામે છે; તેજ એકાગ્રતાથી–પ્રેમયોગમાં લીન થયલા બે પ્રેમીઓ એક ગાડીનો એકસરખો અવાજ ન સાંભળી શકે તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. કેમકે જે ગાડીના અવાજથી કુમુદચંદ્ર ચમક્યો હતો અને ઉઠીને ચાલવા માડતો હતો તે ગાડી મોહિનીનીજ હતી; અને જેવુ આ કુસુમગુચ્છ કુમુદચંદ્રના હૃદયપર ઢળી પડયુ–તેવીજ મોહિનીની ગાડી જોષભેર દરવાજામાં પેઠી.

ગાડીમાં મુખ્ય બેઠકપર જમણે હાથે મોહિની અને ડાબે હાથે શારદા હતી, અને સ્હામી બાજુપર શારદાની સ્હામા ચંદ્રાવળી હતી. ગાડી દરવાજામાં પુર જોષથી આવતી હતી, એટલે કોચમીનની દૃષ્ટિ અશ્વમાજ લીન હતી. ચંદ્રાવળી ફુવારા પાસે રોપેલું એક ખાસ કાશ્મીરથી મંગાવેલુ સફરજનનુ વૃક્ષ, કે જેનાપર હાલમાં પુષ્કળ ફળો લટકતાં હતાં, તે શારદાને, “હું સ્હવારે કહેતી હતી તે આ ઝાડ”—એમ કહી તે બતાવવામાં રોકાયલી હતી. અને તેથી મોહિની એકલીજ આ પ્રમાણે રોકાયલી ન હોવાથી, જેવી ગાડી દરવાજામાં પેઠી કે તરતજ તેની દૃષ્ટિ પ્રેમસિન્ધુમા સ્નાન કરતાં–તેની દુઃખી લહરીઓમાં આમ તેમ ઝબકોળાં ખાતાં પ્રેમી યુગલપર પડી–અટકી–ચમકી. નયનપટપર પડેલા આ પ્રત્યક્ષ પ્રતિબિંબને મને ખોટુ ઠરાવવાને બહુ ફાંફાં માર્યા–તેને સ્વપ્નવત્ માનવાને એકજ ક્ષણમાં ઘણો પુરાવો આપવાને યત્ન કર્યો–પણ અંતે દૃષ્ટિનો જય થયો. આખે જોયલું ધોળે દિવસે–જાગૃત અવસ્થામાં પ્રત્યક્ષ જોયલી વસ્તુ સ્વપ્નવત્–અધ્યાસવત્ નજ મનાઈ.

આથી હવે બીજો વિચાર કરવાને સમયજ નહતો કેમકે તેના હૃદયમાં પ્રથમ ધ્રાસકો એજ પડયો, કે રખેને પોતાની પ્રિય પુત્રીને આ પરતંત્ર દશામાં જોઈ શારદા તથા ચંદ્રાવળીને અધમ શંકા થાય–અરે ! કુળની લજ્જાનો નાશ થાય. તેથી જેવી જોષભેર ચાલતી ગાડી અગાડી વધવાથી એક ક્ષણમાં આ રંગભૂમિના અણુચિન્તવ્યા દેખા-

વપર પડદો પડયો, કે મોહિનીની ચપળ દૃષ્ટિ શારદા તથા ચંદ્રાવળી તરફ વળી અને તેઓને ઉપર પ્રમાણે રોકાયલાં જોઇ તે ક્ષણભર સંતોષ પામી.

સંતોષ પામી તો પણ તેનો જીવ તો તાળવેજ ટાંગેલો હતો–તેનુ હૃદય પુત્રીની લજ્જાના ભંગના ભયમા–ઉચ્ચાટમા હતું. હમણા તેને પુત્રીની આ વર્તણુક ડપકા ભરેલી છે કે નથી, તેનો વિચાર કરવાનો અવકાશ નહતો–તેના પર ક્રોધનો છાંટો પણ નહતો. પણ "રખેને કોઇ મ્હારી પુત્રીની ફજેતી જોશે તો મ્હારી કુખ લજાશે–કલંક લાગશે,"–એ વિચારે તેના મસ્તિકની નસોમા ઉકળતું લોહી રેડયુ હતું, અને તેથી તેનો મુખ્ય ઉદ્દેશ હાલમાં એજ હતો કે એમને કોઈ પણ રીતે શુદ્ધિમા આણી છુટાં પાડવાં.

ગાડી એટલા તો જોષથી ચાલતી હતી કે આ સર્વે એકજ ક્ષણમાં થઈ ગયુ, અને તુરત ગાડી ઝૂલતી અગાસી નીચેના પગથીઆં આગળ આવીને ઉભી રહી કે ત્રણે જણા ઉતર્યા. ઉતરતાં ઉતરતા મોહિનીની સમયસૂચકતા–ચપળ બુદ્ધિએ એક યુક્તિ સોધી કહાડી. ઘોડો ઘણીવારથી જોડાયલો હતો એટલે હવે ગાડીમાથી મુક્ત થવાને ઘણો અધીરો થયો હતો–તેથી એઓના ઉતરતાં ઉતરતા–તેજ જાનવર– એટલે જોરથી કુદકા મારતો હતો. અને તેથી જે સાઇસ બારણ્ ઉઘાડવાને આવ્યો હતો તેને ઘોડાને પકડવાનુ કહ્યું, અને એ બ્હાને પોતે ઉતરી પોતાનામાં હતું એટલુ બધુ જોર વાપરી નાંખતી હોય એમ જોરથી ગાડીનુ બારણુ બધ કર્યું.

ચંદ્રાવળી અને શારદા સ્ત્રીઓના દિવાનખાનામાં ગયાં અને મોહિની "લુગડાં બદલી આવુ છુ" એમ કહી પુત્રીની ચિન્તા કરતી–એકેશ્વાસે માળે ગઇ, અને પોતાની યુક્તિની કાંઇપણ અસર થઈ છે કે નહી તે જોવાને પટપટિઆંમાંથી તેની ચિન્તાતુર દ્રષ્ટિ મોહિની લતા મંડપ તરફ વળી.

ધ્યાનાભ્યાસીઓનો અનુભવ છે કે એક સરખો સ્વર ગમે તેવો મ્હોટો હોય તોપણ એકાગ્રતા ઉત્પન્ન કરે છે. એને પ્રકૃતિની "સારીગમ" નો "સા" કહો અથવા સ્થૂલ પ્રકૃતિનો "અનહદ" નાદ કહો તોપણ ચાલે. આ નાદ "મ્હોટા શેહેરના ગણગણાટમાં–દરીઆના એક સરખા ઘોંઘાટમાં–ઝાડીમાંથી વાતા અખંડ વાયુમાં"–મુશળધાર વરસતા વરસાદમાં–કે ડુંગરપરથી પડતા અસ્ખલિત પાણીના ધોધમાં

માલમ પડે છે, અને તેમાં મનનો લય થાય છે–ટુંક સમયની સમાધીજ લાગે છે–અને આસપાસનો વ્યવહાર વિસરાય છે. આ કારણથીજ સગીતનો હાલમાં મગજના રોગોને સારા કરવામાં ઉપયોગ થાય છે.

પણ જો આ "અનહદ" માં કાંઇ પણ વિલક્ષણતા થાય છે તો દ્વૈતભાવ થાય છે અને પાછુ "મન જીવભાવમાં આવે છે. આ પ્રમાણે બે પ્રેમવિલીન પ્રાણીઓને એક સરખા અવાજે કશી પણ અસર કરી નહી. પણ જેવુ ચપળ મોહિનીએ ગાડીમાથી ઉતરીને બારણું દીધુ, કે જેમ બદુકના અવાજથી સ્વસ્થ બેઠેલુ પક્ષી એકદમ ચમકી ઉડી જાય છે, તેમ એકાગ્રતાનુ પક્ષી તે ઉભય પ્રેમીઓની વચ્ચેથી ચમક્યુ–ઉડી ગયુ–એક ક્ષણવારમાં બન્ને જુદા પડયાં, અને મંડપદ્વારમાંથી પ્રથમ કટાક્ષેજ તેઓએ તબેલામા જતી ગાડી જોઇ.

ઉભયની આખો મળી–હૃદય ગાભરાં બન્યાં–મસ્તિક ભયથી ભમવા લાગ્યાં. કુસુમસુદરી દીન બનતી ધ્રુજવા લાગી–પોતાની જીદપરનાદાનીપર ચ્હીડાવા લાગી. કુમુદચદ્ર બોલ્યા વિના ગળગળો થયો મોહિનીએ જોયુ હશે તો? શારદાને કેવો હલકો વિચાર આવશે? સત્ય વાત કોઈ જાણશે નહિ–જાણશે તો માનશે કોણ, અને કદાચ જાણે તો માને પણ ખરા–પણ પુછશે કોણ અને કહેશે કોણ? આવા અનેક તરગપક્ષીઓ એક ક્ષણમાં મનાકાશમાં ઉડવા લાગ્યાં—મનચક્ષુઓ આવા તર્કવિતર્કના તિમિરમાં અધ બનવા માંડયા. પણ આખરે પુરૂષ બળે જય મેળવ્યો, અને ઘણે પ્રયત્ને કુમુદચદ્ર ત્વરાથી બોલ્યો —"કુસુમસુદરી આ સમય વિચાર કરવાનો નથી જે વિધાતાએ ધાર્યુ હોય તે ખરૂ. થવાનુ થયુ. પણ હવે જે એક ક્ષણ પણ અત્રે વધારે કહાડીશુ તે વધારે જોખમકારક છે. માટે એક શબ્દ પણ બોલ્યા વિના હાલ તો અત્રેથી જાઓ."

કુસુમસુદરીનો જીવ જવો બાકી રહ્યો. મનની વાત મનમાં રહી ગઈ–અને શિથિલ પગલે–દુખી બાળા સ્વસ્થ થવાને મથતી અસ્વસ્થ બાળા–અનેક ભય અને શકાયુક્ત ચિત્તભેદક સ્વપ્નો અનુભવતી ચાલી, અને સ્ત્રીઓના દિવાનખાનાનાં પગથીઆ પર મહા પ્રયત્ને ચ્હડવા લાગી.

પોતે કાંઇપણ દોષ કર્યો હોય છે તો આપણી તરફ જોતાં અન્ય મનુષ્યો–તે વિશે અજ્ઞાન મનુષ્યો–જો સહજ પણ સભવ હોય તો–આપણે તેઓ સદોષ દૃષ્ટિથી જુએ છે, એવી શંકા દોષવાન મનુષ્યના હૃદયમાં

સ્વાભાવિક રીતે થાય છે—એ વાત પ્રિય વાંચક ! તને કાંઈ સમજાવવી પડે તેમ નથી; કેમકે તું મનુષ્ય છે અને તેથી આખા જીવનમાં ન્હાના મ્હોટા કોઇ પણ દોષના પ્રસંગમાં એવો અનુભવ તેં કર્યો હશે. આ પ્રમાણે જેવી કુસુમસુંદરી પગથીઆંપર ચ્હડી કે શારદાને પોતા તરફ આવતી દીઠી; અને તેને સબળ શંકા થવા લાગી કે શારદાએ મંડપમાંનો બનાવ જોયો છે—અરે ! તેની આંખ તેને ઠપકાભરેલી લાગી—અને તેથી તે મંડપ તરફ આવતી હતી. ખરૂં જોતા તે હમણાંજ દિવાનખાનામા થઇને સહજ બ્હાર ઓટલાપર આવતી હતી. પણ તરતજ તેની આ શંકા નિર્મૂળ થઈ, કેમકે જેવી કુસુમસુંદરી ઓટલાપર આવી કે તરતજ શારદાએ કહ્યું—"કેમ કુસુમ ! તબિયત કેમ છે ? અમસ્તી જાણી જોઇને હવામા શું કરવા ફરે છે ?"

આ વાક્ય ઘણુંજ સ્વાભાવિક રીતે બોલાયું અને તેથી કુસુમસુંદરીને નિશ્ચય થયો કે ઈશ્વરે એક મ્હોટા આળમાથી ઉગાર્યા, અને જ્યારે શારદાએ નથી જોયું તો મોહિનીએ પણ નહ઼ જોયું હોય એવું પણ મને માન્યું—માનતાં જરા આચકો ખાધો તોપણ માન્યું અને કાંઈક વધારે સ્વસ્થ થઈ.

હવે મોહિનીની દૃષ્ટિ જેવી પટપટિઆંમાથી મોહિની મંડપપર પડી, કે તરતજ કુસુમસુંદરી તેમાથી ઉપર કહ્યા પ્રમાણે નીકળી સ્ત્રીના દિવાનખાનામાં ગઇ મોહિનીનું હૃદય શાંત થયું અને ત્રાહિત દૃષ્ટાની આખમાં પુત્રી કલંકિની થવાના ભયમાંથી મુક્તિ આપવાને માટે, ઇશ્વરનો પુષ્કળ આભાર માનતી વસ્ત્ર બદલવાને પોતાના ઓરડામા ગઇ અનેક વિચારો મનમાં તરવરવા લાગ્યા પ્રેમમાર્ગમાં દિક્ષિત થયલી અને પૂર્ણ રીતે પલોટાયલી પ્રેમી માતાની દ્રષ્ટિ, આ નવલ પ્રેમીઓનું આખું પ્રેમપ્રકરણ એક પલકમાં—કોઇને પુછ્યા વિના—સમજી ગઈ. સ્વાનુભવી છતા પોતાના ઘરમા આટલે દરજ્જે વાત આવી ત્યાં સુધી તેની લેશમાત્ર પણ ગંધ પોતાને ન આવી, તે જાણી તે અતિ વિસ્મય પામવા લાગી. સ્વાભાવિક પ્રેમનું પરિબલ નિસીમ લાગ્યું. અવસ્થાના—આશ્રમના ફેરફારથી હૃદય અને મન પણ બદલાય છે એ નવી વાત તે શીખી.

પુત્રીને દુષિત ન ગણતાં પણ કુટુંબ કલંક લાગતે એ વિચારથી પુત્રીપર જરા ક્રોધ ચ્હડયો પણ બીજીજ પળે તે શમ્યો; કેમકે જો આવી રીતે આ ગુપ્ત સંબંધ પ્રકાશમાં ન આવ્યો હોત, તો પ્રિય પુત્રી

જીવનપર્યન્ત દુઃખી થતે એમ ધારી સંતોષ પામી. **વિદ્યાચંદ્ર** સાથે સંબંધ થવાનાજ પરિણામરૂપ, **મોહિની મંડપમાંનો** આટલી પરતંત્ર દશાનો આ દેખાવ હતો, એમ નિશ્ચય કરતાં **વૈકુંઠબાની** ક્રૂરતાના વિચારથી જરા દુઃખી થઈ—દુ.ખી થતાં પણ એવા ઠરાવપર આવી કે "બનવાનું હોય તે બને તો પણ કુસુમને તો કુમુદચંદ્રનેજ આપવી અને તે પ્રમાણે **ચંદ્રશંકરને** ના લખી દેવી."

આ પ્રમાણે વિચાર કરી **મોહિની** વસ્ત્ર બદલી દિવાનખાનામાં આવી. કુસુમસુદરી ઉપર કહ્યા પ્રમાણે હમણાંજ એક રેશમી બેસવાના કોચપર આવી પડી હતી. **મોહિનીની** આ સમયની મુખમુદ્રા તદ્દન સ્વાભાવિકજ હોય નહી—જાણે કશુ જાણતીજ ન હોય એવી હતી. પાસે આવી તુરત "કેમ કુસુમ! શરીરને કેમ છે-હવે તાવ તો નથી કેની?"—એમ કહી મસ્તિકે હાથ મુકી—"હમણા તો ઠીક લાગે છે"—એટલુ માત્ર બોલી બીજા ઘરકામમાં ગુથાઇ. કુસુમસુંદરીને આ એટલુ તો સ્વાભાવિક લાગ્યુ કે તેને માતા તરફનો પણ ભય નિર્મૂળ થયો, અને ક્ષણવાર કાંઇકિ આનન્દ ભોગવવા લાગી.

તેજ રાત્રિના નવ વાગ્યાને સુમારે સ્ત્રીવર્ગ વાળું કરીને તુરતજ ઉઠયો હતો. **સ્ત્રી**દિવાનખાનાને છતમાથી લટકાવેલુ એક વિજળીના દીવાનુ ઝાડ પ્રકાશિત કરતું હતું. ઝાડની નીચેજ મુકેલી ગોળ ટેબલપર માથે હાથ દઈ—હાથ ટેબલપર ટેકવીને કુસુમસુદરી દીવાની ઝગઝગાટ જ્યોત સ્હામુ એકીટસે જોઇ પોતાનો પ્રેમયોગ સાધવાને ત્રાટકમુદ્રા કરતી હોય એમ દેખાતી હતી; અને **મોહિની, શારદા** અને **ચંદ્રાવળી** જમીનપર એક ઉત્તમ કારીગરીવાળા ઉનના ગાલીચાપર બેસી, રૂપાની તાસકમાંથી પાન સોપારી બનાવી ખાતાં—વિધવિધ વાતો કરતાં હતાં. **ચંદ્રાવળીને** વાતોમાં કાઇ રસ પડતો નહોતો, કેમકે તેનુ હૃદય માત્ર **શારદા** પોતાની સગાઈને માટે શુ કહે છે તેને માટે ઉત્સુક હતું. કુસુમસુદરી પણ હાલ થોડા કાળને માટે જાણે પોતાનું દુઃખ વિસરી ગઇ હોય એમ પોતાની પ્રિય સખીનેજ વિશે વિચાર કરતી હતી. **ચંદ્રાવળીપરના** એના પ્રેમે એને પણ એ બાબત જાણવાને ઉત્સુક કરી, કેમકે જો **શારદામાસીએ નરેન્દ્ર** શિવાય બીજા કોઇને ધાર્યો હશે, તો **ચંદ્રાવળીની** પણ પોતાના જેવીજ દશા થશે એ બ્હીક તેનામાં ઉત્પન્ન થઈ—અને તેથી હસતાં હસતાં બોલીઃ—"**શારદામાસી ચંદ્રાવળીનુ** તો અમારા **નરેન્દ્રભાઇ** સાથેજ કરજો. હુ એના તરફથી માગું કરૂં છું. કેમ **મોહિની** ખરૂં કે ની?"

"કુસુમ !" મોહિનીએ બહુ ઉત્સાહથી કહ્યું:–"ખરેખર મ્હારી જીભને ટેરવે એ વાત આવી હતી અને તેં કહી. હા શારદા ! મ્હારી તો મરજી એવીજ છે. હીરાભાભીએ પણ મને બે ત્રણવાર એજ વિશે કહ્યું હતું. મે કહ્યું કે થાય છે ઉતાવળ શું છે ? શારદા કયાં મને પુછ્યા વિના કાંઈ કરવાની હતી. ચંદ્રાવળીના હૃદયમાં અમૃત રેડાયું અને માતાનો ઉત્તર સાંભળવાને તત્પર થઇ. પણ લાચાર ! પયપાન કરાવનારીએ આજે–અમૃતની અભિલાષી પુત્રીને હળાહળ વિષપાનજ કરાવ્યું.

શારદાએ કહ્યું, "એ છોકરૂં ત્હારૂં છે. આપનારે તું અને લેનારે તું છે. એમાં મને કશી હરકત હોય નહી અને નરેન્દ્રભાઇએ ભણેલા છે. પણ એક વખત વચને બધાઇ ગઇ છુ એટલે કાંઈ ઇલાજ નથી અને તે તું જાણે છે. ઘણા વર્ષોપર તને યાદ હશે કે ચંદ્રાવળી ન્હાની હતી, ત્યારે વૈકુંઠબાએ એકવાર કહ્યું હતું કે એને કોઇને ન આપશો–એ તો મ્હારા કુમુદનેજ લાયક છે. અને આપણે પણ વાત થઈ હતી અને મુંબઇમાં ત્હારો એને માટેનો અંગત અનુભવ હોવાથી માંડી વાળ્યુ હતું, કે એ કરવા લાયક નથી કેમકે છોકરી દુ:ખી થાય."

"હા પછી ?" મોહિનીએ જરા આતુર થઇને કહ્યું.

"પછી ઘણીએ વેળા તું, હું વૈકુંઠબાને મળ્યાં હઇશું, પણ એ વિશે કાઇ ફરી વાતજ થઈ નહી, એટલે મે જાણ્યુ કે એ તો મ્હોટાં માણસ એટલે એનો વિચાર બદલાયો હશે. અને આપણે પણ વાત ઉપાડી નહી કેમકે વિચાર કરીને માડી વાળ્યું હતું. પણ હમણાંજ દીવાળીમાં એ ચંદ્રનગર આવ્યાં હતા ત્યારે એકાએક મને બોલાવી, અને જાણે નક્કીજ હોય તેમ મને કહ્યુ કે આપણે વાત થઈ હતી તે પ્રમાણે આવતી લગ્નસરામાં ચંદ્રાવળીના કુમુદચંદ્ર સાથે લગ્નનુ ઠરાવ્યું છે, માટે તમારે મોહિની વિગેરેને કહેવું હોય તો વિચાર કરીને જવાબ આપજો. આ પ્રમાણે તું ચંદ્રનગર આવે પછી વિચાર કરીને તેનો જવાબ આપીશુ, એમ ધારી મે કાઇ તને લખ્યુ નહતુ કેમકે વખત ઘણો હતો. પણ પાછો એને માટે ચંપાનગરથી હમણા કાગળ આવ્યો છે, અને તેમાં એ વિશે પુછાવ્યુ છે માટે મ્હારે અત્રે આપવું પડયું."

"હવે ત્હારો શુ વિચાર છે તે કહે તે પ્રમાણે કરીએ. એ બાબતમાં ત્હારો વિચાર મુખ્ય પછી અમે બધાં." મોહિનીએ કહ્યું.

મ્હારો વિચાર તો એવો કે "લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે મ્હોં ધોવા જવું નહી." હાલના વખતમાં સારૂં માઠું કરવા કયાં જઇએ. અને હોંસથી સ્હામી માગી લે છે એટલે દુભવશે તો નહી; પછી આપણે કાંઇ તેના પેટમાં પેસી તો થોડાં નીકળ્યાં છીએ. સૌ એતો છોકરીનું ભાયેગ. બીજું કાંઈ હમણા સારૂ દેખાય અને પછાડીથી નબળું નીકળે તો તેમાં આપણે શું કરીએ? આપણે તો દલાલ માત્ર છીએ–કરતાહરતા **શ્રી હરી**. વારૂ એ તો તમારા બધાંના પુણ્યે, બાકી મ્હારૂં છોકરૂ એને બારણે કયાથી? વળી કુમુદચંદ્ર પણું નરેન્દ્રની પેઠે ભણેલા છે, અને સૌ નોકરી ચાકરીએ લાગશે એટલે કયા વૈકુંઠબા પાસે બેસી રહેવાના છે? વારૂ મ્હારૂ ગરીબનુ છોકરૂ સુખી થશે."

ચંદ્રાવળીના હૃદયમાં આ સાંભળી તીવ્ર વેદના થવા લાગી–ડીબો ભરાઈ આવ્યો–તમ્મર આવવા લાગ્યા–અને જો થોડીવાર વધારે ત્યાં રહેતે તો રોઈ પડતે; પણ એકદમ ઉઠીને પોતાના સુવાના ઓરડામાં ગઇ અને ડુસકે ડુસકા ભરી રોવા લાગી. ચંદ્રાવળી એટલી તો ત્વરાથી ઉઠી ગઇ કે મોહિની અને શારદાને એમજ લાગ્યુ હશે કે માત્ર પોતાના સબંધની વાતથી શરમાઇનેજ તે ઉઠી ગઈ હશે. ગરીબ કુસુમસુદરીનો ઝાંખો બળતો આશાદીપક પણ હોલવાયો–અંતરમાં અંધકાર થયો. પ્રિય સખીની–ચંદ્રાવળીની–વકીલાત કરવા આવેલીને પોતાના "કેઇસ" મુકરદમાનો ફેસલો મળી ગયો. તે વૈકુંઠબાનો સ્વભાવ જાણતી હતી, કે જે તે એક વખત ધારે તે પછી કોઇ પણ દિવસ ફરી શકેજ નહી. આ પ્રમાણે થયલી પૂર્ણ નિરાશાએ આજના આખા દિવસનું વૃતાન્ત પાછું દૃષ્ટિ આગળ ખડું કીધુ. થોડીવાર કુમુદચંદ્ર–કુમુદચંદ્રજ, હૃદયમાં થઈ રહ્યો, અને આખરે "પ્રિય કુમુદચંદ્ર આ ભવમાં તો મ્હારા નજ થશે," એ અંતિમ ધારણાએ તેનું પણ હૃદય ભરાઈ આવ્યુ. મોહિનીનો ઉત્તર જાણવાનુ મન તો ઘણું થયુ, પણ પોતાની જાતનો ભરોસો ન પડયો–નજ બેસાયું, અને તેથી તે પણ ચંદ્રાવળી પછી થોડીજ વારે સુવાના ઓરડામાં ગઈ; બારણું ઉઘાડયું અને ચંદ્રાવળીને રોતી જોઇ પોતે પણ એકદમ રોઈ પડી. અને એમાં કોઈ કોઇને દિલાસો આપે એમ ન હતું. કુસુમસુંદરી! ત્હારો આજનો દિવસ કચવાટમાંજ ઉગ્યો અને આથમ્યો. ખરેખર "વાંકોજ દાહાડો."

શારદાનું બોલવું સાંભળી **મોહિની**નાં તો ગાત્રજ શિથિલ થઇ ગયાં–હૃદયમાં મ્હોટો પથરોજ પડયો. થોડીવાર ધરતી સ્હામુ જોઇ રહી–ઉંડા વિચારમાં ઉતરેલી લાગી. **મોહિની લતા મંડપના** બનાવ પછી તેણે પુત્રી સુખી થવાની જે આશા બાંધી હતી તે પૂર્ણ થવાનો એક લેશ માત્ર પણ હવે સંભવ નજ લાગ્યો. વૈકુંઠબાનો સ્વભાવ તેને અજાણ્યો નજ હતો, અને તેથી પોતે આપેલું વચન ફેરવીને કુસુમસુંદરીને લે એ તો તદન અશક્યજ હતું. પણ તેમાં વળી હવે તો કુસુમસુંદરીને માટે વાત કરવી એજ ન બને, કેમકે તેથી અંદરનો ભેદ કોઇને કહેવાય નહી, અને **શારદા**ને એમ લાગે કે "મ્હારી છોકરીનુ સુખ એનાથી જોવાયુ નહી–" અને લોકાપવાદ એમ આવે કે આવું નક્કી છતા પણ પોતે પોતાનો સ્વાર્થ સાધ્યો અને ગરીબની છોકરીને રવડાવી.

આવો વિચાર થતો હતો ત્યારેજ કુસુમસુંદરી ઉપર પ્રમાણે ઉઠી ગઇ. **મોહિની** પુત્રીની યત્રણા સમજી ગઇ. તેનું હૃદય ભરાઇ આવ્યુ **મોહિની મંડપનો** દેખાવ તાજો થયો. પુત્રી કુમુદચંદ્રના પ્રેમથી–તેના સ્પર્શથી કુમુદચંદ્રનીજ થયલી ભાસી. અને આવા દૃઢ પ્રેમવાળી બાળા બીજાને ત્યા કેમ સુખી થશે એ વિચારે તેને દિગ્મુઢ કરી. પણ એટલામા તેને પોતાનુ ભાન આવ્યુ અને **શારદા**ને કાંઇ ઉત્તર આપવો જોઇએ એમ લાગ્યુ. પુરૂષબળ વાપરી, જાણે કશુ છેજ નહી એમ સ્હેજ વિચાર કરીને બોલતી હોય તે પ્રમાણે કહ્યું; "હા **શારદા**! તું કહે છે તે પણ ઠીક છે. બહુજ વિચાર કરી જોયો, અને મને પણ એમજ લાગે છે કે એ સબધ કરવામાં કશી હરકત નથી વૈકુંઠબા સ્હામી માગી લે છે ત્યારે તો **ચંદ્રાવળી**ને છાતી પરજ રાખશે."

આ પ્રમાણે રોવાની અણીપર આવેલી–નીચેથી ઉચુ જોતામાં કશુ છેજ નહી એમ બતાવવાની શક્તિવાળી–પુત્રીના દુઃખમાં ડુબતી વત્સલ માતા, કચડાતે હૃદયે–નિરૂપાયે–લાચાર બનીને–જોરાવરીથી "હા" ભણી. **મોહિની, ધન્ય છે ત્હારા મનોબળને–ત્હારી ધીરજ–ત્હારી સહનશીલતાને !**

આ પ્રમાણે જ્યારે આપણું ક્ષુદ્ર મન પ્રતિક્ષણે આ સસારના ન્હાના મ્હોટાં અસંખ્ય સુખોની આશા બાંધ્યુ જાય છે, ત્યારે તેનીજ

પડોસમાં આવેલા લલાટ–મંદિરમાં બિરાજતી વિધાત્રી દેવી, એવી એવી બનાવોની શી અગમ્ય ગુંથણુ કર્મના દોરાવતી ગુંથે છે તેની આપણને શી ખબર પડે ?

—

પ્રકરણ ૧૧ મું.

કર્મની ગુંચવણી.

The books say well, my brothers, each man's life
The outcome of his former living is,
The by-gone *wrongs* bring forth *sorrows & woes*,
The by-gone *right* breeds *bliss*

Light of Asia.

ગયા પ્રકરણમાં વર્ણવેલા બનાવો પછી મોહિની, ચંદ્રાવળી અને કુમુદસુંદરીએ પોતાની રાત્રિ કેવી રીતે ગાળી હશે તે વિશે પ્રિય વાંચક! તને કાંઇ અત્રે કહેવાની અગત્ય નથી. રાત્રે મોહિનીએ કુમુદચંદ્ર અને ચંદ્રાવળીના સંબંધ વિશેની વાત રાજેન્દ્રને કરી રાજેન્દ્રને પ્રથમ વૈકુંઠબાને લીધે સ્હેજ આચકો લાગ્યો, પણ પછી એણે સ્હામી માગણી કરીને લીધી છે અને શારદાની પણ પૂર્ણ ઇચ્છા છે, એવુ જાણી ઉલટો ઘણો ખુશી થયો; અને "કુસુમ અને ચંદ્રાવળીની સગાઈ પણ સાથેજ થઇ અને લગ્ન પણ સાથેજ થશે–" એમ બોલી ઘણો આનંદ દર્શાવ્યો. પતિવ્રતા પત્નીએ પુત્રીની દશા વિશે વાત કરી એ આનંદમા ભંગ કરવાનુ નિષ્પ્રયોજન ધાર્યું અને મૌનજ રહી.

બીજે દિવસે પ્રભાતમા દસ વાગ્યાને સુમારે રાજેન્દ્રની ભોજનશાળામાંથી પુષ્પો તથા અગરબત્તીના ધૂપની સુગંધ પ્રસરી રહી હતી. રાજેન્દ્રે પોતાના ભોજનગૃહ અને ભોજનપદ્ધતિમા પૂર્વ અને પશ્ચિમનુ અતિ વિચિત્ર મિશ્રણ કર્યું હતું. ભોજનખંડમાં આરસના પથ્થર જડેલા હતા અને તેમાં ભિન્નભિન્ન રંગના પથ્થરની 'રાંગોળી" કરી દરેક જમનારનાં ખાનાઓ પાડયાં હતાં પ્રત્યેક જમનારને અઢેલવાને તથા બેસવાને પાલીસ કરેલા–રૂપાની ફુદડીઓવાળા તથા હાથીદાંતની નકશીવાળા પાટલાઓ હતા, અને જમવાને માટે સાદા રંગેલા બીજા પાટલાઓ હતા. ગાળે ગાળે ચાંદીના "વાઝ" માં "પામ"

તથા "ફર્ન" નાં ન્હાનાં કુંડાઓ મુકાતાં હતાં, અને તેની વચ્ચે અગરબત્તી તથા "ફ્લાવર પાટો" (ફુલદાનિઆં) હતાં કે જેવાં સુગંધીદાર પુષ્પો સુન્દર રીતે ગોઠવવામાં આવતાં હતાં. પ્રત્યેક માણુસને એક ન્હાની ચાંદીની થાળી તથા હાથ લુછવાનો ટુવાલ મુકવામાં આવતો હતો; અને નવાઈ જેવું તો એ હતું કે ચાંદીના જળપાત્રો સાથે એક એક છરી-કાંટો તથા ચમચો મુકવામા આવતો હતો; અને દરેક શાકભાજી વિગેરે વાની, ન્હાની ન્હાની ચાંદીની તાસકો અથવા વાટકીઓમાં પીરસવામાં આવતી હતી. ભટોને દરરોજ સાબુ ચોળીને સ્નાન કરવાનો તથા દરરોજ ધોયલાં અબોટિયાં તથા મોસમ પ્રમાણે રેશમી અથવા ગરમ કબજા પ્હેરવાનો તથા સંધ્યા કરવાનો હુકમ હતો. જમતી વખતે બાજુના ઓરડામાં એક માણસ "ગ્રામોફોન" અથવા તો ચાવી આપવાનુ દેશી ગાયનોનું વાજુ ચલાવતો હતો. ટુંકામા ભોજન લેતી વખતે મનને પ્રફુલ્લિત રાખવાથી ઉત્પન્ન થતી "સ્વસ્થતા" મેળવવાને માટે બધા ઉપાયો લેવામાં આવતા હતા, અને બાહ્ય રમણીયતા (æsthetics)પર પણ ધ્યાન અપાતું હતું. છતમાં રાત્રિના ઉપયોગને માટે વિજળીના દીવા તથા પંખાઓ પણ હતા અને દિવાલોપર અવતારો, સંતો, મિત્રો તથા ખુશનુમા દેખાવોની છબીગો પણ હતી.

વળી મુંબઇના રીવાજ પ્રમાણે રોજ બદલાતા ભટોની ચેતવણીને માટે, રસોઇના ખંડમાં **"મરચાં હુકમ વિના બીલકુલ વાપરવાં નહી"** એ પ્રમાણે મ્હોટે અક્ષરે લખેલુ પાટિઉ હતું; કેમકે રાજેન્દ્ર માનતો હતો કે હિન્દુ સ્ત્રી પુરૂષોના ઘણા રોગોનુ કારણ મરચાનો અને પાશ્ચિમાત્ય અનુકરણથી બરફ અને "કોલ્ડ-ડ્રીંકસો" નો વગર અંદાજનો ઉપયોગ છે. એના વિચાર પ્રમાણે જેમ "મિષ્ટાન્ન" કોઇ કોઇ દિવસ નડે નહી પણ પુષ્ટિ આપે, તેમ આ "તીક્ષ્ણાન્ન" અને "શીતાન્ન" પણ કોઈ દિવસજ લેવાથી આનંદ આપે તથા હાની ન કરે. એ પ્રમાણે બીજા મરી મસાલા, ખાંડ વિગેરે પણ રસોઇમાં બહુજ ઓછા પ્રમાણમાં નાખી, જેને વધારે જોઇએ તેને માટે છુટા પીરસવામાં આવતા હતા. અને આ બાબતમાં રાજેન્દ્ર કેટલે દરજ્જે સત્યજ હતો, કેમકે કુટુંબના વડીલને જો મરચાં, કાંદા, લસણ વિગેરે ખાવાનો શોખ હોય અને સહતાં હોય, તોપણ તેને લીધે ગરમીની દેહવાળાં કુટુંબના સ્ત્રી વર્ગને અને

ખાસ કરીને બાળકોને તેને માટે નકામુ સહન કરવું પડે છે. ઘણું કરીને આપણા સાધારણ ખોરાકમાંથી ઉત્પન્ન થતા રોગોનું જો પ્રથક્કરણ કરીએ તો તેનો **ગળ્યાશ, ખટાશ, તિખાશ, ભિનાશ, અને ચિકાશ,** એ પાંચ વિભાગમાંજ ઘણો સારો સમાવેશ થશે. માટે એનો સાદો નિયમ તો એજ છે કે એ પાંચે પદાર્થો **હમેશ એક સરખી રીતે** વાપરવા કરતા, દરેક જણની રૂચિ અનુસાર અને ગાળે ગાળે લેવામાં આવે તો તે ઓછા હાનીકારક થઇ પડશે એટલુજ નહી પણ ઉલટા પુષ્ટિકારક થવાનો સંભવ છે, કેમકે દરેક પદાર્થમાં પુષ્ટિનાં સત્વો હોય છે. માત્ર જે હાની કરે છે તે તેનું ઓછાવત્તાપણું તથા ખાનાર મનુષ્યની પ્રકૃતિ સાથેનો તેનો વિરોધજ છે.

ઘણું ખરૂં **રાજેન્દ્ર**ની સાથે કોઈ મિત્રો અથવા સ્નેહીઓ જમવામાં હોયજ, પણ આજે તો તેની સાથે **નરેન્દ્ર** અને કુમુદચંદ્રજ હતા; અને તેથી એના રીવાજ પ્રમાણે **મોહિની, શારદા,** કુસુમસુંદરી અને **ચંદ્રાવળી** પણ સાથેજ જમવા બેઠાં હતાં. **રાજેન્દ્ર** આવી મ્હોટી પદ્દીપર ચ્હડયા છતાં પણ બીલકુલ નિરભિમાની હતો. અને ભોજન લેતાં **નરેન્દ્ર**–કુમુદચંદ્ર તથા કુસુમ અને **ચંદ્રાવલી** સાથે પણ છુટથી પ્રસગે વાતોચીતો કરતો હતો; અને તેમાં જાણવા જેવું તો એ હતું કે કોઇપણ જાતની દુઃખ, દિલગીરી, ચિન્તા અથવા કામકાજની વાતો બનતાં સુધી ન કરવાનો તેનો નિયમ હતો; અને તેથી રસોઇખાનાના પાાટઆંની પ્રમાણે ભોજનખંડની ભીતોપર હસવા લાયક તથા ગમતભરેલી કહેવતો તથા ફકરાઓ–Quotations–અને પ્રખ્યાત કવિઓના દોહરાઓ લખ્યા હતા. ખાતી વખતે મ્હોટાં ભાષણો તથા અગત્યના પ્રશ્નોપર વાદવિવાદ કરવાની સુધરેલા પાશ્ચિમાત્યોની પદ્ધતિની તે બીલકુલ વિરૂદ્ધ હતો. અને તે વાજબીજ હતું કેમકે **વૈદકશાસ્ત્ર** કહે છે કે જેવું **મગજ** (brain) કાર્ય કરવા માંડે છે કે તુરત જે લોહી ખાતીવેળા હોજરી (Stomach) તરફ જવુ જોઇએ તે **મગજ** તરફ દોડે છે, અને તેથી નિર્બળ મનુષ્યોને તો વખતે ફેર આવે છે અથવા તો અંધારાં આવે છે. કુશળ વૈદ્યોનો તો એવો અભિપ્રાય છે કે ખાધા પછી પણ ઓછામાં ઓછા અર્ધો કલાક પછીજ " મગજથી કાર્ય " (brain work) કરવું જોઇએ. વિદ્યાર્થીઓને આ બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

હાલમાં વાતો બીજા વિષયપરજ ચાલતી હતી. પણ તે ઉપર

પ્રમાણે આડીતેડી–સાધારણ–light conversation–હતી, એટલે તેની સાથે આપણે કશો સંબંધ ન હોવાથી આપણે અગત્ય જેટલુંજ લઈશું. નરેન્દ્રે કહ્યું–" કાકાજી ! આજે મ્હોટાભાઈનો (પિતાને તે મ્હોટાભાઈ કહેતો હતો) પત્ર આવ્યો છે તેમાં લખે છે કે એમની બદલી ટુંક મુદતમાં ચંદ્રનગર થવાની છે, માટે મને થોડા દિવસ ત્યાં જવાનું લખે છે કે જેથી એમની સાથેજ " ક્રિસ્ટમસ "માં ચંદ્રનગર જવાય. માટે હું આજે બપોરની ટ્રેઇનમાં નાશિક જવાનો વિચાર રાખુ છું."

" વાહ ! ચાલો બહુ સારૂં થયુ. સીતાફોઈ, બાપુજી અને બાને ઘરડે ઘડપણ કોઈ પાસે જોઇએ." રાજેન્દ્રે ખુશી સાથે કહ્યુ.

નરેન્દ્રના બોલવાપરથી યાદ આવવાથી કુમુદચંદ્રે પણ કહ્યુ—

" મ્હારો પણ આજેજ રાત્રે મેઇલ ટ્રેઇનમાં ચંપાનગર જવાનો વિચાર છે. બધાં ચંદ્રનગરથી હમણાજ ગયાં અને મને પણ શારદામાસી સાથે કહેવડાવ્યુ છે–માટે "—

" શારદા માસી શેના ? " રાજેન્દ્રે ટોળમા કહ્યુ,–" હવે તો " સાસુજી " કહો. હવે કુમુદચંદ્ર નથી, પણ અમારા " જમાઇરાજ " થયા છો–તેથી અમારે હવે તમને વધારે માન આપવુ પડશે."

બિચારા કુમુદચંદ્ર અને નરેન્દ્રને વૃષ્ટિ થયા પ્હેલાં આ દુઃખવારીના, પોતાને મસ્તિકે ઝઝૂમી રહેલાં આ કાળાં વાદળાંના, અસ્તિત્વનો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો; અને તેથી આ સાંભળી કુમુદચંદ્ર ગુચવાયો–લજ્જા ખાતર બ્હારથી ફીકુ હસ્યો, પણ અંદરથી તેનાપર વજ્રનો ઘા થયો અને નરેન્દ્ર બ્હીલો પડી ગયો. કુસુમસુંદરી ચિકાસવાળી થાળીમાં નીચું જોઈ ભૂમિતિની આકૃતિઓજ પાડવા મંડી ગઇ, અને ચંદ્રાવળીની શૂન્યદષ્ટિ કુમુદચંદ્ર અને નરેન્દ્રની વચ્ચેજ હીચકા ખાવા લાગી. ગરીબ નરેન્દ્રની મુઝવણ તો પ્રભુજ જાણતો હતો, પણ કુસુમસુંદરી અને કુમુદચંદ્રની યંત્રણા ચતુર મોહિની એકદમ સમજી ગઇ, અને પ્રસંગ વધારે અગાડી ન ચાલે માટે બોલી ઉઠી–" એમને હજુ એ બાબતની ખબર શાની હોય ? હમણાં વૈકુંઠબા ચંદ્રનગર આવ્યાં હતાં ત્યારે નક્કી કર્યું અને શારદાબ્હેને મનેજ કાલે રાત્રે કહ્યુ તો."

કુમુદચંદ્ર અને નરેન્દ્ર બન્ને આજે જવાના હતા તેથી રાજેન્દ્ર કોરટ ગયો ત્યાં સુધી જેમ તેમ કરી તેઓ તેની સાથે

બેઠા અને તેના ગયા પછી પોતાના ખંડમાં આવ્યા. **નરેન્દ્ર** ઈંગ્રેજીમાં જેને sceptic–સંશયાત્મા કહે છે તેવા વિચારનો હતો, અને ઇશ્વર–નશીબ–પુનર્જન્મ કે બીજી દુનિઆંઓમાં માનતો ન હતો. એને અને કુમુદચંદ્રને આવા વિષયોમાં ઘણી વેળા તકરારો થતી હતી, અને દલીલ ખાતર કાંઇ કબુલ કરે તોપણ **નરેન્દ્રના** અભિપ્રાયપર અંદરથી કાંઇ પણ અસર થતી નહી. પણ આ પ્રસંગે **રાજેન્દ્ર** અને **મોહિનીનો** કુમુદચંદ્રપર અથાગ પ્રેમ છતાં–કેવી વિલક્ષણ રીતે કુસુમસુદરી–કુમુદચદ્ર તરફ અપૂર્વ પ્રેમથી ખેંચાયા છતાં–તે **વિધાચદ્રના** હાથે પડી, અને પોતાનાજ દૃષ્ટાન્તમાં આવા ચમત્કારી સંજોગોથી પોતાના સ્વમામાં પણ નહી ધારેલો **ચંદ્રાવળીનો** આવો વિચિત્ર સંબધ કુમુદચદ્ર સાથે થયો; અને તેમાં પોતાથી–કુમુદચદ્રથી–**ચંદ્રાવળીથી** કે કુસુમસુદરીથી એક શબ્દ પણ ન બોલાય, આ બધાથી **નરેન્દ્રનુ પાશ્ચિમાત્ય** વિદ્યાથી–**પદાર્થવાદ** (materialism) થી ભરપુર હૃદય ગુચવાયુ–કાંઈ તાત્કાલિક કારણ ન જડયુ–અને પોતાનાજ પુરૂષાર્થપર સર્વે સુખનો આધાર રાખનાર અનુભવહીન યુવક એકાએક આ વજ્ર જેવો ઘા પડવાથી બ્હાવરા જેવો થઈ ગયો. અને જેવા ઉભય મિત્રો ઓરડામાં પેઠા કે **નરેન્દ્ર** ઇંગ્રેજીમાં બોલી ઉઠયો·—"Dear Kumudchandra ! what is all this confusion ?—પ્રિય કુમુદચંદ્ર ! આ શુ ઘોટાળો છે ? " કેમકે કુમુદચદ્ર આવી અકસ્માત રીતે પોતાનો પ્રતિસ્પર્ધિ થવા છતાં પણ એને મન તો પ્રિય મિત્રજ હતો. અને બિચારા કુમુદચંદ્રનો એમાં કશો દોષ હતો નહી. એ તો ઉલટો સુડી વચ્ચે સોપારી–તેમ બે તરફથી ફસાયો હતો. કુમુદચદ્રે સ્વસ્થતાથી ઉત્તર આપ્યો·—" પ્રિય **નરેન્દ્ર** ! એમાં મ્હારો શો દોષ છે ? આવા સંબધથી **ચંદ્રાવળીને** શુ થતું હશે તેની શુ મને સમજ નથી ? અને પ્રિય કુસુમનું હૃદય ફાટી જતું હશે તેની શુ મને કાળજી નથી ? પણ હુ કાંઇક સંતોષી–સ્વસ્થ જણાઉ છુ તેનુ કારણ માત્ર એટલુજ છે કે હું **કર્મના મહાન નિયમમાં** માનું છુ. અને આ આપત્તિ એ કોઇ **જન્માન્તરના** પાપોનુ ફલ છે, માટે તેની સ્હામુ આપણાથી જેટલો પુરૂષ પ્રયત્ન થઈ શકે તેટલો કરવો, પછી તો **હરી** ઇચ્છા ! જે થાય તે સહન કરવું–એ શિવાય બીજો ઉપાય નથી. આમ શોચ કર્યાથી શો લાભ છે ?"

" અરે પણ " **નરેન્દ્રે** જરા અધીરા બનીને કહ્યું–" **એ કર્મનો**

નિયમ તે શી બલા છે! જ્યાં ત્યાં તમે કર્મ અને પુનર્જન્મ વારેવારે લાવ્યા કરો છો, પણ એ શી રીતે કામ કરે છે એની મને કાંઈ સમજ પડતી નથી. ઘણા ભણેલા મનુષ્યોને દરિદ્રી દેખું છું. તદ્દન અભણ મનુષ્યો જે પોતાની સહી પણ કરી જાણતા નથી તેઓ લખલુટ લક્ષ્મીમાં આળોટે છે. સાધુઓ હાડમારી ભોગવે છે અને દુરાચારીઓ મોજ કરે છે. ખરૂ જોતાં આ બાબતમાં તો વૈકુન્ઠબાના પાપે એ નિર્દોષ બાળાઓને આટલુ સહન કરવું પડે છે."

"હા! હવે બરાબર," કુમુદચંદ્રે જરા હસીને કહ્યું, "એમ પુછો તો હું બધો ખુલાસો કરીશ. આ તો જે કહીએ તે–humbug અને nonsense–પછી તે જ્ઞાનનો લાભ તે તમને શી રીતે મળે? ખરેખર! **શાસ્ત્ર**માં કહ્યું છે કે **श्रद्धावान् लभते ज्ञानम्** એ વાત ખરી છે. **જી**જ્ઞાસા ઉત્પન્ન થયા વિના ગમે તેવું અમુલ્ય **જ્ઞાન** હોય તે હૃદયમા ઠરી શકતું નથી. પુછનારનામાં **જીજ્ઞાસા** અને કહેનારનાપર તેની **શ્રદ્ધા** એ ઉભય **જ્ઞાનને** ફલદાયક કરવાને અવશ્યના છે. જેમ ભુખ વિના ખોરાકની રૂચિ નથી થતી, તેમ જીજ્ઞાસા વિના જ્ઞાનની ઈચ્છા નથી થતી. તમને પણ ભુખ લાગી છે તેમાં પુછો છો ભાઈસાહેબ જાતે સકજામા આવ્યા છો તેમાં, નહી તો બધુંજ "માથાફોડ" ને "ટાહેલુ" લાગે."

"હા કુમુદચદ્ર! તમે કહો છો તે સત્યજ કહો છો. તમે જાણો છો કે હું નવલકથાઓ ઘણી વાચુ છુ. પણ માત્ર વાર્તાનો ભાગજ હું તો વાંચુ છુ, અને જેને તમે "સુદર ફિલસુફી" કહો છો તે બધુ મને તો "ટાહેલું" લાગે છે અને હુ તે બધુ છોડી દઉ છુ."

"હુ આ સાંભળી ઘણોજ દિલગીર છુ, કેમકે જે વસ્તુ અગત્યની છે–અરે લેખકનો નવલકથા લખવાનો મુખ્ય હેતુ હોય છે–તે તો તમે ગ્રહણ કરતા નથી. આ તો છાલાં ખાઈને ગર ફેંકી દેવા જેવું છે–ઝવેરાતને છોડી દાબડી પર મોહી પડવુ અથવા ચીજને બદલે તેના પડછાયાને પકડવા જેવું છે."

"તમે કહો છો તે બધું બરાબરજ છે પણ રસ પડે ત્યારે ફેની! પણ એટલું તો મ્હારે કહેવુ જોઈએ કે કોઇવાર આપણે અમુક જાતની ગમગિની અથવા મુસ્કેલીમાં હોઇએ છીએ, ત્યારે જો કોઈ સારા **લે**ખકનો અથવા કવિ કે **ભ**ક્તનો તે વિષયને લગતો કોઈ ફકરો કે લેખ હાથમાં આવી જાય તો તે અમૃત જેવો લાગે છે.

પણ ચાલો હવે. આપણે સમય થોડો છે. માટે કહો હાલમાં તો હું સ્વસ્થતાથી સાંભળીશ."

"**કર્મના નિયમને** આપણે ઘણે નામે ઓળખીએ છીએ. **કિસ્મત–અદષ્ટ–ભાવી–નશીબ–તકદીર–પ્રારબ્ધ–પ્રાક્તન** એવાં અનેક નામો હિન્દુસ્તાનની ભાષાઓમાં પ્રચલિત છે. ઇંગ્રેજીમાં પણ એને Chance–Destiny અથવા Law of Cause and Effect–Law of Retribution વિગેરે કહેવામાં આવે છે. આપણામાં એને "કાર્યકારણ" નો નિયમ કહે છે. અને જો **કર્મનો નિયમ** એકવાર સ્વીકાર્યો તો **પુનર્જન્મ** તો કબુલ કરવોજ પડે છે; કેમકે મનુષ્યના સુખદુઃખનો આધાર એકજ જન્મના કારણો પર રહી શકતો નથી."

"આપણા **શાસ્ત્રકારોએ કર્મના** ત્રણ વિભાગ પાડેલા છે. **સિંચિત–પ્રારબ્ધ અને ક્રિયમાણ.** **સિંચિત** એટલે જન્મ જન્માન્તરથી જે કર્મનો જથ્થો આપણે **સંચય** કર્યો છે તે. **પ્રારબ્ધ** એટલે ચાલુ જન્મમા જેનુ ફળ ભોગવવાનો **પ્રારંભ** થયો છે તે. અને **ક્રિયમાણ** એટલે ચાલુ જન્મમાં જે **નવી ક્રિયાઓ**–કર્મો કરીએ તે. બીજી રીતે મુકીએ તો ગત જન્માન્તરોમાં જમે ઉધાર થતાં આ જન્મની શરૂઆત પ્હેલાં આપણે ખાતે જે **કર્મની સિલક** (balance) તે **સિંચિત.** આ જન્મમાં તે સિલકમાથી જે **ઉધર્યું** (debited) વપરાયુ–ખરચાયુ તે **પ્રારબ્ધ.** અને આ જન્મમાં જે નવું **જમે** થયુ (credited)–વધ્યુ **તે ક્રિયમાણ.**"

"**સિંચિત** વિશે હાલમાં વધારે કહીશુ તો સમજાશે નહી, માટે પ્રથમ આપણે **પ્રારબ્ધ** અને **ક્રિયમાણ** અથવા **પુરૂષાર્થ** વિશેજ વિચાર કરીશુ, કે જેઓને ઇંગ્રેજીમાં Necessity અને Free Will એ નામે ઓળખવામાં આવે છે. આ જન્મને માટે ભોગવવાને **સિંચિત**માંથી જુદો પાડેલો જે ભાગ તેને **પ્રારબ્ધ** કહે છે, અને તેના **શાસ્ત્ર**માં ત્રણ પેટાભાગ પાડયા છે કે જેને દૃઢ, દૃઢાદૃઢ અને અદૃઢ પ્રારબ્ધ કહે છે."

अवश्यं भाविभावानाम् प्रतिकारो न विद्यते–એ "પંચદશી"ના વાક્ય પ્રમાણે **દૃઢભાવી**ની સ્હામુ **પુરૂષાર્થ** કરો તો તેમાં ફેરફાર થાય નહિ; **દૃઢાદૃઢભાવી**માં જો **પુરૂષાર્થ** કરો તો તે સુધરે અને ન કરો તો બગડે; અને **અદૃઢભાવી**માં **પુરૂષાર્થ** કરો યા ન કરો પણ કાંઈ ન બગડે.

દાખલા તરીકે આયુષ્ય–લક્ષ્મી–વિદ્યા–સ્ત્રી વિગેરેના યોગો ઘણુાખરા દૃઢ ગણાય છે. જો શસ્ત્રથી કોઈ ઇજા થાય-ચપુથી હાથ કપાય અને જલદીથી સારવાર થાય તો સુધરે અને ન થાય તો બગડે, એ **દૃઢાદૃઢભાવીનો** યોગ ગણાય છે. અને એક દિવસે સ્હેજ અજીર્ણ થાય અને તે ઉપર કાંઈ ઔષધ કરો યા ન કરો, તો પણ પાછું એની મેળે ઠીક થઇ જાય છે એ **અદૃઢભાવીનો** યોગ ગણાય છે. એ પ્રમાણે **પ્રારબ્ધ**ના ત્રણ વિભાગ છે. પણ અમુક બનાવ બન્યો તે આમાંના કયા વિભાગમાં મુકવાનો છે તેની મનુષ્યને ખબર નથી હોતી, તેથી ગમે તે કાર્યમાં પણ **યોગ્ય પુરૂષાર્થ કરવો** એજ અતિ સલામત છે. તે **પુરૂષાર્થ**ની ફળસિદ્ધિથી આપણા આ ત્રણ વિભાગના અજ્ઞાનને લીધે, આપણે અજ્ઞાત છીએ અને તેથી ગીતાજીમાં કહ્યું છે કે :—

कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन
माकर्मफलहेतुर्भुर्मा ते संगोऽस्त्वकर्मणि.

"હવે **ક્રિયમાણ** અથવા **પુરૂષાર્થ** એનો વિચાર કરીએ આ વિષય ઘણો અગત્યનો અને વ્હેવારૂ–practical છે, કેમકે કોઇપણ કાળે **સિંચિત** અને **પ્રારબ્ધ** એ ઉભય **ક્રિયમાણ**માંથીજ થયાં છે; અને તેથી ભવિષ્ય જન્મના પણ **સિંચિત** અને **પ્રારબ્ધ**નો આધાર **હાલના પુરૂષાર્થ** પર ઘણે દરજ્જે રહે છે. **પુરૂષ**પણુ પ્રાપ્ત કરવાનો **અર્થ** એટલે "નરદેહ" પ્રાપ્ત થવાનો આથીજ મ્હોટો મહિમા **શાસ્ત્રો**માં કહ્યો છે. કેમકે ત્યાથી **વિવેકબુદ્ધિ** જાગૃત થાય છે–કર્તવ્યાકર્તવ્ય–વિધીનિષેધ–સારાસારનો વિચાર કરવાની શક્તિ આવે છે, **જીવ** પોતાના **કર્મ**ને માટે જોખમદાર થાય છે, અને આમ હોવાથી આ પછીજ **જીવ**ને **કર્મ** અને **પુનર્જન્મ**નો નિયમ લાગુ પડે છે."

"હવે **કર્મ**ના કયા નિયમો પ્રમાણે **પુનર્જન્મ** થાય છે તે કહો, કેમકે મ્હારા પ્રશ્નનો ઉત્તર તેનાપર ઘણે અંશે આધાર રાખે છે" **નરેન્દ્રે** ઘડિઆલ જોઈ જરા અધીરા થઈ કહ્યું. "કુમુદચંદ્ર ! ખરે આજે તો તમે "પાવડે પગ અને બ્રહ્મઉપદેશ" જેવું પ્રત્યક્ષ કરી બતાવ્યુ છે."

"હા ! જરા ધીરજ રાખો. હવે હુ તેજ વિશે કહુ છું. આ નિયમો જો સમજાય તો બીલકુલ સાદા અને વ્હેવારૂ–practical છે:–
(૧) આ જીન્દગીના **કાર્યો** (concrete acts) તે આવતી

જીન્દગીના **સંજોગો અને સંસારી સ્થિતિ** (circumstances and surroundings) થાય છે.

(૨) આ જીન્દગીના **વિચારો અને ઉર્મિઓ** (thoughts and emotions) તે આવતી જીન્દગીની **મગજશક્તિ અને ચારિત્ર** (intelligence and character) થાય છે.

(૩) આ જીન્દગીની **ઇચ્છાઓ-વાસનાઓ** (desires) માંથી આવતી જીન્દગીની **તકો** (opportunities) થાય છે.

(૪) આ જીન્દગીના સફળ નહી થયલા યત્નો (unfulfilled efforts) માથી આવતી જીન્દગીની **શક્તિઓ** (powers and faculties) થાય છે. "

" પ્રત્યેક નિયમનો એકએક દૃષ્ટાન્ત લેવાથી બરાબર સમજાશેઃ—

(૧) આ જીન્દગીમા કોઈ **સદાવ્રત** સ્થાપે અથવા **ધર્મ-શાળા** કે **જાહેરબાગ** બનાવે તો આવતી જીન્દગીમાં રહેવાનુ સુંદર સ્થાન—બાગબગીચો મળે, અને ખાવાપીવાની મુશ્કેલી નજ પડે એવા સંજોગોમા (એટલે દેશ—કાળ—કુટુબ—જાતી વિગેરેમાં) તમે જન્મો. બીજાઓને તેઓની મુશ્કેલીમાં મદદ કરી હોય તો તમને ઘણા ભરોસાદાર અને પ્રેમી મિત્રો અને સગાસંબધીઓ (sympathetic and loving friends and relations) મળે, અને એથી ઉલટુ હોય તો ઉલટુ સમજવુ. (૨) જો વાચવા લખવાનો શોખ હોય તો આવતી જીન્દગીમાં વિદ્વાન થાવ, અને ભક્તિભાવ—દયા—ક્ષમા—શાન્તિ—ધીરજ—પ્રેમ વિગેરે કેળવ્યા હોય તો ઉચ્ચ સ્વભાવના થાવ, તેમજ નીચ વિચારો અને દ્વેષ—ઇર્ષા—કામ—ક્રોધ—કંજુસાઇ કેળવ્યાં હોય તો તે પ્રમાણે થાવ. (૩) એક શખસને ગાયન શીખવાની અથવા તો અંગકસરતમા નિપુણ થવાની દૃઢ ઇચ્છા હોય, અને તે બાબતમા કાંઈ પણ કર્યા પ્હેલાં તે **વાસના** સાથે મૃત્યુ થાય—તો તે એવા સંજોગોમાં જન્મે કે ત્યાં **ગાયન** અને **કસરત** શીખવાને તેને **તક** (opportunity) મળે—એટલે તેવા શોખવાળા માબાપ—મિત્રો—લોકોમાં જન્મ થાય. (૪) અને જેટલે દરજ્જે **ગાયન** અથવા **અંગકસરતમાં** આ જીન્દગીમાં **યત્ન—મેહેનત** કરી હોય, તેટલે દરજ્જે **તૈયાર શક્તિઓ** (powers and faculties) સાથેજ તે જન્મે—એટલે તેનો અવાજ મધુર હોય અથવા શરીર નિરોગી હોય. "

"આ પ્રમાણે તમે જોઇ શકશો કે જો (૧) પ્રમાણે એક મનુષ્ય વાડી બંગલામાં રહેતો હોય પણ (૨) ની ન્યુનતાને લીધે જુગારી-લુચ્ચો અથવા સ્ત્રીલંપટ થઈ શકે. વળી (૨) પ્રમાણે તે ઘણો વિદ્વાન અને સદાચરણી હોય તોપણ (૧) પ્રમાણે કોઇને માટે કાંઈ કાર્યો ન કર્યા હોય તો દરિદ્રી હોઇ શકે. અથવા (૨) પ્રમાણે વિદ્વાન હોઇ દુરાચરણી અને નીચ વૃત્તિવાળો હોઈ શકે. (૩ અને ૪) પ્રમાણે જેને આપણે genius **વિચક્ષણ પુરૂષ** કહીએ છીએ, તે પણ આ જન્મના થોડા શ્રમે ઘણો ઝળકી ઉઠે છે; કેમકે તે પૂર્વ જન્મોની અથાગ મેહેનતથી ઉંચી શક્તિઓ સાથેજ જન્મ્યો હોય છે. **આપણે** નવું શીખીએ છીએ તે માત્ર **તેને** એકવાર તાજુજ-revise કરવાનુ હોય છે."

"આમાં તમારા બધા પ્રશ્નોના ઉત્તર આવી ગયા. "દુરાચરણી મોજ કેમ કરે છે" તે પણ સમજાયુ હશે, પણ સાધુઓ દુ:ખી કેમ થાય છે તે વિશે આ ઉપરાંત એક વાત વધારે જાણવાની છે. તમને યાદ છે કે **સિંચિત** વિશે આપણે બોલવાનુ મુલતવી રાખ્યુ હતું. હવે સાધારણ માણસો ઉપર કહેવા પ્રમાણે **પ્રારબ્ધ** અને **ક્રિયમાણ** પ્રમાણેજ સુખદુ:ખ ભોગવે છે. પણ સાધુને માટે જરા નિયમ જુદો છે, કેમકે તેનો સંસારી સુખનો ત્યાગ કરી સાધારણ મનુષ્ય ઉચ્ચ ગતિએ પ્હોચે તે પ્હેલાં પ્હોચવાનો **વિચાર** હોય છે-અરે **નિશ્ચય** કર્યો હોય છે એટલે જે દેવું તે જન્માતરોમા આપી શકે, તે તુરત આપવાને એક જાતની તે કબુલાત કરે છે; અને તેથી **સિંચિત**માંથી તેને **પ્રાયશ્ચિતો**નો બદલો તુરત આપી જલદી વિશુદ્ધ કરવામાં આવે છે. બીજા શબ્દોમાં તે સુખની શરગતી આપે છે અને દુ:ખ ભોગવી લેવાને તે કર્મ દેવતાઓ પાસે અરજી કરે છે. આના પરિણામેજ એક **ખરો સાધુ** આપણી આંખે દુ:ખી દેખાય છે. વસ્તુતઃ તે દુ:ખી છેજ નહી કેમકે **તેનો આત્મા પ્રભુની સાથે** જ જોડાયલો હોય છે, અને સ્થૂલ ઉપાધીઓજ આ દેવું અદા કરે છે, કે જે કર્યા વિના **પ્રભુની સમિપમાં-ખુદાની હઝુરમાં** કોઇથી પગ મુકી શકાયજ નહી."

"હા ! તમારો ટ્રેઇનનો ટાઇમ પાસે આવે છે-"**નરેન્દ્ર**ને જરા અધીરો થતો જોઇને કુમુદચન્દ્રે કહ્યુ-"માટે હવે એકજ બાબત વિશે કહીશ, તે એ છે કે આ નિયમ પ્રમાણે એક **જીવ**, તેની

તે જાતીમાં એટલે સ્ત્રી કે પુરૂષરૂપે વધારેમાં વધારે સાત જન્મ અને ઓછામાં ઓછા ત્રણ જન્મ લઈ શકે છે. પછી તેની જાતી બદલાય છે, કેમકે બન્ને શરીરોમાં જીવને ભિન્ન ભિન્ન ગુણોને ખીલવવાના હોય છે. આથીજ સ્ત્રીઓ તરફ દિલસોજી–sympathy–પ્રેમભાવ રાખનારા પુરૂષોના સ્ત્રીજન્મો ઘણા કપાઇ જાય છે; અને સ્ત્રીઓને ધિક્કારનાર–હલકી ગણનાર–જુલમગાર પુરૂષોના સ્ત્રીજન્મો વધે છે. આ નિયમના પુરાવા તરીકે એક જાતીના બદલાવવાની પ્રથમના અથવા છેવટના જન્મમાં, કેટલીએક સ્ત્રીઓ પુરૂષ જેવી (manly) અને કેટલાએક પુરૂષો સ્ત્રી જેવા (womanish) હોય છે, તે ઘણી સેહેલથી મુકી શકાય. આ જાતીનો–દેહનો ફેરફાર બીજા ઘણા સન્જોગોપર આધાર રાખે છે.”

આ પ્રમાણે હુ કયાં ? તમે કયા ? ચંદ્રાવળી કોની પુત્રી અને કેવી અજબ રીતે આવા સન્જોગોમા મુકાઈ ? કુસુમસુદરીની કેવી સ્થિતિ ? પુનર્જન્મનો એક એવો પણ નિયમ છે કે જે જીવો વચ્ચે ઘણો દ્વેશ કે ઘણો સ્નેહ આ જન્મે હોય છે, તે જરૂર પૂર્વજન્મ અથવા જન્મોમાં કોઈ પણ સબધમાં હોવા જોઇએ, અને ભવિષ્ય જન્મ અથવા જન્મોમાં પણ થોડો વખત પાછા સબધમાં આવ્યા વિના તેઓનાં દેવાઓ પુરાં થતાં નથી. ઘણા ખરા એવા જીવો એક જથા (group) માજ ઘણા જન્મોથી કોઇને કોઈ સબધમા આવ્યા કરે છે. આ પ્રમાણે આપણે બધા પણ ઓછા વત્તા મિત્રભાવે કે શત્રુભાવે સાથે ઘણીવાર આવ્યાં હોઇશુ–કોઇ કોઇનો પ્રતિસ્પર્ધિ હશે–તમે કે મે એકબીજાનુ સ્વાર્થથી–ઇર્ષાથી અહિત કર્યુ હશે–વિગેરે કારણોથી આવો કાંઇ વિચિત્ર સયોગ વિધાતાએ નિર્મ્યો છે, કે જેની શરૂઆત આ પ્રમાણે થાય છે. ઉપર કહેવા પ્રમાણે બનતી મહેનત–યોગ્ય પુરૂષાર્થ કરવો. પછી તો જેવી “ હરીઇચ્છા ” અથવા દૃઢભાવી હશે તેવું થશે. ”

“ આવી કસોટી અને દુઃખો–સંકટોમાં પણ “ ઇશ્વરઇચ્છા ” (nature's intention) બે પ્રકારની હોય છે. એક તો પૂર્વના પાપનો બદલો ભોગવાવવો, અને બીજુ તેમાંથી ખમવાં પડતાં દુ.ખમાંથી “મનુષ્ય ચારિત્ર” (human character)માં નવા ગુણો ખીલવવા. આથીજ આપણામાં કહેવત પડી છે કે “ ઇશ્વર જે કરે છે તે સારાંને માટે ”–“ પુરૂષ પ્રયત્ન અને ઈશ્વિર ઈચ્છા ”–“ Man proposes

and God disposes "–અથવા–" suffer and be strong "–વિગેરે.

"હવે હું સમજું છુ કે તમારો જીવ લાગતો નથી કેમકે સમય થોડો છે અને આ વિષય ઘણો ગહન છે, માટે હાલ તુરત તો હું તમને (Karma) **કર્મ** અને (Re-incarnation) **પુનર્જન્મ** એ નામની ચોપડીઓ આપુ છું, તે તમારી સાથે **નાશિક** લઈ જાઓ–ધ્યાનપૂર્વક વાચજો–અને પછી આપણે મળીશુ ત્યારે વધારે વિવેચન કરીશુ. તમારા સ્વભાવ પ્રમાણે મને આશા ન હતી કે આવા સજોગોમાં તમે આટલુ બધુ " ટાહેલુ " સ્વસ્થતાથી સાંભળશો કે જેને માટે હુ તમને ખરેખર ધન્યવાદ આપુ છુ. એ પુસ્તકો પુરાં થયા પછી મને લખજો તો બીજા મોકલી આપીશ. ત્યારે હાલ તો જય જય ! "

આ પ્રમાણે અગર જો કુમુદચદ્રને દિલાસો મેળવવાની જાતેજ જરૂર હતી, તે છતા પોતાના જ્ઞાનનેબળે જાતે ધીરજ રાખી તેણે **નરેદ્રને** ઘણે અશે શાન્ત કર્યો અને ઉભય મિત્રો જુદા પડયા. **નરેન્દ્ર** બપોરની ગાડીમા **નાશિક** ગયો. બિચારો કુમુદચદ્ર હવે એકલો પડયો અને પોતાને જવાની ગાડી–મેઇલ ટ્રેઇન–આવવાને વર્ષોના વર્ષોની ઢીલ હોય એમ તેને લાગવા માડયુ. આ મહિનાનુ " **થી**ઓસોફિસ્ટ " નુ ચોપાનિઉ પાસે પડયુ હતું તેના પાના ફેરવવા માડયા–પણ મનની આવી વ્યગ્ર સ્થિતિમા ઉત્તમ જ્ઞાન–શાન્તિદાયક જ્ઞાનનો પણ મને તિરસ્કાર કર્યો. આખરે પોતાની સાથે લઇ જવાનો સરસામાન–પુસ્તકો, બિસ્તરો વિગેરે બાધવામાં રોકાયો; અને એક બે પત્રો લખી પાછો નવરો પડયો–ચેન ન પડયુ–અને અમસ્તો આમતેમ બાગમા ફરવા લાગ્યો.

આકાશ સ્વચ્છ હતું સાયકાળની શીતળ લહરીએ બાગના ન્હાના મ્હોટાં વૃક્ષલતાઓની અસખ્ય કોમળ કુપળોની સાથે ગેલ કરવા માંડયુ હતું. અને ક્ષિતિજથી થોડે ઉચે સૂર્યનારાયણનો તેજસ્વિ ગોળ સમુદ્ર તથા સૃષ્ટિને સુવર્ણનુ પાણી ચ્હડાવતો હતો. કુસુમ વિલાનો સુદર આરસનો ફુવારો અસખ્ય ઝીણી સરોમા છુટી આસપાસની હવાને અધિક શીતળતા આપતો હતો. કુમુદચદ્ર ફુવારાની સમિપમાં થોડો કાલ રહ્યો પણ એથી પણ આનદ ન મળ્યો–દરવાજામા ઉભા ઉભા સડકપરથી જતા આવતા ગાડી, ઘોડા, મોટરો અને તેમા બેસનાર સુફિ-

ચાની સ્ત્રી પુરૂષોના અવલોકનમાં મનને રોકવા મથ્યો પણ વ્યર્થ. કેમકે બહુધા સંસારની બધી વસ્તુઓમાંથી મળતું સુખ યા દુઃખ એ આપણા મનનુંજ કારણ છે—પ્રતિબિંબ છે. આપણે આનંદમાં હોઇએ તો **यत्रयत्र मनोयाति तत्रतत्र समाधय**—તે પ્રમાણે પ્રત્યેક વસ્તુપર જ્યાં આપણી નજર પડે ત્યાં આનંદ દેખાય છે—આખી સૃષ્ટિ હસતી દેખાય છે; અને આપણે દિલગીર હોઇએ તો આખી સૃષ્ટિમાં અંધકાર દેખાય છે. કવિઓ પોતાના નાયકનાયિકા પાસેથી કેટલીકવાર જડ સૃષ્ટિને પણ હસાવે છે અથવા રડતી કલ્પે છે એ કાંઈ છેક જુદી વાત નથી. આપણે ભલા તો જગ ભલું—આપણે લુચ્ચા તો સૌ લુચ્ચા—આપણે સ્વસ્થ નહી તો આખો સંસાર અસ્વસ્થ અને નીરસ લાગે છે. તેમ કુમુદચંદ્રને બધી ચીજો હમણા અસાર—નિર્જીવ જેવી લાગતી હતી; અને આથી એ સ્હેજ આરામ લેવાના વિચારથી મોહિનીલતા મંડપમાં આવ્યો.

મોહિની લતા મંડપમા પેસતાંવારનેજ તેની દૃષ્ટિ આરસની ટેબલ નીચે પડેલા ગઈ કાલના કવિતા લખેલા કાગળપર પડી. "કોઈ જોતે તો શી વલે થતે ?" એમ કહી પોતાની ભુલપર કાંઇક ચ્હીડવાયો, પણ સદ્‌ભાગ્યે કોઇને હાથ ન ચ્હડયો જોઇ ઈશ્વરનો આભાર માનવા લાગ્યો અને પત્ર ઉચકી લીધો. એક બાંકપર આડો પડ્યો અને કવિતા પુનઃ વાચવા લાગ્યો વાંચતા વાંચતા હૃદય ભરાઇ આવ્યું. કુસુમસુંદરી વિશેના સર્વે વિચારો પાછા સ્ફુરવા લાગ્યા મુંબઈ છોડવા પ્હેલા મળાશે નહી અને મળાય તોયે શા અર્થનું—અરે નિરર્થક પણ મળવાનેજ તે શક્તિમાન નહતો એ વિચારે તેને બહુ ખિન્ન કીધો; અને ગયા પ્હેલાં કાંઇક સંતોષકારક પત્ર—છેલ્લો પત્ર—બોલ્યા ચાલ્યા શિવાય આપવો એવો નિશ્ચય થયો વિચાર કરતાં એક કવિતા સ્ફુરી આવી અને ગજવામાંથી પેનસિલ કહાડી, પ્રથમ કવિતા લખી હતી તેજ કાગળની પછાડી ટપકાવવા લાગ્યો.

એક ચંદ્ર નભસંચારી, નિજ શીતળ કર શીકરથી કરી,
અસંખ્ય કુમુદકલી વિકસાવે, અવનિ ઉપર રજની માંહીં,
સુહૃદ પડે આ એક ચંદ્ર દિન, રાત્રિ.વિશે મુજ સમિપ છતાં,
આ વળી આવળી ચંદ્ર તણી, મુજ કંઠ વિશે અર્પિત થતાં,
એક કુમુદ હું નીતિ વિરૂધ, નવ વિકસુ પણ બનુ ખિન્ન અતિ;
વિસ્મય પામુ કુમુદ, ચંદ્રના, વિચિત્ર આ સંબંધ થકી !

અનેક ચંદ્રો કુમુદ એક જે, ખીલવવા નવ શક્તિ ધરે,
ઝીણો લલિત કુસુમ તારલિઓ તેજ કુમુદ કલિને ખિલવે.

આટલું બસ લાગ્યુ અને એ તથા બીજું કાંઈ બીજા પત્રપર લખી કુસુમસુંદરીને આપવાનો નિશ્ચય કરી ફરીથી કવિતા વાંચવા લાગ્યો. અને "આ વર્ણી આવળી ચંદ્ર તણી મુજ કઠ વિશે અર્પિત થતાં–" એ લીટી વાંચતાં અટક્યો અને પત્ર છાતીપર મુકી પાછો વિચાર વમળમાં પડયો.

"ચંદ્રાવળી ! ચંદ્રાવળી ! વિના લેવે દેવે તું વચમાં સપડાઈ ગઇ ! શું મ્હારી માતા દુષ્ટ તેમાં ત્હારે સહન કરવું પડે ? શું નરેન્દ્રની પ્રિયા મ્હારી સાથે સુખી થઈ શકશે–મને હૃદય આપી શકશે ? શુ એ બન્ને વચ્ચે પ્રેમ હતો એ વાત મ્હારૂં હૃદય ભુલી જશે ? એનુ હૃદય ભુલી જશે ? નરેન્દ્રનુ હૃદય ભુલી શકશે ? અસંભવિત આશા. અને ન ભુલશે તો કોઇ પણ સુખી થઈ શકશે ? નહી નહી !"

"પરણવું એમાં મ્હારૂં ન ચાલે પણ ન પરણવું એમાં હું કોઇનો બધાયલો છુ ? નહી. ચંદ્રાવળી ! તને દુઃખી નહી કરીશ. હુ પરણવાની ના કહીશ. કુંવારો રહીશ."

"પણ પરણવાને માટે જે અડચણ છે તેજ નહી પરણવાને માટે છે. શું કુમુદચદ્ર ! નહી પરણવા વિશે એક શબ્દ પણ તું માતાના મ્હોં આગળ કહાડવાને હિમ્મત ધરી શકશે ? અને કદાચ ધરી શકે તો તે માનશે ? આટલા લાંબા વખતનો પોતે કરેલો સંબધ તોડશે ? એ તો અશક્યજ. ત્યારે ?"

"પિતાને કહું ? શો લાભ ? એમને કોણ ગણે છે ? એ તો નહીં. ત્યારે, માતાની સ્હામો થઇશ. શુ કુળલજ્જા ખાતર એક–અરે બે નિર્દોષ બાળાઓ આખી જીન્દગી પર્યંત દુ:ખી થાય ? નહિજ.

"પણ શુ માતા સાથે લડીશ તેમાં દુનિઆમાં સારૂં દેખાશે ? બાપદાદાની આબરૂ વધશે ? હરી ! હરી ! ચંદ્રાવળી ! ત્હારૂં નસીબ. એ તો મ્હારાથી નજ બનશે. मातृदेवोभव–पितृदेवोभव–आचार्यदेवोभव–अतिथिदेवोभव–શું આ ધર્મવાક્યો ખોટાં છે ? ત્યારે શુ"—

ગઈ રાત્રિનો ઉજાગરો અને આજના આખા દિવસનો શ્રમ તથા મનની અસ્વસ્થતાને લીધે, ઉપલા વિચારમાં ને વિચારમાં કુમુદચદ્રની મીચાયલી આંખોમાં ધીરે ધીરે ઘેન આવ્યુ અને થોડા સમયમાં તે ગાઢ નિદ્રામાં પડયો.

અને જેમ કુમુદચંદ્રનું મન–અહંપણું ગાઢ નિદ્રાના અંધકારમાં લીન થયું, તેમ મોહિની લતા મંડપ જાતે અને કુમુદચંદ્ર પણ સૂર્યાસ્ત થવાથી અંધકારમાં ડુબ્યા; અને અંધરાત્રિના આકાશમાં તારા નક્ષત્રો ઝળકવા લાગ્યાં. કુમુદચંદ્રને નિદ્રાવશ થયાને આસરે કલાક દોઢ કલાક થઇ ગયો હતો, અને હવે મેઇલ ટ્રેઈનને ઉપડવાને માત્ર અડધા પોણા કલાકની વાર હતી. એ આટલીવાર સુધી ન જણાયો તેથી મોહિનીએ જાણ્યું કે જવાનું આજે બંધ રાખ્યું હશે અને ક્યાંક ફરવાને ગયો હશે, અને તેથી કોઇએ એની તપાસ કરી નહી; પણ આજ. વખતે રાજેન્દ્ર બ્હારથી આવ્યો તેની મોટર દરવાજામાં જોષથી પેઠી, અને તેના ખખડાટથી કુમુદચંદ્ર જાગ્યો. આંખ ઉઘાડી પણ આ અંધકારમાં ઉઘાડી આંખ તે બંધ સરખીજ લાગી અને આને સ્વપ્ન ધાર્યું. પણ "મ્હારે આજે જવું છે અને વખત થઇ ગયો હશે તો ?"– એ વિચાર આવતાંજ ફાળભર્યો ઉઠયો અને બંગલામાં ગયો. ઘડિઆલ જોઈ અને એકદમ રાજેન્દ્ર જેમાં આવ્યો હતો તે મોટર ઉભી રાખવાનો તથા પોતાનો સરસામાન તેમાં મુકાવવાનો, ઓટલાપરના રામોશીને હુકમ આપી, મોહિની અને રાજેન્દ્રની રજા લેવાને ગયો. કુમુદચંદ્ર જમવાનો હતો તેથી મોહિનીએ એક દિવસ રહીને જવાનો ઘણો આગ્રહ કર્યો–પણ જેને આટલો વખત કહાડવો મહા કઠિન લાગ્યો હતો તેણે નજ માન્યુ–અને સમજુ મોહિનીએ, આનુ કારણ જાણતી હતી તેથી વધારે બ્હોસ ન કરી. કુમુદચંદ્ર–પત્ર આપવાને નિશ્ચય કરનાર કુમુદચંદ્ર–દુર્દૈવે બીજીવાર પત્ર મોહિની લતા મંડપમાં ભુલી ગયો; અને કુસુમસુંદરી કે ચંદ્રાવળીના મુખદર્શન વિનાજ તેઓનો વિયોગી થયો.

કુમુદચંદ્ર ગયા પછી બીજે દિવસે પ્રભાતમાં રાજેન્દ્ર પોતાના પુસ્તકાલયમાં રોકાયલો હતો; મોહિની અને શારદા સ્નાન કરી સેવાપુજામા ગુંથાયા હતાં; કુસુમસુંદરી દિવાનખાનામાં વિલાયતનું ચિત્રનુ છાપુ (The Sketch) ઉઘાડી આમ તેમ પાના ફેરવતી એક રેશમી આરામખુરસીપર પડી હતી; અને ચંદ્રાવળી–નિરાશાના અંધકારમાં ડુબેલી–પોતાના અને કુસુમસુંદરીના દુખદાયક ભવિષ્ય વિશે અનેક શંકાઓ કરતી–દીન બનતી ચંદ્રાવળી–પોતાના ગુંચવાયલા મનને, સુંદર પ્રભાતના મંદ વાયુથી શાન્ત કરવા સહજ વાડીમાં ફુવારા પાસેથી આસપાસના વિવિધ પ્રકારના પુષ્પોથી પ્રફુલ્લિત થયલા ક્યારડા-

ઓનું અવલોકન કરતી દરવાજા તરફ જતી હતી; એટલામાં મોહિની લતા મંડપ તરફ તેની દૃષ્ટિ ગઇ, અને થોડો વખત ત્યાં બેસવાનો ઠરાવ કરી અંદર ગઇ. પ્રથમજ કટાક્ષે ટેબલ પરનો કાગળ અને પેનસિલ જોયાં—ચમકી—અને પત્ર હાથમાં લીધો.

"પ્રિય કુસુમ!" એ પ્રથમ શબ્દો જોઇ હૃદય ઉછળ્યુ અને જીજ્ઞાસાએ—હાલના સંજોગોમાં થતી સ્વાભાવિક જીજ્ઞાસાએ—મને ના કહ્યા છતાં પણ તે પત્ર વાંચવાની ફરજ પાડી. તે આરસની બેઠકપર બેઠી અને આગલા દિવસની કવિતા પ્રથમ વાંચવા લાગી. વાંચતાં વાંચતાં આંખોમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં, પણ જ્યા બીજી પાસની કવિતા વાંચી કે એના દુઃખનો પાર રહ્યો નહી.

" આ વર્ણી આવળી ચંદ્ર તણી, મુજ કંઠ વિશે અર્પિત થતાં,
" એક કુમુદ હું નીતિ વિરૂધ, નવ વિકસુ પણ બનુ ખિન્ન અતિ,
" વિસ્મય પામુ કુમુદ, ચંદ્રના વિચિત્ર આ સબધ થકી!
" અનેક ચંદ્રો કુમુદ એક જે, ખીલવવા નવ શક્તિ ધરે,
" ઝીણો લલિત કુસુમ તારલિઓ, તેજ કુમુદ કલિને ખિલવે.

આ લીટીઓ વાચતાં ચંદ્રાવળીનો પ્રાણ જવો બાકી રહ્યો. જાણે પોતેજ પોતાની પ્રિય સખીના સુખની આડે આવી હોય એમ બ્હીલી પડી ગઈ—નરેન્દ્ર સ્મર્યો—કુમુદચંદ્રનો નવો બધાયલો પોતાનો સંબધ સ્મર્યો—અને ગરીબ બાળાના મનમાં તદન ગુચવારો થઈ અધ જેવી બની ગઇ. પણ એટલામાં કુસુમસુદરી ચંદ્રાવળીને સોધતી આ તરફ આવી. ચંદ્રાવળી સાવધ થઈ—આંસુ લુછી નાંખ્યાં—અને જેવી કુસુમસુદરી આવી તેવીજ, "આ તમારો કાગળ ટેબલપર પડયો હતો—" એટલુ માત્ર બોલી પત્ર કુસુમસુદરીના હાથમાં મુકયો. પત્ર હાથમાં લેતાં પેટમાં મ્હોટો ધ્રાસકો પડયો. એક ક્ષણમાં મોહિની લતા મંડપનો ગઈ કાલનો બનાવ પાછો તાજો થયો—જરા રૂઝપર આવેલો ઘા પાછો લીલો થયો—અને હમણાં રોવાઇ જવાશે એમ ભય રાખતી કુસુમસુદરી, ચંદ્રાવળીની સ્હામા પણ જોયા વિના પત્ર લઇ પોતાના ઓરડામાં ગઇ અને છાતીફાટ રોવા લાગી. નવી કવિતાથી કુસુમસુંદરીનુ દુઃખ પણ નવા રૂપમાં આવ્યુ કેમકે કાલથી આજની સ્થિતિમાં ફેરફાર હતો. કાલે એક મુશ્કેલી હતી આજે બે થઈ હતી. અને તેમાં તેને ચંદ્રાવળી દિલાસો આપી શકે એમ નહોતું. કુસુમસુંદરી ગયા પછી ચંદ્રાવળી—સમજુક ચંદ્રાવળી સ્તબ્ધ

મુઢ જેવીજ મોહિની લતા મંડપમાં ઉભી રહી, અને પછી શિથિલ પગલે ઘરમાં જઈ કામકાજમાં ભળી. શાન્તિ મેળવવાની ઇચ્છાએ બ્હાર ગયલી હતભાગ્ય ચંદ્રાવળી અધિક અશાન્તિ સાથે પાછી ફરી. **गहना कर्मणो गतिः કર્મની ગતિ ગહન છે!**

પ્રકરણ ૧૨ મું.

થીઓસોફીનું અડ્યાર તીર્થ.

"The atmosphere of Adyar was full, charged, throbbing, strong, with the power of work well done pervading the now still surroundings. Moreover beyond and above all this, there rested a sense of blessing, a sweet, gentle feeling of delicious repose, of utter confidence in the present and of joyous, certain promise in the future. This sense of peace and benediction, can always be felt by a sensitive here in Adyar, what our President has truly called "Master's Land"

William H Kirby

શાર્દૂલ વિક્રીડિત.

વાયુ મંદ કુસુમ ગંધ ગ્રહિને, ચોપાસ જેની ભમે,
સિન્ધુ વારી તણા મધુર રવથી, જેની અશાન્તિ શમે,
જેના પદ્મ સમાન રક્ત અધરે, ચંદ્રા હસીને રમે,
એવી તેજમઈ સુસ્નિગ્ધ રમણી, ક્યાથી અહીં ? આ સમે ?

પૂર્ણિમાનો ચંદ્ર આજે પોતાના અલૌકિક પ્રતાપથી ડિસેમ્બર મહિનાના શાન્ત સમુદ્રપર પ્રકાશતો હતો–પોતાના તેજોમય રશ્મિઓની વૃષ્ટિ કરી તેના અનંત જળમાં રમતાં અસંખ્ય જળચર પ્રાણીઓને આ તેજસ્વિ સુધાનુ પાન કરાવતો હતો. સ્વચ્છ આકાશમાં બે ચાર રૂપેરી વાદળીઓ આમતેમ દોડતી હતી. સમુદ્રની શાન્ત સપાટી પર મંદ વાયુથી સ્ફુરતી અસંખ્ય લ્હેરો કાંઈ અદ્ભૂત આનંદગીત–ધ્વની કરી રહી હતી; અને જળમાં દેખાતાં ચંદ્રના પ્રતિબિંબને, તે બનાવટી ચંદ્ર છે એમ સાબીત કરવાને મથતી, તેને સ્થિર થવા દેતી નહતી. ટુંકામાં એક વિશાળ ચાંદીના કટોરામાં સૃષ્ટિએ ચંદ્રને દુધનો ભોગ ધર્યો હોય–જાણે એક મ્હોટો ચંદ્રકાન્તમણી હોય–બરફનો કટકો હોય–અથવા તો શરદપૂર્ણિમાની મનહર રાત્રિની ચંદ્રિકામાં મેઘ બિન્દુ ગ્રહણ કરવાને વિકાસ પામેલી સુંદર છીપ હોય એવો આ સમુદ્ર દીસતો હતો.

આવી મનહર ચંદ્રિકામાં કલાક આઠેકના સુમારે કે જ્યારે સમુદ્રનો મનને સહજ સમાધી કરાવે એવો અસ્ખલિત ઘોષ, પાસેના રમણીય બગીચામાંના ચંદ્રપ્રકાશમાં સ્નાન કરતાં તમરાં તથા બીજા જંતુઓનો કલરવ, અને ક્વચિત થતા કોયલના મધુર ટૌકા શિવાય બધું શાન્ત હતું; તેવે સમયે સમુદ્રની એક બાજુએ એક બેઠક પર જાણે દેખાવમા કાદમ્બરી, મહાશ્વેતા કે ઉર્વશી હોય–જાણે ભાગીરથીના પવિત્ર જળમા સ્નાન કરવાને આવેલી અને સ્નાન કરીને વિશ્રામ લેવા બેઠેલી સરસ્વતી હોય–જાણે વનજ્યોત્સ્નામાં વનલીલાનો બહાર લેવાને આવી ચ્હડેલી વનદેવી હોય–જાણે પોતાના પ્રેમીને મળવાનો સકેત કરીને આવેલી અભિસારિકા હોય–જાણે ક્ષીર સમુદ્રને કિનારે બેઠેલી સાક્ષાત્ લક્ષ્મી હોય–અથવા તો યમુનાના મનોહર તટ પર રીસાયલી પણ મનામણાની અભિલાષિની રાધિકા કૃષ્ણની રાહ જોતી બેઠી હોય–એવી એક સુદર મનોરમા પોતાના ચદ્રકાન્તની પેઠે પ્રીતિરસ ઝરતા મૃગલોચનથી ચદ્રની સ્હામા એકીટસે જોઈ રહી હતી. તેના ચદ્રપ્રકાશથી ઢોળ ચ્હડાવેલા એવા રેશમ જેવા મુલાયમ કેશમાં, બે કાળા પથ્થરના ખડકો વચ્ચેથી વ્હેતી ધવલગગાના જેવી સુદર સેતી શોભતી હતી. તેના ભવ્ય કપાળ નીચે ભ્રૂયુગલની મધ્યમા કરેલા ન્હાના કુકુમના ચાદલાથી, જાણે તે તરત રાજ્યાભિષેક થયલી રાણી હોય એમ લાગતી હતી. નાક ઘાટદાર તથા સ્હેજ સ્હેજ વચ્ચેથી ઉપસેલુ હતું. તેના પ્રવાલ જેવા, ઉઘડતી કુમુદકલી જેવા સ્હેજ વિકસેલા અધરોની વચ્ચેથી દતપ્રભા ઝળકતી હતી–ડોકીઆં કરતી હતી–ચદ્રના કિરણો સાથે યુદ્ધ કરવા મથતી હતી. અને તેના કેલગર્ભ જેવા કોમલ–ઉજ્વલ હાથની અગુલીમાં એક હીરાની મુદ્રા–ચંદ્રના કિરણોને પ્રતિફલિત કરતી હતી.

પણ અહો રમણીય બાળા તું કોણ છે ? આવે સમયે આ નિર્જન શાન્ત દેખાતા પ્રદેશમા તું એકલી કેમ બેસી રહી છે ? ત્હારી દૃષ્ટિ ચંદ્ર અને મુદ્રિકાની વચ્ચે કેમ હીચકા ખાય છે ? શુ ચંદ્રમાં કલંક છે અને ત્હારી મુદ્રિકાના હીરામાં નથી તેનો મુકાબલો કરે છે–તેની મશ્કરી કરે છે ? અથવા ચદ્ર ત્હારા મુખને પોતાનો પ્રતિસ્પર્ધી સમજી છળીને ન્હાસે છે તેથી તેની સ્હામુ જયવંત નજરે જોઇ–તે વાત ત્હારી મુદ્રિકાને સમજાવે છે ? પણ અરે ! આ શું ? દિર્ઘ નિશ્વાસ ? બાહ્ય સૃષ્ટિની આવી અલૌકિક રમણીયતા છતાં આવાં

સુંદર કુસુમને પણ ચિન્તાનો કીડો ખાય એ પણ એક લીલા ! લીંબડાની લીંબોડી રાયણના જેવી દેખાય તો પણ કડવી ! ઈંદ્રવર્ણા લીંબુ જેવાં દેખાય તો પણ ઝેર જેવો સ્વાદ ! ખરેખર, બાહ્ય સુંદરતા અંતરસ્થિતિની આરસી નથી.

પ્રિય વાંચક ! પ્રકરણનું મથાળું અને તે પછીના વર્ણનપરથી તું સહજ સમજ્યો હશે, કે ઉપલુ અડયારની રમણીય–પવિત્ર–પુણ્યભૂમિ પર પાડવામાં આવેલુ સુદર ચિત્ર આપણી કુસુમસુંદરીનુજ છે. આપણે જાણીએ છીએ કે થીઓસોફિકલ સોસાયટીનુ વાર્ષિક સંમેલન (Annual Convention) એક વર્ષે બનારસ અને બીજે વર્ષે અડયારમાં હમેશ નાતાલ (Xmas Holidays) ના તહેવારમાં ભરાય છે; તે પ્રમાણે આ વર્ષે અડયારનો વારો હતો, અને તેથી રાજેન્દ્ર આ વખતે મોહિની–કુસુમસુદરી વિગેરે સાથે અત્રેજ આવ્યો હતો.

હિન્દુઓનુ કાશી–મુસલમાનોનુ મક્કાશરીફ–બુદ્ધ લોકોનુ બુદ્ધગયા–પારસીઓનુ ઉદવાડા–ક્રિસ્તીઓનું જેરૂસલમ–જૈન લોકોનુ પાલીતાણા–રોમન કેથોલિકોનું ગોઆ–વૈશ્નવોનું શ્રીનાથદ્વાર–શૈવોનુ ઓંકારનાથ–અને સીખોનું અમૃતસર છે; તે પ્રમાણે થીઓસોફિસ્ટો–ઉપલા સર્વે ધર્મોમાંના હોવાથી તેઓનુ સર્વમાન્ય કેન્દ્રસ્થાન–મુખ્ય ધામ–હેડકવાર્ટર્સ–આ પવિત્ર રમણીય અડયારને જો થીઓસોફિસ્ટોનુ સર્વતીર્થ કહીએ તો કાંઈ અતિશયોક્તિ કરી એમ કહેવાશે નહી.

મદ્રાસના મુખ્ય સ્ટેશન (Central Station) થી સાત માઇલિ દુર આ " અડયાર " નામનુ ન્હાનકડુ ગામ, એક સુંદર અડયાર નામનીજ સરિતા (Adyar River) અને સમુદ્રના સગમપર આવી રહેલુ છે; અને તેની આરોગ્ય હવા અને પાણી તથા આસપાસના દેખાવની રમણીયતાને લીધે–મ્હોટા મ્હોટા સરકારી અમલદારો વિગેરેના બગલાઓ અત્રે હતા. પણ નીલગિરીના શીતળ–સુદર ગિરીપર જ્યારથી મદ્રાસ સરકારનુ હવા ખાવાનુ સ્થાન મુકરર થયુ, ત્યારથી અડયારની મિલ્કતોનું મુલ્ય ઘટી ગયું; અને થીઓસોફિકલ સોસાઈટીના મૂળ સ્થાપકો–મેડમ બ્લેવેટસ્કી અને કર્નલ ઑલકાટ હિન્દમાં આવ્યા પછી થોડે વર્ષે, કર્નલ ઑલકાટે એક આવી પુરાણી મિલ્કત ઘણી જુજ કિમ્મતે, એક બંગલા સાથે સતાવીસ એ-

કર જમીન પોતાને પૈસે ખરીદી લીધી, અને **થી**ઓસોફિકલ **સોસાઇટીને** તે અર્પણ કરી ત્યાં આ **વિશ્વવ્યાપી સંસ્થાનું હેડક્વાર્ટર્સ**—મુખ્ય સ્થાન સ્થાપ્યુ.

અડયાર નદીને એકપાર **મૈલાપુર** અને એકપાર **અડયાર** ગામ છે, કે જે બન્ને ગામોને "એલ્ફિન્સ્ટન **બ્રિજ**" નામનો મજબુત છોબધી પુલ સાંધે છે. **મૈલાપુર** બાજુથી પુલપર દાખલ થતાંજ **થી**-ઓસોફીના **હે**ડક્વાર્ટર્સનો રમણીય–ભવ્ય દેખાવદષ્ટાને આનદ સાથે હદયમાં આશ્ચર્ય અને ઉત્સાહને પ્રેરે છે. સ્હામેપાર **હે**ડક્વાર્ટર્સની હદ પુલના અતથીજ શરૂ થાય છે, તે છેક દરીયા સુધી લગભગ માઇલ દોઢ માઇલ સુધી પ્હોચે છે. અને ટુંકામાં કહીએ તો **થી**ઓસોફિકલ **સોસાઇટી**ના હાલના અતિ માનવંત અને વિદ્વાન પ્રમુખ **મિસિસ એની બિસેન્ટ**ની ચમત્કારી કારકિર્દીમાં, અસલ સતાવીસ એકરના આજે ત્રણસો ને ત્રેસેઠ એકર જેટલી જગ્યા **હે**ડક્વાર્ટર્સ રોકે છે. પુલ પુરો થયો કે **હે**ડક્વાર્ટર્સનુ મુખ્યદ્વાર આવે છે, જેમાંથી અદર જતાં પ્રથમ "એરડેલ **બિલ્ડિગ્સ**' અને તેની સ્હામે "**વસંત પ્રેસ**" ના સફેદ દુધ જેવા મકાનો નજરે પડે છે આ પછી **હે**ડક્વાર્ટર્સનુ મુખ્ય મકાન અને પુસ્તકાલય (કે જે આખી દુનિઆમાં પ્હેલા નંબરનુ કહેવાય છે) **થી**ઓસોફિસ્ટ **ઓફીસ**, **સ્ટુ**ડિઓ અને તેની અગાડી આવી રહેલો સુદર બગીચો આવે છે. ભાપણના હૉલમાથી આ બગીચો અને તેની આસપાસનો દેખાવ એક ઇંગ્લિશ **પાર્ક** જેવો દબદબા ભરેલો લાગે છે. આ શિવાય જાણવાલાયક મકાનોમાં **કવોડ્રા**ન્ગલ–**હિ**દુઓની **ભોજ**નશાળા–**બ્લાવે**ટસ્કી ગાર્ડન્સ–**લિ**ડબીટર **ચે**મ્બર્સ–**ઓલ્કોટ** ગાર્ડન્સ–**મેસોનિક** **હૉલ**–વિજળી ઉત્પન્ન કરવાનુ ઇંજીન **હાઉસ**–ડેરી–**બેકરી**–**બિસાન્ટ** ગાર્ડન્સ અને **ગ્રોવ–દામોદર** **ગાર્ડન્સ**–તથા કેટલાએક **હિંદુ**, **પારસી** વિગેરે કોમોના તેમજ ખાનગી ગૃહસ્થો, વિદ્યાર્થિઓના ન્હાના મ્હોટા બગલાઓ છે. ટુકામાં નવા આવનારને આ એક **થી**ઓસોફિસ્ટોનો પોતાનો "**કૉલોની**"–**સંસ્થાન** હોય એમજ લાગે છે.

ગયા પ્રકરણમાં કહેવા પ્રમાણે **નાગેન્દ્ર** અને **નરેન્દ્ર** **ચંદ્રનગર** જવાને આવ્યા હતા, તેઓને પણ આગ્રહ કરીને **રાજેન્દ્ર** અત્રે સાથે લાવ્યો હતો; કેમકે જ્યારે એકબાજુથી **નાગેન્દ્ર** ઘણો ધર્મિષ્ટ અને પોતાના પિતા **દેવેન્દ્ર**ની **પ્રણાલીપર** ચાલનાર ચુસ્ત **શૈવ** હતો, અને

થીઓસોફીના મુખ્ય સિદ્ધાન્તો સ્વીકારતો હતો તોપણ એક આગ્રહી જુના વિચારના **હિન્દુ** પ્રમાણે "ઇંગ્રેજો તે આપણા ધર્મમાં શું સમજે—સ્ત્રીને ધર્મગુરૂ થવાનો અધિકાર નથી—**બ્રાહ્મણો**જ એ કાર્ય કરી શકે"—વિગેરે તેના સ્વાભાવિક સંશયો હતા; ત્યારે બીજી બાજુથી **નરેન્દ્ર** જુદીજ રીતે **થી**ઓસોફીના સ્હામુ prejudiced હતો, કેમકે એક તો તે sceptic સંશયાત્મા હતો, અને બીજુ તેને **હિંદુધર્મ**પર ઘણો દુરાગ્રહ હતો, કે જેથી સાધારણ રીતે **થી**ઓસોફીના વિરોધી લખાણોથી તેના પર ખોટી અસર થઈ હતી એટલુજ નહી, પણ અધુરામાં પુરૂં તે એક **પાદરીની** કૉલેજમા જતો હતો તેથી **પોતાના** ધર્મના જ્ઞાનના અભાવે તેને **ખ્રિસ્તી**ધર્મપર આસ્થા ચ્હોંટવા માંડી હતી. આ પ્રમાણે **રાજેન્દ્ર** તે બાપદીકરાને ખાસ અત્રે લાવ્યો હતો, કેમકે તે એવુ માનતો હતો કે કોઈપણ પ્રમાણિક રીતે **થી**ઓસોફી પ્રત્યે વિરૂદ્ધ વિચાર—બેપરવાઈ અથવા શિથિલ ઉત્સાહવાળો કેળવાયલો મનુષ્ય હોય, તોપણ માત્ર એક વખત આ દિવ્ય **વાર્ષિક સંમેલન** જોવાથી તેના **થી**ઓસોફી વિશેના અભિપ્રાયમા આસ્માન જમીનનો ફરક પડી જવાનો સબળ સંભવ હોય છે. કારણકે આ **સંમેલનોના** સમયમા જાણે કોઇ દૈવી પ્રભા ત્યા પ્રગટી રહી હોય એમ આખો **અડયાર**નો પ્રદેશ એક **ન**ન્દનવન—તપોવન—પુણ્યભૂમિ કે યજ્ઞભૂમિ હોય, અથવા તો એક વિશાળ **વિશ્વવ્યાપી સત્સંગ** હોય એમ લાગતું હતું અને તે ખરૂજ હતું કેમકે ત્યા એક અજાયબ જેવી શાન્તિ, એક નહી અનુભવેલુ ઐક્ય અને હૃદયની નિર્મલતા, શ્રદ્ધાથી આવનારને આ પવિત્ર **અડયાર**ની હદમા દાખલ થતાંજ અનુભવમાં આવતા હતા. **સામાન્ય ભ્રાતૃભાવ** (Universal Brotherhood) શુ છે તેનુ ત્યાં પ્રત્યક્ષ દર્શન થતું હતુ—અને જ્યોતિષની કુંડળીમાંના કેન્દ્રના ગ્રહોની પેઠે, આ **થી**ઓસોફીના કેન્દ્રસ્થાનમા શત્રુના મિત્ર થઈ—મિત્ર અતિમિત્ર થતા હતા. આખી દુનિઆના લોકો—ઇંગ્રેજ—**પારસી—મુસલમાન—ક્રિસ્તી—યાહુદી બરમીસ** અને સર્વ જાતીના **હિન્દુ** જેવા કે **બંગાલી—મદ્રાસી—પંજાબી—ગુજરાતી—મરાઠી—સિન્ધી—કચ્છી** વિગેરેના સ્ત્રી પુરૂષો, જાત ભાત રંગ અને લક્ષ્મી કે દરજ્જાનો ભેદ ભુલીને, જાણે એક **હિન્દુ એકત્ર** કુટુંબના ભાઈ બ્હેનો હોય એમ અતિ વિનયથી એક બીજા તરફ માત્ર **પ્રેમભાવ** અને **આત્મિક ઐક્યજ** અનુભવતાં હતાં અને તેના પ્રત્યક્ષ પુરાવા તરીકે **અડયારની હિન્દુઓની ભોજ-**

નશાળા જાણે **થી**ચોસોફિસ્ટોની જગન્નાથપુરી હોય, એમ હિન્દુસ્થાનના બધા ભાગોમાંથી આવેલા હિન્દુઓ એક પગતે બેસીને જમવાને ઘણે ભાગે સુગાતા નથી—જો કે સાથે બેસવાની અથવા નહી બેસવાનુ ફરજીઆત જેવું કંઈ નથી. કેમકે આ **એકાચાર**નો પાયો **એકવિચાર** પર છે. **સંસાર સુધારક** જે કરવાને મહાન પ્રયત્ન કરે છે અને નિષ્ફળ જાય છે તે અહીં સહજ પ્રાપ્ત થાય છે, કેમકે **સુધારક ભિન્નવિચાર** સાથે **એકાચાર** કરવા માગે છે કે જે અતિ મુસ્કેલ છે. **વિચાર**ના ઐક્યથી **આચાર**નુ ઐક્ય એની મેળેજ થતું આવે છે, કેમકે એથી જુદી "જ્ઞાતિ" ના મનુષ્યોની "ગંધ મળી" જાય છે. આથીજ જગન્નાથપુરીમા સ્થળની પવિત્રતા અને જાત્રાળુઓની શ્રદ્ધાથી ઉત્પન્ન થયલી હૃદયની શુદ્ધિથી, અસલ ત્યા વર્ણભેદ નહી રાખવાનો રીવાજ નીકળ્યો હોય એમ લાગે છે. અને આથીજ હજુ પણ **વૈષ્ણવ** વિગેરે સપ્રદાયોમા જ્યારે **સાંપ્રદાઈક ભોજન—ગોઠ** વિગેરે થાય છે ત્યારે બધી જ્ઞાતિના, જેટલા તે પંથના અનુયાઇઓ હોય તેટલા, એકી પગતે ભોજન લે છે.

ચંદ્રાવળી શારદાની સાથે **ચંદનગર** ગઈ હતી. કુમુદચંદ્રને **રાજેન્દ્રે** સાથે આવવાનુ લખ્યુ હતું. પણ ચાલતા સંજોગોમા કુસુમસુંદરીના સંબધમાં જેમ બને તેમ ન અવાય તો સારૂ એમ ધારી **રાજેન્દ્રને** તેણે ના લખી હતી. **રાજેન્દ્ર** બે ચાર દિવસ અગાડીથી આવ્યો હતો કે જેથી **નાગેન્દ્રને** તથા **નરેન્દ્રને** સ્વસ્થતાથી બધી જગ્યાઓ બતાવાય, તેમજ દેશ પરદેશના **પ્રતિનિધીઓ** અને **વિદ્યાર્થીઓ** તેમજ ખુદ પ્રેસીડંટની પણ મુલાકાત કરવાનો સમય મળે, કે જે મુલાકાતની તક કોઇ પણ નવા આવનારને સંધ્યાકાળની પ્રેસીડંટની (walk) સાથે ફરવાના મેળાવડામા ઘણાજ આનંદ સાથે મળી શકે છે; કેમકે **અડચાર**ના રહીશો જ્યારે પ્રેસીડંટ ત્યાં હોય છે ત્યારે પાચ વાગતે હૅાલમા ભેળા થાય છે, **અને** પછી સાથેજ ઘણું કરી ફરવા જાયછે. આ પ્રમાણે **રાજેન્દ્ર—મોહિની**—કુસુમસુદરી—**નાગેન્દ્ર** અને **નરેન્દ્ર** વિગેરેને બે ત્રણ દિવસ આ સંધ્યાકાળના **ચાલતા સત્સંગ**નો લાભ મળ્યો, જેમાં **મોહિની** તથા કુસુમસુદરી સાથે પણ પ્રેસીડંટે પ્રસગોપાત ઘણી વાતો કરી. **નાગેન્દ્ર** અને **નરેન્દ્રને** આ સંધ્યાકાળની ફરવાની પદ્ધતિ કાઇક નવીન (novel) લાગી; અને તેમા ચાલતાં પરદેશી અને દેશી સ્ત્રી-પુરૂષોના વિદ્વતા—નમ્રતા અને પ્રેમભાવ જોઈ પોતાના **થી**ઓસોફી વિશેના અભિપ્રાયોમાં મ્હોટા ફેરફાર થતો માલમ પડ્યા.

કુમુદચંદ્રે રાજેન્દ્રને ના તો લખી પણ મન કાંઇ માને નહીં. આખરે ન જવું એ તો મનનું કાયરપણુંજ કહેવાય એમ ઠર્યુ–તેના ધર્મભાવનો જય થયો–અને એક ચુસ્ત થીઓસોફિસ્ટ તરીકે તેને આવા અમુલ્ય સત્સગનો અલભ્ય લાભ ગુમાવવો ઠીક ન લાગ્યો. આથી સંમેલન શરૂ થાય તે દિવસે પ્હોંચાય એમ નીકળવાનો નિશ્ચય કર્યો, અને રાજેન્દ્રને તે પ્રમાણે તાર કરી દીધો. આ સંમેલનના સમયે જગ્યાની ઘણી તંગી હોય છે તેથી રાજેન્દ્રની સાથે એની સગવડ ન હોવાથી, બીજા મિત્રો કે જેની સાથે એ આવ્યો હતો તેનીજ સાથે ઉતરવાનું રાખ્યુ હતું. કુમુદચંદ્રના આવવાના સમાચારથી કુસુમસુંદરીની આંખોમા આશાનુ તેજ પાછુ આવ્યુ. પ્રસગ આવે વિદ્યાચંદ્ર વિશે જે વાત કહેવાની રહી ગઈ હતી તે કહેવાના, અને તેથી વખતે તેના વિચારમાં ફેરફાર થવાના સબળ સભવની કલ્પના તેના મદ હૃદયમાં પાછી જાગૃત થઈ.

જેઓ ત્યાં ગયા છે તેઓ જાણે છે કે આ સંમેલનોનો કાર્યક્રમ (programme) એટલો તો ગીચ (full) હોય છે, કે જેથી આડે દિવસમાં સ્હવારના પાંચથી તે રાત્રિના નવ–દસ કે બલ્કે અગિઆર સુધીમાં–માત્ર લોકોને જેમ તેમ ખાવા અથવા ચ્હા પીવાની ફુરસદ મળે છે. પણ પ્રિય વાંચક ! તું ગભરાઇશ નહી. જો તને જાણે અજાણે થીઓસોફીપર કટાળો હશે–એ શુ કામ કરે છે તે જાણવાની ઇચ્છા પણ કર્યા વિના, માત્ર વિરોધી વિચારો જાણી–વાંચી, એના નામથી પણ તું જો અભડાતો–અકળાતો હશે–તો આપણે એ લાંબા કાર્યક્રમની વિગતમાં ઉતરવાની કાંઈ અગત્ય નથી. ફક્ત એટલુજ કહીશું કે જો એ કાર્યક્રમમાં મુખ્ય ધ્યાન ખેંચે એવું કાંઇ હોય, તો તે બ્લાવેટસ્કી ગાર્ડન્સની આગળ આવેલા એક વયોવૃદ્ધ–વિશાળ વડના વૃક્ષ નીચે પ્રત્યેક સ્હાંજે અપાતાં પ્રેસિડંટના ચાર–થીઓસોફી અથવા પરાવિદ્યા–એ વિષયપરનાં ભાષણો હતાં, કે જેનું વર્ણન એક ઇંગ્રેજ લેખકે નીચે પ્રમાણે કર્યું છેઃ—

" Each evening at 5–30, for four successive evenings, the President delivered her public lectures under the Banyan tree at Blavatsky Gardens. Who, having been present, will forget these memorable and beautiful evenings? Apart from the

vastness of the subject-matter covered and the masterly sweep of our President's oratory, apart from all the help, all the instruction, all the inspiration that in ever-new form and with ever-fresh vitality she is able to pour into the hearts of her hearers, the whole setting of the picture was so beautiful, the surroundings so appropriate to the bigness of the subject, that no one with any artistic feeling could have been otherwise than intensely satisfied and uplifted by the beauty of it all, the harmonious blending of all that the senses could perceive and the mind comprehend."

"Beginning in day-light, passing on into twilight with the shadows growing longer and longer, we would see through the branches and stems the sun set in all his glorious splendour of colour, taking with him into the west the light of his day's beneficence in the east, yielding quickly to the oncoming shroud of night, and one by one we would see above us the diamond brightness of the stars pierce holes in the canopy of heaven. So too, down under the Banyan tree, one by one the little electric lamps suspended in the ample branches twinkled and show out in the dark recesses of the friendly old tree, spreading its long, grey arms out over the sea of uplifted faces that gazed with rapt attention on the solitary, white-clad, white-haired figure we all love, whose musical voice and powerful look and gesture dominated the huge gathering and gave the people the teaching and the message they had all come so far to seek."

।चत्रंवटतरो र्वृद्धाः शिष्या गुरुर्युवा । એ પ્રમાણે ટુંકામાં જો કહીએ તો આ ભાષણો જાણે વડના વૃક્ષ નીચે **શ્રી દક્ષિણામૂર્તિ** અથવા **બોધી** વૃક્ષ–પીપળાના ઝાડ નીચે **શ્રી ભગવાન મૈત્રેય બુદ્ધ** આપતા હોય, એમજ એક શ્રદ્ધાળુ જીજ્ઞાસુને લાગે એમ કહીએ તો એમાં કાઇ અતિશયોક્તિ કરી એમ ન કહેવાય, કેમકે સ્વચ્છ આકાશ–સૂર્યાસ્ત અને સધ્યાનો સમય–વટ વૃક્ષની છાયા–આખી પૃથ્વીના જીજ્ઞાસુઓનો સમૂહ–પરાવિદ્યાનો વિષય અને સાક્ષાત ब्रह्मवर्चस् વાળી એક દેવાશી મૂર્તિનુ અસરકારક વક્તૃત્વ–આ બધાનું આ કળીકાળમા એકત્ર થવું એ મૃત્યુલોકમા શુ દુર્લભ નથી ? ખરે ! સાક્ષાત પ્રભુનો–ઋષિ મહર્ષિઓ–તેત્રીસ કોટી દેવતાઓનો આશિર્વાદ ત્યાં વર્ષતો હશે.

કાર્યક્રમમા બીજી જાણવા લાયક બીનામાં–**સેનટ્રલ હિન્દુ કૉલેજ**ના **પ્રિન્સિપાલ** તરફથી–**શિક્ષણ એજ સેવા**–એ વિષયપર વડ નીચેજ ભાષણ હતું કે જેનો સાર ટુંકમાં નીચે પ્રમાણે હતો:—

"The key-note to the whole subject is that the teacher's office is not only to instil learning and knowledge into the pupil's mind, but also to evolve his character and awaken his inner nature and a wider understanding of men and things through bonds of mutual affection and trust It is in the personal relation and tie that the responsibility and the power for good of the teacher lie "

આ શિવાય દરરોજ બપોરે **સંમેલન** (Convention) ની **મીટિંગો** થતી હતી, જેમાં આખી દુનિઆની આ **સોસાઈટીની એક હજાર શાખાઓ** અથવા **વીસ દેશના** ' સેકશનો " ના રિપોર્ટો વચાતા હતા. અને બાકીના સમયમા ઇ. **એસ–સન્સ ઍન્ડ ડૉટર્સ ઑફ ઈંડિઆ–ઑારડર ઑાફ ધી સ્ટાર ઇન ધી ઈસ્ટ–ટી. એસ. ઑાર્ડર ઑાફ સરવિસ–રોઝી ક્રૉસ–મેસૉનિક–ડિપ્રેસ્ડ** કલાસ–**પ્રશ્નોત્તર–કેલવણી** અને **સાહિત્ય** વિગેરે વિષયોપર ભિન્ન ભિન્ન **મીટિંગો થતી હતી. એકંદરે એમ બોલાતુ હતુ કે આ વખતનુ સંમેલન ઘણુંજ ચમત્કારી અને ફતેહમંદ થયું હતું.**

નાગેન્દ્ર અને નરેન્દ્રના વિચારોમાં આસ્માન જમીનનો ફેરફાર થઇ ગયો હતો. નાગેન્દ્રને પોતાના જુના વિચારો પ્રમાણે આ એક કલિયુગમાં યજ્ઞભૂમિજ હોય એમ લાગતું હતું. અને ખરેખર ચારે આશ્રમના લોકો અત્રે આ યજ્ઞમાં ઘી અને સમિધને બદલે પોતાનું લોહી અને જીવન માત્ર જગત્કલ્યાણમાં–જનસેવા–ગુરૂસેવા કે પ્રભુસેવામાં હોમતા હોય એમ લાગતું હતું. કેમકે ત્યાં આખી પૃથ્વીમાંના બ્રહ્મચારીઓ–ગૃહસ્થો–વાનપ્રસ્થો અને ખરા સન્યાસીઓ અત્રે અધ્યયનમાં અને સેવાના સમર્પણથી બંધાયલા લાગતા હતા. નાગેન્દ્ર–નરેન્દ્ર અને કુસુમસુંદરી સોસાઇટીમાં દાખલ થયા. નાગેન્દ્રે રાજેન્દ્રનો ઉપકાર માન્યો–અને નરેન્દ્રે અત્રે આવવાની સૂચના અને તેના પરિણામ તરીકે, થીઓસોફી વિશેના સશયો દુર થઇ એક સભ્ય તરીકે દાખલ થવાની તક મળવાનુ બધું માન કુમુદચંદ્રને આપ્યું. નાગેન્દ્રે તો એવો નિશ્ચય કર્યો કે (૧) જે કોઇ થીઓસોફીનો વિરોધી હોય તેને એક વાર આ સંમેલનમાં મોકલવો કે જેથી વગર તકરારે તેનું સમાધાન થાય અને (૨) જે કોઈ સોસાઈટીનો મેમ્બર હોય તેને એક વાર તો–જેમ બીજા ધર્મના અનુયાઇઓ પોતાને ઇષ્ટ એવી યાત્રા કરે છે–તેમ આ સંમેલન જોવાની સખત ભલામણ કરવી. અને આ પ્રમાણે પ્રત્યેક વર્ષે એક **ગરીબ મેમ્બર** અથવા **સત્યશોધક વિરોધીને** આ સંમેલનમાં જવાની રૂ. ૫૦)ની એક સ્કોલરશિપ સ્થાપી અને તે પ્રમાણે મેળાવડામાં જાહેર કરાવ્યુ. મેમ્બરોને આ વિચાર ઘણોજ પસદ પડયો. મુંબઇ જતી વખતે નાગેન્દ્ર પ્રેસિડટને મળ્યા અને વાતમા પોતે બહુજ હર્ષથી કહ્યું કે.—

"It is surely a quite empty reproach, due only to ignorance of our many-sided activities, that Theosophists are only utopian dreamers, instead of being as they are, a leavening and beneficial influence in the activities of the outer world"

આ સંમેલનના છેલ્લા દિવસને આગલે દિવસે કાર્યક્રમમાં રાતના નવ કલાકે મેસૉનિક મીટિંગ હતી, અને રાજેન્દ્ર અને મોહિની તેમાં મેમ્બર હોવાથી ત્યાં ગયાં હતાં–નાગેન્દ્ર દિવસના શ્રમથી થાકીને નિંદ્રાવશ થયો હતો–અને નરેન્દ્ર કુમુદચંદ્રને મુકામે ગયો હતો, તેથી કુસુમસુદરી આમ એકલી પડવાથી પોતાના ભવિષ્યના વિચારમાં

પાછી ગુંચવાવા માંડી હતી. તેમનો મુકામ "લિડબીટર ચેમ્બર્સ"ના ભવ્ય ત્રણ માળના મકાનમાં હતો, કે જે એક ઉદાર ઇંગ્રેજ ગૃહસ્થની સખાવતથી રૂપિઆ એકથી દોઢ લાખની કિમ્મતે સમુદ્રના કિનારાપર બાંધવામાં આવ્યું હતું. ઘણાખરા ઇંગ્રેજોજ અત્રે ઉતરે છે, પણ અહીઆં કાંઇ ઇંગ્રેજ હિન્દુનો ભેદ ન હોવાથી રાજેન્દ્રનો અત્રે મુકામ રાખ્યો હતો; આથી એની પોતાની સવડ પ્રમાણે સરસામાનવાળા તથા વિજળિક દીવાથી પ્રકાશિત ઓરડાઓ એને મળ્યા હતા, અને ખાવાપીવાનુ હિન્દુઓની ભોજનશાળામાંજ રાખ્યું હતું આ મકાનની અગાડી એક ઘણોજ સુશોભિત ન્હાનો બગીચો હતો. સોનું અને સુગંધ ન મળે એવો પૂર્ણિમા અને સંમેલનનો કોઇ વાર નહીં આવેલો સજોગ આ વખતે આવ્યો હતો, અને તેથી કુસુમસુંદરીને ઘરમાં ન ગમવાથી નીચે ઉતરી બાગમાં થઇને થોડે દુર-પ્રકરણની શરૂઆતમા વર્ણવ્યા પ્રમાણે એક બેઠકપર જઇને બેઠી હતી. કુમુદચંદ્રને આટલા દિવસમા એક વખત પણ ન મળાયુ અને એક બે દિવસમાં પાછા જવાના છે એ સાંભળી તે નિરાશ થઇ; અને વિદ્યાચંદ્ર વિશેની વાત પાછી કહેવાની રહી જશે એવો ભય તેને લાગવા માંડયો. આથી " પ્રિય કુમુદચદ્ર આવ્યા તે પણ સરખા અને ન આવ્યા તે પણ સરખા. હોય ! ભાવી ક્રૂર થાય ત્યારે આપણા પ્રિયજન પણ ક્રૂર થતા દેખાય છે. એમાં એમનો શો દોષ છે ? આપણાંજ પૂર્વ કર્મો અથવા ભવિષ્ય પ્રકટીકરણના સજોગોજ આડે આવતાં હશે. કોણ જાણે શાં કર્મો કર્યાં હશે કે તેનુ આ ફળ પ્રાપ્ત થયું હશે ? ખરે ! કુમુદસુદરી તું કહે છે તે અક્ષરસઃ હું પણ અનુભવું છું:"—

" અવનિપરથી નભ ચ્હડયું વારિ, પડેજ પાછુ ત્યાંને ત્યાં,
" ટુકું કર્મ ટુકું રહેવાને, સરજેલુ આ ધરતીમાં.

એ પ્રમાણે બોલી ચદ્રની સ્હામે એકી ટસે જોઇ રહી અને થોડીવાર થઇ એટલે તેને જાણે સમાધી લાગી હોય—જાણે મદ પવનથી મીઠી નિદ્રા આવી હોય એમ તેની આંખો મીંચાઇ ગઈ; અને કાંતો કોઈ દેવ-અદશ્ય સહાયક-કે પછી આ અડચાર ભૂમિના **સમર્થ રક્ષકો —મહાન ગુરૂઓની** સહાયથી, જાણે તે ખરેખર પોતાના પૂર્વજન્મોનો ચિતાર જોતી હોય એમ તેને સ્વપ્નાવસ્થા પ્રાપ્ત થઇ.

અને એમાં કાંઇ ન બને એવુ નથી. જેમ " **સીનોમેટોગ્રાફની** ફિલ્મ "-ચિત્રોની પટી અથવા " ગ્રેમોફોનની પ્લેટ " **લેવાને** જુદ

યંત્ર હોય છે અને દેખાડવાને-વગાડવાને જુદું હોય છે, તે પ્રમાણે પ્રત્યેક મનુષ્ય જન્મથી તે મૃત્યુ સુધી એક મ્હોટી "ચિત્રગુપ્ત"ની પટી અથવા પ્લેટ લે છે; કે જેના અવાજો-ચિત્રો ઉંઘમાં-સમાધીમાં કે મૃત્યુ પછી સૂક્ષ્મ દેહમાં મ્હોટાં દેખાય-સંભળાય છે; અને દેવગણો (nature spirits) અને કર્મ દેવતાઓ આ ચિત્રો જોઈ-અવાજોના પ્રતિધ્વની સાંભળી તેમાંથી તેનો પુનર્જન્મ યોજે છે. આ પ્રમાણે આ પટીમાં કે પ્લેટમાં આપણે આજે પણ નવાં ચિત્રો-ગાયનો લેતા જઇએ છીએ અને જુના ચિત્રો-ભણકારાઓ કે જે આપણા કારણ દેહમાં સમાયલા છે, તે અમુક કેળવણીથી અથવા દૈવી સહાયથી આપણે જોઇ શકીએ છીએ. કુસુમસુદરીને ત્રણ સ્વપ્નો આવ્યા.

પ્રથમ સ્વપ્ન.

કુસુમસુદરીએ "સરસ્વતીચદ્ર" નો અભ્યાસજ કર્યો હતો અને છેલ્લી લીટીઓ બોલાયાથી-તેજ ભણકારાઓ મગજમાં રમતા હતા. તેમાં પુનર્જન્મ અને કર્મનો વિષય પણ સાથે ઘુંટાવાથી સ્વપ્ન પણ સરસ્વતીચદ્ર, પુનર્જન્મ અને કર્મથી મિશ્રિતજ થયુ. આ સ્વપ્નામા પોતે સરસ્વતીચદ્ર તરીકે, ચંદ્રાવળી ચંદ્રકાન્ત તરીકે, રાજેન્દ્ર વિદ્યાચતુર તરીકે, મોહિની ગુણસુન્દરી તરીકે, નરેન્દ્ર અલકકિશોરી તરીકે, વૈકુઠબા ગુમાન તરીકે હોય એમ દેખાયા; અને કુમુદસુદરી તે કુમુદચદ્રરૂપે થઇને જાણે પુર્વજન્મનો બદલો લેવાતો હોય એમ તેણે જોયુ. સરસ્વતીચંદ્રે કુમુદસુંદરી તરફ છાનો પ્રેમ દર્શાવ્યો હતો, તેનો બદલો લેવાને જાણે પ્રમાદધનજ વિદ્યાચદ્રરૂપે પોતાનાપર વેર લેતો હોય એમ લાગ્યુ. અને કુસુમ સાથે સરસ્વતીચદ્રને તેની નહી ઇચ્છા હોવા છતાં, કુમુદસુદરીએ અને ચંદ્રકાન્તે પરણવાની આજ્ઞા કરી, તેથી ચંદ્રકાન્તને ચંદ્રાવળીનેરૂપે કુમુદચદ્રને પરણવાનો સજોગ સિદ્ધ થયો. છેવટે અલકકિશોરી કુમુદસુદરી સાથેના સ્નેહથી નરેન્દ્રરૂપે જન્મી-ધનના મદમા આવી જઇને પોતાના પતિ તરફની બેપરવાઇના પ્રાયશ્ચિતના ફળરૂપેજ-તેના અને ચંદ્રાવળીના સંબધની વચ્ચે આવતું આ વિઘ્ન દેખાયુ. સ્વપ્નના અતમાં કુમુદસુદરી-ઘેલી કુસુમરૂપે બદલાઈ ગઈ-તે બન્નેમા પોતે ભળી ગઈ હોય એમ દેખાઇ-અને અરધી ઉંઘતી જાગતી દશામાં, સ્વપ્નની કુમુદસુદરી પોતાને કહેતી હોય-અથવા જાગ્રતમાં પોતે કુમુદચદ્રને કહેતી હોય-એમ આપણી કુસુમસુદરી નીચેની લીટીઓ ગણગણવા લાગી:—

"પૂર્વ જન્મનો સંબંધી તે ખડો હૃદયમાં થાય '
"જીવતી પણ જડસમી પ્રિયમૂર્તિ જોઈ નયન અકળાય.

સ્વપ્ન બીજું.

લગભગ બે હજાર વર્ષ ઉપર ફ્રાન્સમાં કુમુદચંદ્ર એક મ્હોટા ધનાઢ્ય અમીરનો એકનો એક પુત્ર હતો, તથા ચંદ્રાવળી બીજા તેથી ઓછા ધનવાન અમીરની એકની એક પુત્રી હતી. તેઓ ન્હાનાં હતાં ત્યારથી બન્નેના પિતાઓની વચ્ચે મિત્રતા હોવાથી, બન્નેએ પોતાના પુત્ર પુત્રીને લગ્નની ગાંઠમાં જોડવાનો નિશ્ચય કર્યો હતો, અને તે પ્રમાણે ચંદ્રાવળીનો કુમુદચંદ્ર પ્રત્યે પ્રેમ પણ હતો—જો કે કુમુદચદ્ર તેના તરફ જોઇએ તેટલો વળેલો નહતો.

હવે એક ત્રીજો અમીર હતો કે જે પૈસા સંબંધી ઘણી સારી સ્થિતિમાં નહતો-તેનો નરેન્દ્ર પુત્ર અને કુસુમસુંદરી પુત્રી હતી. આ અમીર પણ પ્હેલા બે અમીરોનો મિત્રજ હતો. આથી નરેન્દ્ર અને કુમુદચદ્ર તથા કુસુમસુંદરી અને ચંદ્રાવળીની વચ્ચે પણ મૈત્રી હતી. નરેન્દ્રનો પિતા પણ કાઇ નીચ સ્વભાવનો નહતો તો પણ પોતાની સ્થિતિ નબળી હોવાથી એમ ઇચ્છતો હતો, કે નરેન્દ્રની સાથે ચંદ્રાવળીનાં લગ્ન થાય અને પોતાની પુત્રી કુસુમસુંદરી કુમુદચદ્રને અપાય, કે જેથી "એક પથ ને દો કાજ" થાય—અને યુવકો અને બાળાઓ સુખી થ.ય.

નરેન્દ્રના પિતાએ આ વિચાર નરેન્દ્રને કહ્યો કે જે પ્રથમ તો તેને ન ગમ્યો, પણ આખરે પિતાના દબાણથી તે આ તરફ વળ્યો. નરેન્દ્રે આ વાત કાઇક યુક્તિથી અને કાંઇક સ્પષ્ટતાથી કુમુદચદ્રને કહી; કેમકે નરેન્દ્ર જાણતો હતો કે કુમુદચદ્રે ઉમરમાં આવતાંજ, કુસુમસુદરીને, જો કે ગરીબ હતી તોપણ પ્રથમ મેળાપેજ—Love at first sight—થી હૃદય અર્પણ કર્યું હતું. આવો "પ્રથમ દર્શનનો પ્રેમ" એ માત્ર પૂર્વજન્મની બે આત્માઓ વચ્ચેની ઓળખાણનુ સજીવન થવુજ હોય છે—પણ તેમાં આકર્ષણની શુદ્ધતા એ મુખ્ય વાત છે; કેમકે ઘણા દાખલાઓમાં તો આવો પ્રેમ માત્ર ક્ષણભગુર અને કાલ્પનિકજ હોય છે, અને તેથી એ પ્રેમના નિરાકરણમાં ઘણી સાવચેતી રાખવી જરૂરની છે. આથીજ પાશ્ચિમાત્યોમાં પણ વડીલોની સંમતી આ બાબતમાં અતિ અગત્યની ગણવામાં આવી છે. આજ પ્રમાણે "પ્રથમ દર્શનનો દ્વેશ" એ પણ પૂર્વજન્મની બે જીવો વ-

ચ્ચેની શત્રુતાની સાક્ષી પુરે છે. આ રીતે કુમુદચંદ્ર અને કુસુમસુંદરીની વચ્ચેનો પ્રેમ તો ખરેખર પૂર્વદત્તજ હતો. અને આમ હોવાથી વડીલોએ કરેલો કરાર શી રીતે તોડવો તેજ ગોઠવવાનુ હતું.

આ બાબતનો તેઓએ આવા સબધોમાં થતાં કાવતરાં–કીના કે ઈર્ષાથી નિર્ણય ન કર્યો, પણ એક અજાયબ જેવી સરળતાથી તે કામ પાર પાડયુ. કુમુદચદ્રે ચંદ્રાવળીને કહ્યુ કે હુ તમને અંત કરણપૂર્વક ચાહી શકતો નથી, પણ તમારી પ્રિય સખી કુસુમસુદરીને ચાહુ છું; માટે જો તમે મને અને તમારી સખીને ખરી રીતે ચ્હાતાં હોવ તો મને તેની સાથે લગ્ન કરવાની આજ્ઞા આપો–અને મ્હારાપરના પ્રેમની ખાતર નરેન્દ્રને તમે સ્વીકારો, કેમકે તે તમને ખરા દિલથી ચાહે છે. ચંદ્રાવળીએ કુમુદચદ્ર અને કુસુમસુદરીના પ્રેમની ખાતર બન્ને વાતો બહુ ખુશીથી કબુલ કરી, અને એક દૃષ્ટાન્તરૂપ સ્વાર્થત્યાગ અને શુદ્ધ પ્રેમનુ ચિત્ર દેખાડયુ.

આનુ ફળ આ જન્મે એજ થયુ કે તેઓએ મિત્ર ભાવેજ એક બીજાને થોડી અગવડો આપી હતી, માટે આ જન્મે પણ મિત્રતાનાજ સબધમા જન્મ્યા, પણ જે કર્મનુ દેવુ કર્યું હતું તે આવી રીતે અદા કરવાનુ નિર્માણ થયુ. આથીજ કુમુદચદ્રનો કુસુમસુદરીના પર પ્રેમ છતાં આ જન્મે ચંદ્રાવળીજ તેઓની વચ્ચે આવી, કેમકે ગયે જન્મે દબાણથી કુમુદચદ્રે તેને છોડી હતી અને તેનો પ્રેમ કુમુદચદ્ર તરફ છતાં નરેન્દ્રને પણ ખુશીથી ગ્રહણ કર્યો હતો. આ પ્રમાણે અજબ રીતે ચંદ્રાવળી કે જે પુર્વજન્મમા બધાં પાત્રોના સુખનુ નિમિત થઇ હતી, તેજ આ જન્મે–અલબત મિત્ર ભાવે–માત્ર નામનુ પણ–દુઃખનુ નિમિત થઈ એમ કુસુમસુદરીએ જોયુ. આ ત્રણે અમીરોના મિત્ર એક ચોથા અમીરનો પુત્ર વિદ્યાચદ્ર હતો, કે જે કુસુમસુદરીના પ્રેમમાં નિષ્ફળ ગયો હતો, અને તેથી તેના પર દ્વેશ અને કીનો રાખી ઘણાં કાવતરા કરવા છતા તેને દુઃખી કરવામાં ફાવ્યો નહતો.

સ્વપ્ન ત્રીજું.

મુંબઈમા કુસુમ વિલાના દિવાનખાનામાં બપોરે આરામખુરસી પર "કુસુમાવળી" વાંચતાં વાંચતાં કુસુમસુદરીની આખ મીચાઇ ગઇ; પોતાના કુમુદચદ્ર સાથે મોહિની લતા મંડપમા અનુભવેલા બનાવનુજ સ્વપ્ન આવ્યુ; તેમાં વર્ણવ્યા પ્રમાણે મોહિનીની ગાડી આવી, તેનુ બારણું જોરથી બધ કરવાના અવાજથી તે જાગી; અને

મંડપમાંથી બ્હાર નીકળવા જાય છે તેવીજ આંખ ઉઘડી ગઇ. તરત પોતાની પછાડીથીજ એક મોટરને "લિડબીટર ચેમ્બર્સ" તરફ પસાર થતી જોઈ.

મેસૉનિક મીટિંગ પુરી થઇ, રાજેન્દ્ર તથા મોહિની પ્રેસિડંટની સાથેજ બ્હાર નીકળ્યાં, અને પાસે હોવાથી પ્રેસિડંટ તેઓને પોતાની સાથે મોટરમાં બેસાડી "લિડબીટર ચેમ્બર્સ" પર ઉતારવાને આવતાં હતાં; તેવામા મોટર કુસુમસુદરી જ્યાં બેઠી હતી તેની પાસેથી પસાર થતાં "ટાયર" ફાટયુ, તેના અવાજથીજ કુસુમસુદરી જાગી અને મોડુ થયુ જાણી ઉઠી મુકામ તરફ ચાલી.

મોટર પાસે જતાં તેણે બેસનારાઓને ઓળખ્યા–ટાયર વિશેની હકીકત જાણી. અને ટાયરને ઠીક કરતાં વાર લાગશે એવું જાણી, પ્રેસિડટ એકલાં હોવાથી, રાજેન્દ્ર, મોહિની, કુસુમસુદરી બીજી એક મડમ સાથે પ્રેસિડટના મુકામ સુધી ગયાં. રસ્તામાં રાજેન્દ્ર અને મોહિનીની સાથે વાતમાં, કુસુમસુદરીની અકલ હોશિયારીનાં પ્રેસિડંટે બહુ વખાણ કર્યા અને કહ્યુ કે–"તમારી પુત્રી સોસાઇટીની મેમ્બર થઇ એ જાણી હું તેમને અભિનંદન આપુ છુ, અને ભવિષ્યમાં એક આગળ પડતી હિન્દુ લેડી થીઓસોફિસ્ટ થાય એવો આશિર્વાદ આપુ છું."

પાછાં વળતાં કુમુદચંદ્ર અને નરેન્દ્ર ઘર તરફ જતા હતા તે મળ્યા, અને મોટર સબધી વાતો કરતાં તેઓ મુકામે પ્હોંચ્યાં. કુમુદચદ્ર અને નરેન્દ્રને જોઇ પાછળ ચાલતી કુસુમસુંદરીને પોતાના સ્વપ્નો યાદ આવ્યાં, અને પાછી તેના ઉંડાણમાં ઉતરી. કુમુદચંદ્ર પોતાને મુકામે ગયો–અને જેવી મોહિની અને કુસુમસુંદરી પોતાના ઓરડામાં ગયાં કે કુસુમસુંદરીએ કહ્યું:–મોહિની! પ્રેસિડટ કહે છે તે સત્યજ છે. મને ખરેખર અહીં બહુજ ગમે છે–તે એટલુ કે મુંબઈ આવવાનું મન નથી થતું–માટે તું મને એમની સાથે મુકી જાય તો બહુજ સારૂં. થોડા દિવસ અત્રે સત્સગ મળશે–અભ્યાસ થશે."

"ખરે કુસુમ! તું "સરસ્વતીચદ્ર" બહુજ વાંચે છે, તેથી મને બ્હીક લાગે છે કે તું પણ પેલી "ઘેલી કુસુમ" જેવાંજ ઘેલાં કહાડશે કે શું? તને ખબર નથી કે ત્હારૂં નામ હમે એ કુસુમ પરથીજ સોધી કહાડયુ છે, અને તું કામ પણ એવાંજ કરી બતાવવાની કે શું? એ તો અમથાં પ્રેસિડંટે કહ્યું. થીઓસોફીનો અભ્યાસ કાંઈ

અહીંજ થાય અને મુંબઈમાં ન થાય કે? સૌ પોતાને વખતે સારૂં લાગે–હજુતો આખો જન્મારો છે–માટે આવો—”

“ અરે પણ ! ” કુસુમસુંદરીએ જરા અધીરા થઈને કહ્યું, “હું તો સ્હેજ કહું છુ, તેમાં તું જાણે ખફ્જ માનીને બેઠી હોય એમ મ્હોટું ભાષણ શાનુ આપવા માંડે છે. મ્હારા કહેવાનો અર્થ એટલોજ કે આ જગ્યા મને એટલી બધી પ્રિય લાગે છે. ”

“ તો–ઓ ઠીક. ” એટલુ બોલી મોહિનીએ અગાડી એ બાબત લંબાવવાનું ઠીક ન ધાર્યું; પણ અંદરથી તે સમજી ગઇ કે મુંબઇ તરફ અણગમાનુ કારણ કુમુદચન્દ્રનાં લગ્નજ હતા. અને તેથી વૈકુંઠમા વિશેજ વિચાર કરતી તે પથારીમાં પડી કુસુમસુંદરી પણ પોતાના સ્વપ્નાઓ વિશેનાજ ફરી સ્વપ્નાઓ અનુભવતી ક્લિષ્ટ નિન્દ્રાને પામી.

પ્રિય વાચક ! કુસુમસુંદરી સ્વપ્નાઓ વિશેજ સ્વપ્નાઓ અનુભવે છે, એટલામાં આપણે પણ એ **સ્વપ્નાઓ** વિશેજ થોડી **જાગૃતમાં** ચર્ચા અત્રે કરીશુ તો કાંઈ અયોગ્ય નહીં કહેવાશે મનુષ્યને **સ્થૂલ-સૂક્ષ્મ અને કારણ** વિગેરે જેમ દેહો છે, તેવાજ તે તે દેહોથી કાર્ય કરવાને માટે એજ નામના ત્રણ **લોક**–ભૂમિકા–planes છે. જેમ પૃથ્વી પર ફરવાને **મોટર** વાહન છે–હવામા ફરવાને **એરોપ્લેઈન**–વિમાન છે–અને પાણીમા ફરવાને **સ્ટીમર**–વ્હાણ છે, તે પ્રમાણે સ્થૂલ-સૂક્ષ્મ–અને કારણ સૃષ્ટિમા કાર્ય કરવાને આ ત્રણે શરીરો છે. માટે પ્રત્યેક મનુષ્ય જ્યારે ઉંઘે છે–મૃત્યુ પામે છે અથવા સમાધી કે ધ્યાનમાં હોય છે–સાધારણ ઉંડા વિચાર અથવા આવેશમા હોય છે, ત્યારે તે સ્થૂલ દેહને થોડો વખત અથવા હમેશને માટે છોડીને–બીજા ઉપલાં શરીરોમાં જાગૃત થાય છે. ઉંઘ એ પણ એક રોજીન્દા મૃત્યુજ–મૃત્યુ નહી તો તેની ન્હાની બ્હેન (sister of death) છે એમ કહો તો કાંઇ હરકત નથી માત્ર ઉંઘમાં બન્ને દેહોનો સબંધ (magnetic tie) કાયમ રહે છે, અને મૃત્યુમાં તે સબંધ દેવતાઓ સદાને માટે તોડી નાખે છે. આ સંબંધનેજ આપણે “**જીવન દોરી**” કહીએ છીએ, કે જે નાભી સ્થાનથી સૂક્ષ્મ દેહ સાથે બાંધેલી હોય છે, અને ઉંઘતા નબળા માણસો અને ધ્યાનસ્થ પુરૂષોને એકદમ જગાડવામાં તે જોખમમા આવે છે. આ ઉપરથી સ્વપ્ન એ **સ્થૂલ** દેહને છોડીને જીવાત્માનો **સૂક્ષ્મભુવનનો** અનુભવ છે એમ કહીએ તો હાલને માટે બસ થશે.

આ સ્વપ્નો ત્રણ જાતનાં છે અને સદ્ભાગ્યે આપણી કુસુમસુંદરીને એ ત્રણે જાતનાજ સ્વપ્નો એક સામટાં આવ્યાં હતાં.

(૧) પ્રથમ જાતને Psychological અથવા માનસિક કે કાલ્પનિક કહે છે; કે જે ઘણુંખરાં રાત્રિના પ્હેલા ભાગમાંજ આવે છે, અને જે પ્રત્યેક મનુષ્યના રોજના વ્હેવાર અથવા જે બાબતપર ચિન્તા કે વિચાર થતો હોય તેનાજ આવે છે. તેથી વેપારીને વેપારના–માળીને ફુલના વિગેરે દિવસના કોઈ પણ ચાલુ કાર્યનાજ આવે છે, અને તે દરેકના અનુભવનીજ વાત હોવાથી એમાં કાંઈ વધારે ધ્યાન આપવા જેવું નથી. એ પ્રમાણે કુસુમસુદરીને "સરસ્વતીચંદ્ર" નો વિચાર આવ્યો, અને તેની સાથે પોતાના પૂર્વકર્મના બદલા તરીકે પોતાની વર્તમાન સ્થિતિ શી રીતે હશે, તેની કલ્પના ભેળાવવાની સાથે તેને નિન્દ્રા આવવા માંડી હતી–માટે તેના મને તેમાંથીજ "સરસ્વતીચંદ્ર" અને Law of association–વિચાર પરપરાના નિયમથી કર્મ અને પુનર્જન્મને લઇને એના પ્રથમ સ્વમનો તુક્કો ઉડાવ્યો. બાકી આપણે જાણીએ છીએ કે સરસ્વતીચદ્ર અને કુમુદસુદરી માત્ર નવલકથાના કલ્પિત પાત્રોજ છે.

(૨) બીજી જાતને Prophetic અથવા Extraordinary એટલે અસાધારણ કહે છે કે જેમાં કોઈ દેવતાઓ–દેવગણો–Nature Spirits અથવા મૃત્યુ પામેલા જીવો હમેશાં કાર્ય કરે છે, અને તેમાં બનવાના બનાવોની સૂચના–જોખમની ચેતવણી–પૂર્વજન્મના ચિત્રો-અમુક ધર્મશિક્ષણ–અથવા અમુક શ કાઓનુ નિવારણ થાય છે. આ સ્વમાઓ ઘણુંખરાં સ્હવાર પડતાંજ આવે છે અને તેથીજ આપણામાં સાધારણ માન્યતા છે કે એવાં કોઇ શુભાશુભ સ્વમાંઓ સ્હવારમાં આવેલાં ખરાંજ પડે છે. આથી કુસુમસુંદરીનું બીજુ સ્વપ્નુ કોઇપણ દૈવી સત્વ અથવા અદૃષ્ય સહાયકે કુસુમસુ દરીની ગુચવણ જોઈ તેને શાન્ત કરવાને બતાવ્યુ હોય એમ લાગે છે. આ સ્વમ ખરૂં હોય કે ન હોય તેની સાથે આપણે કાંઇ સંબંધ નથી; અને આવાં સ્વપ્નોમાં બીજી એટલી બધી બાબતો સમાયલી છે કે તેને ખરાં કરતાં ખોટાં માનવામાં વધારે સલામતી છે, તોપણ આવી જાતનું સ્વમ આવી શકે છે એજ માત્ર ધ્યાનમાં રાખવાનું છે.

(૩) ત્રીજી જાતને (Analogical) કહે છે આ સ્વમાંઓ ઘણાં રમુજભરેલાં હોય છે અને એ જાતના સ્વમાના નિયમથી અ-

ગ્રાન મનુષ્યને તેઓ બહુજ ગુંચવે છે અને વ્હેમમાં નાંખે છે. Analogy એટલે **સરખાપણું** છે, અને તેથી આ સ્વપ્નની મુખ્ય ખાસિયત એ છે કે **સ્વપ્નાના** અંતના બનાવ **જેવોજ** જાગૃતમાં પ્રત્યક્ષ બનાવ બને છે કે જેથી માણસ ઉંઘમાંથી જાગી ઉઠે છે. આથીજ **મોટરનું** ટાયર ફાટયુ તેનો અને સ્વપ્નમાં ગાડીનુ બારણું બધ થયું તેને અવાજ સરખોજ થયો, અને તે અવાજથી કુસુમસુદરી જાગી. વળી આ આખુ સ્વપ્ન મન, માત્ર ટાયરના ફાટવાના અવાજથી જાગવાની ક્રિયામાં જે **બેત્રણ સેકંડ** જાય છે તેમાં જ—પોતાને પરિચિત વિષયોમાંથી ઉભું કરે છે. અને અજાયબ જેવું તો એ છે કે મનુષ્ય જાણે છે કે સ્વપ્નમાંના બારણાના અવાજથી તે જાગી ઉઠયુ, પણ ખરું જોતાં તે બ્હારના ટાયરના ફાટવાનો—અદરનો ભણકારો છે. જેમ જાગૃતમા પણ અધારામાં કોઇ લીસી વસ્તુ પગ નીચે આવતાં માણસ સાપ જાણી ચમકે છે, તે પ્રમાણે સ્વપ્નમાં પણ પોતાના temperamen —સ્વભાવ પ્રમાણે થાય છે.

આ છેલ્લી જાતનાં સ્વપ્નાંઓ શબ્દ—સ્પર્શ—રૂપ—રસ—ગંધ—અથવા તે ક્ષુધા—તૃષા વિગેરે શરીરની અદરની હાજતો અને વિકારો તથા દરદોથી ઉત્પન્ન થાય છે, અને તેમાં માત્ર ઉપર પ્રમાણે નિયમ એટલોજ છે કે સ્વપ્ન અને જાગૃતના **અંતભાગનો પ્રાસ**—*chorus* **એક હોય છે—કે જે તેનું જાગૃત થવાનું નિમિત્ત થાય છે.** દાખલા તરીકે ભર ઉંઘમા પડેલા મનુષ્યના નાક આગળ ગુલાબનુ ફુલ ધરો—અથવા મોહોડા ઉપર પાણી છાંટો—કે તેને પગમાં ન્હાની ટાંકણી ભોંકો, તો તેને સ્વપ્નમાં એમ લાગશે કે કોઈ ગુલાબના બગીચામાં ગયો—એક ફુલ તોડયુ અને સુઘતે હતો એટલામા જાગી ઉઠયો—અગાસીમાં સુતો હતો અને વરસાદના છાંટા આવવા લાગ્યા અને આંખ ઉઘડી ગઈ—અથવા તો જગલમા ફરતો હતો અને એક મ્હોટો વીછુ આવ્યો અને ડખ માર્યો એટલામાં જાગૃત થયો. તેમજ ભર ઉઘમાં ભુખ અથવા તરસ લાગી હોય—અને તેને પોતાની રોજની ટેવ પ્રમાણે કોઇ મિત્રને ત્યાં કે હૉટેલમા ખાણુ લેવાનું કે "કોલ્ડડ્રિન્ક" પીવાનું સ્વપ્ન આવે સ્વપ્ન કેવું આવવું તે દરેક મનુષ્યના પોતાના અનુભવ અને સ્વભાવ પરજ આધાર રાખે છે. જેમકે ઉપલા દાખલાઓમાં કહેવા પ્રમાણે ગુલાબનું ફુલ—વરસાદ—કે વીછુ—અથવા ખાવું કે પાણી પીવુ એજ વસ્તુઓ ગમે તે રીતે જાગૃત થવાનું કારણ થવું જોઇએ

છી શ્રીમંતને કાશ્મીર, પેશાવર કે ઉદેપુરના ગુલાબના બગીચાનું મને ગરીબને પોતાના ઘરના એક કુંડામાંના ગુલાબનું આવે; ષા લાગી હોય તો વૈષ્ણવને શ્રીનાથજીના ચર્ણામૃતરૂપે ઠંડુ પાણી મળે અથવા મુસલમાનભાઇને બેહેસ્તમાં પરી શરબત આપે એનું આવે; કે વીછુવાળા દેશના અનુભવીને વીછુનું આવે અથવા તે વિનાના શવાળાને ખેતરમાં કાંટો વાગવાનુજ આવે, એ પ્રત્યેકના પોતાના પરિચયમાં આવેલી વસ્તુમાંથીજ નીકળે છે.

આ છેલ્લા વિભાગમાંજ જેને આપણે " ઓથારે દબાવ્યો " અથવા (nightmare) કહીએ છીએ તે મુકી શકાય, કેમકે એમાં કાઇ ઉંઘમાં છાતીપર ચ્હડી બેસે છે અને દબાવે છે એવી કલ્પના થાય છે. ખરૂં જોતાં માત્ર છાતીપર બન્ને હાથ મુકીને ચત્તા સુવાનો અથવા તકિઆ કે ઓઢવાનું છાતીપર દબાવવાનોજ એ પરિણામ છે. કેમકે ઉપર કહ્યા પ્રમાણે છાતીપર દબાણ અને કોઈ છાતીપર ચ્હડી બેસવાનુ સરખાપણુંજ આ સ્વપ્ન ઉત્પન્ન કરે છે–અને તેથીજ આપણામાં સાધારણ માન્યતા છે કે " છાતીપર હાથ મુકી ચત્તા સુવું નહી "; અને હજુ પણ, ઉંઘમાં બુમ પાડી ઉઠતાં છોકરાંઓને આર્યમાતાઓ તરત પાસું ફેરવીને સુવડાવે છે અથવા તો છાતીપરથી હાથ ઉંચકી નીચે મુકે છે.

સુંદરગિરીના ચિરંજીવ શૃંગપર સૌમનસ્ય ગુફામાં પંચરાત્રિને અંતે પ્રાતઃકાળમાં સરસ્વતીચંદ્રને જગાડવાને કુમુદસુંદરીએ તેને કપાળે હાથ મુકી લઇ લીધો હતો; અને સરસ્વતીચંદ્રે જાગી–" મને સ્વપ્નમાં મ્હારી જનની દેખાઇ. મ્હારે કપાળે હાથ મુકી કંઇ કહેવા જતી હતી એટલામાં હું જાગ્યો, "–એમ કહ્યું હતું; એ પણ આ જાતના સ્વપ્નને માટે બહુજ બંધબેસતો દાખલો છે. હાથ કપાળે મુકાવાથી જાગવું એ સત્ય વાત. પછી જાગૃતની કુમુદસુંદરીને બદલે, ગઇ રાત્રિના સ્વપ્નમાં જોયલી જનનીજ તેને હાથ મુકતી દેખાઇ, એ સરસ્વતીચંદ્રની પોતાની સ્વપ્ન સૃષ્ટિનો ભણકારો.

આ સ્વપ્નાંઓ કોઈવાર ત્રણે મિશ્ર જાતનાં પણ આવે છે, તેથી સલામત રસ્તો એજ છે કે ગમે તેવાં ભયંકર, સાચાં કે જુઠાં સ્વપ્નાં આવે તોપણ એમજ માનવું કે એ આપણો બીજી ભૂમિકાનો અનુભવ માત્ર છે–અને તેમાં વ્હેમ અથવા ધભરાવાનું કાંઈ પ્રયોજન નથી; કેમકે તે સૂક્ષ્મ પ્રદેશમાં દરરોજ રાત્રે આપણે જઇએ છીએ–મૃત્યુ પછી

ત્યાં જવું છે—સેંકડો વર્ષ સુધી રહેવું છે. અને અત્રે જેને ધભરાવાનું નથી તેને ત્યાં પણ નથી. સદ્‌વર્તન—સદ્‌વિચાર સદાચાર અને પ્રભુસેવા —જનસેવાના સુંદર માર્ગમાંજ હમેશાં ચાલવાથી—આ ભવની કાળજી રાખવાથી, **બીજો** ભવ એની મેળેજ સુધરી જશે. ઇંગ્રેજી કહેવત પ્રમાણે "પેન્સ"ની કાળજી રાખતાં "પાઉંડ" એની મેળેજ જળવાશે.

બીજે દિવસે વડની નીચેનુ છેવટનું ભાષણ સમાપ્ત થયુ તે પછી રાત્રિના ઑલકોટ ગાર્ડન્સમાં બધા ડેલીગેટોનો એક સગીતનો મેલાવડો (concert) હતો, કે જેમાં ખાસ ધ્યાન ખેચવા જેવી એકજ બાબતઃહતી, તે એ કે ઘણું કરીને આખી પૃથ્વીની મુખ્ય ભાષાઓ બોલનારાઓ અત્રે હોવાથી, આજનો એવો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો કે પ્રત્યેક મુખ્ય ભાષામાં એક ગાયન ગવડાવવું, કે જેથી સર્વેને દરેક ભાષાના સગીત અને તેથી થતી vibrational effect—અદૃષ્ટ અસરનો અનુભવ થાય. આ પ્રમાણે જર્મન—ફ્રેન્ચ—ડચ—ગ્રીક—ઇટાલિયન—સ્પેનિશ—રશિયન વિગેરે યુરોપની ભાષાઓ તેમજ—બંગાલી—બરમીસ—ટેલુગુ—ટામિલ—મરાઠી—હિન્દી વિગેરે હિન્દુસ્તાનની ભાષાઓ પણ આવી ગઈ. આમા કુસુમસુદરીએ પણ છેવટનુ એક હિન્દી ગાયન ગાયુ કે જે લોકોને ઘણું પસદ પડયુ—

દિલ લગા હમારા ફકીરીમે, દિલગીરીમે,
દિલ લગા હમારા ફકીરીમે.
હાથમે કુડી, બગલમે સોટા, ચારોહી મુલક જાગીરીમે—દિલ.
યહ તન એક દિન, ખાક હોયગા, કયુ ભુલે મગરૂરીમે—દિલ.
ભલી બુરી, સબકી સુનલીજે, કર ગુજરાન ગરીબીમે—દિલ.
જો સુખ પાવે, રામભજનમે, સો સુખ નાહી અમીરીમે—દિલ.
કહત કબીરા, સુનો ભાઇ સાધુ, રામ મીલેગે સબુરીમે—દિલ.

તાળીઓના અવાજ વચ્ચે મેળાવડો વિસર્જન થયો અને લોકોએ વિખેરાવવા માંડયુ. કુસુમસુંદરીનું સંગીત લોકોને ઘણું પસંદ પડયું કેમકે એ એકલીજ હિન્દુ સ્ત્રી ગાનાર હતી, અને તે વળી સંગીતમાં શાસ્ત્રીય રીતે આવી કેળવાયલી. કુમુદચદ્રપર આ ગાયનની જુદીજ અસર થઈ. ખરેખર એના હૃદયપર કુસુમસુંદરીની નિરાશા—ફકીરી—દિલગીરીની છાયા દૃઢ થઇ. મોહિની પણ આ ગાયનની પસંદગીથી પુત્રીની મનની સ્થિતિ વિશે ચિન્તા કરવા લાગી. ચિન્તા કરો કે ગમ-

ગીત થાવ પણ—મોહિની અને કુમુદચંદ્રને કોઇ ત્તરાકરણનો માગજ ન મળ્યો.

બધાં નીચે ઉતર્યાં અને ચાંદનીમાં ધીમે ધીમે મિત્રો—સ્નેહીઓ વાતચીત કરતાં પોતપોતાના મુકામ તરફ ચાલ્યાં. કુસુમસુંદરીનો જીવ કાંઇ ઉચક હતો, કેમકે આટલા બધા દિવસમાં વિદ્યાચંદ્ર વિશે જે બાબત કહેવાનો વિચાર રાખ્યો હતો તે પાછો રહી જશે કે શું એમ તેને લાગવા માંડયું. પણ એટલામાં રાજેન્દ્ર—નરેન્દ્ર—નાગેન્દ્ર તથા મોહિની પ્રેસિડંટની સાથે ચાલતાં જરા અગાડી નીકળી ગયાં અને કુસુમસુંદરી કુમુદચંદ્રની સાથે આવી ગઇ. કુમુદચંદ્રને એક બાબત પુછવાની ઇચ્છા હતી માટે તેને પણ આ સંજોગ ગમ્યો અને તેણે પ્રથમજ પુછ્યુઃ—" દુર્ભાગ્યે પેલો તમારો પત્ર મોહિની લતા મંડપમાં બીજીવાર રહી ગયો હતો તે તમને મળ્યો કે ? "

" હા ! બીજે દિવસે પ્રભાતમાં તે ચંદ્રાવળીએજ મને આપ્યો. " કુસુમસુંદરીએ એક નિશ્વાસ સાથે કહ્યું.

" ચંદ્રાવળીએ ? " કુમુદચંદ્રે એકદમ ચમકીને પુછ્યું. " શું એણે તે વાંચ્યો ? હરી ! હરી ! મ્હારી ગફલતથી મે તેને અજાણતાં નકામુ દુઃખ દીધુ. "

" હવે એ જે થવાનું હતું તે થયુ, પણ મ્હારી એકજ વિનંતી છે તે કૃપા કરી સાંભળો તો. તે દિવસે મ્હારે એજ કહેવું હતું પણ પ્રભુની ઇચ્છા. આજે જો સંજોગ આવ્યો છે તો કહી દઇશ પછી તો જેમ તમને ઠીક લાગે તેમ કરજો. "

" બહુ ખુશીથી કહો. વિદ્યાચદ્ર વિશે કાંઇ કહેતાં હતાં ખરૂં? "

" હા કમભાગ્યે તેમનેજ વિશે કહેવાનુ છે. હા દૈવ ! તેં પણ શી ગુચવણ ઉભી કરી છે? "—

પણ આટલું કહેતાં તેનુ હૃદય ભરાઈ આવ્યુ અને ચંદ્રપ્રકાશમાં એક બે આંસુના ટીપાં ગૌર ગાલપર પડયાં. કુમુદચંદ્ર પણ જરા ગળગળો થયો, પણ એટલામાં રાજેન્દ્ર વિગેરે પ્રેસિડંટની સાથે વાત કરતાં હતાં, તેમાં કુસુમસુંદરી અને તેની સંગીતની તાલીમ અને Theosophy in music એ વિશે વાત ચાલી; તેમજ બીજે દિવસે જવાનાં હતાં એટલે પ્રેસિડંટની રજા લેવાની હતી, તેથી નરેન્દ્ર

કુસુમસુંદરીને સોધતો આવ્યો અને તેને વિદ્યાચંદ્ર વિશે વાત કરતાં પાછી નિરાશ કરી.

કુમુદચંદ્રને એમજ લાગ્યું કે આજે પણ અણીને વખતે વિઘ્ન આવ્યું એમાં કાંઈ ઇશ્વરનો ભેદ છે. કોઈ પણ રીતે વિધાતાને એ વાત કહેવા દેવી નથી, કેમકે બીજેજ દિવસે એ જેઓની સાથ આવ્યો હતો તેઓનીજ સોબતમાં પાછા જવાની ગોઠવણ હતી; અને રાજેન્દ્ર વિગેરે બે દિવસ કોઇ મદ્રાસની હાઇકોર્ટના જડ-જને ત્યાં મેહેમાન તરીકે રહી, નાગેન્દ્રને મદ્રાસ બતાવી આવવાના હતા. આ પ્રમાણે કુમુદચંદ્ર મુંબઇ જઇને તુરત ચંદ્રનગર ગયો, કેમકે લગ્નની ધુમ તૈયારીઓ ચાલતી હતી–કે જેને લીધે વૈકુંઠબાએ એને જેમ તેમ કરીનેજ જવા દીધો હતો. રાજેન્દ્ર વિગેરે ઉપર પ્રમાણે બે દિવસ રહીને મુંબઇ ગયા. નાગેન્દ્રને આરોગ્યતાના શાસ્ત્રની દૃષ્ટિ–Sanitary Standpoint–થી મદ્રાસ શેહેરની બાંધણી અને હવાપાણી બહુજ પસંદ પડયાં; અને શ્રીમંત લોકોની પણ સાદાઈ અને ધર્મશ્રદ્ધાથી તે ચકિત થયો–અરે ! ત્યાંના ઇંગ્રેજો પણ વધારે નમ્ર અને માયાળુ લાગ્યા–અને દેશીઓ સાથે વધારે છુટથી ભેળાતા દેખાયા.

આ પ્રમાણે આ વાર્ષિક સંમેલન ઘણુંજ ફત્તેહમંદ રીતે સમાપ્ત થયું. જેમ એક મ્હોટી રેલ આવે તેમ હજારો માણસ આ અઠવાડિયામાં અત્રે આવ્યાં હતાં. અને રેલ ઉતરે અને ચગુ રહે તેમ આજે તે પુરૂં થયા પછી ત્યાં માત્ર મુઠ્ઠીભર રોજ રહેનારાં સ્ત્રી પુરૂષો બાકી રહ્યાં હતાં, તેમાંનો એક વિલાયતનો વિદ્વાન આ સંમેલન પુરૂં થવા પછીની અડચારની સ્થિતિ વિશે લખે છે તે તેનાજ શબ્દોમાં આપીશુઃ–

" As when a tired but exultant athlete, the race being won, flings himself down on the grass and, though his body be weary and panting and his nerves still throbbing with the strain, feels nevertheless with peculiar clarity and distinctness every detail, every feature, every incident of the race; feels too the delicious repose of conscious strength and work well done; so was the feeling

ervading the Head-quarters, the fields and paths and shady groves of Adyar, as the sinking sun drew out all tones of colour from the charged magnetic atmosphere and painted the tired paths with wondrous purple shadows."

"As spokes in a wheel radiate out from centre to circumference, so our visitors to this centre have now dispersed in all directions from the hub to the circumference of the Theosophic wheel, each going forth as an important factor in the place he occupies, enriched, a messenger, bearing with him all he has been able to receive, filled with added power, a new inspiration for those he dwells and works among"

"So many Gods—so many creeds,
"So many paths that wind and wind,
"*While just the art of being kind,*
"Is all the sad world needs.
"All roads that lead to God are good,
"What matters it your faith or mine ?
"Both centre at the goal divine,
"Of loves eternal Brotherhood.

પ્રકરણ ૧૩ મું.

સંપૂર્ણ નિરાશા.

"શશિ જતા પ્રિય રમ્ય વિભાવરી '
"થઈ રખે જતી અંધ વિયોગથી.

સરસ્વતીચંદ્ર.

કાળચક્રની ગતિ કેવી અદ્‌ભૂત છે ? તેની અગમ્ય શક્તિથી રાયના રંક, રંકના રાય—દુઃખી તે સુખી, સુખી તે દુઃખી—જળ ત્યાં સ્થળ, સ્થળ ત્યાં જળ થાય છે; જે નહતું તે અસ્તિત્વમાં આવે છે, જે હોય છે તેનો લય થાય છે; બાળક જુવાન થાય છે, જુવાન વૃદ્ધ થાય છે, અને વૃદ્ધ મૃત્યુને પામી આપણી દષ્ટિમાંથી

અદૃષ્ય થાય છે; અને એ પ્રમાણે મનવંતરો સુધી આપણી ટુંકી દૃષ્ટિને અગમ્ય, આ સૃષ્ટિક્રમ–કાળક્રમ અટકયા વિના સતત ચાલ્યાજ કરે છે. અને એનેજ **સંસાર** કહે છે કે જે **સતત સર્યાજ** કરે છે–વહ્યાજ કરે છે. એક વખતનો અતિ કંગાલ **દેવેન્દ્ર**–આજે હાઈકોર્ટના એડવોકેટનો પિતા, સુખી કુટુંબ જોઈ આનંદ પામે છે; પોતાનો કાળ અહોનિશ જે દેવની કૃપાથી આ શુભ દિવસ જોવાનો આવ્યો છે, તેના ચિન્તનમાં ગાળે છે. કુટુંબ નારિણી **સીતા**–એક વખતે સુંદરતાની મૂર્તિ હતી, તેજ જર્જરિત થયલી **સીતા** પણ, હવે સંસારજાળમાંથી છુટી પડી, પોતાનો કાળ **દેહનાસાર્થક**માં ગાળે છે–ઇશ્વર સેવામાં ગાળે છે–કેમકે **जतुनाम् नरदेह दुर्लभम्**–મનુષ્ય દેહ મળ્યાનુ **સાર્થકજ** 'પ્રભુસેવા છે એમ **धर्मशास्त्रो** કહે છે. અને આમ હોવાથી **સીતા**ની જગ્યાએ ભોળી–સાદી **લક્ષ્મી** સસાર નૌકાના સુકાનપર બેઠી છે. આ પ્રમાણે સસાર સુખની ઉચામાં ઉચી સીમાએ આ કુટુંબ ચ્હડી પોતાના દિવસ નિર્ગમન કરે છે.

વડીલોની ગંજાવર હવેલી બળી ગઇ તે આપણે જોઇ; દુઃખી ભાઇ બ્હેનને, ત્યાંજ બાંધેલી ન્હાની ઝૂપડીમાં પણ મ્હોટા મેહેલમાં વસતા રાજાના સતોષથી રહેતાં જોયાં; અને તેજ ઝૂપડીની જગ્યા જાણે વડીલોએ ખાસ આને સારૂજ આટલી બધી જગ્યા અનામત રાખી મુકી હોય તેમ–તેમા એક સુદર બગલો તથા વાડી જોઇએ છીએ. અગાડી એક લોખડનો દરવાજો તથા નાજુક કઠેરા હતા, અને તેને લગતાં ન્હાનાં મ્હોટાં ઇંગ્રેજી રીત પ્રમાણેના Lawns–દરોઇના ક્યારડાઓ બનાવી તેમાં રૂતુ રૂતુના ફુલો–Season flowers–તથા દેશી સુગધી પુષ્પોના છોડો તથા કુડાઓ હતા, કે જેને માટે એક માળી ખાસ મુંબઇથી લાવ્યા હતા. આની સાથેજ બગલાનો પ્રથમ ઓટલો હતો કે જેમા **નીલગિરી**, **સીમલા** વિગેરે પહાડોપરના સુદર **વિલાઓના** **પ્રથમદ્વાર**નુ અનુકરણ કરવામાં આવ્યુ હતું. અને તેનાપર એક મ્હોટો ગુલાબનો વેલો ચ્હડાવેલો હતો કે જેનાપર હજારો ફુલો લટકતાં હતાં. આ બગલાની બાંધણી એવી રાખવામાં આવી હતી કે ચારે બાજુએ રહેવાની સગવડવાળી મેડીઓ કરી હતી અને તેના મધ્યમાં વડીલોનુ **શિવાલય** તથા વૃદ્ધ **બીલી**નુ વૃક્ષ આવી રહ્યુ હતું; કે જેની આસપાસ પણ થોડા આરસના ક્યારડાઓ તથા પગથીઓ foot–paths કરી ઝાડપાનની રચના કરી હતી. પાછલું

બારણું બીજી શેરીમાં પડતું હતું. શિવાલય પણ બ્હારથી તથા અંદરથી આરસના ચકચકિત પથ્થરો તથા રંગબેરંગી ટાઇલોથી સુશોભિત કર્યું હતું, અને રૂપાની જળાધારીમાંથી અહોનિશ–પવિત્ર અભિષેકવારી શિવમસ્તિકે સવ્યાંજ કરતું હતું. આ પ્રમાણે વડીલોના જર્જરિત શિવાલય અને ઉજ્જડ ધરતીનો આ પ્રતાપી વંશજે જીર્ણોદ્ધાર કર્યો હતો.

કુસુમસુંદરી અને ચંદ્રાવળીના લગ્ન અહીંઆંજ થવાનાં હતાં, કેમકે શારદાના કુટુંબમાં કોઈ ન હોવાથી અને ડૉ. રામપ્રસાદના વિલના ફરમાન પ્રમાણે ચંદ્રાવળીનુ પણ કન્યાદાન રાજેન્દ્ર તથા મોહિની કરવાનાં હતા. આથી તેઓએ જાણે પોતાનીજ બે પુત્રીનાં લગ્ન હોય એમ મ્હોટા પાયાપર તૈયારીઓ કરવા માડી હતી. ગયા પ્રકરણમાં કહેવા પ્રમાણે કુમુદચંદ્ર અડયારથી ચંદ્રનગર ગયો પણ ત્યાં તેને કાંઇ શાન્તિ ન મળી, કેમકે કુસુમસુંદરી–ચંદ્રાવળી–નરેન્દ્ર અને પોતાના ભવિષ્યના વિચારમાં તે વિકળ રહેતો હતો. વખતે વૈકુંઠબાને કહેવાનો ઉભરો આવતો હતો, પણ એમા કશું પ્રયોજન નથી અને કાંઈ વળવાનુ નથી એમ ધારી માંડી વાળતો. કોઈ કોઇ વેળા એમજ થતું કે "જગત છોડી દઉ–સન્યાસી થઇ જાઉ–જગલમાં જાઉં,–" પણ પાછો પલકમા થીઓસોફીના સિદ્ધાંતો તેની દૃષ્ટિ આગળ તરી આવતા–તેને શાન્ત કરતા–હિમ્મત આપતા હતા. અને પાછો બોલતો કે "વાહ કુમુદચંદ્ર ! આવી ત્હારી દૃઢતા ? આ ત્હારૂં જ્ઞાન ? એક અજ્ઞાન મનુષ્ય પણ "સ્મશાન વૈરાગ્ય" ને તાબે થાય, અને તું ત્હારા જ્ઞાન સાથે પણ આવો વિચાર માત્ર પણ આવવા દે ? આવી તરેહ સંસારમાંથી ન્હાસી કોઇ સુખી થયા છે શુ ? આ તો માત્ર કાયરતા–બાયલાપણું નહીં તો શુ ? ભિષ્મપિતામહે માત્ર પિતાના વચનપરથી સ્ત્રીનો ત્યાગ કર્યો અને બાણશય્યા પર ધર્મનો ઉપદેશ કર્યો–આનુ નામ સ્વાર્થત્યાગ, અગસ્ત્યઋષિએ પ્રલયમા પણ જાગૃત રહી પ્રલયની ક્રિયા જોઈ–આનુ નામ સ્થિરતા. પ્રહલાદને પહાડપરથી ગબડાવ્યો–ઉકળતા તેલની કહડાઈમાં નાંખ્યો–બળતા સ્થંભને બઝાડયો તો પણ નજ ડગ્યો–આનું નામ ભક્તિ. આ સ્વાર્થત્યાગ–સ્થિરતા અને ભક્તિના ભાંગાં તુટાં કિરણો પણ મ્હારામાં છે. હું પ્રભુનો અંશ છુ. પ્રભુ મને સદ્ગુણો આપો કે જેથી હુ મ્હારૂં પૂર્વકર્મનું દેવું અદા કરી મુક્ત થાઉ. લક્ષ્મી–પ્રાણ–જીવિત બધું ચલ છે, માત્ર ધર્મ એકો-

હિમિશ્રળ,—તે પ્રમાણે મ્હારા ધર્મભાવથી હું ચલિત કદી પણ નહીં થાઉં. કેવી સુંદર લીટીઓ? વાહ કવિ!"—

*" કમલ સરસ શોભે, નિર્મળે નીર જેમ,
" વિમળ હૃદય માહીં, ધર્મનો ભાવ તેમ.

ગરીબ કુસુમસુંદરીનાપર હજુ પણ વીતવાનુ બાકી હતું. એમની ન્યાતમાં અને ઘણું કરી હિન્દુઓમાં ઘણેભાગે એવો રીવાજ છે, કે વરઘોડે ચ્હડે ત્યારે વરની બ્હેન વરને માથેથી લુણ ઉતારે છે અને લગામ પકડે છે. આપણે જાણીએ છીએ કે કુમુદચદ્રને બ્હેન નહતી તેમ કોઇ એવા નિકટના સગપણમાં પણ કોઇ નહતું, તેથી દુર્ભાગ્યે વૈકુંઠબાના મનમાં એમજ આવ્યુ કે આ કામ કુસુમસુદરી કરશે, કેમકે એ એને બ્હેન જેવીજ છે; અને એમાંથી વળી મોહિની તથા રાજેન્દ્રને પણ જરા સારૂ લાગશે. પણ એ જાણતી નહતી કે આથી મોહિનીને સારૂં લાગવાને બદલે અંતરમાં ઝાળ ઉઠશે અને બન્ને પ્રેમી દુઃખદાયક સ્થિતિમાં મુકાશે.

આ પ્રમાણે લગ્નને દિવસે પ્રભાતમાં વૈકુઠબા મોહિની પાસે ગયાં, અને કુસુમસુદરીને લુણ ઉતારવા વિગેરે માટે આમત્રણ કર્યું. મોહિની બહુજ ખિન્ન થઇ અને કહ્યુ કે "હમણાં તમે જાણો છો કે કુસુમની તબિયત સારી ચાલતી નથી, અને તાવ આવે છે તથા બેચેહેન રહે છે. નહીં તો એમાં શી હરકત હતી? ઘરજ છે કેની."

અને ખરેખર, આ કાંઈ અસત્ય નહોતુંજ, કેમકે અડયારથી આવ્યા પછી જેમ જેમ લગ્નનો દિવસ પાસે આવતો હતો તેમ તેમ કુસુમસુંદરી દહાડે દહાડે ક્ષીણ થતી જતી હતી—મુખમુદ્રા નિસ્તેજ થઇ ગઇ હતી—અને તેનાપર ઉદાસીનતાનુ કાળું વાદળ ઠર્યું હોય એમ લાગતું હતું. વચ્ચે વચ્ચે તાવ પણ આવતો હતો અને તેથી પુત્રીની આવી મન અને શરીરની અસ્વસ્થ સ્થિતિમાં મોહિનીએ કોઈ પણ રીતે તેના લગ્ન આ વરસે તો નજ કરવાં એવો નિશ્ચય કર્યો, અને તે પ્રમાણે ચંદ્રશંકરને લખી મોકલ્યુ વિદ્યાચદ્ર બહુજ કચવાયો—નિરાશ થયો. કુસુમસુંદરીના હૃદયમાં આ સાંભળી કાંઇક સ્વસ્થતા આવી. વૈકુંઠબાને મોહિનીના ઉપર પ્રમાણે કહેવાથી કાંઈ સંતોષ થયો નહી અને બોલી, "તેમાં શુ થયુ? આતે કાંઇ આઘું છે? તે

* કાવ્યનિમજ્જન.

વખતેજ તેડવા મોકલીશું અને ઉભી ઉભી સ્હેજ આવીને ચાલી જશે. તમે કુમુદને છોકરા પેઠે પાળ્યો છે એટલે કુસુમને મુકીને બીજી કોણ બ્હેન થવાને લાયક છે? આ તો સારૂં છે કે અમારૂં કોઈ આપેનું પણ સગું નથી, પણ જો હોય તોએ કુસુમને ન કહીએ તો તેના મનમાં પણ ઓછું આવે."

મોહિની લતા મંડપનો ચિતાર મુખ આગળ ખડો કરતી દુઃખી મોહિની આ સાંભળી વૈકુંઠબા સાથેની દલીલની શેત્રંજમાં મ્હાત થઈ. સત્ય વાત કહેવાય એવું હતુંજ નહી, તેમ બીજી એવી મજબુત અડચણ પણ નહતી કે ના કહેવાય. મોહિની આ ગુચવણમાં મૌનજ રહી અને વૈકુંઠબાએ આ મૌનને સંમ્મતિજ ગણી

કુસુમસુંદરી અને નરેન્દ્ર પાસે કેટલીક ક્રિયાઓ કરાવવાનો વૈકુંઠબાનો વિચાર હતો, એ વિશેની વાત કુમુદચંદ્રને કાને આવતાં તે ઘણો ખિન્ન થયો અને કોઈ પણ યુક્તિથી તે બંધ પાડવાને તેણે ઘણાં ફાંફાં માર્યાં. બધા ધર્મોની ધર્મક્રિયાઓમાં બે ભાગ હોય છે. Essentials and non-essentials, એટલે અગત્યના અને નહીં અગત્યના અથવા શાસ્ત્રીય અને લૌકિક; અને તે પ્રમાણે આ ક્રિયાઓ માત્ર લૌકિક–અનાવસ્યક–છે એમ સાબીત કરવાને તે ઘણું મથ્યો. ટુંકે પતાવવાને તેણે પોતાનો વિચાર ઘોડાપર બેસવા કરતાં ચાલીને જવાનો દર્શાવ્યો, એવું કારણ આપીને કે અસલ બહુ ન્હાનપણમાં લગ્ન થતાં હતાં તેથી છોકરાઓને એ બાબતની હોંસ રહેતી હતી; તથા બીજું નવાબી રાજ્યમાં વાહનોપર બેસવાની છુટ–લાહાવો દુર્લભ હતો માટે દરેક જણને જીન્દગીમાં એકવાર તો રાજાના સુખનો અનુભવ થાય, તેથી કિમતી વસ્ત્રાભુષણો–ઘોડા–હાથી–ગાડી–છત્રી–મસાલ–પાલખી વિગેરેની જુદે જુદે વખતે ગોઠવણ કરેલી; વિગેરે બાબતો વૈકુંઠબા જેવા જડ મગજમાં ઠસાવવાને કુમુદચંદ્રે ઘણો યત્ન કર્યો પણ નિષ્ફળ. વળી આમાં મ્હોટો વાંધો એ આવ્યો કે સહાજનમાં સાદા પોષાક સાથે વર ચાલે તો લોકોને ઓળખવું મુશ્કેલ પડે–અને અગર જો તેનું નિરાકરણ એમ પણ થયું કે સહાજનમાં છત્રી અને ચમ્મર એની પછાડી ચાલે–અથવા તો ઘોડાને બદલે જોડીની ગાડી અથવા મોટર રાખવી–પણ વૈકુંઠબાને ગળે એમાંનું કાંઈ ઉતરે એમ નહતું.

લગ્નને દિવસે સાયંકાળે ઘણી ધામધુમ થઇ રહી હતી. બન્ને બાજુપર શ્રીમંત વ્હેવાઇઓ હતા તેથી નગરના સુપ્રસિદ્ધ ગૃહસ્થો—સરકારી અમલદારો અને કેટલાંએક ઇંગ્રેજ તથા પારસી દંપતીયો પણ આવ્યાં હતાં. દિવાન સાહેબના છેલ્લા પુત્રનાં લગ્ન એટલે ચંપાનગરના મહારાજાએ ખાસ પોતાના પાટવી કુંવરને સિરપાવ તથા રસાલા સાથે મોકલ્યા હતા તેઓ સર્વે પણ ત્યાં હાજર હતા. વરઘોડો ચ્હડવાની કાંઇક ઢીલ હતી. કુમુદચંદ્રની આવી નિરૂત્સાહી સ્થિતિમાં તેને કાંઇ લગ્નનો પોષાક આભુષણો પ્હેરવાં ન ગમ્યાં અને તે વિશે કાંઇક આનાકાની કરી. સારે ભાગ્યે વૈકુંઠબા કુસુમસુંદરીને બોલાવવાની ગોઠવણમાં પડયાં હતાં, એટલે પ્રબોધચંદ્રનેજ આ પ્રશ્નનુ નિરાકરણ કરવાનું આવ્યુ. અને કુમુદચંદ્રને પિતાને માટે ઘણું માન હતું એટલે તેમના અભિપ્રાયપર તેણે એ વાત મુકી. અને પ્રબોધચંદ્રે મધ્યમ રસ્તો કહાડયો કે જરીનો જામો વિગેરે ન પ્હેરવો હોય તો ન પ્હેરે, પણ માત્ર પોતાના રેશ્મી કોટપર હીરાનો કંઠો તથા મોતીની માળા પ્હેરવી; અને લાલ પાઘડીને બદલે સાદું મંદિલ પણ પ્હેરવું, કેમકે એ એક distinguishing mark વરરાજા તરીકે ઓળખાવવાનુ ચિન્હ છે. લશ્કરમાં સિપાઇથી જુદીજ રીત ઉપરી અમલદારના પોષાકપર હોય છે. ભપકા કરતાં માત્ર લોકોને ઓળખવાને માટે કાંઇંક ભિન્નતાની જરૂર છે. કુમુદચંદ્રે પિતાની આજ્ઞા પ્રમાણે કર્યું.

આ ગડબડ ચાલતી હતી એજ અરસામાં નીચે જઈ વૈકુંઠબાએ કુસુમસુંદરીને બોલાવવા મોકલ્યુ. મોહિનીએ પ્રકૃતિ ઠીક નથી એમ કહી માણસને પાછુ વાળ્યુ. ફરી એક માણસને મોકલ્યો તે પણ પાછો આવ્યો. પણ વૈકુંઠબાએ કુસુમસુંદરીને તે દિવસે ફરતી હરતી જોઈ હતી અને વરને ઘોડે બેસાડવાની તૈયારી થઇ ગઇ હતી, એટલે વિલંબ ન થાય તેથી વૈકુંઠબા જાતે ગયાં. કુસુમસુંદરીનુ માથુ દુઃખતું હતું અને થોડો તાવ પણ આવ્યો હતો, એટલે પાછલે માળે તે સુતી હતી. અને મોહિનીએ વૈકુંઠબાની સાથે થયલી વાત વિશે કાંઈ પણ તેને કહ્યું ન હતુ, તેથી જેવું વૈકુંઠબાએ એ વિશે કહ્યું તેવોજ તેના પેટમાં ધ્રાસકો પડયો. પણ એ જાતે આવ્યાં એટલે કાંઇ પણ ઇલાજ ન હતો. મોહિની પણ કચવાતે હૃદયે જે થયુ તે જોઇજ રહી.

કુમુદચંદ્ર આટલા વખતમાં ઘોડે બેઠો હતો અને માત્ર કુસુમસુંદરીનીજ હવે આવવાની વિલંબ હતી. વૈકુંઠબાની સાથે ચાલતાં

કુસુમસુંદરીના પગ લેવાઈ જતા હતા—મસ્તિક વધારે ભમતું હતું—શરીરની નિર્બળતામાં વળી આ અણધારી ઉપાધી—ધર્મ સંકટ—આવી પડવાથી આંખે અંધારાં આવી ગયાં, તોપણ જીવ સખત રાખી એક સંચાની પુતળી પેડે વરને માથેથી લુણ ઉતાર્યું. પણ જેવી કુમુદચંદ્રના ઘોડાની લગામને હાથ લગાડયો કે "જેની પત્ની થવાની અભિલાષા હતી તેની હું બ્હેન થઈ," એ વિચારે તેનુ જેમ તેમ ટકાવી રાખેલું ભાન ભુલાવ્યુ—હૃદય શૂન્ય થઈ ગયુ—મગજની કમાન પોતાના બીજાન કરતાં અધિક ચ્હડાવ્યાથી તુટી; અને ગરીબ દીન—કુસુમસુંદરી, નગરજનોના હાહાકાર—ખમાખમાના શબ્દોની વચ્ચે—ચિમળાયલી કુસુમકળી દીટાંમાંથી ખરી પડે, તેમ મૂર્છિત થઈ ધરતીપર પડી.

મોહિની, રાજેન્દ્ર વિગેરે દરવાજામાંજ ઉભાં હતા તેઓ એકદમ દોડી આવ્યાં. વૈકુંઠબા તો વ્હીલીજ પડી ગઇ. કુમુદચંદ્રને કલેશ થયો. અને નિર્બલતાથી તમ્મર આવવાથી આવી દશા થઇ એમ લોકોમાં વાત ચાલી; કેમકે આ બધા દષ્ટાઓમાં મોહિની અને કુમુદચદ્રજ સત્ય વાત શુ છે તે જાણતા હતા. ગરીબ કુસુમસુંદરી—બેભાન કુસુમસુંદરીને એકદમ ઉંચકી ઘેર લઇ ગયા.

જેવી રીતે કુસુમસુંદરીને કુમુદચદ્રની બ્હેનનો સ્વાગ ભજવવો પડયો તેવીજ રીતે વિધાતાની કાંઇ અગમ્ય ગોઠવણથી, નરેન્દ્રને, રાજેન્દ્રે પુત્રીવત્ માનેલી ચંદ્રાવળીના ભાઇને કરવાની ક્રિયાઓ કરવી પડી, કેમકે ચંદ્રાવળીને પોતાના કુટુંબ તરફનો કોઇ પણ નિકટનો સગો ન હતો. ગમે તેવો નિર્બલ હતો તો પણ તે પુરૂષ હતો, તેથી કુમુદચદ્રને પ્હોંકતી વખતે બે ભાતના દાણા નાંખી—વધાવી લઈ ત્યાંથી ચાલ્યો ગયો. પણ સપ્તપદી પ્હેલાં મંગળફેરા વખતે શાળાએ બનેવીનો અંગુઠો દાબવાની ક્રિયા કરતાં નરેન્દ્રનુ અતઃકરણ ડગમગ્યું અને પ્રત્યેક ફેરે તેનો હાથ ધ્રુજવા લાગ્યો. એકજ કટાક્ષે ચંદ્રાવળી અને કુમુચંદ્રની આંખોમાંનું, એકબીજાને અદૃષ્ય અશ્રુવારી, નરેન્દ્રે જોયું અને તેને તમ્મર આવવા લાગ્યાં. તેને ભય લાગવા માંડયો કે તેની પણ કુસુમસુંદરી જેવીજ સ્થિતિ રખેને થાય, પણ પ્રભુએ લાજ રાખી. જેમ તેમ કામ આટોપી નરેન્દ્ર ઉઠી ગયો, પણ રાત્રિએ તેને તાવ પુષ્કળ ભરાયો. આ પછી થોડે વખતે લગ્નક્રિયા સમાપ્ત થઇ. વહુવર વિદાય થવાની તૈયારીઓ ચાલી અને ક્ષણવારમાં બહુ કારીગીરીથી પુષ્પોની

શણગારેલી મોટરમાં દંપતી બેઠાં. ચંપાનગરના રાજકુમાર લગ્નની ક્રિયા જોવા બેઠા હતા, તેઓને પણ આ ચંદનગરની મોટર અને આહેરૂ શણગારવાની પદ્ધતિ નવીન લાગી. તેઓએ પોતાની વિદાયગીરીની સાડી તથા શાલ આપી; અને અજાયબ જેવું તો એ હતું કે કુસુમસુંદરી અને નરેન્દ્ર બન્ને તે સમયે જેમ તેમ કરીને ત્યાં હાજર થયાં, અને બન્નેએ—એક બીજાને અજાણતાં—"નવીન જોડું સુખી રહો "—એવો આશિવાદ અંતઃકરણથી આપ્યો. આનું નામજ **સત્ય પ્રેમ** કે જેમાં પ્રેમપાત્ર તરફ ઇર્ષાને બદલે ગમે તે સંજોગોમાં પણ **આશિર્વાદજ** સંભવે છે. આજ કારણથી **પાશ્ચિમાત્ય** દેશોમાં પ્રેમમાં નિરાશ થયલાં સ્ત્રી પુરૂષો, પોતાના જીવનના શેષ ભાગમાં એક બીજા પ્રત્યે બધુ—ભગિનીનો ભાવ ધારી તે પ્રમાણે વર્તન કરી શકે છે. મોહિની પણ કુસુમસુંદરીની આ વખતની હાજરીનું કારણ સમજી શકી નહિ. આવા દુઃખદાયક પ્રસંગો વચ્ચે કુમુદચંદ્ર અને ચંદ્રાવળીના લગ્નની સમાપ્તિ થઈ—હૃદયગાંઠ વિના વસ્ત્રગાંઠ બંધાઇ. એ ભિન્ન પક્ષીઓને વિધાતાએ એકજ પાંજરામાં પુર્યા.

પ્રિયવાંચક—વાંચક મુગ્ધા—પ્રેમમા નિરાશ થયલી નવોઢા! તું રડીશ નહી, કેમકે વિશ્વરાજ્ય કાંઈ ત્હારી ઇચ્છા પ્રમાણે ચાલતું નથી. પ્રભુના નિયમોથી અજ્ઞાન મનુષ્ય જે વખતે સુખ સ્વપ્નોની ખોટી આશાઓ બાંધે છે, તેજ વખતે વિધાતાના ગૂઢ ભડારમાં તેને માટે શું ભરી રાખેલું છે તેની તેને લેશ માત્ર પણ ખબર છે? શુ વનલીલા જોવાની અભિલાષિની—લક્ષ્મણની સાથે રથમાં બેઠેલી, સગર્ભા સીતાને ખબર હતી, કે મ્હારા દેવાંશી પ્રાણવલ્લભની છેલ્લી ભેટ લઇ જીવનપર્યંતના વિયોગનો આરંભ કરી એક નિર્જન અરણ્યમાં રહેવાને માટે હું જાઉં છું? વલ્કલ અને જંગલી પુષ્પો જેના આભૂષણો છે એવી, પટરાણી થવાના ઉલ્લાસમાં પવિત્ર કણ્વરૂષિના આશિર્વાદ સાથે વિદાય થતી શકુન્તલાને એમ સ્વપ્ને પણ ભાસ્યુ હતું, કે આટલા ગાઢ સબંધ પછી દુષ્યંત મને વિસારીજ મુકશે—ઓળખશે નહી—પણ સ્હામો મ્હારો તિરસ્કાર—અપમાન કરશે? શું સોડિઉં તાણીને છાનીછાની આવેલી કુમુદસુંદરી "આપે અત્રે રહેવાનો સમય બહુજ થોડો રાખ્યો," એવું આઘેથી ઝીણી કિંકિણીઓ વાગે એવી મૃદુતાવાળું પ્રથમ વાક્ય શરમાતાં શરમાતાં કોમલ કંઠે સરસ્વચદ્રને કહેતી વેળાએ ધારતી હતી, કે ભવિષ્યમાં એક ઘરમાં લાંબો વ-

ખત રહેવા છતાં, સ્હામું જોવાનો કે ભાષણ કરવાનો પણ અધિકાર નથી રહેવાનો—અરે ! ચંદ્ર થઇને કુમુદને વિકસાવવાને તેના શીતળ કિરણો અશક્તિમાન્ નિવડશે એટલુંજ નહી, પણ ઉલટું કુમુદ તેથી સુકાઇ જશે ? તેમજ વિધાતાના અજ્ઞાન અધકારવાળા આ જગત—ખંડમાં નિદ્રાવશ થયલાં—અનેક સુખદ સ્વપ્નો—પ્રેમ સ્વપ્નોનો ઉપભોગ કરતાં, આ ઉભય પ્રેમી યુગલોને—બન્ને પ્રેમી જોડાંઓને જ્યારે સર્વે સુખની સીમાયે પ્હોંચવાનો સમય આવશે, ત્યારે ક્રૂર આંખો ઉઘડી જઇ આ દુર્ભાગ્ય નિશાનો અધકાર પ્રત્યક્ષ થશે એની કયાં ખબર હતી ? ઇશ્વરલીલા અગમ્ય છે !

આ લગ્ન થયા પછી પાંચ સાત દિવસમાંજ, પ્રથમ પ્રકરણમાં કહ્યા પ્રમાણે કુસુમસુંદરીની તબિયત ઘણીજ નિર્બલ થઇ જવાથી રાજેન્દ્ર—મોહિની વિગેરે લેનોલી હવાફેર કરવાને ગયાં હતાં; અને નરેન્દ્રને પણ તેની ઘણી નાખુશી છતાં તાવની નબળાઇને લીધે સાથે લાવ્યાં હતાં. તેથી પ્રિય વાંચક ! ત્હારી સ્મૃતિને જરા સતેજ કરી લે—ઇચ્છા હોય તો લેનોલી સ્ટેશનપરનું કુસુમસુદરી અને ચંદ્રાવળીનું મોહક ચિત્ર પુનઃ એક વેળા અવલોકી લે, કે આપણે આપણી કથા અગાડી ચલાવીએ.

હિન્દુસ્તાનની "સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસ" ના છેલ્લાં વર્ષોમાં, માત્ર ખાનદાન કુટુંબ શિવાય બીજી ઉંચી કેળવણી વિગેરેની અધિક યોગ્યતા હોય તો એ અમલદારોનું કામ વધારે સંતોષકારક રીતે થઈ શકે એમ ધારી, માત્ર ગ્રેજ્યુએટોનેજ બનતાં સુધી એમાં દાખલ કરવા એવું સરકારે ઠરાવ્યુ હતું. આથી પ્રબોધચંદ્રે કુમુદચંદ્રના બી. એ. થવા પ્હેલાં, એને માટે યત્ન કર્યો હતો પણ તે નિષ્ફળ ગયો હતો અને જ્યારે કુમુદચંદ્ર બી. એ. માં પસાર થયો ત્યારેજ સરકારે એ હિન્દી સિવિલ સર્વિસ કહાડી નાખી, "પ્રોવિન્શિયલ સર્વિસ" દાખલ કરી હતી, કે જેમાં પણ દાખલ થવાને માટે ખાનદાન કુટુંબ એ એક મુખ્ય આવશ્યકતા છે. આ પ્રમાણે પ્રબોધચંદ્ર આવો ખાનદાન પુરાતન કુટુંબનો હતો—મ્હોટો જાગીરદાર હતો—મ્હોટા રાજ્યના દિવાનપદપર હતો—અને સિવિલ સર્વિસને માટે અગાડી યત્ન કર્યો હતો—એટલે પ્રોવિન્શિયલ સર્વિસમાં તેને સફળતા મેળવવાને કાંઈ વાંધો નહતો.

આથી પ્હેલા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે કુમુદચંદ્રને, લગ્ન પછી થોડા દિવસમાં પત્ર મળવાથી મહાબલેશ્વર જવું પડ્યું હતું; કેમકે જે કોઇ આ સર્વિસમાં દાખલ થવાને ઉમેદવાર હોય છે, તેની સાથે ગવર્નર સાહેબના સેક્રેટરી–તેની પસંદગી કરવા પ્હેલાં–બનતાં સુધી જાતે એકવાર મુલાકાત લે છે, અને પછી નિયમ પ્રમાણે પરીક્ષા વિગેરે લઇ યોગ્ય નિમણુક કરે છે. આમ હોવાથી રાજેન્દ્ર અને મોહિની કુમુદચંદ્રને એકાએક જોઈ આશ્ચર્ય પામ્યાં હતાં.

લેનોલી સ્ટેશનપર, કુસુમસુંદરીને મૂર્છિત દશામાં મુકીને પ્રયાણ કરતાં, કુમુદચંદ્ર–કુસુમસુદરી સંબધી અનેક અમંગળ શંકાઓ કરતો–મુઝાતો મહાબલેશ્વર ગયો, અને જે ઇંગ્રેજ અમલદારના નામનો પત્ર પ્રબોધચદ્રે આપ્યો હતો તેના દ્વારા ગવર્નર સાહેબના સેક્રેટરીને મળ્યો. પ્રબોધચંદ્રનો આ યત્ન અને કુમુદચંદ્રનો ફેરો સફળ થયો; અને મુંબઇની "સેક્રેટરિએટ" માં થોડા દિવસ કામનો અનુભવ મળ્યા પછી, પ્રથમ ખાલી પડેલી જગ્યા એને આપવામાં આવશે એવો સરકારી લેખિત હુકમ તેને મળ્યો. પ્રિય વાંચક! આપણે કુમુદચંદ્રને આશિર્વાદ આપીશું કે એ એક સરકારનો વિશ્વાસપાત્ર, બાહોશ અમલદાર નીવડે–વફાદાર રાજ્ય સેવક તરીકે હિન્દીઓનુ નામ વધારે અને "સિવિલ સર્વિસ કમીશન"ના પરિણામરૂપ જે ફેરફારો થાય તેને માટે સંપૂર્ણ રીતે યોગ્ય થાય!

ભવિષ્યમાં માનવતી પદ્વીપર ચ્હડવાની આશાથી કુમુદચંદ્રને આનંદ થાય એ તો સ્વાભાવિકજ છે, પણ તે પ્રકાશિત આનદચંદ્રમાં કુસુમવિયોગ–કુસુમ પ્રેમપ્રકરણના લાન્છનથી તે ખિન્ન થયો. કુમુદચંદ્ર મહાબલેશ્વરથી પૂણે ગયો અને પરીક્ષા વિગેરેનુ કામ પતાવી તુરત લેનોલી ગયો; કેમકે કુસુમસુદરીની પ્રકૃતિ વિશે જાણવાની ચિન્તા તીવ્ર હતી; મોહિનીનો આગ્રહ હતો; તથા રાજેન્દ્ર અને મોહિનીને પોતાના યત્નસાફલ્યના શુભ સમાચાર કહેવાના હતા.

કલકત્તાનો એક મ્હોટો જમીનદાર અને હાઇ કોરટનો એક પ્રખ્યાત બારિસ્ટર બાબુ મન્મથનાથ રાજેન્દ્રનો મિત્ર હતો. તે પોતાનો પુત્ર બદ્રિનાથ સિવિલ સર્વિસની પરીક્ષાના અભ્યાસને માટે વિલાયત જતો હતો, તેને પ્હોંચાડવાને મુંબઇ આવવાનો હતો; અને તે વિશેનો પત્ર તેણે મુંબઇ રાજેન્દ્રને લખ્યો હતો, પણ એ ત્યાં નહી

હોવાથી તે પત્ર લેનોલી આવ્યો હતો. હજુ જે આગબોટમાં એ જવાનો હતો તેને થોડા દિવસની વાર હતી, તેથી રાજેન્દ્રે તેને પ્રથમ લેનોલી આવી પછી મુંબઈ જવાનો તાર કર્યો હતો. આથી કુમુદચદ્ર મહાબલેશ્વર ગયો તેને બીજેજ દિવસે મન્મથનાથ તથા બદ્રિનાથ લેનોલી આવ્યા હતા. પાંચ સાત દિવસ તેઓ ત્યાં રહ્યા અને તેઓને જગ્યા બહુ પસંદ પડી.

મન્મથનાથને પુરાતન બાંધકામ, ગુફાઓ, મંદિરો, મસ્જીદો, કિલ્લાઓ વિગેરે જોવાનો અનિવાર્ય પ્રેમ હતો, અને તે જોઈ હિન્દુસ્તાનની અસલ શિલ્પવિદ્યા વિશે તે ઘણો મગરૂર હતો. એક દિવસે લેનોલીથી થોડે દુર આવેલી કારલી ગુફાઓ જોવાને તેઓ ગયા હતા, અને તેનો તદ્દન પથ્થરમાંથી કોતરી કહાડેલો સુંદર, નકશીદાર, વિશાળ સભામંડપ તથા તેની જોડેની એક માળવાળી ગુફા જોઇ તે પૂર્વજોની બુદ્ધિને ધન્યવાદ આપતો હતો. આ ગુફાઓપરથી મુંબઈની પાસે આવેલી ધારીપુરી—કેનેરી અને જોગેશ્વરીની ગુફાઓ વિશે પણ રાજેન્દ્રે સ્હેજ વાત કરી, એટલે આ ઉત્સાહી પુરૂષનુ હૃદય તે જોવાને પણ ઉત્સુક થયુ; અને બદ્રિનાથને વિલાયત તરફ વિદાય કરી ત્યાં જવાનો તેઓએ નિશ્ચય કર્યો.

મન્મથનાથ લેનોલીમાં રહ્યો તે પ્રસંગમાં નરેન્દ્રની ચાલાકીથી ઘણો ખુશ થયો, અને તેને પણ બદ્રિનાથની સોબતમાં વિલાયત મોકલવાને રાજેન્દ્રને ઘણી સખત ભલામણ કરી. સિવિલ સર્વિસને માટે તો એની ઉમ્મર થઇ ગઈ હતી, એટલે જાય તો બારિસ્ટરની પરીક્ષાને માટે જવાય એવું હતું. રાજેન્દ્રને નરેન્દ્ર પુત્રવત્ હતો, અને આ વિશેનો વિચાર તેના મનમાં કેટલા દિવસ થયા ઘુંટાયા કરતો હતો. તેનો વિચાર નરેન્દ્રને એલ. એલ. બી.માં પાસ કરાવી સોલીસિટર બનાવવાનો હતો, પણ તેમાં નરેન્દ્રની નાજુક તબિયત તથા અભ્યાસની કઠિનતાને લીધે, તે થવું જરા મુશ્કેલ લાગતું હતું. આથી તેને આ માર્ગજ સુગમ લાગ્યો હતો, અને તેમાં વળી એની તબિયતમાં પણ સુધારો થવાની આશા હતી, તેથી મન્મથનાથની સૂચના તેણે સ્વીકારી.

નરેન્દ્રને વિલાયત મોકલવામાં ધર્મ અને જ્ઞાતિ તરફની તો કાંઈ અડચણ નડે એમ હતુંજ નહી, કેમકે તેઓની જ્ઞાતિમાં ચંદ્રનગરમાં એક જાથુકની પ્રાયશ્ચિત કમીટી હતી કે જે દરેક મહિનાની

કૃષ્ણપક્ષની એકાદશીએ મૃણાલિનીને કિનારે મળતી હતી; અ
અભક્ષ્ય ભોજન કરનારા, દાકતરોની દવા ખાનારા, પરદેશગમ
આવેલા, અસ્પર્શ્ય વર્ગોની સાથે કામ પાડનારા, વેશ્યાગમન ક
નિત્ય કર્મ ન કરનારા, વૈદ્ય કે દાક્તરનો ધંધો કરનારાં સ્ત્રી
પોતાની સમક્ષ પ્રાયશ્ચિત કરાવતી હતી. કેટલાએક આગ્રહીઓ
સુતકીઓ અને રજસ્વલા અથવા સુવાવડમાંથી ઉઠેલી સ્ત્રીઓને પ
માસિક પ્રાયશ્ચિતમાં દાખલ કરવાની દરખાસ્ત કરી હતી, પણ તે
લગભગ આખી જ્ઞાતિજ આવી જાય એટલે તે પડી ભાંગી હતી
પ્રાયશ્ચિતને માટે ગોર તથા હજામ ન્યાતે પસંદ કરેલા હતા, તેમજ
એ સોધવાને ઈન્સ્પેકટરો તથા ડિટેકટીવો પણ રાખવામાં આવ્યા
આ પ્રમાણે પ્રાયશ્ચિત અને જ્ઞાતિ ઠરાવે તે દંડ આપી એક ભંડારે
એટલે પરદેશગમનનું બધું પાપ ધોવાઇ ગયું એમ તેની જ્ઞાતિવા
માનતા હતા. અને આમાં ખરેખર તેઓએ ઘણુંજ ડહાપણ
હતું, કેમકે એક તરફથી જ્યારે અપવિત્રતા આવા હડહડતા ક
ળમાં અટકાવવી અશક્ય હતી, ત્યારે બીજી તરફથી દ્વિજ
પવિત્રતા જાળવી રાખવી એ પણ આવશ્યક હતી; તેથી આ
તેઓને બહુ વિચાર પછી કહાડવો પડ્યો હતો. આ પ્રાયશ્ચિતની
જેઓ કૃષ્ણપક્ષની એકાદશીએ ચંદ્રનગરમાં હાજર હોય તેનેજ
પડતી હતી, કેમકે મુંબાઇમા એ બની શકવું અશક્ય લાગ્યુ.
પ્રમાણે હાલનુ પ્રાયશ્ચિત એ ન્યાતના વાડામાં દાખલ થ
"ટિકિટ" નુજ કામ કરતું દેખાય છે.

આથી ખટકો માત્ર વૃદ્ધ પિતામાતા, સીતાફોઈ અને નાગે
હતો. એમા પણ એ ધારતો હતો કે પિતા તથા સીતાફોઇતો સ
પણ માતાને સમજાવવી કઠિન પડશે, કેમકે તે બહુજ જુના વિચ
તથા વ્હેમી હતી એટલે રાજીખુશીથી રજા આપે એવું તો હતુંજ
અને આનો ઉપાય એકજ હતો કે તેઓને જાણ્યા વિના નરેન્દ્રને મે
દેવો, પણ અસલથી વડીલો પ્રત્યે પૂજ્યભાવ ધરાવનારા રાજેન્દ્રને
વિચાર ગમ્યો નહી. અને તેથી વૃદ્ધ વડીલોને મળી જો નાગેન્દ્ર
મતિ આપે તો તેને સાથે લઈ આવવાને નરેન્દ્રને ચંદ્ર
મોકલ્યો. કેમકે અગાડી નાગેન્દ્રને એ વિશે કહેવામાં આવેલુ
તે તો એ વિચારને હસીજ કહાડતો હતો, કારણ કે તે ધ
હતો કે બારિસ્ટરને માટે ઘણા ખરા ઉમેદવારો તો એવા જા

કે જેઓ અત્રે કોઈપણ પરીક્ષા પાસ નથી કરી શકતા; તેમજ જરા પૈસાની સારી સ્થિતિમાં હોય છે એટલે મોજશોખમાં પડી–બગડીનેજ અત્રે આવે છે; અને અભ્યાસ તો ત્યાં કરેલોજ નથી હોતો એટલે અત્રે પણ તેઓ ધંધામાં ફતેહમંદ નથી નીવડતા, પણ ઉલટા વિલાયતમાં શીખેલી ખરચાળ રીતે રહી માબાપના પૈસા બગાડે છે. આમ હોવાથી રાજેન્દ્રને કાંઇંક તેની સમતિમાં શક રહેતો હતો, પણ વખતે **બી. એ.** માં **નરેન્દ્ર** પાસ થયો છે એટલે નવા કાયદા પ્રમાણે તેના મનમાં ઉતરે તો કાંઇ કહેવાય નહી. **નાગેન્દ્રે** ખુશીથી પોતાની સમતિ આપી અને **નરેન્દ્ર** સાથે મુંબાઈ આવ્યો.

હમણા મધ્યાનનો વખત હતો. ઉષ્ણ કાળનો વિક્રાળ સૂર્ય પોતાનાં ધગધગતાં ઉભાં કિરણોથી સૃષ્ટિ તથા સમુદ્રને બાળી મુકવાને પ્રયત્ન કરતો હોય એમ લાગતું હતું. સમુદ્રની ચ્હડતી ભરતીનાં ઉછળતાં મોજાઓ આ તપ્ત સૂર્યના પ્રકાશમાં ઝળકતાં હતાં. એક કલકત્તાના મ્હોટા વેપારી **બાબુ અજોધ્યાનાથની "સાવિત્રી"** નામની **સ્ટીમરના** ભુંગળામાથી કાળી સાહી જેવા ધુમાડાના ગોટેગોટા નીકળવા શરૂ થયા હતા; અને ઉતારૂ તથા માલ તેમાં ચ્હડાવવામાં આવતો હતો, કેમકે ખાનગી માલની **સ્ટીમર** હોવાથી **બંદરની** લગોલગજ તે ઉભી હતી.

"**સાવિત્રી**" નો માલીક **અજોધ્યાનાથ મન્મથનાથનો** મિત્ર તથા સગો થતો હતો, અને તેનીજ સોબતમાં **બદ્રિનાથને** મોકલવાની તે કલકત્તેથી ગોઠવણ કરીને આવ્યો હતો. આથી **અજોધ્યાનાથ** તેઓની રાહ જોતો **બંદરપર** ઉભો હતો. એટલામાં તેઓની ગાડી આવી તેવાજ સગાંસંબધીઓ હારતોરાઓ લઇને **નરેન્દ્રનાપર** તુટી પડચા, કેમકે **રાજેન્દ્ર** એક **મુંબઇનો** પ્રતિષ્ઠિત પુરૂષ હતો, અને તેના તરફથીજ પોતાના પુત્ર પ્રમાણે **નરેન્દ્રને** મોકલવામાં આવતો હતો એટલે પછી પુછવાનુ શુ ? શેહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો–વકીલો–હાઇકોર્ટના મનુષ્યો તથા ગ્નાતિલાઓ સર્વે હારતોરા લાવ્યા હતા. **નરેન્દ્રની** ડોક હારોથી ભરાઈ જતી અને હાથ તોરાથી ભરાઇ જતા, કે તેવાજ નોકરો અને મિત્રો તે હારતોરાઓ લઈ લઇ પાછળ ફેંકી દેતા હતા અને બીજાઓ પાછા પ્હેરાવવા શરૂ કરતા હતા. આ જોઇ એક દષ્ટાએ કાંઇક રમુજ સાથે પાસે ઉભેલા મિત્રને કહ્યુ:–"ઓહો પ્રત્યેક મેઇલને દિવસે આ પ્રમાણે "હારતોરા" માં કેટલો money waste

થાય છે. "એઇલિ ડે" પર ક્રાફર્ડ માર્કિટમાં તો હારતોરાની ધમાલ પડે છે. અરે "હાર" તો સમજ્યા કે એક માણસ એક કરતાં વધારે પ્હેરી શકે છે પણ તોરા કેટલા એકી વખતે તે ઝાલી શકે છે? (જરા હસીને) આનો એક ઉપાય છે કે જેટલા મનુષ્યો એક જણને મુકવા આવવાના હોય તેની એક કમીટી કરવી, અને બધા તરફથી એક હાર અને તોરો આપવો કે જે તે જનાર મનુષ્ય પોતાની સાથે લઈ જઇ શકે. કેમ! what do you think?"

"હા! તમે કહો છો તે ઠીક છે, પણ તે ખરચની દૃષ્ટિથીજ કેમકે તમે એક બાબત જાણતા નથી કે પ્રત્યેક મનુષ્ય પોતાના હારને તોરામાં પોતાનો પ્રેમ–આશિર્વાદ–વ્યવહાર કે ખુશામત તેના ફુલોમાં અદૃષ્ય રીતે બાંધી લાવે છે; અને તે જ્યાં તેને આપવામાં આવ્યા–આપનાર પર લેનારની દૃષ્ટિ પડી, કે તે પ્રેમ–આશિર્વાદ–વ્યવહાર કે ખુશામત પોતે સ્વીકારી લે છે, અને "હારતોરા' પાછા ત્યાંને ત્યાં કે ક્રાફર્ડ માર્કિટમાં થઇને બીજાના પ્રેમ કે આશિર્વાદ સાથે બીજા ગળા અને હાથમાં પડે છે. હા! તમે કહો છો તેમ "તોરા" આવા પ્રસંગોમાં બિનજરૂરી છે, કેમકે માત્ર આપણો ભાવ પ્રદર્શિત કરવાનું કાંઈ સાધન હોવું જોઇએ એજ એક આવસ્યકતા છે. આજ વિચાર પ્રમાણે સાધુ, સંતો અને દેવોને ચ્હડેલાં પુષ્પોમાં થોડો વખત તેનુ "ઓજ" રહે છે, અને તેથીજ તે પગે ન છુંદાય અથવા અપવિત્ર હાથે ન જાય માટે કાળજી રાખવાને ધર્મશાસ્ત્રો આજ્ઞા કરે છે."

માતૃભૂમિ તથા તેમાં વસતાં પ્રિયજનોના દિર્ધકાલ પર્યતના પ્રથમ વિયોગના વિચારથી સાધારણ રીતે મનુષ્યનુ હૃદય ક્ષણભર પીગળે છે, પછી તે ભલે મ્હોટા રાજ્યપદને પણ ભોગવવાની આશાએ કાં ન જતો હોય. તે પ્રમાણે આગબોટ પર ચ્હડતાં, "અહા શું આ મ્હારી માતૃભૂમિ અને પ્રિયજનોને હુ છોડુ છું?" એવો વિચાર આવતાં નરેદ્રનુ હૃદય ભરાઈ આવ્યુ–ચંદ્રાવળી સ્મરી–અને કુમુદચંદ્ર અને નરેદ્ર થોડી વાર બધાંથી છુટા પડી કાંઇક વાત કરી પાછા બધાંમાં ભળ્યા.

નરેન્દ્રે, રાજેન્દ્ર, નાગેન્દ્ર તથા મોહિનીને પ્રણામ કર્યા–કુસુમસુંદરીની રજા લીધી–અને પાસે ઉભેલી ચંદ્રાવળી સ્હામુ એક કટાક્ષ નાખી જરા હસી–હુરેઓના પોકારો વચ્ચે નરેન્દ્ર વિદાય થયો. આ

જળગામી મહાન ગરૂડરાજે પોતાની પાંખો ફફડાવી જળાકાશમાં ઉડવા માંડયું. નરેન્દ્રે જોવાયું ત્યાં સુધી કિનારો જોયો અને થોડી વારમાં કિનારા અને "સાવિત્રી" ની વચ્ચે જોતજોતામાં અંતર પડવા માંડયો. નરેન્દ્ર ડેક પરથી પોતાની કેબિનમાં ગયો, અને ચં-દ્રાવળીના ચારૂ ચિત્રનું ધ્યાન કરતો—મુસાફરીની તૈયારીઓના શ્રમથી થાકેલો હોવાથી નિદ્રાવશ થયો. ચંદ્રાવળી—ચંદ્ર—અવળી! શું કુસુમસું-દરીના ચંદ્રની સાથે ત્હારો પણ ચંદ્ર, અવળો થયો છે? અને તેમ થવાથી જો ત્હારા નામના ચંદ્રને પણ અવળો કરીએ તો અવળ-ચંદ્રી—અવળચડીનોજ અપભ્રંશ થાય. પણ નહી, હવે પ્રભુ પાસે એજ માગીશું કે કુસુમસુદરીનો અવળો ચંદ્ર તને સવળો થાય—સુખરૂપ થાય. પ્રેમ પ્રભુનો ગુણ છે અને તેથી સૂર્યની પેઠે હજાર પાત્રોમાં પણ તે એક સરખી રીતે પ્રકાશી શકે છે.

પ્રકરણ ૧૪ મું.

ધારીપુરીની ગુફાઓ.

"For Courage is the expression of the Will in the face of danger, steadily set to the accomplishment of a definite purpose. It does not mean blind recklessness and indifference to danger, but an open-eyed recognition of the danger and the steady determination to face it."

Annie Besant.

આગળ જણાવ્યા પ્રમાણે નરેન્દ્રના વિદાય થયા પછી ત્રીજે દિવસે ઉનાળાની મનહર પ્રભાતનો મધુર મંદ વાયુ નવીન ભરતીથી ઉછાળા મારતા સમુદ્રપરથી વ્હેતો હતો; અને સમુદ્ર અને આકાશના સંધી સ્થળ—ક્ષિતિજમાંથી બાલ સૂર્ય હમણાંજ જન્મ પામી પોતાનો કોમળ પ્રકાશ પ્રસરાવી અંધકારથી આવૃત થયલા જગતને દૃષ્ટિગોચર કરતો હતો. માછીમારના ન્હાના હોડલાંઓ પોતાનો રાત્રિએ એકઠો કરેલો ખજાનો લઇ કિનારા તરફ પાછાં વળવા માંડયાં હતાં; અને બીજા વ્યાપારીઓનાં સફરી વહાણો ચ્હડતી ભરતીનાં ઉછળતાં મોજાંઓમાં હીંચકા ખાતાં હતાં. આવે સમયે મુંબઈનાં 'કસ્ટમ હા-

રૂસ'માંથી વિચિત્ર રંગી વસ્ત્રોથી ઢંકાયલા કેટલાંએક સ્ત્રીપુરૂષોથી ભરાયલી, એક વિશાળ નૌકા ધારીપુરીની રમણીય ટેકરી તરફ ત્વરાથી પ્રયાણ કરતી જણાઇ.

આમાં બેઠેલા પુરૂષવર્ગમાં રાજેન્દ્ર, મન્મથનાથ, નાગેન્દ્ર, કુમુદ્ચંદ્ર, અનંતરાય, તેનો પુત્ર નૈષધરાય અને બીજા કેટલાએક મિત્રો હતા; તથા સ્ત્રીવર્ગમાં મોહિની, વિલાસ, કુમુમસુંદરી, ચંદ્રાવળી, નૈષધરાયની સ્ત્રી ઈન્દિરા અને બીજી કેટલીક રાજેન્દ્રના મિત્રોની સ્ત્રીઓ હતી. કસ્ટમ ખાતાનો સાહેબ રાજેન્દ્રનો મિત્ર હતો એટલે સરકારી 'સ્ટીમબોટ' આપવાને તેણે કબુલ કર્યું હતું, પણ રાત્રિના કાંઇક દાણચોરીનું કામ નીકળવાથી સ્ટીમબોટ ન મળી શકી અને તેથી તેઓને હોડીમાં જવું પડયુ હતું. પણ જેમ તાપ ન નડે તેથી તેઓ મળસકામા નીકળી પડયા હતા તેમ પાછા વળવાનો વિચાર પણ જરા આથમતે પ્હોરે રાખ્યો હતો, એટલે જો સ્ટીમબોટ આવી પ્હોચે તો ત્યા મોકલવાને કહ્યું હતું.

વાયુ ઘણો અનુકૂળ હતો એટલે તેઓ ઘણી ઝડપથી ધારીપુરી પ્હોંચી ગયા. ડુંગરપર ચ્હડવાને પાકા પગથીયાં બાંધેલાં છે તથા જોવા આવનારને માટે 'ડોળી' વિગેરે બધી વાતની સોહી ત્યાં હોય છે. ઉપર ચ્હડતાં ત્યાંના દેખરેખ રાખનાર ઇંગ્રેજી અમલદારની ન્હાની બંગલી છે કે જ્યાથી અગાડી જતા ગુફાઓ આવે છે. ઘણું કરી આ ગુફાઓમા એકજ રચના બધી જગ્યાએ જોવામા આવે છે માટે એનુ વર્ણન કરી કાલક્ષેપ કરીશુ નહી, તો પણ કારલી અને એજંટા અથવા એલોરાની ગુફાઓ કરતા એનુ કામ ઘણુજ સાદુ છે અને ગુફાઓ ઘણી ન્હાની છે.

આ ગુફાઓ જોયા પછી કાંઇ ભોજન તથા વિશ્રાન્તિ લઈ તેઓ કલાક ત્રણેકને આસરે પાછા હોડીમાં બેઠા, કેમકે હોડી હોવાથી અંધારા પ્હેલાં બંદરપર પ્હોંચવુ હતું. જુવાળ ઉતરી જવાથી પવન પડી ગયો હતો, અને હોડી માત્ર ખલાસીઓના હલેસાં મારવાથી અતિશય મંદ ગતિથી ચાલતી હતી, અને તેથી ક્યારે કિનારે પ્હોંચાશે એવી ચિન્તા બેસનારાઓના મનમા થવા માંડી હતી, અને હોડીમાં આવ્યા એથી કાંઈ પસ્તાવવા લાગ્યા હતા.

એટલામાં છેટેથી સરકારી સ્ટીમબોટ આવતી જણાઇ. અગર જો મોડુ થઈ ગયુ હતું તો પણ પવન પડી જવાથી તેઓ જલદી

કિનારે આવે તેને માટે કસ્ટમના સાહેબે તે મોકલી હતી. સ્ટીમબોટ એકદમ પાસે આવી પ્હોંચી અને હોડીને જોઈ સ્ટીમબોટના કપતાને બુમ પાડી "કિસ્કા હોડી હે? કાઉન્સિલર સાબકા?" આ સાંભળી જેમ યંત્રના પુતળાંઓ કુચી ફેરવ્યાથી એકદમ શોરબકોર કરી મુકે તેમ સર્વે એક સાદે 'હાંહાંહાં' કરી ઉઠયાં, અને બધાંની આંખમાં નવો ઉત્સાહ આવ્યો.

એકદમ સ્ટીમબોટ અટકી અને તેને મછવાની લગોલગ ઉભી રાખી એટલે કોઇને એમા બેસવું હોય તો બેસે. હોડીને એક છેડે દોરડુ બાંધી એનજીનની પેઠે સ્ટીમબોટ સાથે જોડી દીધી કે તે પણ સાથે ઘસડાઇ આવે. પુરૂષવર્ગ બધો સ્ટીમબોટમાં બેઠો કે જેથી હોડીનો ભાર પણ જરા હલકો થાય. કુમુદચંદ્ર અને વિલાસનો પુત્ર નૈષધરાય સ્ત્રીઓની સાથે હોડીમાંજ રહ્યા. ખલાસીઓની દોડાદોડ, દોરડુ બાંધવાની ઉતાવળ, તથા પુરૂષોની બેસવાની ગડબડમાં સ્ટીમબોટ હંકારવાનો હુકમ કપતાને બધાંને બેઠેલા જોઈ આપ્યો તે કોઇના લક્ષમાં રહ્યું નહીં.

કુસુમસુંદરીને છેલ્લીવારે સ્ટીમબોટમાં બેસવાનુ તથા તેનુ સાંચાકામ જોવાનું મન થયુ. આથી પોતે જ્યાં છેડે બેઠી હતી ત્યાથી સ્ટીમબોટમા જવાને માટે ઉઠી, અને ગડબડને લીધે કોઇનું ધ્યાન તે પર રહ્યુ નહી. ઉભા થઇ હોડીની કોરપર એક પગ મુકી બીજો પગ તથા હાથ સ્ટીમબોટપર ટેકવા જાય છે તેવીજ સ્ટીમબોટ હોડીથી મ્હોટા આચકા સાથે જુદી પડી, અને નિરાધાર કુસુમસુન્દરી સમુદ્રના અનંત જળમાં એકજ ક્ષણમાં ઝબકોળા ખાવા લાગી.

પ્રેમીની દૃષ્ટિ અહોનિશ પ્રેમપાત્ર તરફજ વળેલી હોય છે, અને તે પ્રમાણે આટલા બધામાં માત્ર કુમુદચંદ્રેજ કુસુમસુંદરીને પડતી જોઈ. કુમુદચંદ્ર મુંબઇના "સ્વીમિંગબાથ" માં ઘણું સારૂં તરતા શીખ્યો હતો. એક આંખના પલકારામાં કોટ તથા બુટ કહાડી ફેંકી દીધાં, અને "કુસુમસુંદરી દરીઆમાં પડી છે—સબુર—સબુર—" એમ બુમો પાડતો—પોતાના જીવની પણ પરવા રાખ્યા વિના કુસુમસુંદરીની પછાડી દરીઆમાં કુદયો; અને ક્ષણવારમાં પુરજોષથી ચાલતી સ્ટીમબોટ, કુસુમસુંદરીની પડવાની જગ્યાથી, અટકાવવાનો ઘણો પ્રયત્ન કરતાં પણ ઘણે છેટે નીકળી ગઇ. આ હોકારો સાંભળતાંજ ચંદ્રાવળી મુર્છિત થઇ અને રાજેન્દ્ર અને મોહિનીનો પ્રાણ જવો બાકી રહ્યો.

કુસુમસુંદરી પડી અને કુમુદચંદ્ર કુદયો એટલામાં પણ સ્ટીમ-બોટ અને કુસુમસુંદરીને પડવાની જગ્યા વચ્ચે અંતર પડી ગયો હતો, તેથી કુમુદચંદ્રે ઘણાં ફાંફાં માર્યા—ડુબકીઓ મારી પણ વ્યર્થ. અંતે પોતે પણ એટલો શ્રમિત થઈ ગયો હતો કે પોતાની સલામતી માટે પણ તેને ભય ઉત્પન્ન થયો. તરતાં સારૂ જાણતો હતો તોપણ અભ્યાસ વિના બધી વિદ્યા કટાઇ જાય છે–તે પ્રમાણે ઘણા દિવસથી મહાવરો છુટી જવાથી–તેમજ "બાથ" ના બાંધેલાં પાણી અને સમુદ્રના મોજાંઓમાં અથડાઇને જોખમમાં કાર્ય કરવામાં પણ ફરક હોય છે–તેથી તેના હાથ પગ ભરાઇ ગયા, અને જેમ તેમ ચત્તો પાણીની સપાટીપર રહેવા લાગ્યો. હવે બીલકુલ નિરાશ થઈ ગયો, અને પોતાની જીંદગીનો પણ ભલે અંત આવે એમ ઇચ્છવા લાગ્યો, –એમ ઇચ્છતાં ચંદ્રાવળીની સ્મૃતિએ તેને ગુંચવ્યો.

પણ એટલામાં થોડે છેટે કાંઇ પાણીની સપાટીપર જણાયું. મનુષ્યને આશા એ એક મ્હોટું પુષ્ટિકારક ઔષધ છે. એકદમ બધું બળ તેનામાં પાછું આવ્યુ, પલવારમાં ત્યાં ગયો અને ઉપર તરતાં કુસુમસુદરીના શબવત્ શરીરને કમરમાંથી પકડયું. પણ તેનું બળ બધું જતું રહ્યું હતું. પોતાની જાતને જેમ તેમ ઉપર રાખી શકતો હતો, તો હવે બન્નેએ સાથે ટકી રહેવું બહુજ કઠિન લાગ્યુ; અને "હું પણ એની સાથે નીચે જઇશ," એમ તેને લાગવા માંડયુ. પણ વિધાતાની કૃતિ અદ્‌ભૂત છે. આવા અનંત જળમાં મૃત્યુની અણીપર આવેલાને પણ જો પ્રભુ બચાવવા ઈચ્છે છે તો તેને કાંઇ મુસ્કેલ નથી, કેમકે જળમાં–સ્થળમાં–વિશ્વમાં બધેજ તેનું રાજ્ય છે. પૃથ્વી–પાણી–હવા–અગ્નિ–આકાશમાં બધે તેના અમલદાર દેવતાઓ–ગણો–nature–spiritsના દ્વારા તેની ઇચ્છા હોય તેને જરૂર સહાય કરે છે. અજ્ઞાન મનુષ્ય ! જ્યાં તને બીલકુલ સહાયનો સંભવ નથી લાગતો ત્યાં તેને મન તે એક સહજ વાત છે.

ધારીપુરી જતાં રસ્તામાં સરહદને માટે ખુટાઓ સાથે હારબંધ કેટલેક અંતરે તરતાં લાકડાંઓ બાંધેલાં જોવામાં આવે છે. કુમુદચંદ્રને એવું કાંઈ જણાયુ અને તે શું છે તે પોતે જાણતો હતો, એટલે મહા યત્ને, જેટલું રહ્યું હતું તેટલુ બળ વાપરી તે ત્યાં પ્હોંચ્યો; અને એક હાથે નાજુક–પોતાનો સંબંધ છુટયા છતાં પણ એટલીજ પ્રિય હોય–પોતાના જીવનની દોરી હોય–એમ કાળજીથી કુસુમસુંદરીને પકડી, બીજે

હાથે લાકડાંની સાથે લટકી રહી સમુદ્રની ઉન્મત્ત છોળોમાં આમથી તેમ અથડાવવા લાગ્યો. જેમ બન્નેના શરીરો લાકડાના કટકાપર બાંધ્યાં હતાં તેમ તેમના જીવન પણ સુતરને તાંતણેજ બાંધ્યાં હતાં. આથી ભયંકર બીજી શી સ્થિતિ !

સ્ટીમબોટમાં કુમુદચંદ્રની બુમ પછી કોલાહલ થઇ રહ્યો હતો, અને તે તરતજ પાછી વાળી આ લાકડાંઓથી થોડે છેટેજ ઉભી રાખી હતી. આજ ક્ષણે કુમુદચંદ્રે કુસુમસુંદરી સાથે લાકડાંપર લટકવા માંડયું હતું. તેણે સ્ટીમબોટને જોઇને બુમ પાડી, " આણી તરફ આવો—કુસુમસુંદરી અહીંઆં મ્હારી પાસે છે. " બધાંના જીવમાં એકદમ જીવ આવ્યો—બોટ ત્યાં હંકારી અને કુસુમસુંદરી અને કુમુદચંદ્રને બોટમાં લીધાં. તુરતજ અત્યંત થાક અને શરદીને લીધે કુમુદચંદ્ર, જાણે માત્ર કુસુમસુંદરીને સોંપવાની રાહ જોતો હોય એમ, જેવો બોટપર ચ્હડયો કે તેને તમ્મર આવી ગયાં અને ધબ લઇને બેશુદ્ધ થઈ પડયો. કુમુદચંદ્ર ત્હારી હિમ્મતને હઝાર આફરીન છે. આ " હિમ્મત " Courage ચાર જાતની છે, અને આપણે જાણીએ છીએ કે તેનામાં Moral Courage—હૃદયની હિમ્મત અને—Intellectual Courage—માનસિક હિમ્મત છે; પણ—Physical Courage—શારીરિક હિમ્મત પણ આવી સારી છે એની આપણને ખબર નહતી; કેમકે હાલની પ્રજાના સ્વાર્થી મન અને નિર્બળ શરીરને લીધે આ શારીરિક હિમ્મત અતિ દુર્લભ છે.

મિસિસ એની બિસેન્ટ હિમ્મતના સદ્‌ગુણને માટે નીચે પ્રમાણે કહે છે કે જે દરેક મનુષ્યને મનન કરવા લાયક છે:—

" The Ideal will be but a beautiful Dream, unsubstantial, ever floating in the air, without the *Virtue of Courage*—which is fourfold and which we must all develop, if we would be worthy to take part in the battles of the future. "

" The fine type of *Physical Courage* is where the imagination is vivid and the nerves are highly strung, and both are kept in steadiness and obedience by the unswerving open-eyed Will. "

" *Moral Courage* is the same steady Will, facing moral difficulties and dangers instead of the physical. Many a man who is brave physically is a moral coward; he fears redicule, mockery, censure, reproach, the cold looks of friends, the sneer of the worldling. To be morally courageous is to be a real Hero, one who can stand alone, quietly and steadfastly, not blatant and offensive but calm and unmoved Such Heroes become refomers of abuses, righters of wrong, defenders of the down trodden, champions of the oppressed All good causes need such a Hero as leader, who is bright in face of reverse, calm amid the surge of difficulties, cheerful through a long strain of endurance, with eyes ever fixed on the goal, indifferent to the obstacles that intervene. Obstacles exist in order to be overcome"

" *Intellectual Courage* is shown by the facing of mental problems with an eye to the resulting solutions, by the willingness to gaze at the unveiled Sun of Truth, fearless of any blinding by the light. The Intellectually brave man follows Truth wherever her light may gleam, and refuses the shelter of a lie however the storm may rave "

" *Spiritual Courage* is the realisation of the *self*, the self who can fear nothing because he lives in all and includes all. "The fearless Eternal" says our Hindu brother, seeing that only in that realisation of Eternity is the annihilation of fear."

"This fourth includes all, and the remaining three are but the gracious blossoms which spring from the one root of all great living, the realisa-

tion of the self. "The self is fearless. I am that self. That self am I."

આ બધી હિમ્મતોને વધારે ખીલવનાર "સમયસૂચકતા" છે કે જેને માટે એમ કહ્યું છે કે:—*Presence of mind* may be called Effective Courage, which is the instant recognition of the best thing to do in a moment of unexpected danger."

આ પ્રમાણે ત્રણે જાતની "હિમ્મત" તથા તેની સાથેની "સમયસૂચકતા" પણ કુમુદચંદ્રનામાં છે એમ જાણી આપણે ઘણા ખુશી થઇશુ; અને ઇચ્છીશુ કે તેનુ જ્ઞાન તથા વય પુખ્ત થતાં તેનામા ચોથી હિમ્મત–"આત્મિક હિમ્મત"–પણ કાળે કરીને આવે કે જે ખરેખર બાકીની ત્રણ જાતની હિમ્મતોનુ મૂળ છે.

પોતાની પ્રિય પુત્રીની શી દશા છે–કોઈ બીજા કાળજી બરાબર રાખશે કે નહી, વિગેરે બાબતની લેશ પણ દરકાર કર્યા વિના, તેજ પ્રિય પુત્રીને માટે પ્રાણની પણ નહી પરવા કરનારની, રાજેન્દ્ર અને મોહિની પ્રથમ આસનાવાસના કરવા લાગ્યાં. પણ કુમુદચંદ્રને માત્ર થાકથીજ ચક્કર આવ્યાં હતાં, એટલે થોડીવારમાં તેણે આંખ ઉઘાડી બોલવા માડયુ, અને તેથી તેને વસ્ત્ર વિગેરે બદલાવવાનુ કામ નાગેન્દ્ર અને નૈષધરાયને સોંપી તેઓ પુત્રી પાસે ગયા. આનુ નામજ ખરો "આભાર માનવો અથવા એહેશાનમદ થવુ" છે. આજ પ્રમાણે ચંદ્રાવળીને પણ ધન્ય છે. કારણકે સ્વાભાવિક રીતે તેનુ મન કુમુદચદ્ર તરફ ખેચાયલુ હતું, તોપણ કુસુમસુદરીની સારવારમાં આગળ બેસનારમા તો તેજ હતી; કેમકે તેને ખાતરી હતી કે રાજેન્દ્ર અને મોહિનીની કાળજીમાં કાઇ ખામી રહેવાની નહતી. આ પ્રમાણે જો દરેક જણ પોતાની ફરજ સકટના સમયમાં ગભરાયા વિના બજાવે, તો દરેકનુ કામ કોઇને પણ ખાસ રીતે બોજારૂપ થયા વિના સરખી રીતે સારૂં થાય એમાં શો શક છે?

દેહવાદીઓને માટે આ દૃષ્ટાંત ઠીક થઇ પડશે. હમણાં કુસુમસુંદરી કયાં હતી? દરીયામાં–આકાશમાં કે બોટમાં? કુસુમસુંદરીનું કહેવાતું શરીર શબવત્ પડયું હતું, અને કુસુમસુંદરી ક્યાંતો હમેશને માટે કે થોડા કાળને માટે કયાં ગુમ થઈ ગઇ હશે? તેને શરીરની પરવા નથી–રોતાં કુટતાં માતાપિતા–પ્રેમીઓની પરવા નથી. કુસુમ-

સુંદરી માત્ર લાકડાં જેવીજ પડી હતી. અહો ! પ્રભુ કેવો માયાળુ છે ? મનુષ્યથી જેટલુ સહન થઇ શકે એટલા સુધીજ તેના મગજમાં ભાન રહી શકે છે, પણ એક અમુક હદની બ્હાર જ્યાં કોઇપણ જાતની વ્યથા જાય છે કે તરત તે " બેશુદ્ધ " થઈ જાય છે. પછી તેને પાણીમાં ડુબાડો—કે આગમાં બાળો કે પહાડપરથી ગબડાવો તેની તેનાપર બીલકુલ અસર થતી નથી.

કુસુમસુંદરી જ્યાં પડી હતી ત્યાં બોટનો કપતાન નિર્ભયપણે આવ્યો, અને બધાંને ખસેડી તેને ઉંધી નાખી વાસાપર પગ દબાવવા લાગ્યો કે તુરતજ પીવાઈ ગયલુ પાણી મુખમાંથી નીકળવા માડ્યુ. પછી એકદમ પોતાની પાસે દારૂની સીસી હતી તે સ્ત્રીઓને આપી અને રગડાય તેમ આખે શરીરે રગડવાને કહ્યુ. આ પછી એનજીનની ભઠ્ઠીની પાસે તેને સુવાડી અને બોટ જાષભેર હાકવા માડી. થોડીવારે કુસુમસુદરીએ અંગસ કોચન કરવા માડ્યુ અને બધાના જીવમા કાંઇક આશાનો વાસો થયો.

" એપૉલો બંદર ' પર આવેલાં ગગનની સાથે વાત કરે એવા મકાનો, હૉટેલો તથા ઇંગ્રેજી દુકાનોમાં અસખ્ય દીપકો ઝળકતા હતા, કે જે મુંબઇમાં નવીન આવનારને ત્રણસો પાસેઠમાના કોઈ પણ દિવસે દીવાળીની ભ્રાન્તિ કરાવે એમા કાઈ નવાઇ ન ગણાય. હૉટેલોમાં ઇંગ્રેજ—પારસી અને કોઈ કોઇ હિન્દુ સ્ત્રીપુરૂષો પણ—કોઈ બિલિયર્ડ રમતાં હતાં તો કોઈ ન્હાની ટેબલોપર ભોજન કરતા હતાં. " યાટ્ચ કલબ " માં લશ્કરી વાજુ મધુર સ્વરથી વાગી રહ્યું હતું, અને તે સાભળવાને આવેલાં સ્ત્રીપુરૂષોની મોટરો અને વિવિધ અશ્વોવાળી ગાડીઓથી આખુ મેદાન ભરાઇ ગયુ હતું. કોઇ શેઠિઆ આખો દહાડો ખાધેલી વિજળીના પખાની હવા બસ ન હોય તેમ, ગાડીમા બેસી મસ્તકને હવા ખવરાવવાને પાઘડીઓ ઉતારી, લાંબા ટાંટિઆ નાખી, ખારાં પિસ્તાં, બદામ વિગેરેજ ફાકતા હતા—કોઇ સંતરાં, દ્રાક્ષ અને સક્કરજનનીજ લેહેજત લેતા હતા-તો કોઈ બેન્ડ શ્રવણ કરવાને આવ્યા છતા, પીટી, મોરારજી, પ્રેન્સીડેન્સી (Presidency) ગ્રીતીસ્તન કે નીગ્રીટ (Great Eastern or New Great) મીલોના ભાવનીજ વાતો કરતા હતા, કેટલાએક તો વળી chamber ચમરમાં આરામ લીધા પછી પણ, જાણે આ મંદ પવન અને મધુર સંગીતમાં લીન થઇ ગયા હોય એમ, નિર્ભયપણે ગાડીમાં બેઠા બેઠા

લસલસાટ નસકોરાં બોલાવતા હતા. કોઇ પગે ચાલતા શોખીનો બેન્ડની સાથે પગ માંડી ભપકાબધ વાતો કરતા ચાલતા હતા. કેટલાએક કુલીન પ્રેમી યુવકો, ગાડીઓમાં બેઠેલી મ્હોટા કુળની રમણીયો સાથે હાસ્યવિનોદ કરતા હતા; તો કોઈ ટેસમાંને ટેસમાં અક્કડ ઉભા રહી વિવિધ હાથાવાળી ફેન્સી લાકડીજ આમતેમ ફેરવતા હતા. ન્હાના બાળકો સુદર પોષાકો પ્હેરી આનંદ પામતાં **બેન્ડની** સાથે તાલમાં નાચતાં કુદતા હતાં. પ્રિય વાચક ! થોડા સમય પછી આ સધ્યાકાળની રમણીય રંગભૂમિમાં, આપણા માયાળુ **શેહેનશાહ** અને **મહારાણીશ્રીની હિન્દની** મુલાકાતની યાદગીરીમાં બંધાયલું ભવ્ય આરસનુ મકાન કાંઇ જુદોજ સભાર ભરશે—એક નવીન પડદાનો વધારો કરશે.

આવે સમયે આપણી **સ્ટીમ**બોટ કિનારે આવી પ્હોંચી. **રાજેન્દ્રની મોટર** સારે ભાગ્યે **બ**ંદરના પગથીઆં આગળજ ઘણીવાર થયાં આવી રાહ જોતી ઉભી હતી. બેભાન કુસુમસુદરીને કુસુમની પેઠે—ફુલની પેઠે—ઉચકીને **મોટર**માં સુવાડી, અને ત્વરાથી તેઓ કુસુમ વિલામા આવી પ્હોંચ્યા. એકદમ મ્હોટા સમર્થ દાકતરોને બોલાવ્યા, અને આખી રાત્રિ એક ઇંગ્રેજ "**નર્સ**" ની સારવાર નીચે ઉપચારો જારી રાખ્યા, તોપણ કુસુમસુદરી તેજ બેશુદ્ધ દશામા પડી હતી. **મોહિની, ચ**ંદ્રાવળી વિગેરે તેની સમિપમા, તેના ભવિષ્ય વિશે શકા કરતાં બેઠા હતાં. **રાજેન્દ્ર પણ** આ ઓરડામાંથી પેલામાં એમ અસ્વસ્થ મને આવ જા કર્યા કરતો હતો. અને કુમુદચદ્ર આરામ લેવાના દાકતરોના ફરમાનથી પથારીમા જઇને પડયો હતો, **પણ** તેની આંખો ઉઘાડીજ હતી. કુમુદચદ્ર ! હવે શાને માટે ચિન્તા કરે છે? તને એની ચિન્તા હવે એક પ્રેમી તરીકે કરવાનો હક નથી. તુ **ચ**ંદ્રાવળીનો ચોર થાય છે. અહો ! **પણ** પવિત્ર અતરમાં—સ્વચ્છ દર્પણમાં પ્રથમ પડેલી પ્રેમની મુદ્રા ગમે તેમ થાય તોયે શી રીતે ભુસાય, કેમ ભુલાય? અને શા માટે ભુલાવી જોઇએ? પ્રેમ સ્વતત્ર છે—દેહના સંબધથી નિર્વિકાર છે. **પ્રભુ** પ્રેમરૂપ છે—સર્વે પ્રાણીઓ તેના અશ છે. દરેક મનુષ્ય બીજામાંથી ઓછુ કર્યા વિના, ઘણા મનુષ્યોને ચાહી શકે છે. **કુસુમસુંદરીને ચ્હાવા છતાં સત્યપ્રેમમાં, ચ**ંદ્રાવળીના **હકનો પ્રેમ કંઇ ઓછો થશે નહીં. તેણે શરીરપ્રેમ છોડયો હતો તોપણ એની પ્રેમપ્રકૃતિ એના પ્રાણની સાથેજ જશે.**

બીજે દિવસે પ્રભાતનો શીતળ વાયુ વાડીમાંના સુગંધીદાર પુષ્પોની સુવાસને ઘસડી લાવી બેભાન કુસુમસુંદરીને આનંદ આપવાને વ્યર્થ પ્રયત્ન કરતો હતો. વિવિધ પક્ષીઓ આમતેમ ઉડાઉડ કરી રહ્યાં હતાં. આમ્રવૃક્ષપર બેઠી બેઠી વર્ડ્ઝવર્થ કવિની–Ubiquitous Cuccoo–સર્વવ્યાપી કોકિલા પોતાના મધુર ટૌકાનું સર્વવ્યાપીપણું સિદ્ધ કરવાને મથી રહી હતી. સમુદ્ર શાન્ત હતો અને ઉષાના પ્રથમ કોમલ કિરણોથી વાડીમાંના કૃત્રિમ સરોવરમાંની કમલકલિઓ બ્હિતી બ્હિતી વિકાસને પામતી હતી; તેજ સમયે કુસુમસુંદરીના બીડાયલા મુખકમલની નાજુક પાંખડીઓ પણ ઉઘડવા માંડી હતી.

પ્રથમ એક દિર્ઘ નિશ્વાસ નીકળ્યો. કુમુદચંદ્રમય હૃદય સમુદ્રમાં પડની વેળા પણ કુમુદચંદ્રમયજ હતું, અને તેથી ડુબતી વેળાએ ઉઠેલી અસબંધ ઉર્મિઓ ધીમે ધીમે પાછી સ્ફુરવા માંડી અને કાંઇકિ ગણગણવા લાગી:–"મોહિની–કયા ગઇ–(વળી ચમકી ઉઠી) ઓ હું ડુબુ છુ રે ડુબુ છુ–કોઇ મને બચાવો–ઓ મોહિની–ઓ કુમુદચંદ્ર–ઓ ગઇરે એ એ–" આટલુ બોલી જરા શાન્ત જણાઇ.

"નિશ્ચે તમારા માતાપિતાની ભક્તિ કરો–હુ તમારા ધર્મભાવને ધન્યવાદ આપુ છુ. ચંદ્રાવળી! નરેન્દ્રભાઇ તો વિલાયત ગયા વિધા ત્હારો ચદ્ર ઝાખો થયો. હાય વિધિ! કેવા પાપ હશે? તમારી માતાનો તે મે શો ગુનો કર્યો હશે? કોણ જાણે ગયે જન્મે–મોહિની તને શી સમજ? લાનોલી ચાલોને. કુમુદચદ્ર પિઆનો વગાડો. (જરા ચમકીને) આ મોહિની લતામંડપ! ચંદ્રાવળી–મ્હારો પત્ર તે કેમ વાચ્યો? પિતાજી! હજી સ્ટીમબોટ કેમ નહીં આવી? ક્યારે પ્હોચીશુ? (એકદમ બુમ પાડીને) ઓ ડુબીરે ડુબીઈઈ"—

આવા સબધ વિનાના વાક્યો ત્રાહિત મનુષ્યને માત્ર નિરર્થક લવારા જેવાંજ લાગ્યાં, પણ મોહિની એમાંનુ ઘણુ સમજી અને ભૂત બનાવો સ્મરવા લાગી. પણ કુમુદચંદ્ર અને ચંદ્રાવળીને નખથી તે શિખા સુધી તેની અસર થતી હતી. કેટલીકવારે કુસુમસુંદરીએ આંખો ઉઘાડી અને મોહિનીને જોઇ કાંઇ ઉમળકો આવ્યાથી, નિર્બલ છતાં પણ પથારીમાંથી બેઠી થઇ, "ઓ મ્હારી મોહિનીરેએ" એમ કહી બાઝી પડી અને એકદમ રોવા લાગી, અને પાછી પથારીમાં પડી.

આ પ્રમાણે શુદ્ધિમાં તો આવી પણ કોણ જાણે શાથી તેનાથી ખોરાક બીલકુલ લેવાતો નહતો, અને જાણે કાંઈ ઘસારામાં પડી હોય

એમ લાગવા માંડયું. દિવસે દિવસે શરીર ગળાવા લાગ્યું-ગાલ બેસી ગયા અને મ્હોડાંના હાડકાંઓ દેખાવવા લાગ્યાં. આંખોમાંથી તેજ ઘટતું લાગ્યું અને તેની ખુશી ન્હાસી જઇ તેની જગાએ માત્ર ગમગિની નજરે પડવા લાગી. અને આ પ્રમાણે હજુ ડોઢોઢ માસ થયો નહતો, એટલામાં સર્વેના અંતઃકરણ કહેવા લાગ્યાં કે હવે કુસુમ કાંઇ ખરાં કરે એમ નથી. શરીર માત્ર હાડપિન્જર જેવુંજ હવે રહી ગયુ હતું-તો પણ દાક્તરો હજુ આશા આપતા હતા.

દેવેન્દ્રથી તો ખાટલામાંથી હવે ઉઠાતું નહતું કેમકે તેને દમનું જોર ઘણું હતું, તથા સીતા પણ હવે પગે અટકી હતી તે છતાં હજુ ભાઇની ચાકરી કરતી હતી. લક્ષ્મીની પણ તબિયત હવે કથળી હતી તો પણ કુસુમસુદરીના આવા સમાચાર સાંભળી થોડા દિવસથી મુંબઈ આવી હતી. અને તેની આવી દશા જોઈ વૃદ્ધ વિચારો હવે ઢાંકયા ન રહ્યા, તેથી એક દિવસે મોહિની અને રાજેન્દ્રને બોલાવીને કહ્યુંઃ—"ભાઈ! હવે તો દાક્તરોને નમસ્કાર! ઠેઠાઠેઠ સુધી એ કાંઇ ખરી વાત કહેવાના નથી અને સમજવાનાએ નથી. આ દવાને પેલી દવા, એમાંને એમાં બિચારી છોકરીનો સવારથ કાં બગાડો છો? હવે જીદ મુકી દો અને હુ કીદાહાડાની કહુ છું તે જરા સાંભળો. એમાં તમે કાંઇ સમજતાં નથી. હવે એ કાંઇ ખરા કરે એમ નથી. એ તો ટકો ખોટો છે માટે હવે માયા છોડી દો અને લઈ જાવ ચંદ્રનગર, કે બિચારાં પથારીવશ ઘરડાંઓ મ્હોડુ જુએ અને એનો સુખે ઘેર જીવ જાય. બીજાં કોઇને છોકરાંઓ હોય છે કે નહી? અમસ્તાં શાને પાપનો પોટલો બાધો છો?"

રાજેન્દ્ર અને મોહિનીનું આ સાંભળી હૈયુ ભરાઈ આવ્યુ અને બિચારી ચંદ્રાવળી તો રડીજ પડી. લક્ષ્મીમા પણ એ જોઇ ગળગળાં થઈ ગયાં. ડાક્તરોએ પણ હવે તો પચાસ ટકા આશા છોડી હતી, એટલે રાજેન્દ્રના પણ મનમાં એમ આવ્યુ કે લક્ષ્મીમાની સૂચના સ્વીકારવામાં કાંઈ હરકત નથી; તેમ તેઓ આ વખતે એવાં તો ક્રોધાયમાન થયાં હતાં કે એના કહ્યા પ્રમાણે ન થાય તો તેને ઘણું ખોટું લાગે એવું હતું. આમ છતાં પણ રાજેન્દ્રે કહ્યુંઃ "ત્યારે એને મહાબલેશ્વર હવાફેર લઇ જઇએ અને સાથે એક દાક્તર પણ લઇએ તો તમને હરકત છે?"

લક્ષ્મીમા આથી તો ઘણુાંજ ખીજવાયાં અને એકદમ કકડાટો કરી ઉઠયાં–" મ્હોટો હુવાફેર હુવાફેર કરી રહ્યો છે. અહીં અંતની ઘડી આવી છે ને હવાફેર ! જાણેકે મહાબલેશ્વરમાં તો કોઈ મરતુંજ નહી હોય ! ભાઈ ભણ્યાં પણ ગણ્યાં નહી તો ! આ બધી ઉમર ક-હાડી તે કાંઈ નકામી ? ચાલ ત્હારૂ કાંઇ ચાલે નહીં. છોકરૂં મ્હારૂ છે ને મ્હારી મરજીમાં આવશે તેમ કરીશ. તમને તે કાંઈ આંખ છે કે માત્ર કાનજ છે ? આ ખરૂ કહુ હવે તો આ દાક્તરો એમજ શીખ્યા છે કે કોઈ ઇલાજ નહી ચાલે એટલે છેલ્લી ઘડીએ કહાડે હુવાફેર એટલે દરદી " નહી ઘરનો નહી ઘાટનો."

આથી રાજેન્દ્ર નિરાશ થયો અને એવુ મન વાળ્યુ કે આમ પણ ચંદ્રનગરમાં હવાફેર થવાથી, ત્યાં પણુ કાંઇ ફાયદો થવાનો હશે તો થશે. એમ ધારી રાજેન્દ્રે કહ્યુ–" હા ! ત્યારે તેમ કરીશું ચંદ્રનગરમાં પણ ગોરા દાક્તર છે તેની સારવાર નીચે કુસુમને મુકી-શુ–અને નર્સ વિગેરેની પણ ગોઠવણુ "—

" હવે જાણ્યો તમારો ગોરો દાક્તર. જાણે કે તે તો નવો જીવ મુકતો હશે. આ તમે અંગ્રેજી ભણ્યાં એટલે પરમેશ્વરપરથી કોણુ જાણે કેમ આસ્થા ઉઠી જાય છે, અને પછી સ્હેજે દાક્તર એજ ત-મારો પરમેશ્વર. કેમકે હુ તો જ્યા જોઉછુ ત્યા શ્રીમતોના ઘરમાં અ-સલ અંતની ઘડીએ ગુરૂને પધરાવી ભેટ કરતા હતા–તેને બદલે આજે વકીલ અને ગોરાની ચરણુ પધરાઈ કરી દક્ષિણા આપ્યા વિના તેનો જીવ ગતે જાય નહીં તો. આપણા લોકો તો આવુ હોય ત્યાઃ—

औषध जान्हवीतोयं वैद्यो नारायणो हरिः ॥

તે પ્રમાણે બનતું કરી પ્રભુપર ભરોસો રાખે. આતો છેલ્લીવારે તમે બિચારી છોકરીને એક તરફથી કષ્ટ આપો છો, અને બીજી ત-રફથી તેનો દેહ અપવિત્ર કરો છો. કેમકે આપણા લોકોના વનસ્પ-તિના આહારના કોઠામાં જો તન્દુરસ્ત દશામાં શક્તિને નામે અપાતાં મદ્યમાંસ ન પચે, તો આવી નબળી હાલતમાં કેમ પચે તે તો જરા વિચાર કરો. શિવ ! શિવ ! શિવ ! અમારે જુની આંખે આ નવું જોવાનુ સરજેલુ."

"ને આ તમારી વિલાયતી નરસ તો ભાઈ તોબા ! આ હું તો આવી છુ તે દહાડાની જોઉછુ, કે ખાસ્સી મજેની જ્યારે જોઇએ

ત્યારે ગુંથતી હોય છે કે ચોપડી વાંચતી હોય છે; ને જાણે અમે બધાં ઘરનાં માણસ તે તો એના નોકર હોઇએ તેમ અમને હુકમ કરે-જરા જરામાં મીજાજ કરે-ને જરા પાસે પણ ન જવા દે. હમણાં વળી દાકતરોએ એ એક લપડું શ્રીમતોના ઘરમાં દાખલ કીધુ છે. ને પછી તો ગાડરીઓ પ્રવાહ-એક કરે ને બીજો ન કરે તો ન્યાત બ્હાર. ભઇ ! અમે તો ભણેલા નહી એટલે ગાંડુ ગાંડુ બોલીએ. પણ ટુંકામાં નરસ તે કાંઈ ઘરના માણસ કરતાં સરસ હોય કે? આ હું તો અમારે અસલની અને ગામડાંની વાત કહું છુ. બાકી મુંબઈમાં તો સૌ સૌના કામમાં ને તાનમાં-કોઇને ફુરસદજ નહીને. વળી સગાં સબંધીઓમાં હેતભાવ ઓછો અને કોઇ કાં ને કોઈ કાં રહે એટલે એની જરૂર હોય તો કોણજાણે. “ નહી મામા કરતાં કેહેણું મામા તો આખરે ઠીક હોય.”

લક્ષ્મીમાના આ ભાષણથી રાજેન્દ્ર કાંઈ હસ્યો-જરા વિચારમાં પડ્યો અને “ તમે કહેશો તેમ કરીશુ ”-એમ કહી કુમુદચન્દ્રની સાથે ઓરડાની બ્હાર નીકળ્યો, અને ચાલતાં ચાલતાં કહ્યું -“some how there is much truth in her simple ideas. આ કહે છે તે કેટલે દરજ્જે ખરૂ છે. મોતની અણીપર આવેલા ઘણા દરદીઓને માટે થતા કેટલા ઇલાજો તો દરદીના મનના સતોષ-કીર્તિ કે જડવાદને લીધેજ કરવામાં આવતા દેખાય છે. કેમકે મ્હારૂ પણ માનવું એવું છે કે મધ્યમ વર્ગના મનુષ્યોના-serious cases-સખત મદવાડમાં ફક્ત નેવું ટકામાં તો મ્હોટા દાક્તરો કાતો-hopeless-નથી સારો થવાનો એમ કહેવાને, કે તેના ચાલુ દાક્તરનુ prescription confirm-“નુસ્કો બરાબર છે-” એમ કહેવાનેજ આવે છે. ખરૂ પુછો તો છેલ્લી ઘડીમા ઓક્સીજન, પિચકારી વિગેરેથી દરદીઓપર એક જાતનું વિશેષ દુઃખ નાખવામા આવે છે. આમાં વિલાયતના દાક્તરો પણ હવે એવા મતના થતા જાય છે કે દરદીની છેવટની અશક્તિમાં તેને “ શામક ” soothing દવાઓ આપી કુદરતપરજ મુકવો-leave him to nature-એ વધારે સારૂં છે.”

“ અને આપણા લોકો પણ એમજ કરતા હતા ”-કુમુદચન્દ્રે કહ્યું “ કે જે આના શ્લોકપરથી પુરવાર થાય છે પણ પાશ્ચિમાત્ય કેળવણીના પરિણામરૂપ જડવાદનો આધાર તો માત્ર સ્થૂલ ઉપચારોપરજ રહી શકે. ખરૂ જોતાં તો પ્રત્યેક મનુષ્યે પોતાની સ્થિતિ પ્રમાણે કોઈ

સારા દાક્તરના કે વૈદ્યના હાથમાં પોતાને સોંપી પરિણામ nature–પ્રારબ્ધ–પરમેશ્વરપર મુકવો જોઇએ."

"ટુંકામાં–" રાજેન્દ્રે કહ્યું "–દરદીની મુખ્ય જરૂરીઆત તો એક કુશળ દાક્તર–કાળજીવાળો દેખરેખ રાખનાર–અને સ્વચ્છ હવાપાણીવાળી જગ્યા છે; પછી તે ગોરો–વૈદ્ય કે હકીમ હોય, નર્સ–મિત્ર કે સગાસંબંધી હોય, કે મુંબઇ–સીમલા કે જાપાનની હવામાં જઇને રહે એ દરદીની સગવડપર આધાર રાખે છે. મૂળ તાત્પર્ય કે sympathy કાળજી–પ્રીતિ એ બહુ દુર્લભ વસ્તુ આજકાલ થઈ પડી છે, કેમકે જડવાદને લીધે સ્વાર્થપરાયણતા વધી ગઈ છે. એનો ઇલાજ માત્ર ભ્રાતૃભાવની માન્યતામાંજ છે. Solidarity of man and Immanance of God–ના સિદ્ધાંતને સમજવાપર આધાર રાખે છે. જો દાક્તર–નર્સ કે સગાંસબંધી એમ સમજે કે દરદી મ્હારો એક દુખી ભાઇ છે, તો તેના પરના દૃષ્ટિબિન્દુમાં ફેર પડવાથી તેની સારવારમાં પણ અવશ્ય ફેર પડશે. Thus Theosophy can help anywhere ચલો ઠીક ! હવે મ્હારો કોર્ટ જવાનો સમય થયો છે."–એમ કહી રાજેન્દ્ર પોતાના ઓરડાનુ બારણુ આવતાં કુમુદચંદ્રથી છુટો પડયો.

કુસુમસુંદરીના મનમાં આવી પ્રકૃતિથી ધીરે ધીરે નિશ્ચય થતો જતો હતો કે હવે હુ જીવવાની નથી અને તેથી કાંઇક નિરાશાનુ વાદળુ તેના મુખપર ઠરવા માંડયુ હતું. આવી દશામાં પણ હૃદય કુમુદચંદ્રમયજ હતુ. અને જ્યારે કુમુદચંદ્ર ત્યાં આવતો ત્યારે પોતાની શૂન્ય જેવી દેખાતી દૃષ્ટિ તેની સ્હામુજ ઠારતી અને નિશ્વાસ નાંખી આંખ મીચી દેતી. ચંદ્રાવળીએ પોતાની પ્રિય સખીની બહુજ સેવા કરી.

પ્રિયવાંચક ! પ્રિયજનો વિના માંદા માણસોની સારવાર કોણ કરે ? હજારો ખબર કહાડે પણ પાસે તો જેનુ અંતર દ્રવે તેજ રાત્રિ દિવસ બેસી શકે. જેને "ત્હારા" માં "મ્હારા" પણું હોય તેજ આ કાર્ય કરે, પછી તે પ્રેમી હોય–જેના પર તે ઉપકાર કરેલો હોય એવો કોઈ **જાતવાન** મનુષ્ય હોય–કોઇ **"હરીનો લાલ"** હોય કે જેના મનમાં સર્વે "મ્હારા" **પ્રભુના** બાળકો છે એવો અભેદ ભાવ હોય–અથવા કોઈ વિરલો **જનસેવક** હોય.

સાધારણ રીતે કોઇને પણ ઓછામાં ઓછા ત્રણ સ્વજનો three sympathetics—ની જરૂર છે. એક વડીલ (superior)

એક સમોવડિઓ (equal) અને એક હાથનીચેનો (inferior). દાખલા તરીકે આપણા મુરબ્બીઓ—વડીલો—ગુરૂજનો વિગેરે આપણા સુખને માટે કાળજી રાખે છે, અને તેઓના પુખ્ત અનુભવથી આપણી મુસ્કેલીઓમાં સલાહ અને સહાય આપે છે; આપણા સમોવડિઆ મિત્રો—સ્ત્રી—ભાઇભાન્ડુઓ વિગેરે આપણા સુખ અને દુઃખમાં ભાગીદાર થાય છે; અને વફાદાર આશ્રિતો—નોકરોની અગત્ય તો સૌ કોઇ જાણે છે. ટુંકામાં એક અથવા વધારે મુરબ્બી—મિત્ર કે નોકરની કોઇને પણ અગત્ય છે; કેમકે મુરબ્બી પોતાના મનથી—મિત્ર—હૃદયથી અને નોકર શરીરથી તમને સહાય કરે છે.

આ "મ્હારા" પણાનો ભાવ પ્રત્યેક મનુષ્યના આ જન્મના વડીલો પ્રત્યેના પુજ્યભાવ—reverence, સમોવડિઆ પ્રત્યેના પ્રેમ love, હાથનીચેના પ્રત્યેના દયાભાવ-sympathy, અને પૂર્વજન્મના પુણ્ય—પ્રેમ—કે પરોપકારમાંથી ઉત્પન્ન થાય છે. રાજા કે રંક કોઇને પણ આ ત્રણેની એકસરખી રીતે જરૂર છે. પણ રંક કરતાં રાજાને વધારે અગત્ય છે, કેમકે તેને હજારો મતલબી "હાજીહા" કરનારમા હિમ્મતથી—લાગણીથી "નાજીના" કહેનાર મળવો મુસ્કેલ છે. માટે સમજુ રાજાઓ—ચતુર શ્રીમતો! તમને સખત ભલામણ છે કે તમારૂં "દિલ બેહેલાવવાને" તમે મસ્કરા અથવા "ભાંડ" કે "ગવૈયા" રાખો છો; તો તેની સાથે તમારી પ્રજાનુ—તમારા આશ્રિતોનુ તમારી તરફ "દિલ ડેલાવવાને" એક આવો "ના કહેનાર" પણ ખુબ કસોટી કરી સોધી કહાડજો. તમારા મશ્કરાને જેમ તમારી મશ્કરી કરવાનો હક આપો છો તેમ આ સ્પષ્ટવક્તાને પણ કડવું બોલવાનો અને હિમ્મતથી તમારી વિરૂદ્ધ બોલવાનો (to contradict) હક આપશો, તો જે જાળ ખુશામત અને સ્વાર્થ હમેશાં તમારી આસપાસ પાથરે છે તેને આ તમારો પ્રમાણિક ઉંદર કાપી નાખશે. આ વફાદાર ઉંદરને ગર્વ, ઇર્ષા, કાચાકાન, ચાડી અને લબાડીની બિલાડી પછાડી પડી ન્હસાડી, કે તમારી અગાડીથી ખસેડી બાજી બગાડી ન મુકે એ જોવાનુ તમારૂં કામ છે. સત્તા અને હુકમ તમારો—જીભની સ્વતંત્રતા અને હૃદયનું પ્રમાણિકપણું તેનું. ટુંકામાં "સૌનું સાંભળજો અને કરજો તમારા મનનું," કેમકે જાણીતી કહેવત પ્રમાણે જેમ—वक्ता भवेतदुर्लभो તેમ स्पष्टश्रोता—પણ સુખી થાય છે. આ પ્રમાણે મુરબ્બીનો અભિપ્રાય, મિત્રની મસલત અને આશ્રિતોનો વિશ્વાસ કદી ખોશો નહી.

સ્વજનતા—પ્રેમ—લાગણીની સુનાની નાજુક દોરી–the delicate golden cord of sympathy–ને અવિચારી શબ્દો, તિરસ્કાર અને સાહસની કાતરથી કાપી ન નાખતાં, ભ્રાતૃભાવ અને ક્ષમાથી તેનું રક્ષણ કરવું એ ધર્મ છે. જનસમાજમાં પ્રેમ અને પરોપકારના બીયાંઓ છુટે હાથે ઉડાવજો–કે જેનાથી ઉત્પન્ન થતાં સુંદર વૃક્ષો, સુગંધીદાર પુષ્પો અને મિષ્ટ ફળો ભવિષ્યમા સુખ અને સંતોષની શાન્તિદાયક છાયા, સુગંધ અને પુષ્ટિ તમારા જીવનમાં મેળશે. પ્રભુની સૃષ્ટિમાં ગરીબમાં ગરીબ માણસ પણ તિરસ્કારને પાત્ર નથી —

હુબર્ટ કહે છે કે'—

"Scorn no man's love, though of a mean degree;
"*Love is a present for a mighty king,*
"Much less make any man thine enemy,
"As guns destroy, so may a little sling

રાજેન્દ્ર અને કુમુદચંદ્રથી જવાય એવું ન હોવાથી, નાગેન્દ્ર અને મોહિની સાથેજ કુસુમસુંદરીને ચંદ્રનગર મોકલવાનો વિચાર રાખ્યો હતો. સ્ટેશનપર ટ્રેઇન આવી અને "રિઝર્વડ" રાખેલા "ફર્સ્ટકલાસના" ડબ્બામા કુસુમસુંદરીને મ્યાનામાથી ઉતારી સુવાડી મોહિની, નાગેન્દ્ર, ચંદ્રાવળી વિગેરે બેઠા અને ગાડી ચાલવાનો સમય થયો. કુસુમસુંદરીની આખમાં ઝળઝળીઆ ભરાઇ આવ્યા અને ધીમેથી બોલવા લાગી:–" મોહિની ! પિતાજી નથી આવતા ?"

"ના બ્હેન ! કોર્ટમા કાલે અગત્યનો મુકરદમો છે માટે બે ત્રણ દિવસ રહીને આવશે–અમે બધા છઇએ કેની ?"

"નરેન્દ્રભાઈ તો ગયા છે એટલે કયાંથી મળાશે ? કુમુદચંદ્ર નથી આવતા ?"

"એમને પણ કામ છે એટલે ત્હારા પિતાની સાથેજ આવશે."

"મ્હારે મુંબઇનુ મ્હો ફરીને નથી જોવું માટે કુમુદચંદ્રને મને મળવા દે. એમણે મ્હારે માટે પોતાના પ્રાણની પણ પરવા નથી રાખી. તમે સૌ એના આભારી છો. ચંદ્રાવળીએ મ્હારી બહુજ સેવા કરી છે. હવે હું તમારો શુ બદલો વાળી શકવાની છું ? (કુમુદચંદ્ર આ બારીમાંથી સાંભળતો હતો તેના તરફ જોઇને બોલી,) કુમુદચંદ્ર ! હવે મ્હારૂં મુખ કદાચ તમે ફરીથી દેખશો કે નહીં તે શક ભરેલું

છે. 'તમે મ્હારે માટે તમારૂં જીવન અને આ મ્હારી વ્હાલી સખીનું સૌભાગ્ય જોખમમાં નાખ્યું હતું, માટે જન્મો સુધી હું તમારો ઉપકાર ભુલવાની નથી. તમારા ધર્મભાવથી હું બહુજ પ્રસન્ન થઇ છુ. મ્હારી વ્હાલી બાળસખી ચંદ્રાવળીને મ્હારી ખોટ જરૂર પડશે, તે હું આશા રાખુ છું કે તમારી છાયામાં પુરાઇ જશે. મોહિની ! કુમુદચંદ્રને મ્હારી હીરાની વીંટી આપજે અને ચંદ્રાવળીને મ્હારી હીરાની બંગડીઓ આપજે. બન્ને જણાં સુખી રહો એવો હું અંતઃકરણ પૂર્વક આશિર્વાદ આપુ છું. ”

આ સાંભળી બધાંઓની આંખમાં પાણી ભરાયુ અને મોહિનીએ આંખો લુછતાં કહ્યુ-“બ્હેન ! તું સમજુ છે-આમ તે શુ ગાંડાં કહાડે છે ? તને નથી સારૂં થવાનુ એમ તું ધારે છે ? હજુ એમાં કાંઇ બગાડ નથી. આપણે ચંદ્રનગર જઇશુ અને આપણો સ્વદેશ એટલે હવાફેરથીજ તને આરામ થશે. ”

બીજા માણસોને તો કુસુમસુંદરીના બોલવાપરથી માત્ર કુમુદચંદ્ર તેનો પ્રાણરક્ષક તરીકે ભાસ્યો પણ મોહિની, કુમુદચંદ્ર અને ચંદ્રાવળીને તો તેનો શબ્દેશબ્દ હૃદય કોરી નાખતો હતો. અહો ! આવી અંતની ઘડીમા પણ કુસુમસુંદરીની સમયસૂચકતા ગઇ નહોતી, અને તેથી બીજાને જાણ્યા વિના પોતાના અંતરની ઉર્મિ સ્નેહીઓના હૃદયપાત્રોમા તેણે રેડી પાત્રો ઉભરાયાં અને દુઃખનો રસ નયનદ્વારા ઓછોવત્તો વ્હેવા માંડયો. કુમુદચંદ્ર અને ચંદ્રાવળીએ નાદાન બચ્ચાંની પેઠે ડુસ્કા ભરવા માંડયા. ગાડી ઉપડવાનો વખત થયો અને કુમુદચંદ્ર બારી આગળથી જરા આઘો ખસ્યો. બધાંના નિશ્વાસ વચ્ચે ગાડી ચાલી અને મ્લાન વદને કુમુદચંદ્ર અને રાજેન્દ્ર ઘેર આવી કિલષ્ટ નિદ્રાને પામ્યા.

બીજે દિવસે સૂર્યાસ્ત થયો હતો-આકાશ કાળાં, ભયકર વાદળાંઓથી ધીચોધીચ ભરાઈ ગયુ હતું-અને તેઓની દોડાદોડમાં ગંભીર દેખાવો ધારણ કરતું હતું. વાયુ ચિત્તભેદક સુસ્વાટા સાથે પુષ્કળ જોષથી વાતો હતો, અને ઘડીકમાં ભારે વંટોળિઓ તોફાન સાથે શરૂ થયો. મ્હોટા પર્વતો પડતા હોય એવી ગર્જના આકાશમાં થતી હતી, કે જેની સાથે વિજળી ચારે પાસ ઝબકારા મારતી હતી, તથા ધુળથી આકાશ ભરાઇ જવા માંડયુ હતું. માણુસોની બેપરવાઈથી અને કાંઇક અણજાણે ઉઘાડાં રહી ગયલાં બારીબારણાંઓ ધબોધબ

અફળાતાં હતાં અને તેના કાચો ફુટી નીચે પડતા હતા. ઘુવડ, કબુતર, કાગડા, ચિબડી વિગેરે પક્ષીઓનો કોલાહલ તથા કુતરાંઓનો રડવાનો કઠોર શબ્દ પોચાં મનુષ્યો અને બાળકોને ગભરાવતો હતો. આ ઉપરથી એમ ધારવામાં આવતું હતું કે રીવાજ પ્રમાણે મુંબઈનું ચોમાસું ભારે વૃષ્ટિથી શરૂ થશે.

આવે સમયે કુમુદચંદ્ર હાઈસથી આવી, હાથમ્હોં ધોઈ, મ્હોટા દિવાનખાનામાં મુકેલી કુસુમસુંદરીની સુંદર છબી સ્હામેના રેશ્મી કોચપર આવી પડયો હતો, અને તેની હાલની સ્થિતિ વિશેના ચિન્તાતુર વિચારમાં ગુંથાયો હતો. તેજ સમયે પટાવાળાએ એક તાર તેના હાથમાં મુકયો. કુમુદચંદ્રે ધ્રુજતે હાથે તાર લીધો કેમકે સ્હવારે સુખરૂપ પ્હોંચ્યાનો તાર આવ્યો હતો, તે છતાં બીજો તાર આવ્યો એટલે કાંઈક તબિયત વધારે બગડેલી હોવી જોઇએ એમ તેણે ધાર્યું. જીજ્ઞાસુ હૃદયે તાર ફોડયો અને " કુસુમસુંદરીની પ્રકૃતિ વધારે બગડી છે માટે ત્વરાથી આવવું "—એમ વાચી એકદમ નિરાશ થઈ રાજેન્દ્રની રાહ જોવા લાગ્યો. રાજેન્દ્ર બ્હારથી આવ્યો કે કુમુદચંદ્રે તાર તેના હાથમા મુકયો. તે વાંચી વજ્રનો ઘા થયો હોય તેમ " Oh !my dear Kusum ! " એમ બોલી બેભાન જેવો કોચપર પડયો.

આપત્તિ ! ત્હારી આંખમાં સૌ સમાન છે? આવો મ્હોટો વિદ્વાન જ્ઞાની, તેનુ પણ પળવાર તું ચિત્ત ડોલાવે છે; ત્યારે શુ જ્ઞાની ને અજ્ઞાની બે સરખા છે? એમ છે તો જ્ઞાનની માથાફોડ શામાટે? ના ! પણ એમ હોય નહી. અજ્ઞાન મનુષ્ય જ્યારે દુઃખમાં દબાઇ જાય છે ત્યારે જ્ઞાની માત્ર જ્યાં તેની પ્રથમ આચકાની અસર પુરી થઈ, કે તે દુઃખને સમજી તેમાથી બચવાને પોતાને શુ કરવાનુ છે તેનાપર વિચાર કરવા માંડે છે—નિશ્ચય કરી કાર્ય કરે છે—અને પરિણામ પ્રભુને સોંપે છે. જ્ઞાની દુઃખથી ડરે પણ નહી અને રડે પણ નહી, પણ કાંઈ ઉપાય થતો હોય તો કરે, નહી તો ધીરજ ધરે અને પ્રભુને સ્મરે; કેમકે પ્રત્યેક દુઃખ કાંઇક શીખવવા અને કાંઈક પૂર્વ કર્મનો બોજો ઓછો કરવા આવે છે. તેથીજ આપણામાં સાધારણ કહેવત પડી છે કે " સાધુ હસીને અને સંસારી રડીને દુઃખભોગવે છે. રાજેન્દ્ર અને કુમુદચંદ્ર તુરત સ્વસ્થ થયા અને વખતસર તૈયાર થઈ મેલમાં ચંદ્રનગર ગયા.

પ્રથમ ભાગ સમાપ્ત.